પૂ. આ. શ્રી હરિભદ્રસૂરીશ્વરજી મહારાજા વિરચિત

પૂ. આ. શ્રી માનદેવસૂરીશ્વરજી મહારાજા કૃત વૃત્તિયુક્ત

# શ્રી શ્રાવકધર્મવિધિ પ્રકરણ

## ગુજરાતી ભાવાનુવાદ

✤ ભાવાનુવાદકાર ✤

પૂજ્ય આચાર્ય શ્રી રાજશેખરસૂરીશ્વરજી મહારાજ

શ્રી ધરણેન્દ્ર-પદ્માવતી સંપૂજિતાય
ૐ હ્રીં શ્રીં શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ
શ્રી દાન-પ્રેમ-રામચંદ્ર-હીરસૂરિગુરુભ્યો નમઃ
ऐं नमः

# શ્રી શ્રાવકધર્મવિધિ પ્રકરણ

## ગુજરાતી ભાવાનુવાદ


મૂલગ્રંથકાર :- પ. પૂ. આ. ભ. શ્રી હરિભદ્રસૂરીશ્વરજી મહારાજા
ટીકાકાર :- પ. પૂ. આ. ભ. શ્રી માનદેવસૂરીશ્વરજી મહારાજા

-: ભાવાનુવાદકાર :-

પ. પૂ. આચાર્યદેવ શ્રીમદ્વિજય પ્રેમસૂરીશ્વરજી મ. ના પટ્ટાલંકાર
પ. પૂ. આચાર્યદેવ શ્રીમદ્વિજય હીરસૂરીશ્વરજી મ. ના. પટ્ટાલંકાર
પ. પૂ. આચાર્યદેવ શ્રીમદ્વિજય લલિતશેખરસૂરીશ્વરજી મ. ના.

વિનેય

પૂજ્ય આચાર્ય શ્રી રાજશેખરસૂરીશ્વરજી મહારાજ



-: પ્રકાશક :-

શ્રી વેલજી દેપાર હરણિયા જૈન ધાર્મિક ટ્રસ્ટ
૧૭, બી, દિગ્વિજય પ્લોટ, જામનગર-૩૬૧ ૦૦૫

કિંમત રૂ. ૫૫-૦૦

વિ. સં. ૨૦૫૨ ● વી. સં. ૨૫૨૨ ● ઈ. સ. ૧૯૯૫-૯૬ ● નકલ-૧૦૦૦

મુદ્રક : રાજુલ આર્ટસ, ઘાટકોપર, મુંબઈ-૪૦૦ ૦૭૭. ફોન : ૫૧૧ ૦૦૫૬.


**વિશેષ સૂચના**

આ પુસ્તક જ્ઞાનદ્રવ્યમાંથી છપાવ્યું હોવાથી ગૃહસ્થે મૂલ્ય ચૂકવ્યા વિના આ પુસ્તકની માલિકી કરવી નહિ. વાંચવા માટે પુસ્તકનો ઉપયોગ કરવો હોય તો યોગ્ય નકરો જ્ઞાનભંડાર ખાતે આપવો જરૂરી જાણવો.

# પ્રાસ્તાવિક

**શ્રાવકધર્મવિધિ પ્રકરણ** ગ્રંથના કર્તા પૂ. આ. શ્રી હરિભદ્રસૂરિ મહારાજા જૈન શાસનમાં ખૂબ જ પ્રસિદ્ધ છે. આ ગ્રંથના ટીકાકાર પૂ. આ. ભ. શ્રી માનદેવસૂરિ મહારાજા છે. જૈન શ્રમણોની પરંપરામાં ત્રણ માનદેવસૂરિ જુદા જુદા સમયે થઇ ગયા છે. તેમાંથી પ્રસ્તુત માનદેવસૂરિ કયા છે તેનો નિર્ણય તેવી સામગ્રીના અભાવે કરી શકાયો નથી.

આ ગ્રંથમાં મુખ્યતયા શ્રાવકોનાં બારવ્રતોનું વર્ણન છે. એથી ઉપલકદષ્ટિથી જોનારને લાગે કે આ ગ્રંથ સામાન્ય છે. કારણ કે બારવ્રતોનું વર્ણન અનેક ગ્રંથોમાં છે. ખુદ શ્રી હરિભદ્રસૂરિ મહારાજના પંચાશક, ધર્મબિંદુ વગેરે ગ્રંથોમાં બારવ્રતોનું વર્ણન છે. આમ છતાં સૂક્ષ્મદષ્ટિથી આ ગ્રંથનું અવલોકન કરવામાં આવે તો આ ગ્રંથમાં કેટલાક મહત્ત્વના પદાર્થો રહેલા છે. જેમકે......

૧) અધિકારીએ જ ધર્મ કરવો જોઇએ એમ કહીને અધિકારીનાં જે લક્ષણો બતાવ્યા છે તે લક્ષણો અતિમહત્ત્વનાં છે.

૨) મિથ્યાત્વીઓની સાથે રહેવા માત્રથી સંવાસાનુમતિ દોષ લાગે કે નહિ ? એનું સુંદર સ્પષ્ટીકરણ કર્યું છે.

૩) અનુમોદનાનું સ્વરૂપ પણ સારી રીતે સમજાવવામાં આવ્યું છે.

૪) શ્રાવકો ત્રિવિધ-ત્રિવિધથી પણ પચ્ચક્ખાણ કરી શકે. આમ અનેક મહત્ત્વના પદાર્થો આ ગ્રંથમાં જણાવેલા છે. એ પદાર્થોનું સૂક્ષ્મ દ્રષ્ટિથી ચિંતન-મનન કરવાથી શાસ્ત્રબોધ વધે છે.

આવા ઉત્તમ ગ્રંથનો સટીક અનુવાદ પ્રકાશિત થઇ રહ્યો છે. ત્યારે જે મહાપુરુષોની કૃપાદષ્ટિથી હું આ અનુવાદ કરી શક્યો છું તે પ. પૂ. આ. ભ. શ્રીમદ્વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજા અને પ. પૂ. આ. ભ. શ્રીમદ્વિજય હીરસૂરીશ્વરજી મહારાજા સ્મૃતિપથમાં આવ્યા વિના રહેતા નથી. પ. પૂ. ગુરૂદેવ શ્રી (આ. ભ. શ્રી લલિતશેખર સૂરીશ્વરજી મહારાજા) એ આ કાર્યમાં સહયોગ આપીને મને ઉપકૃત કર્યો છે. મારા શિષ્ય મુનિ શ્રી ધર્મશેખર વિ. એ પણ આ કાર્યમાં મને મદદ કરી છે.

આ અનુવાદમાં મૂળગ્રંથકાર અને ટીકાકાર મહાત્માના આશયથી વિરુદ્ધ જે કંઇ લખાઇ ગયું હોય કે કયાંક અનુવાદ કરવામાં ક્ષતિ રહી ગઇ હોય તો તે બદલ ત્રિવિધે-ત્રિવિધે મિચ્છા મિ દુક્કડં.

**રાજશેખર સૂરિ**

# વિષયાનુક્રમણિકા


| વિષય | ગાથા |
|---|---|
| મંગલાદિ ચતુષ્ટય | ૧ |
| શ્રાવકપદનો અન્વર્થ | ૨ |
| અધિકારીએ જ ધર્મ કરવો જોઇએ | ૩ |
| અધિકારીનાં લક્ષણો | ૪ |
| અર્થીનાં લક્ષણો | ૪ |
| સમર્થનાં લક્ષણો | ૫ |
| સૂત્રથી અનિષિદ્ધનાં લક્ષણો | ૬ |
| ઉચિતવૃત્તિનું સ્વરૂપ | ૭ |
| બહુમાનનાં લક્ષણો | ૯ |
| વિધિમાં તત્પરતાનાં લક્ષણો | ૧૦ |
| ઉચિતવૃત્તિનાં લક્ષણો | ૧૧ |
| સમ્યક્ત્વનું સ્વરૂપ | ૧૪ |
| મિથ્યાત્વના ત્યાગનું સ્વરૂપ | ૧૫ |
| મિથ્યાત્વનું વર્ણન | ૧૬ |
| પાસત્થાદિ લિંગધારીઓનું વર્ણન | ૨૧ |
| મિથ્યાત્વના ત્રિવિધ-ત્રિવિધથી ત્યાગનું સ્વરૂપ | ૩૩ |
| મિથ્યાત્વીઓની સાથે રહેવામાત્રથી મિથ્યાત્વ સંબંધી સંવાસાનુમતિ દોષ ન લાગે | ૩૬ |
| અનુમતિનું સ્વરૂપ | ૩૮ |
| મિથ્યાત્વીઓની સાથે રહેવા માત્રથી મિથ્યાત્વમાં અનુમતિદોષ માનવાથી થતા દોષો | ૪૨ |
| સમ્યક્ત્વના સ્વીકારનું સ્વરૂપ | ૪૪ |
| સમ્યગ્દષ્ટિ દર્શનાચારનું પાલન કરે | ૪૫ |
| દર્શનાચારનું દ્રષ્ટાંત સહિત વિસ્તારથી વર્ણન | ૪૬ |
| સમ્યક્ત્વનું સ્વરૂપ | ૬૮ |
| સમ્યક્ત્વના ત્રણ લિંગો | ૬૯ |
| સમ્યક્ત્વ હોય ત્યારે વ્રતભજનાનો હેતુ | ૭૦ |
| સમ્યક્ત્વની પ્રાપ્તિ પછી અણુવ્રતની પ્રાપ્તિ ક્યારે થાય ? | ૭૧ |
| પલ્યોપમનું સ્વરૂપ | ૭૧ |
| બાર વ્રતોના મૂલગુણ-ઉત્તરગુણ એમ બે ભેદ | ૭૨ |
| બારવ્રતોના સ્વીકારમાં થતા ભાંગાઓ | ૭૩ |
| શ્રાવકો ત્રિવિધ-ત્રિવિધથી પણ પચ્ચક્ખાણ કરી શકે | ૭૬ |
| જે ભાંગાઓમાં કાયપ્રવૃત્તિનું પ્રત્યાખ્યાન નથી તેવા ભાંગાઓમાં પ્રત્યાખ્યાનનું પાલન કેવી રીતે સંભવે એ પ્રશ્નનું સમાધાન | ૭૭ |
| ક્યા ક્ષેત્રોને આશ્રયીને શ્રાવકો ત્રિવિધ ત્રિવિધથી પચ્ચક્ખાણ કરી શકે તેનો નિર્દેશ | ૭૭ |
| પહેલા અણુવ્રતનું સ્વરૂપ | ૭૮ |
| થોડા કાલસુધી પણ વ્રતો સ્વીકારી શકાય | ૭૯ |
| પહેલા અણુવ્રતના અતિચારો | ૮૦ |
| બીજા અણુવ્રતનું સ્વરૂપ | ૮૧ |
| બીજા અણુવ્રતના અતિચારો | ૮૨ |
| ત્રીજા અણુવ્રતનું સ્વરૂપ | ૮૩ |
| ત્રીજા અણુવ્રતના અતિચારો | ૮૪ |
| ચોથા અણુવ્રતનું સ્વરૂપ | ૮૫ |
| ચોથા અણુવ્રતના અતિચારો | ૮૬ |
| પાંચમાં અણુવ્રતનું સ્વરૂપ | ૮૭ |
| પાંચમાં અણુવ્રતના અતિચારો | ૮૮ |
| દિશાપરિમાણવ્રતનું સ્વરૂપ | ૮૯ |
| દિશાપરિમાણવ્રતના અતિચારો | ૯૦ |
| ભોગોપભોગપરિમાણવ્રતનું સ્વરૂપ | ૯૧ |
| ભોગોવભોગપરિમાણવ્રતના અતિચારો | ૯૨ |

| વિષય | ગાથા |
|---|---|
| અનર્થદંડ વિરતિવ્રતનું સ્વરૂપ | ૯૩ |
| અનર્થદંડ વિરતિવ્રતના અતિચારો | ૯૪ |
| સામાયિકવ્રતનું સ્વરૂપ | ૯૫ |
| સામાયિકવ્રતના અતિચારો | ૯૬ |
| દેશાવગાશિકવ્રતનું સ્વરૂપ | ૯૭ |
| દેશાવગાશિકવ્રતના અતિચારો | ૯૮ |
| પૌષધવ્રતનું સ્વરૂપ | ૯૯ |
| પૌષધવ્રતના અતિચારો | ૧૦૦ |
| અતિથિસંવિભાગવ્રતનું સ્વરૂપ | ૧૦૧ |
| અતિથિસંવિભાગવ્રતના અતિચારો | ૧૦૨ |
| અતિચારો પણ ત્યાજ્ય હોવા છતાં તેનું પચ્ચક્ખાણ કેમ નહિ ? | ૧૦૩ |
| જો વિરતિના પરિણામવાળો જીવ અતિચારોનો ત્યાગ કરવામાં તત્પર હોય તો સૂત્રમાં બતાવેલા વ્રતોનું રક્ષણ કરવાના ઉપાયો વગેરેથી શો લાભ થાય ? તેનું સમાધાન | ૧૦૪ |
| નહિ થયેલા વિરતિના પરિણામને ઉત્પન્ન કરવાના અને ઉત્પન્ન થયેલા વિરતિના પરિણામને સ્થિર કરવાના ઉપાયો | ૧૦૬ |
| અણુવ્રતો-ગુણવ્રતો પ્રાયઃ જીવનપર્યંત સ્વીકારાય છે, શિક્ષાવ્રતો થોડા કાળ સુધી હોય | ૧૦૯ |
| સંલેખનાનું વર્ણન કેમ નથી કર્યું ? એ પ્રશ્નનું સમાધાન | ૧૧૦ |
| શ્રાવક કયાં રહે ? | ૧૧૧ |
| દરરોજનાં કર્તવ્યો | ૧૧૨ |
| બ્રહ્મચર્યના પાલન માટે કરવા લાયક શુભ વિચારણા | ૧૧૬ |
| રાતે જાગી ગયેલા શ્રાવકને કરવા યોગ્ય શુભવિચારણા | ૧૧૭ |
| ઉપસંહાર | ૧૨૦ |


## પ્રસ્તુત પુસ્તકના પ્રકાશનમાં આર્થિક સહાયકો

**નીચેની દરેક રકમ જ્ઞાનદ્રવ્યમાંથી પ્રાપ્ત થયેલ છે.**

| | |
|---|---|
| ૨૬,૩૦૦-૦૦ | શ્રી સર્વોદય પાર્શ્વનાથ ચેરીટેબલ ટ્રસ્ટ અને શ્રી સર્વોદય પાર્શ્વનાથ જૈન સંઘ. મુલુન્ડ |
| ૨૨, ૪૫૦-૦૦ | શ્રી ચંદનબાળા ભક્તિ મંડળ, મુલુન્ડ હ. શ્રીમતિ રેવંતીબેન મુળજી ગુઢકા |
| ૧૦,૦૦૦-૦૦ | વાપી અજિતનાથ ભગવાનની પેઢીવતી સંઘની બહેનો તરફથી (પૂ. સા. શ્રી પદ્માવતીશ્રીજી મ. સા. ની પ્રેરણાથી.) |
| ૫,૦૦૦-૦૦ | શ્રી ઘોઘારી જૈન પાઠશાળા. વડગાદી |

(વધારાની રકમ અન્ય પુસ્તક પ્રકાશનમાં વપરાશે)

श्री धरणेन्द्र पद्मावती संपूजिताय ॐ ह्रीं श्रीं श्री शङ्खेश्वर पार्श्वनाथाय नमः

श्रीदान-प्रेम-रामचन्द्र-हीरसूरिगुरुभ्यो नमः

ऐं नमः

ॐ असिआउसाय नमः ।।

पूज्याचार्यदेव-श्रीमद्-मानदेवसूरि-विवृतवृत्त्युपेतम्-

याकिनीमहत्तराधर्मसूनु-पूज्याचार्यदेव श्रीमद्-हरिभद्रसूरिसंदृब्धम्-

# "श्रावकधर्मविधिप्रकरणम्"

વૃત્તિકારનું મંગલાચરણ

**द्वेधा धर्मप्रणेतारं, नत्वा वीरं जिनेश्वरम् ।**
**वक्ष्ये श्रावकधर्माख्य-तन्त्रे वृत्तिं समासतः ।।१।।**

બે પ્રકારે ધર્મની રચના કરનારા શ્રી વીર જિનેશ્વરને નમીને '**શ્રાવક ધર્મવિધિ**' નામના શાસ્ત્રની વૃત્તિ સંક્ષેપથી કહીશ.

अत्र चाऽऽचार्यः शिष्टसमयप्रतिपालनाय विघ्नविनायकोपशान्तये प्रयोजनाऽऽदिप्रतिपादनार्थं चादाविदं गाथासूत्रमुपन्यस्तवान्-

**नमिऊण वद्धमाणं, सावगधम्मं समासओ वोच्छं।**
**सम्मत्ताईभावत्थ - संगयं सुत्तणीईए ।।१।।**

[नत्वा वर्धमानं, श्रावकधर्मं समासतो वक्ष्ये ।
सम्यक्त्वादिभावार्थसङ्गतं सूत्रनीत्या ।।१।।].

''नमिऊणे'' त्यादि। इह हि शिष्टाः क्वचिदिष्टे वस्तुनि प्रवर्तमानाः सन्त इष्टदेवतानमस्कारपुरस्सरमेव प्रवर्तन्ते । तदुक्तम्-''प्रेक्षापूर्वकृतां प्रायः, प्रारम्भेषु चतुष्टयम्। वक्तुं युक्तं विनेयानां, प्रवृत्त्युत्साहवर्धनम् ।।१।। मङ्गलं, शास्त्रसंबन्धः,[1] शरीरं सप्रयोजनम् । चतुष्टयमभिप्रेतं, प्रत्यूहापोहिमङ्गलम् ।।२।। [ ]'' इत्यादि । अयमप्याऽऽचार्यो नहि न शिष्टः, इत्यतः शिष्टसमयप्रतिपालनाय । तथा श्रेयांसि बहुविघ्नानि भवन्तीति । उक्तं च- ''श्रेयांसि बहुविघ्नानि, भवन्ति महतामपि। अश्रेयसि प्रवृत्तानां, क्वापि यान्ति विनायकाः ।।१।।'' इति [ ]। इदं च प्रकरणं सम्यग्दर्शनाऽऽदिहेतुत्वात् श्रेयोभूतं वर्ततेऽतो विघ्नविनायकोपशान्तये, सिद्धा[2] हीयम् इष्टदेवतास्तुतिप्राप्तपुण्यप्रभावात् । तदुक्तम्- ''तत्र प्रणामः प्रणति-प्रह्वता देवताः प्रति । मनोवाक्कायचेष्टानां शिष्टेष्टविषये गतिः ।।१।। पुंसस्तस्यां प्रवृत्तस्य, श्रेयसो जन्मकर्मणः। तेन न्यक्कृतसामर्थ्याः, क्षीयन्ते विघ्नहेतवः।।२।। क्षीणेषु विघ्नबीजेषु, जायते निरुपद्रवा। श्रोतृव्याऽऽख्यातृविषयव्यापारर्द्धि-परम्परा।।३।। '' इति [ ] तथा प्रयोजनादिरहिते प्रेक्षावन्तो न प्रवर्तन्ते, तदुक्तम् -''सर्वस्यैव हि शास्त्रस्य, कर्मणो वाऽपि कस्यचित्। यावत् प्रयोजनं नोक्तं, तावत्तत् केन गृह्यताम् ? ।।१।।'' [ ] तथा-''सिद्धार्थं सिद्धसंबन्धं, श्रोतुं श्रोता प्रवर्तते । शास्त्रादौ तेन वक्तव्यः, संबन्धः सप्रयोजनः ।।१।। [ ] अतः प्रयोजनादिप्रतिपादनार्थं च। तत्र ''नमिऊण वद्धमाण'' मित्यनेनेष्टदेवतानमस्कारमाह,[3] अयमेव चोक्तन्यायाद् विघ्नोपशमहेतुः। ''सावगधम्म'' मित्यादिना त्वभिधेयादित्रयम् । तथाहि- 'श्रावकधर्मं समासतो[4] वक्ष्ये' इति वदता साक्षात् श्रावकधर्मोऽभिधेयतया

१. आभिधेयम् । २. विघ्नविनायकोपशान्तिनिमित्त्यर्थः । ३. इष्टदेवतानमस्कारः । ४. संक्षेपेण।

निर्दिष्ट: । सामर्थ्याच्च तत्परिज्ञानाऽऽद्यनन्तरादि प्रयोजनं साध्यसाधनादिलक्षणश्च संबन्ध इति समुदायाऽर्थ: । अवयवार्थ: पुनर्व्याख्यालक्षणाऽनुरोधाद् योजनीय:, तच्चेदम्- ''समुदितपदामादौ विद्वान् वदेदिह [१] संहितां, तदनु च [२] पदं [३] तस्यैवार्थं वदेदथ [४] विग्रहम् । निपुणभणितिं [५] तस्याऽऽक्षेपं तथाऽस्य च [६] निर्णयं बुधजनमता सूत्रव्याख्या भवेदिति षड्विधा ।।१।।'' [ ] तथा- ''निपुणधिषणाऽऽयुष्यान् शिष्यानपेक्ष्य तथेतरान् बहुतिथपथानर्थान् सार्थान् प्रतीत्य तथा परान् । यदिह वचसां भावार्थस्य प्रशासनमञ्जसा, तदिति विदुषां व्याख्यालक्ष्म प्रतीतमत: परम् ।।२।।'' [ ] इत्यादि । इह च गमनिकामात्रफलत्वात् प्रस्तुतप्रारम्भस्याऽनन्तरव्याख्यालक्षणाऽनुरोधेन [१] भूम्ना भावार्थकथनं क्रियते । शेषव्याख्यालक्षणयोजना तु स्वयमेव सूरिभिर्वर्णनीया।। तत्र ''नमिऊण वद्धमाण'' मिति ''णमु प्रह्वत्वे शब्दे'' इत्यस्य धातो: ''एककर्तृकयो: पूर्वात्'' इति क्त्वा प्रत्यये क्त्वातुम (म:) ''तूण-तुआणा'' इति प्राकृतलक्षणेन क्त्वस्तूणादेशे ''कगचजतदपयवां लोपाच्च यश्रुति: '' इति तलोपे ''इच्च क्त्वातुम्तव्येषु'' इतीकारेण 'नमिऊण' मिति भवति । नत्वा-प्रणिपत्य, कम् ? 'वर्धमानं' वर्तमानतीर्थाधिपतिम्, अत्राऽपि ''सर्वत्र लवरां'' इति रलोपे ''नो ण:'' इति नस्य णत्वे चैवं प्राकृतपाठ:। क्त्वाप्रत्ययस्योत्तरक्रियासापेक्षत्वादुत्तरक्रियामाह- ''सावगधम्मं समासओ वोच्छ'' मिति श्रावका:-वक्ष्यमाणशब्दार्थास्तेषां धर्म:-नि:श्रेयसनिबन्धनं सम्यक्त्वादि-परिणाम: स:, 'यतो नि:श्रेयससिद्धि:' इति वचनात् तद्धेतुश्च बाह्यचेष्टा, कारणे कार्योपचारात् श्रावकधर्मस्तम्, 'समासत:' संक्षेपेणेत्यात्मन: प्रस्तुतप्रवृत्ते: प्रयोजनमाह । 'वक्ष्ये' अभिधास्ये, ''वचोऽतउच्च'' इत्यादिना च प्राकृतलक्षणेन 'वोच्छ' मिति भवति । एवं सर्वत्र प्राकृतलक्षणप्रसिद्धं स्वयमेव दृश्यम्, सर्वं हि नोच्यते ग्रन्थविस्तरभयात्; विशेषप्रायं तु भणिष्याम:। किंविधं श्रावकधर्मम्? इत्याह- ''सम्मत्ताईभावत्थसंगयं'' सम्यक्त्वम्-अभिधास्यमानस्वरूपम्, आदिशब्दादऽणुव्रताऽऽदिग्रह:, सम्यक्त्वादीनां भावार्थ:- परमार्थ: सम्यक्त्वादिभावार्थ:, ''ह्रस्वदीर्घा मिथ:'' इति वचनात्पूर्वपदस्य दीर्घत्वम्, सम्यक्त्वादिभावार्थेन संगतं-युक्तं सम्यक्त्वादिभावार्थसंगतम्। 'सूत्रनीत्या' आगमन्यायेन, अनेन तु सर्वज्ञाऽऽगमाऽनुवृत्त्या प्रकरणस्य प्रामाण्यमाह।।१।।

## ગ્રંથકારનું મંગલ

**અહીં આચાર્યે શિષ્ટાચારના પાલન માટે, વિઘ્નસમૂહના નાશ માટે અને પ્રયોજન વગેરે જણાવવા માટે પ્રારંભમાં આ ગાથા કહી છે :-**

શ્રી વર્ધમાનસ્વામીને નમીને સમ્યક્ત્વ આદિના ભાવાર્થથી યુક્ત શ્રાવકધર્મને ગણધરપ્રણીત સૂત્રોના આધારે કહીશ.

અહીં કોઈ ઈષ્ટ વસ્તુમાં (= કાર્યમાં) પ્રવૃત્તિ કરનારા શિષ્ટપુરુષો ઈષ્ટ દેવને નમસ્કાર કરવા પૂર્વક જ પ્રવૃત્તિ કરે છે. કહ્યું છે કે - **"વિચારપૂર્વક પ્રવૃત્તિ કરનારાઓએ શાસ્ત્રના પ્રારંભમાં શિષ્યોની પ્રવૃત્તિમાં ઉત્સાહ વધારનાર ચતુષ્ટય કહેવું જોઈએ. (૧) મંગલ, શાસ્ત્રસંબંધ, પ્રયોજન અને અભિધેય એ ચાર ચતુષ્ટય તરીકે અભિપ્રેત છે, મંગલ વિઘ્નોને દૂર કરે છે." (૨)**

આ આચાર્ય પણ શિષ્ટપુરુષ છે. આથી શિષ્ટાચારના પાલન માટે આ પ્રથમ ગાથા કહી છે. તથા કલ્યાણકારી કાર્યો ઘણા વિઘ્નવાળાં હોય છે. કહ્યું છે કે **"મોટાઓને પણ કલ્યાણકારી કાર્યોમાં ઘણાં વિઘ્નો આવે છે. અકલ્યાણકારી કાર્યોમાં વિઘ્નો ક્યાંય ભાગી જાય છે."** આ પ્રકરણ સમ્યગ્દર્શન આદિનું કારણ હોવાથી કલ્યાણકારી છે. આથી વિઘ્નના સમૂહના નાશ માટે આ પ્રથમગાથા કહી છે. ઈષ્ટદેવની સ્તુતિથી પ્રાપ્ત થયેલા પુણ્યના પ્રભાવથી વિઘ્નસમૂહની શાંતિ થાય છે. કહ્યું છે કે - **"પ્રણામ એટલે દેવતાઓને નમસ્કાર કરવામાં આસક્તિ = તત્પરતા. આ આસક્તિને વિદ્વાનોએ મન-વચન-કાયાની ચેષ્ટાની શુભસ્થાનમાં ગતિ કહી છે, અર્થાત્ દેવને પ્રણામ એ મન-વચન-કાયાની શુભપ્રવૃત્તિ સ્વરૂપ છે. (૧) શુભપ્રવૃત્તિમાં પ્રવૃત્ત થયેલા અને એથીજ જન્મરૂપ ક્રિયાનું હિત કરનારા, અર્થાત્ પોતાના જન્મને સફળ બનાવનારા પુરુષના વિઘ્નનાં કારણોનું સામર્થ્ય પ્રણામ વડે દૂર કરાય છે, અને એથી વિઘ્નોનાં કારણો ક્ષય પામે છે. વિઘ્નોનાં કારણોનો ક્ષય થતાં શ્રોતાની અને વ્યાખ્યાન કરનારની પ્રવૃત્તિરૂપી ઋદ્ધિની પરંપરા ઉપદ્રવરહિત બને છે, અર્થાત્ શ્રોતા વિઘ્ન વિના સારી રીતે સાંભળી શકે છે, અને વક્તા વિઘ્ન વિના સારી રીતે વ્યાખ્યાન કરી શકે છે." (૨)**

તથા વિચારપૂર્વક પ્રવૃત્તિ કરનારા બુદ્ધિમાન પુરુષો પ્રયોજન વગેરેથી રહિત કાર્યમાં પ્રવૃત્તિ કરતા નથી. કહ્યું છે કે- **"કોઈ પણ શાસ્ત્રમાં કે કાર્યમાં જ્યાં સુધી કોઈ પ્રયોજન (= શાસ્ત્રને રચવાનો કે કાર્યને કરવાનો હેતુ) જણાવવામાં ન આવે ત્યાં સુધી તેને કોણ સ્વીકારે ? = તેમાં કોણ પ્રવૃત્તિ કરે ? અર્થાત્ બુદ્ધિમાન કોઈ તેમાં પ્રવૃત્તિ ન કરે." તથા જેનું પ્રયોજન સારી રીતે કહેવાયું છે અને જેનો સંબંધ સારી રીતે કહેવાયો છે તે શાસ્ત્રને સાંભળવા માટે શ્રોતા પ્રવૃત્તિ કરે છે. આથી શાસ્ત્રના પ્રારંભમાં પ્રયોજન સહિત સંબંધ કહેવો**

**જોઈએ."** (૨) આથી પ્રયોજન વગેરે જણાવવા માટે પણ આ ગાથા કહી છે.

તેમાં **"શ્રી વર્ધમાન સ્વામીને નમીને"** એ પદોથી ઈષ્ટદેવને નમસ્કાર જણાવ્યો છે. ઈષ્ટદેવને કરેલો નમસ્કારજ ઉક્તયુક્તિથી વિઘ્નનાશનો હેતુ છે. **"શ્રાવકધર્મને"** ઈત્યાદિ પદોથી અભિધેય આદિ ત્રણ જણાવવામાં આવેલ છે. તે આ પ્રમાણે :- **"શ્રાવકધર્મને સંક્ષેપથી કહીશ"** એમ બોલતા ગ્રંથકારે શ્રાવકધર્મનો અભિધેય તરીકે સાક્ષાત્ નિર્દેશ કર્યો છે, અર્થાત્ શ્રાવકધર્મ અભિધેય છે એમ સાક્ષાત્ જણાવ્યું છે.

અભિધેય જે કહ્યું તેના સામર્થ્યથી પ્રયોજન અને સંબંધ પણ જણાઈ આવે છે. તે આ પ્રમાણે :- કર્તાનું અનંતર પ્રયોજન શ્રોતાને શ્રાવકધર્મનો સંક્ષેપથી બોધ. કર્તાનું પરંપર પ્રયોજન પરોપકાર દ્વારા કર્મક્ષયથી મોક્ષ. શ્રોતાનું અનંતર પ્રયોજન શ્રાવકધર્મનો સંક્ષેપથી બોધ. શ્રોતાનું પરંપર પ્રયોજન (ચારિત્ર આદિથી) મોક્ષ. અહીં સાધ્ય-સાધનરૂપ સંબંધ છે. સંક્ષેપથી શ્રાવકધર્મનો બોધ સાધ્ય છે અને આ ગ્રંથ તેનું સાધન છે.

આ પ્રમાણે ગાથાનો સામાન્ય અર્થ છે. વિશેષ અર્થ તો વ્યાખ્યાના લક્ષણ પ્રમાણે જોડવો. વ્યાખ્યાનું લક્ષણ આ પ્રમાણે છે :- **"સંહિતા, પદ, પદાર્થ, વિગ્રહ, આક્ષેપ અને નિર્ણય એમ છ પ્રકારે સૂત્રની વ્યાખ્યા બુધજનોને સંમત છે. વ્યાખ્યા કરવામાં વિદ્વાન પુરુષ પહેલાં બધા ભેગા પદોની *સંહિતા બોલે. ત્યારબાદ એક એક પદ છૂટું બોલે. પછી એક એક પદનો અર્થ બોલે. પછી દરેક પદનો વિગ્રહ કરે. ત્યારબાદ સૂક્ષ્મકથનવાળો તર્ક (= શંકા કે પૂર્વપક્ષ) કરે. પછી તેનો નિર્ણય કરે. (૧)** તથા વ્યાખ્યાનું બીજું લક્ષણ આ પ્રમાણે છે :- **"નિપુણબુદ્ધિવાળા અને દીર્ઘાયુ શિષ્યોને તથા તેનાથી વિપરીત પ્રકારના એટલે કે સ્થૂલ બુદ્ધિવાળા અને અલ્પ આયુષ્યવાળા શિષ્યોને ખ્યાલમાં રાખીને ઘણા માર્ગવાળા + અર્થોને અને શબ્દોને તથા તેનાથી વિપરીત પ્રકારના એટલે કે ઘણા માર્ગવાળા ન હોય તેવા અર્થોને અને શબ્દોને જાણીને ઉચિત રીતે વાક્યોના ભાવાર્થને કહેવો, તે વ્યાખ્યાનું લક્ષણ છે. આવું વ્યાખ્યાનું લક્ષણ વિદ્વાનોમાં પ્રસિદ્ધ છે, અને પૂર્વોક્ત વ્યાખ્યાલક્ષણથી શ્રેષ્ઠ છે." (૨)**

સંક્ષેપથી વ્યાખ્યા કરવી એ જ પ્રસ્તુત પ્રારંભનું પ્રયોજન હોવાથી હમણાં તુરત કહેલ (બીજા) વ્યાખ્યાલક્ષણ પ્રમાણે સંક્ષેપથી ભાવાર્થ કહેવામાં આવે છે. અન્ય (પહેલા) વ્યાખ્યાલક્ષણની યોજનાનું વર્ણન તો (વાચનાદાતા) આચાર્યે જાતેજ કરવું.

**શ્રીવર્ધમાનસ્વામીને નમીને :** શ્રી વર્ધમાનસ્વામી વર્તમાન તીર્થના અધિપતિ છે. 'નમીને' એ પ્રયોગ પછીની ક્રિયાની અપેક્ષા રાખે છે. નમીને શું ? આવો પ્રશ્ન થાય. આથી ગ્રંથકાર પછીની ક્રિયાને કહે છે:- **શ્રાવકધર્મને સંક્ષેપથી કહીશ.** શ્રાવક શબ્દનો અર્થ હવે પછી

* બધા પદોને છૂટા પાડ્યા વિના ભેગા (= સાથે) બોલવા તે સંહિતા છે. ❊ ઘણી રીતે અર્થ થઈ શકે તે જાણીને.

કહેવાશે. શ્રાવકનો ધર્મ તે શ્રાવકધર્મ. ધર્મ એટલે મોક્ષનું કારણ એવો સમ્યક્ત્વાદિનો પરિણામ. કારણ કે "જેનાથી મોક્ષની પ્રાપ્તિ થાય તે ધર્મ" એવું વચન છે.

**પ્રશ્ન** : અહીં આત્માના સમ્યક્ત્વાદિ પરિણામનેજ ધર્મ કહ્યો. તો શું જિનપ્રણામ વગેરે બાહ્ય ક્રિયા ધર્મ નથી ? **ઉત્તર** : સમ્યક્ત્વાદિના પરિણામનું કારણ બને તેવી જિનપ્રણામ વગેરે બાહ્યક્રિયા પણ ધર્મ છે, પણ તે ઉપચારથી છે, પરમાર્થથી નહિ. કારણમાં કાર્યનો ઉપચાર કરીને જિનપ્રણામ વગેરે બાહ્ય ક્રિયાને પણ ધર્મ કહેવાય. (પણ અહીં સ્પષ્ટ સમજી લેવું જરૂરી છે કે જિનપ્રણામ વગેરે જે બાહ્ય ક્રિયા સમ્યક્ત્વાદિના પરિણામનું કારણ બને તે જ બાહ્ય ક્રિયા ધર્મરૂપ છે. સમ્યક્ત્વાદિના પરિણામનું કારણ ન બને તે બાહ્ય ક્રિયા ધર્મરૂપ નથી.)

"શ્રાવકધર્મને સંક્ષેપથી કહીશ" એમ કહીને ગ્રંથકારે પોતાની પ્રસ્તુત પ્રવૃત્તિનું પ્રયોજન જણાવ્યું છે. (શ્રાવકધર્મને વિસ્તારથી નહિ, કિંતુ સંક્ષેપથી કહેવો એ ગ્રંથકારની ગ્રંથરચના કરવાની પ્રવૃત્તિનું પ્રયોજન છે.) કેવા પ્રકારના શ્રાવકધર્મને કહેશો ? એના જવાબમાં કહ્યું કે- **"સમ્યક્ત્વ આદિના ભાવાર્થથી યુક્ત શ્રાવકધર્મને કહીશ."** સમ્યક્ત્વનું સ્વરૂપ હવે પછી કહેવાશે. 'આદિ' શબ્દથી અણુવ્રતો વગેરે લેવું, અર્થાત્ અહીં અણુવ્રતો વગેરે પણ કહેવામાં આવશે. ભાવાર્થ એટલે પરમાર્થ.

કેવી રીતે કહેશો? એ પ્રશ્નના ઉત્તરમાં કહ્યું કે - **"ગણધર પ્રણીત સૂત્રોના આધારે કહીશ."** આમ કહીને ગ્રંથકારે સર્વજ્ઞના આગમને અનુસરવાથી પ્રકરણની પ્રામાણિકતાને જણાવી. [૧]

एवमाद्यगाथायां मङ्गलादिचतुष्टयमभिधाय श्रावकधर्मस्य प्रस्तुतत्वात् श्रावकपदस्याऽन्वर्थमाह-

## परलोगहियं सम्मं, जो जिणवयणं सुणेइ उवउत्तो ।
## अइतिव्वकम्मविगमा, सुक्कोसो सावगो एत्थ ॥२॥

**[परलोकहितं सम्यग्, यो जिनवचनं श्रृणोति उपयुक्तः।**
**अतितीव्रकर्मविगमात् स उत्कृष्टः श्रावकः अत्र ॥२॥]** .

**''परलोग'' गाहा ॥ व्याख्या-जिनवचनं यः श्रृणोति स श्रावक इति योगः। तत्र ''श्रु श्रवणे'' अस्मात् लुणि प्रत्ययेऽकादेशे ऐच्यावादेशे च श्रावक इति भवति । ततश्च श्रवणक्रियायोगात् श्रावकः, एवं चाऽतिप्रसङ्गः, प्रतिनियतश्च श्रावकव्यपदेशभागाऽऽगमे रूढः, यदुक्तम्-''सम्मत्तम्मि उ लद्धे,**

पलिअपुहुत्तेण सावओ [1] होज्जा'' [विशेषा. भाष्य.गा-.१२२२] इत्यादि। ततो नियमयन्नाह-जिनवचनं यः श्रृणोति स श्रावकः । जिनवचनस्वरूपमाह- 'परलोगहिअं' परलोकः- देवादिजन्म प्रधानजन्म वा तस्मै हितं-पथ्यं परलोकहितम्, जिनवचनश्रवणाद्धि परलोकोऽनुकूल एव भवति। सम्यगिति श्रवणे क्रियाविशेषणम्। 'सम्यग्' अवैपरीत्येन श्रवणविध्याराधनेन, न तु च्छलाऽन्वेषणादिनेत्यर्थः। श्रवणविधिश्चायम्-''निद्दाविगहापरिवज्जिएहिं गुत्तेहिं पंजलिउडेहिं । भत्तिबहुमाणपुव्वं, उवउत्तेहिं सुणेयव्वं ॥१॥'' [पञ्चवस्तु. गा.१००६] इत्यादि। तदेवाह-'उवउत्तो'त्ति 'उपयुक्तः'दत्ताऽवधानोऽ परशुश्रूषापरिहारेण, तया हि तत्त्वपरिणतेरभावात् । तदुक्तम्-''विपरीता त्वितरा स्यात्, प्रायोऽनर्थाय देहिनां सा तु । या सुप्तनृपकथानकशुश्रूषावत्स्थिता लोके ॥१॥'' [षोडशक-षो.(११) गा. (५)] एवंविध-श्रवणे हेतुमाह- ''अइतिव्वकम्मविगमा'' इति अतितीव्रस्य-अत्युत्कटस्य कर्मणः- ज्ञानावरणीय-मिथ्यात्वादेर्विगमाद्-विनाशादतितीव्रकर्मविगमादिति । ''ङसेर्ङो दुहि लोपः''इति ङसेर्लोपि ''जस्ङस्यासु'' दीर्घत्वे चैवं भवति। ततश्चाऽति- तीव्रकर्मविगमाद्धेतोर्यः श्रृणोति स श्रावकः, नहि तीव्रकर्मविगममन्तरेण सम्यक्छ्रवणसंभवः, परिणतेरभावात् । विशिष्टफलं च श्रवणमभिप्रेतम्, तच्चैवमेव। तदुक्तम्- ''कह सामाइयलाभो, तस्सव्वविघाइदेसवाघाई । देसविघाईफड्डग- अणंतवड्ढीविसुद्धस्स ॥१॥ एवं ककारलंभो, सेसाण वि एवमेव कमलंभो।'' [आवश्यकनि. १०४१-२] इत्यादि । शेषं तु दूरभव्यस्य श्रवणमप्यश्रवणकल्पम्, तदुक्तम्-''आद्यं भावारोग्यं, बीजं चैषा परस्य तस्यैव । अधिकारिणो नियोगा-च्चरम इयं पुद्गलावर्ते ॥१॥ स भवति कालादेव, प्राधान्येन सुकृतादिभावेऽपि। ज्वरशमनौषधसम्वदिति समयविदो विदुर्निपुणम् ॥२॥ नाऽऽगमवचनं तदधः, सम्यक् परिणमति नियम एषोऽत्र । शमनीयमिवाऽभिनवे, ज्वरोदयेऽकाल इति कृत्वा ॥३॥ [षोडषक-षो. (५) श्लो. २-३-४]'' इत्यादि ॥ 'सः' इत्यादि। स इत्यनन्तरोद्दिष्टः 'उत्कृष्टः' प्रधानः, मुख्यश्रावकव्यपदेशनिबन्धन-भाजनत्वात् तस्य। यद्वा 'शुक्लः' शुक्लपाक्षिकः 'सः' उक्तस्वरूपः श्रावकः 'अत्र' प्रस्तुते, न तु श्रवणक्रियासंबन्धमात्रेणेति गाथार्थः ॥२॥

---

१ ''चरणोवसमखयाणं, सागर संखन्तरा होंति'' इति अन्त्यं पादार्धम्।

**આ પ્રમાણે પહેલી ગાથામાં મંગલ વગેરે ચતુષ્ટયને કહીને શ્રાવકધર્મ પ્રસ્તુત હોવાથી શ્રાવકશબ્દના અન્વર્થને (= શબ્દની વ્યુત્પત્તિથી થતા અર્થને) કહે છે :-**

પરલોક માટે હિતકર જિનવચનને અતિતીવ્રકર્મનો નાશ થવાથી ઉપયોગપૂર્વક અને સમ્યગ્ જે સાંભળે તે ઉત્કૃષ્ટ શ્રાવક છે.

માત્ર શ્રાવક શબ્દની વ્યુત્પત્તિથી શ્રાવક શબ્દનો અર્થ "સાંભળે તે શ્રાવક" એવો થાય. અહીં જો શ્રાવક શબ્દનો "સાંભળે તે શ્રાવક" એટલોજ અર્થ લેવામાં આવે તો અતિપ્રસંગ આવે, એટલે કે જે શ્રાવક ન હોય તે પણ શ્રાવક બને. કારણ કે શ્રવણ ક્રિયાના સંબંધથી શ્રાવક કહેવાય. એથી દુનિયામાં જે કોઈ સાંભળનાર હોય તે બધા જ શ્રાવક કહેવાય. જ્યારે આગમમાં તો અમુક પ્રકારનો જ જીવ શ્રાવક કહેવાય એમ રૂઢ છે. આગમમાં (વિશેષા. ગા. ૧૨૨૨) કહ્યું છે કે - **"સમ્યક્ત્વની પ્રાપ્તિ થયા પછી સમ્યક્ત્વની પ્રાપ્તિ વખતે રહેલી (અંતઃકોડાકોડિ પ્રમાણ) કર્મસ્થિતિમાંથી બેથી નવ પલ્યોપમ જેટલી કર્મસ્થિતિનો ક્ષય થાય ત્યારે (દેશવિરતિ) શ્રાવક થાય."**

આથી અહીં શ્રાવક શબ્દના અર્થની મર્યાદા બાંધતા ગ્રંથકાર કહે છે કે- **'જિનવચનને જે સાંભળે તે શ્રાવક.'** જિનવચનના સ્વરૂપને જણાવતા ગ્રંથકાર કહે છે કે **'જિનવચન પરલોક માટે હિતકર છે.'** અહીં પરલોક એટલે દેવ આદિનો જન્મ, અથવા શ્રેષ્ઠ.જન્મ. જિનવચનના શ્રવણથી પરલોક અનુકૂલજ થાય. શ્રાવક જિનવચનને કેવી રીતે સાંભળે? એના ઉત્તરમાં કહ્યું કે **સમ્યગ્ સાંભળે.** સમ્યગ્ એટલે અવિપરીતપણે, અર્થાત્ સાંભળવાની જે વિધિ બતાવી છે તે વિધિનું પાલન કરવા પૂર્વક સાંભળે, પણ (જિનવાણીમાં કે વક્તામાં) દૂષણો શોધવા માટે ન સાંભળે. સાંભળવાનો વિધિ આ પ્રમાણે છે:- **"નિદ્રા અને વિકથાનો ત્યાગ કરી, (ગુત્તેહિં =) જિનવાણીશ્રવણ સિવાયની ક્રિયાઓનો ત્યાગ કરી, અંજલિ જોડી, જિનવાણીશ્રવણમાં એકાગ્ર બનીને, ગુરુપ્રત્યે ભક્તિ-બહુમાન પૂર્વક જિનવાણીનું શ્રવણ કરવું જોઈએ."** (પં. વ. ગા. ૧૦૦૬) આ જ વિષયને અહીં ગ્રંથકાર કહે છે- **'ઉપયોગપૂર્વક સાંભળે.'** બીજું સાંભળવાની ઈચ્છાનો ત્યાગ કરીને ગુરુ જે કહેતા હોય તેમાં જ ધ્યાન આપીને સાંભળે. બીજું સાંભળવાની ઈચ્છાથી તત્ત્વની પરિણતિ થતી નથી. કહ્યું છે કે - **"*પરમ શુશ્રૂષાથી વિપરીત શુશ્રૂષા અપરમશુશ્રૂષા છે. આ શુશ્રૂષા પ્રાયઃ જીવોના**

* શુશ્રૂષા એટલે સાંભળવાની ઈચ્છા. શુશ્રૂષાના પરમ શુશ્રૂષા અને અપરમશુશ્રૂષા એવા બે ભેદ છે. જ્ઞાનાવરણીય આદિ કર્મના ક્ષયોપશમથી થયેલી શુશ્રૂષા પરમ શુશ્રૂષા છે. જ્ઞાનાવરણીય આદિ કર્મના ક્ષયોપશમ વિના થયેલી શુશ્રૂષા એ અપરમ શુશ્રૂષા છે.

**લાભ માટે થતી નથી. કારણ કે તે શુશ્રૂષા સુપ્તનૃપકથાનક શુશ્રૂષા જેવી છે એમ લોકમાં બધે જ પ્રસિદ્ધ છે. શય્યામાં સૂતેલા રાજાને સુખપૂર્વક નિદ્રા આવી જાય તે માટે કથા સાંભળવામાં જેવી શુશ્રૂષા હોય તેવી આ બીજી શુશ્રૂષા છે. અહીં રાજાને કથા સાંભળવામાં અતિશય આદર નથી, આદર વિના જ કંઈક સાંભળે છે. તેવી રીતે અપરમશુશ્રૂષાવાળો શ્રોતા આદર વિના કાંઈક સાંભળે છે."**

સમ્યગ્ સાંભળવામાં હેતુ જણાવે છે :- **અતિતીવ્રકર્મોનો નાશ થવાથી.** જ્ઞાનાવરણીય અને મિથ્યાત્વ વગેરે અતિશય તીવ્રકર્મોનો નાશ થવાથી જે સમ્યગ્ સાંભળે તે શ્રાવક. અતિતીવ્રકર્મોના નાશ વિના સમ્યગ્ શ્રવણ ન થાય. કેમ કે તેવા શ્રવણથી તત્ત્વની પરિણતિ ન થાય. અહીં ગમે તેવું શ્રવણ અભિપ્રેત નથી, કિંતુ વિશિષ્ટ ફલવાળું શ્રવણ અભિપ્રેત છે. વિશિષ્ટ ફલવાળું શ્રવણ અતિતીવ્રકર્મોના નાશથીજ થાય. કહ્યું છે કે **"સામાયિકનો લાભ કેવી રીતે થાય ? અહીં ઉત્તર આ પ્રમાણે છે :- સામાયિકાવરણ કર્મ અને દર્શનાવરણ એવું જે મિથ્યાત્વમોહનીય કર્મ તે કર્મો સામાયિકને રોકે છે. સામાયિકને રોકનારા આ કર્મોના દેશઘાતી અને સર્વઘાતી એમ બે પ્રકારના સ્પર્ધકો છે. તેમાંથી સર્વઘાતી સર્વ સ્પર્ધકોનો નાશ કરી નાખવામાં આવે અને દેશઘાતી અનંત સ્પર્ધકોનો નાશ કરી નાખવામાં આવે ત્યારે પ્રતિસમય અનંતગુણવૃદ્ધિથી વિશુદ્ધ થતો જીવ ભાવથી સામાયિક સૂત્રના 'ક' ને પામે છે. એ પ્રમાણે અનંતગુણવૃદ્ધિથીજ પ્રતિસમય વિશુદ્ધ થતો જીવ બાકીના 'ર' વગેરે અક્ષરોને પામે છે."**

અતિતીવ્રકર્મના નાશ વિનાનું શ્રવણ તો દૂરભવ્યને પણ હોય છે. પણ એ શ્રવણ અશ્રવણ તુલ્ય છે. આ વિષે પાંચમા ષોડશકમાં કહ્યું છે કે -**"સમ્યક્ત્વ પહેલું ભાવ આરોગ્ય છે અને ભાવ આરોગ્ય સ્વરૂપ તે સમ્યક્ત્વ મોક્ષરૂપ મુખ્ય ભાવ આરોગ્યનું બીજ છે.**

**પ્રશ્ન : મોક્ષ ભાવ આરોગ્ય કેમ છે ? ઉત્તર : રાગ-દ્વેષ-મોહ અને રાગ-દ્વેષ-મોહના કારણે થનારા જાતિ-જરા-મરણ વગેરે ભાવ રોગ છે, મોક્ષ તેમના (= રાગાદિના) અભાવરૂપ છે. માટે મોક્ષ ભાવ આરોગ્ય છે.**

**આ સમ્યક્ત્વ જેનો સંસાર લગભગ ક્ષીણ થઈ ગયો છે તેવા યોગ્ય જીવને ચરમપુદ્ગલ પરાવર્તમાં જ પ્રાપ્ત થાય છે." (૨)**

**ક્યા કારણથી ચરમપુદ્ગલ પરાવર્ત થાય એવી આશંકા કરીને તેનો ઉત્તર કહે છે :- "આ ચરમપુદ્ગલ પરાવર્ત મુખ્યપણે કાલથીજ થાય છે. (सुकृतादिभावेऽपि=) સુકૃત-દુષ્કૃત, કર્મ, પુરુષાર્થ અને નિયતિ વગેરે હેતુઓ હોવા છતાં મુખ્યપણે કાલથીજ ચરમપુદ્ગલપરાવર્ત થાય છે. આ વિષે દૃષ્ટાંત કહે છે :- જ્વરને શાંત કરનાર પણ ઔષધ**

જ્વર આવતાં તુરતજ આપવામાં આવે તો તે ઔષધ કોઈ લાભ કરતું નથી, બલ્કે દોષોને પ્રગટ કરે છે. એ જ ઔષધ જ્વર જીર્ણ (જુનો) થઈ જાય તેવા અવસરે આપવામાં આવે તો પોતાના કાર્યને કરે છે. એ પ્રમાણે ચરમપુદ્ગલ પરાવર્ત પણ અવસર સમાન છે, અર્થાત્ જ્વરમાં ઔષધથી લાભ થવામાં કાલની મુખ્યતા છે, તે રીતે ચરમાવર્તની પ્રાપ્તિમાં કાળની મુખ્યતા છે. આ પ્રમાણે સિદ્ધાંતને જાણનારાઓ સારી રીતે જાણે છે." (૩)

સમ્યક્ત્વની પ્રાપ્તિનો હેતુ મુખ્યપણે ચરમ પુદ્ગલ પરાવર્ત કેમ છે ? તે કહે છે :- " જેવી રીતે નવા તાવમાં અકાળ હોવાથી તાવને દૂર કરનારું પણ ઔષધ પરિણમતું નથી = તાવને દૂર કરતું નથી, તેવી રીતે જેનો સંસાર એક પુદ્ગલ પરાવર્તથી અધિક છે તેને આગમ વચન બરોબર પરિણમતું જ નથી એવો નિયમ છે. કેમકે ચરમ પુદ્ગલ પરાવર્ત સિવાયનો કાળ આગમવચનની અસર થવા માટે અકાળ છે." (૪)

પરલોક માટે હિતકર જિનવચનને અતિતીવ્ર કર્મનો નાશ થવાથી ઉપયોગ પૂર્વક અને સમ્યગ્ સાંભળનાર શ્રાવક ઉત્કૃષ્ટ શ્રાવક છે. ઉત્કૃષ્ટ એટલે મુખ્ય. આવો શ્રાવક મુખ્ય શ્રાવક તરીકેના વ્યવહારનું કારણ હોવાથી મુખ્ય શ્રાવક છે. અહીં કરેલી શ્રાવક શબ્દની વ્યાખ્યાથી એ સિદ્ધ થયું કે કેવળ સાંભળે તેટલા માત્રથી શ્રાવક ન કહેવાય. [૨]

'ननु किमिति सम्यक्छ्रवणनिबन्धनकर्मह्रासवानेवाऽत्र श्रावकोऽधिक्रियते नाऽपरः?,' उच्यते - तस्यैव क्रियाफलयोगेन प्रस्तुताऽनुष्ठानाऽधिकारित्वाद-न्यस्य तत्करणे दोषसंभवादित्याह-

## अहिगारिणा खु धम्मो, कायव्वो अणहिगारिणो दोसो।
## आणाभंगाओ च्चिय, धम्मो आणाएँ पडिबद्धो ।। ३।।

[अधिकारिणा खलु धर्मः, कर्तव्यो -ऽनधिकारिणो दोषः।

आज्ञाभङ्गत एव, धर्म आज्ञायां प्रतिबद्धः ।।३।। ]

**''अहिगारिणा'' गाहा व्याख्या- अधिकरणमधिकारः = प्रस्तुतक्रियां प्रति योग्यत्वम् , स च प्रदर्शितकर्मह्रासलक्षणो वक्ष्यमाणाऽर्थित्वादिचिह्नव्यङ्ग्यः, स विद्यते यस्याऽसावधिकारी, मत्वर्थीयेन्विधानात्, तेनाऽधिकारिणा । 'खुः' इति निश्चयवितर्कसंभावनासु इति निश्चयादिवचनः खुर्निपातः ततश्चाधिकारिणैव धर्मः कर्तव्यो नापरेण, अधिकारिण एव क्रियाफलयोगात्, इतरस्य चानर्थस्याऽपि संभवात्। एतदेवावधारणफलद्वारेणाऽऽविष्करोति - ''अणहिगारिणो दोसो त्ति। अधिकारी यो न भवति सोऽनधिकारी प्रतिपादितप्रतीपः, तस्य दोषः-**

अनर्थो धर्मकरण इति गम्यते, अनधिकारिणो हि विराधनानिबन्धनोऽनर्थ एव। अत एवोक्तम् -''अविधिकृताद्वरमकृतमेव''। तथा चागमः ''जह चेव उ मोक्खफला, आणा आराहिआ जिणिंदाण । संसार- दुक्खफलया, तह चेव विराहिआ होइ ।।१ ।। ''[पंचवस्तु ० गा० ११९.] तथा - ''धर्मानुष्ठानवैतथ्यात्, प्रत्यपायो महान् भवेत्। रौद्रदु:खौघजनको, दुष्प्रयुक्तादिवौषधात्।।१।। [ ]'' 'ननु यद्येवं कथं चतुर्थभङ्गपतितरूपकोपमितचैत्यवन्दनाऽधिकारेऽभिहितम् ? -''एयं पि जुज्जइ च्चिय, तयणारंभा उ तप्फलं व जओ । तप्पच्चवायभावो वि, हंदि तत्तो न जुत्तो त्ति ।।१।।'' [ ] इत्यादि। अत्र हि विधिहीनभावशून्यचैत्यवन्दनाया अपि लौकिकत्वेन लौकिकवन्दनाफलमुक्तमेव,'' अत्रोच्यते - नन्वत्राप्येकान्ताऽनाराधनाद्वारेण विराधनाजनिताऽनर्थफलाऽभाव एवोक्तः, न हि किल चिकित्साक्रियाऽऽभासमात्रव्यापारपरोऽपि पुरुषोऽत्र तथाविध- चिकित्साऽपक्रियाकृतमपकारमवाप्नोति। विराधनासद्भावे तु तन्निबन्धनोऽनर्थः प्राप्तव्य एव तत्प्रवृत्तेन प्राणिना । आराधनापक्षेऽपि यद् दर्शनलाघवादिनिदानमसद्विधानमाधत्ते तन्निमितं विशेषतोऽनर्थमवाप्नोत्येवासौ। तदुक्तम् - ''सीयलविहारओ खलु, भगवंताऽऽसायणानिओगेणं । तत्तो भवो अणंतो, किलेसबहुलो जओ भणियं ।।१ ।।'' [ ] इत्यादि, तत् स्थितमिदमनधिकारिणः करणे दोष इति। अत्रैव हेतुमाह - ''आणाभंगाओ च्चिय'' इति, आज्ञा सर्वज्ञवचनं तस्या भङ्गः - उल्लङ्घनं तत एव, ''चिय चेय एवार्थे'' इति एवकारार्थे चियनिपातः; आज्ञाभङ्ग एवात्र दोषकारणम्, शेषस्याऽशुभभावादेरत्रैवाऽन्तर्भूतत्वात् नापरमित्यवधारणार्थः। 'नन्वेतदेव कथं यदुताऽऽज्ञाभङ्गे दोषो धर्मस्तु न भवति ?' इत्याह - ''धम्मो आणाए पडिबद्धो'' इति । ''दुर्गतिप्रसृतान् जीवान्, यस्माद्धारयते ततः । धत्ते चैतान् शुभे स्थाने, तस्माद्धर्म इति स्मृतः ।।१।। [ ]'' इति वचनात् 'धर्मः' उक्तस्वरूपः 'आज्ञायां' उक्तस्वरूपायामेव, ''टाङसिङस्ङी-नामिदेददातः '' इति ङेरेदादेशः । 'प्रतिबद्धः' संबद्धो व्यवस्थित इति यावत्। तथा चोक्तम् - ''आणाए च्चिअ चरणं, तब्भंगे० [ उपदेशमा० गा० ५०५] ।। तथा ''जम्हा न धम्ममग्गे, मोत्तूणं आगमं इह पमाणं। विज्जइ छउमत्थाणं, तम्हा तत्थेव जइयव्वं ।। १।।'' [पंचवस्तु० गा० १७०३]. इत्यादि इति । गाथार्थः ।।३।।

પ્રશ્ન : સમ્યગ્ શ્રવણનું કારણ એવો કર્મહ્રાસ જેને થયો હોય એવા શ્રાવકનો જ અહીં અધિકાર છે, બીજાનો નહિ, આનું શું કારણ ? ઉત્તર : આવા જ શ્રાવકને ક્રિયાનું ફલ મળે છે, તેથી આવો શ્રાવકજ પ્રસ્તુતમાં અધિકારી છે. આવા શ્રાવક સિવાય બીજો કોઈ જીવ અનુષ્ઠાન

**કરે તો દોષ થાય. આ વિષયને ગ્રંથકાર કહે છે :-**

અધિકારીએ જ ધર્મ કરવો જોઈએ. આજ્ઞાભંગ થવાથીજ અનધિકારીને દોષ થાય. ધર્મ આજ્ઞામાં રહેલો છે.

જેને અધિકાર પ્રાપ્ત થયો હોય તે અધિકારી છે. અધિકાર એટલે પ્રસ્તુત ક્રિયા કરવાની યોગ્યતા (= લાયકાત). આ યોગ્યતા પૂર્વે બતાવેલ કર્મહ્રાસ સ્વરૂપ છે, અર્થાત્ અતિતીવ્રકર્મનો નાશ એ યોગ્યતા છે. આત્મામાં રહેલી આ યોગ્યતા આગળ કહેવાશે તે અર્થિપણું વગેરે ચિહ્નોથી બહાર પ્રગટ થાય છે = જોઈ શકાય છે.

અધિકારીએ જ ધર્મ કરવો જોઈએ, બીજાએ નહિ. કારણ કે અધિકારીનેજ ક્રિયાનું ફળ મળે છે. અધિકાર રહિતને ધર્મ કરવામાં અનર્થ (નુકશાન) પણ થાય.

આ જ વિષયને અવધારણ ફલ દ્વારા ગ્રંથકાર પ્રગટ કરે છે :- (अणहिगारिणो दोषो=) અહીં જણાવેલ અધિકારીથી જે વિરુદ્ધ છે તેવા અનધિકારીને વિરાધના કરવાના કારણે અનર્થ જ થાય. આથીજ કહ્યું છે કે- "**અવિધિથી કરવા કરતાં ન કરવું સારું.**" **આ વિષે શાસ્ત્રપાઠ આ પ્રમાણે છે :- "જેમ સારી રીતે પાળેલી જિનેશ્વરોની આજ્ઞા મોક્ષ રૂપ ફળ આપે છે, તેમ વિરાધેલી (= ખંડિત કરેલી) જિનાજ્ઞા સંસાર દુ:ખરૂપ ફળ આપે છે." તથા "ધર્મના અનુષ્ઠાનો વિપરીતપણે કરવાથી અવિધિથી યોજેલા ઔષધની જેમ મહાન અનર્થ થાય. એ અનર્થ ભયંકર દુ:ખસમૂહને ઉત્પન્ન કરે છે."**

**પ્રશ્ન** : જો આમ છે તો (પંચા. ગા. ૪૩ માં) રૂપિયાની ઉપમાથી બતાવેલા ચાર 卐 પ્રકારોમાં ચોથા ભાંગામાં આવેલી ચૈત્ય વંદનાના અધિકારમાં-

**"કેટલાક આચાર્યોનો 'ત્રીજા-ચોથા પ્રકારની વંદના જૈન વંદના નથી' એવો મત પણ ઘટી શકે છે. કારણ કે તે બે વંદનામાં (અપુનર્બંધક અવસ્થા વગેરે) જે ભાવ જોઈએ તે ભાવ જ ન હોવાથી જૈન વંદનાની શરૂઆત જ થઈ નથી. આથી જ તે બે વંદનાથી જેમ જૈન વંદનાથી આરાધનાથી મળતું આ લોકમાં ક્ષુદ્ર ઉપદ્રવોનો નાશ, ધન-ધાન્યની વૃદ્ધિ, પરલોકમાં વિશિષ્ટ દેવલોકની પ્રાપ્તિ અને પરિણામે મોક્ષરૂપ શુભ ફળ મળતું નથી, તેમ જૈન વંદનાની વિરાધનાથી મળતું ઉન્માદ, રોગ, ધર્મભ્રંશ વગેરે દુષ્ટ ફળ પણ મળતું નથી."** આમ કેમ કહ્યું? અહીં વિધિહીન-ભાવશૂન્ય ચૈત્યવંદના પણ લૌકિક હોવાથી લૌકિક વંદનાનું ફળ કહ્યું જ છે.

卐 આ ચાર પ્રકારો (ભાંગા) આ પ્રમાણે છે :- (૧) શ્રદ્ધાયુક્ત ભક્તિભાવ હોય અને સ્પષ્ટ ઉચ્ચાર વગેરે બાહ્ય વિધિ હોય. (૨) શ્રદ્ધાયુક્ત ભક્તિભાવ હોય અને સ્પષ્ટ ઉચ્ચાર વગેરે બાહ્ય વિધિ ન હોય. (૩) શ્રદ્ધાયુક્ત ભક્તિભાવ ન હોય અને સ્પષ્ટ ઉચ્ચાર વગેરે બાહ્યવિધિ હોય. (૪) શ્રદ્ધાયુક્ત ભક્તિભાવ ન હોય અને સ્પષ્ટ ઉચ્ચાર વગેરે બાહ્યવિધિ ન હોય.

ઉત્તર : અહીં એકાંતે આરાધનાના અભાવદ્વારા વિરાધનાથી થયેલા અનર્થ ફલનો અભાવ જ કહ્યો છે. પરમાર્થથી ચિકિત્સાક્રિયા ન હોવા છતાં માત્ર ચિકિત્સાક્રિયાનો આભાસ થાય તેવી પ્રવૃત્તિમાં તત્પર પણ પુરુષ અહીં ચિકિત્સામાં તેવા પ્રકારની ખોટી ક્રિયાથી કરાયેલા અપકારને-અનર્થને પામતો નથી. (विराधना सद्भावे तु =) ચોથા ભાંગામાં પણ જો વિરાધના થાય તો તેમાં પ્રવૃત્ત પ્રાણીને વિરાધનાના કારણે અનર્થ પ્રાપ્ત થાય જ. આરાધનાપક્ષમાં પણ જો જૈનશાસનની લઘુતાનું કારણ બને તેવું અસત્ કાર્ય કરે તો તેના કારણે તે વિશેષથી અનર્થ પામે જ. કહ્યું છે કે **"શિથિલ સાધુચર્યાથી અવશ્ય ભગવંતની આશાતના થાય. ભગવંતની આશાતનાથી બહુદુ:ખવાળો અનંત સંસાર થાય."** અહીં સુધી કરેલી વિચારણાથી એ સિદ્ધ થયું કે અનધિકારીને ધર્મ કરવામાં દોષ થાય.

અનધિકારીને ધર્મ કરવામાં દોષ થાય તેમાં જ હેતુ જણાવે છે:- **આજ્ઞાનો ભંગ કરવાથી.** અહીં આજ્ઞાભંગ જ દોષનું કારણ છે. અશુભ ભાવ વગેરે બીજા કારણોનું આજ્ઞાભંગમાં જ સમાવેશ થઈ જવાથી દોષનું આજ્ઞાભંગ સિવાય બીજું કોઈ કારણ નથી. અહીં આજ્ઞા એટલે જિનવચન. ભંગ એટલે ઉલ્લંઘન.

આજ્ઞાભંગમાં દોષ થાય અને ધર્મ ન થાય એનું શું કારણ ? એ પ્રશ્નના જવાબમાં ગ્રંથકાર કહે છે:- **ધર્મ આજ્ઞામાં રહેલો છે. "જે દુર્ગતિમાં પડતા જીવોને ધારી રાખે એટલે કે દુર્ગતિમાં પડતા બચાવે અને સ્વર્ગ વગેરે શુભસ્થાનમાં સ્થાપન કરે તેને ધર્મ કહ્યો છે."** આજ્ઞાનો અર્થ હમણાં જ જણાવી દીધો છે.

ધર્મ આજ્ઞામાં રહેલો છે એ વિષે કહ્યું છે કે-**"જિજ્ઞાનાના પાલનમાં જ ચારિત્ર છે. આથી જિનાજ્ઞાનો ભંગ થતાં શાનો ભંગ નથી થયો ? અર્થાત્ બધાનો જ ભંગ થયો છે. જિનાજ્ઞાનું ઉલ્લંઘન કરનાર કોની આજ્ઞાથી અનુષ્ઠાન વગેરે કરે ?"** (અર્થાત્ જે જિનને ન માને તે ગુરુ વગેરેને પણ ન માને. આથી તેનું જિનાજ્ઞારહિત અનુષ્ઠાનપાલન નિરર્થક છે.) (ઉપદેશમાલા ગા. ૫૦૫)

તથા **"પરલોકમાં જનારા ધર્મમાર્ગમાં છદ્મસ્થ જીવોને પરમાર્થથી એક આગમને છોડીને પ્રત્યાખ્યાન વગેરે પ્રમાણ નથી, અર્થાત્ આગમના આધારેજ પ્રત્યાખ્યાન વગેરે પ્રમાણ છે. માટે કદાગ્રહોને છોડીને આગમમાં જ પ્રયત્ન કરવો જોઈએ, એટલે કે જિનાજ્ઞા પૂર્વક કર્ણોથી આગમનું શ્રવણ કરીને આગમમાં કહ્યા પ્રમાણે અનુષ્ઠાનોમાં પ્રયત્ન કરવો જોઈએ. અગીતાર્થ જનોની આચરણા પ્રમાણે કરનારા ન બનવું જોઈએ."** (પં. વ. ગા. ૧૭૦૭) [૩]

अधिकारिणमेव च्छद्मस्थज्ञानिलक्ष्यं साक्षादाह -

**तत्थहिगारी अत्थी, समत्थओ जो ण सुत्तपडिकुट्ठो ।**
**अत्थी उ जो विणीओ, समुवट्ठिओ पुच्छमाणो य।।४।।**

[तत्राऽधिकारी अर्थी, समर्थको यो न सूत्रप्रतिकुष्टः ।
अर्थी तु यो विनीतः, समुपस्थितः प्रच्छँश्च ।। ४।।]

''तत्थहिगारी'' व्याख्या-'तत्र' इति प्रस्तुते श्रावकधर्मे 'तत्र' एवंव्यवस्थिते वा सर्वत्रैव धर्मे 'अधिकारी' योग्यः क्रियाफलभागित्यर्थः। किंविधः? इत्याह- अर्थी समर्थको यो न सूत्रप्रतिकुष्टः। तत्रार्थः-प्रयोजनमभिधास्यमानलिङ्गगम्यं यस्यास्ति सोऽर्थी, पुरुषार्थेषु धर्मस्य प्राधान्यात् तत्राऽऽसेवनातत्पर इत्यर्थः, न तु पापलिङ्गधर्मपथ्याऽरुचिमान् । तथा समर्थ एव समर्थकः, यावादेराकृतिगणत्वात्स्वार्थिकः कन्, ''जातौ वा स्वार्थे केल्लोला'' इति वा प्राकृतः कप्रत्ययः। 'समर्थः' शक्तः, न त्वङ्गीकृतमपि धर्मं परेभ्यो भयात् त्यजति । तथा यो न सूत्रप्रतिकुष्टः, 'यः' इति उद्देशे, य एवंविधः सोऽधिकारीति योगः, सूत्रेण-आगमेन प्रतिकुष्टः-निवारितो नेति योगः, कथंचिदर्थित्वसामर्थ्ययुक्तोऽपि शास्त्रे निवारितोऽनधिकार्येवेत्यभिप्रायः । तथाऽन्यैरप्युक्तम्- ''अर्थी समर्थः शास्त्रेणाऽपर्युदस्तो धर्मेऽधिक्रियते''[ ] इति। एषां चाऽर्थित्वादिगुणानामेवमेव प्रवर्तकनिरूपणाप्रवृत्तेरित्थमुपन्यासः । तथाहि- नाऽनर्थिनि सामर्थ्यनिरूपणावसरः, अर्थित्व एव तत्संभवात् । अत एव कैश्चिदुच्यते-''यो येन रक्तस्तमनुप्रवेष्टुमव्याहतस्तस्य स एव पन्थाः। अर्थित्वसंक्षोभजडेक्षणेन, नोद्वीक्षणीयस्त्वमरेश्वरोऽपि ।।१।। [ ] '' न चाऽसमर्थे शास्त्रपर्युदासपर्यालोचनाऽवकाशः, असामर्थ्येनैव शेषचिन्ताया निरवकाशत्वात्। एषामेवार्थ्यादिगुणानां कार्यलिङ्गगम्यं स्वरूपमाह - 'अत्थी उ जो' इत्यादि, अर्थीति व्याख्येयनिर्देशः, तुशब्दः पुनःशब्दार्थे । ततश्चायमर्थः- अर्थी पुनः कथं लक्ष्यः? तत्राऽऽह-'यो विनीतः समुपस्थितः प्रच्छंश्च' तत्र विनीतः- धर्मप्ररूपकं प्रति प्रतिपत्तिरूपाऽभ्युत्थानादिविनयं कुर्वन्नर्थीति लक्ष्यते, तथा सम्यग् उप-सामीप्येनोत्थितः- धर्मश्रवणादौ व्यक्तीकृतसम्मुखीभावः, न तु प्रयोजनान्तरैरेव क्रोडीकृतत्वादसम्मुखीनः, तथा प्रच्छंश्च ''प्रच्छ ज्ञीप्सायां'' इति धातोः शतुः ''न्तमाणौ शतृशानचोः'' इति माणादेशे प्राकृते पुच्छमाण इति स्यात् । शीलार्थो वा ''शक्तिवयःशीलेषु'' इति लटः शानजादेशः ।

'प्रच्छन्' ज्ञीप्सन् धर्मस्वरूपग्रहणविध्यादिकमिति गम्यते । चशब्दस्तूक्तद्वारेण त्रिभिरपि लिङ्गैः समुदितैः प्रायोऽर्थित्वं परिपूर्णं लक्ष्यत इत्याह । इति गाथार्थः ॥४॥

**છદ્મસ્થજ્ઞાનીથી ઓળખી શકાય તેવા અધિકારીને જ ગ્રંથકાર સાક્ષાત્ કહે છેઃ-**

ધર્મમાં સર્વત્ર જ અર્થી, સમર્થ અને સૂત્રથી અનિષિદ્ધ જીવ અધિકારી છે. જે વિનીત, સમુપસ્થિત અને જાણવાની ઈચ્છાવાળો છે તે અર્થી છે.

અધિકારી એટલે ક્રિયાના ફલનો ભાગી બને તેવો યોગ્ય. અર્થ એટલે પ્રયોજન. અર્થ = પ્રયોજન જેને હોય તે અર્થી, અર્થાત્ પુરુષાર્થોમાં ધર્મની પ્રધાનતા હોવાથી ધર્મની આરાધના કરવા માટે જે તત્પર હોય તે અર્થી છે. **પ્રશ્ન** : અમુક જીવમાં પ્રયોજન = (ધર્મની આરાધના કરવાની તત્પરતા) છે કે નહિ તે કેવી રીતે જાણી શકાય ? **ઉત્તર** : પ્રયોજનનાં ચિહ્નોથી = લક્ષણોથી જાણી શકાય. પ્રયોજનનાં ચિહ્નો = લક્ષણો હવે (= આ ગાથાના ઉત્તરાર્ધમાં) કહેવામાં આવશે.

ધર્મરૂપ પથ્યમાં અરુચિવાળો જીવ અર્થી નથી. ધર્મરૂપ પથ્યમાં અરુચિનું ચિહ્ન = લક્ષણ પાપ છે, અર્થાત્ જે જીવ (રસપૂર્વક) પાપ કરે તેનામાં ધર્મરૂપ પથ્યમાં અરુચિ રહેલી છે એમ જાણી શકાય. સમર્થ એટલે શક્તિવાળો. શક્તિવાળો જીવ સ્વીકારેલા પણ ધર્મને બીજાઓના ભયથી છોડી દે તેવો ન હોય. સૂત્રથી અનિષિદ્ધ એટલે શાસ્ત્રમાં જેનો નિષેધ ન કરવામાં આવ્યો હોય તેવો. કોઈક રીતે અર્થી હોય અને સમર્થ પણ હોય, આમ છતાં જો શાસ્ત્રમાં તેને ધર્મ સ્વીકારવાનો નિષેધ કર્યો હોય તો તે અનધિકારી છે. આ વિષે બીજાઓએ પણ કહ્યું છે કે "અર્થી, સમર્થ અને શાસ્ત્રથી અનિષિદ્ધ જીવ ધર્મમાં અધિકારી છે."

અહીં અર્થિપણું વગેરે ગુણોનો જે ક્રમ છે તે ક્રમ પ્રમાણે જ ઉપદેશકની પ્રરૂપણાની પ્રવૃત્તિ થાય છે, માટે અહીં તે ક્રમ પ્રમાણે જ અર્થિપણું વગેરે ગુણોનો ઉલ્લેખ છે. તે આ પ્રમાણે :- જે અર્થી ન હોય તેનામાં સામર્થ્ય ગુણની પ્રરૂપણા કરવાનો અવસર નથી, કારણ કે અર્થિપણું હોય તો જ સામર્થ્ય ગુણની પ્રરૂપણાનો અવસર રહે. આથી જ કોઈકે કહ્યું છે કે:- જે જે પ્રયોજનથી કોઈકમાં અનુરાગી બન્યો છે તેમાં પ્રવેશ કરવા માટે તેનો તે જ (= જે પ્રયોજનથી અનુરાગ થયો છે તે પ્રયોજન જ) વિઘ્ન વિનાનો માર્ગ છે. અર્થિપણાની 卐 ચંચળતાથી જેની દૃષ્ટિ જડ બની ગઈ છે તેણે ઈંદ્રને પણ ન જોવો જોઈએ."

---

卐 અહીં કહેવાનો ભાવ એ છે કે જેનું અર્થિપણું (= પ્રયોજન) નિશ્ચિત નથી તેને ઈંદ્ર મળી જાય તો પણ લાભ ન થાય.

જે સમર્થ નથી તેના અંગે આ શાસ્ત્રથી નિષિદ્ધ છે કે નહિ તેની વિચારણા કરવાનો અવકાશ જ નથી. કારણ કે સામર્થ્યના અભાવથી બાકીની ચિંતા અવકાશ વિનાની બની જાય છે. આ અર્થિપણું આદિ ગુણોનું કાર્યરૂપ ચિહ્નથી જાણી શકાય તેવું સ્વરૂપ કહે છે, તેમાં પ્રથમ અર્થી જીવ કેવી રીતે ઓળખી (= જાણી) શકાય તે કહે છેઃ- જે વિનીત, સમુપસ્થિત અને જાણવાની ઈચ્છાવાળો છે તે અર્થી છે.

**વિનીત**: ધર્મપ્રરૂપકનો ઊભા થવું વગેરે આદર-સત્કારરૂપ વિનય કરનારો જીવ અર્થી છે એમ જણાય છે. **સમુપસ્થિત** : ધર્મશ્રવણ વગેરેમાં જે સન્મુખભાવને પ્રગટ કરે, અર્થાત્ ઉપસ્થિત રહે તે સમુપસ્થિત છે. બીજાં બીજાં પ્રયોજનોથી જે આલિંગન કરાયો છે, અર્થાત્ જેને બીજાં બીજાં કાર્યો છે અને એથી જે ધર્મશ્રવણ વગેરેમાં સન્મુખ નથી તે સમુપસ્થિત નથી. **જાણવાની ઈચ્છાવાળો** : ધર્મનું સ્વરૂપ, ધર્મસ્વીકારનો વિધિ વગેરે જાણવાની ઈચ્છાવાળો.

અહીં કહ્યું તે રીતે ત્રણેય ચિહ્નો (= લક્ષણો) ભેગા હોય તો પ્રાયઃ પરિપૂર્ણ અર્થિપણું છે, એમ જણાય છે, અર્થાત્ આ ત્રણેય જેનામાં હોય તે પ્રાયઃ પરિપૂર્ણ અર્થી છે એમ જણાવવા માટે મૂળ ગાથામાં च શબ્દનો પ્રયોગ કર્યો છે. [૪]

समर्थं व्याचष्टे-

## होइ समत्थो धम्मं, कुणमाणो जो न बीहइ परेसिं ।
## माइपिइसामिगुरुमा-इयाण धम्माणभिण्णाणं ॥५॥

**[भवति समर्थो धर्मं, कुर्वाणो यो न बिभेति परेभ्यः ।**
**मातापितृस्वामि-गुर्वादिभ्यो धर्माऽनभिज्ञेभ्यः ॥५॥]**

**''होइ समत्थो'' गाहा व्याख्या-'भवति' जायते 'समर्थः' इति व्याख्येयम्। किंविधः? इत्याह- धर्ममित्यादि । 'धर्मं' उक्तस्वरूपं चिकीर्षितं 'कुर्वाणः' इति वर्तमानसामीप्यनिर्देशात् करिष्यमाणः-धर्मं विधास्यमानो यः 'न बिभेति' नो त्रस्यति, ''भियो भाबीहौ'' इति भियो बीहादेशः । 'परेभ्यः' आत्मव्यतिरिक्तेभ्यः, ''क्वचित् पञ्चम्याः'' इति षष्ठीभावः। परानाह- 'मातापितृस्वामिगुर्वादिभ्यः' मात्रादयः प्रतीताः, तेषां द्वन्द्वं कृत्वाऽऽदिशब्दस्य यथायोगं योगः । ततश्च मातापित्रादिभ्यो न बिभेति, अनेन च योनिसंबद्धा बन्धवो गृहीताः। तथा ''स्वाम्यादिभ्यः'' इत्यनेनापि रक्षकसहायादिरूपा राजाऽमात्यमित्रादय उपात्ताः। तथा ''गुर्वादिभ्यः'' इत्यनेन चाऽन्वयाद्यागता अपरधर्मदातारः कलोपाध्यायादयश्च तदाश्रिताश्चोपात्ता द्रष्टव्याः। एभ्यश्च किंभूतेभ्यो भयं संभवति? इत्याह-'धर्मानभिज्ञेभ्यः' अधिकृतधर्माऽकुशलेभ्यः, अधिकृत-**

**धर्मकुशलास्तु तदनुकूला एव भवेयुरित्यभिप्रायः । ततश्चैतेभ्यो यथोत्तरकालभाविभ्यो बहुतमादिभयनिबन्धनेभ्यश्च यो न बिभेति स भयत्रयमुक्तः समर्थोऽत्र द्रष्टव्यः। इति गाथार्थः ॥५॥**

**હવે સમર્થનું વ્યાખ્યાન કરે છે :-**

કરવાને ઇચ્છેલા ધર્મને ભવિષ્યમાં કરતો જે જીવ ધર્મના જ્ઞાનથી રહિત માતા-પિતા વગેરે, સ્વામી વગેરે અને ગુરુ વગેરે બીજાઓથી ભય પામતો નથી તે સમર્થ છે.

"માતા-પિતા વગેરે" એવા ઉલ્લેખથી યોનિથી (= જન્મથી) સંબંધવાળા બંધુઓને લીધા છે. "સ્વામી વગેરે" એવા ઉલ્લેખથી રક્ષા અને સહાય વગેરે કરનારા રાજા, મંત્રી અને મિત્ર વગેરે લીધા છે. "ગુરુ વગેરે" એવા ઉલ્લેખથી વંશપરંપરા વગેરેથી આવેલા (જિનધર્મ સિવાય) અન્યધર્મના દાતા, કલાઓનું શિક્ષણ આપનારા ઉપાધ્યાય વગેરે અને તેમના આશ્રયે રહેલાઓને લીધા છે.

**ધર્મના જ્ઞાનથી રહિત** :- અહીં જે ધર્મનો અધિકાર ચાલી રહ્યો છે તે ધર્મના જ્ઞાનથી રહિત, પ્રસ્તુત ધર્મના જ્ઞાનથી રહિત જીવોથી ભયનો સંભવ છે. પ્રસ્તુત ધર્મના જ્ઞાનથી યુક્ત જીવો તો તેને અનુકૂલ જ થાય.

માતા-પિતા વગેરેથી ભવિષ્યમાં થનારા અતિશય બહુ વગેરે ભયકારણોથી જે ન ગભરાય, અને એથી જે 卐 ત્રણે ભયોથી મુક્ત બન્યો છે તે અહીં સમર્થ જાણવો. [૫]

सूत्राऽप्रतिकुष्टमाह-

## सुत्ताऽपडिकुट्ठो जो, उत्तमधम्माण लोगविक्खाए।
## गिहिधम्मं बहु मण्णइ, इहपरलोए विहिपरो य॥६॥
## उचियं सेवइ वित्तिं, सा पुण नियकुलकमाऽऽगया सुद्धा।
## माहणखत्तियवइसाण सुद्धसुद्दाण नियनियगा॥७॥

**[सूत्राऽप्रतिकुष्टो य, उत्तमधर्मेभ्यो लोकाऽपेक्षया ।**
**गृहिधर्मं बहुमन्यत, इह परलोके विधिपरश्च ॥६॥]**
**[उचितां सेवते वृत्तिं सा पुनर्निजकुलक्रमाऽऽगता शुद्धा ।**
**ब्राह्मणक्षत्रियवैश्यानां, शुद्धक्षूद्राणां निजा निजा ॥७॥]**

---

卐 માતા- પિતા વગેરે, સ્વામી વગેરે અને ગુરુ વગેરે એ ત્રણથી ભય આવવાની સંભાવવાની દૃષ્ટિએ ત્રણ ભયો કહ્યા છે.

''सुत्तापडिकुट्ठो'' गाहा ''उचिअं'' गाहा व्याख्या-सूत्राऽप्रतिकुष्ट इत्युक्तस्याऽर्थमाह- ''जो उत्तमधम्माण'' इत्यादि। य इत्युद्देशः, यत्तदोर्नित्याऽभिसंबन्धाद् य एवंविधः स सूत्राऽप्रतिकुष्ट इति योगः । 'उत्तमधम्माण' इति उत्तमधर्मेभ्यः, प्राग्वत् पञ्चम्याः षष्ठी । 'लोकाऽपेक्षया' लोकाश्रयेण, लोके हि - ''ब्रह्मचारी गृहस्थश्च वानप्रस्थो यतिस्तथा'' इत्यादयो ये धर्मा रूढास्तेभ्यः सकाशाद् गृहिधर्ममिति सामान्यनिर्देशेऽपि प्रक्रमादधिकृतं श्रावकधर्मं 'बहु मन्यते' ज्यायांसं प्रतिपद्यते, लोकधर्माऽपेक्षयैव श्रावकधर्मं बहुमन्यते, न तु लोकोत्तरयतिधर्माऽपेक्षयापीत्यभिप्रायः। इहपरलोके विधिपरश्च सूत्राऽप्रतिकुष्ट इति सण्टङ्कः। तत्रेह- इत्यस्मिन् जन्मनि, परलोके- अन्यजन्मनि, पृथक् पदे समाहारद्वन्द्वात् सप्तम्येकवचनम्, विषयसप्तमी चेयम्, इहलोकविषये परलोकविषय इत्यर्थः । इहेति श्रावकधर्माधिकारनिरूपणाऽवसरे वा परलोके विधिपरः परलोकनिबन्धनधर्माऽनुष्ठाने प्रकृतकल्पाराधनपरायण इति भावः । 'चः'समुच्चये ।।६।। तथा 'उचितां' प्रकृतधर्माऽप्रतिकूलां 'सेवते' आश्रयते 'वृत्तिं' वर्तनम्, लोकधर्मविरुद्धवृत्तिपरिहारेणोचितामेव वृत्तिं यः सेवते स सूत्राऽप्रतिकुष्ट इत्यर्थः । वृत्तिमेवाह- 'सा पुनर्निजकुलक्रमाऽऽगता शुद्धा' सा तु वृत्तिर्निजकुलक्रमेण-स्वाऽन्वयपरिपाट्याऽऽगता-प्राप्ता शुद्धा-तथाविधदोषरहिता, अनेन कुलक्रमागतामपि तथाविधाऽशुद्धां योनिपोषणादिकां वृत्तिमनुचितामाह । सा तु ब्राह्मण-क्षत्रिय-वैश्यानां शुद्धशूद्राणां च चतुर्णां वर्णानाम्, शुद्धविशेषणं शूद्राणां तथाविधधीवरादिव्यवच्छेदार्थम् । 'निजा निजा' आत्मीयाऽऽत्मीया, वीप्सायां द्विरुक्तौ पूर्वस्य ह्रस्वत्वे के च प्राकृते 'नियनियगा' इति भवति । ततश्चैवंविधां वृत्तिं च यः शुद्धां सेवते स सूत्राऽप्रतिकुष्ट इत्याऽऽवेदितं भवति ।।७।।

**હવે સૂત્રથી અનિષિદ્ધને કહે છે :-**

જેને ગૃહસ્થધર્મ ઉપર બહુમાન હોય, અર્થાત્ જે ગૃહસ્થધર્મને લોકોની અપેક્ષાએ ઉત્તમ ગણાતા ધર્મોથી અતિશય મહાન માને, જે પરલોકની વિધિમાં તત્પર હોય, અને ઉચિત વૃત્તિને કરે તે સૂત્રથી અનિષિદ્ધ છે. બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શુદ્ધ શૂદ્રોની પોત પોતાની કુલ પરંપરાથી આવેલી શુદ્ધ વૃત્તિ ઉચિત વૃત્તિ છે.

અહીં ગૃહસ્થધર્મ શબ્દથી શ્રાવક ધર્મ જાણવો. લોકમાં બ્રહ્મચારી, ગૃહસ્થ, વાનપ્રસ્થ અને સંન્યાસ વગેરે જે ધર્મો ઉત્તમ ધર્મ તરીકે રૂઢ છે તે લૌકિક ધર્મોની અપેક્ષાએ જ શ્રાવકધર્મને અતિશય મહાન માને, નહિ કે લોકોત્તર સાધુધર્મની અપેક્ષાએ.

પરલોકની વિધિમાં તત્પર એટલે પરલોકનું કારણ એવા ધર્મને આચરવા માટે પ્રસ્તુત શાસ્ત્રમાં કહેલા આચારોને આરાધવામાં તત્પર. ઉચિત વૃત્તિને કરે. ઉચિત = પ્રસ્તુત ધર્મને પ્રતિકૂળ ન હોય તેવી, વૃત્તિ = આજીવિકાનો ઉપાય. લોકથી અને ધર્મથી વિરુદ્ધ વૃત્તિનો ત્યાગ કરીને ઉચિત જ વૃત્તિને કરે.

કેવી વૃત્તિ ઉચિત છે તે વિષે ગ્રંથકાર કહે છેઃ- પોતાની કુલપરંપરાથી આવેલી શુદ્ધવૃત્તિ ઉચિત વૃત્તિ છે. શુદ્ધ એટલે તેવા પ્રકારના દોષથી રહિત. આમ કહીને ગ્રંથકારે એ જણાવ્યું કે કુલપરંપરાથી આવેલી પણ તેવા પ્રકારની "યોનિપોષણ" વગેરે અશુદ્ધવૃત્તિ ઉચિતવૃત્તિ નથી. બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શુદ્ધ શૂદ્ર એ ચારે વર્ણોની પોત પોતાની શુદ્ધ વૃત્તિ હોય છે. અહીં શૂદ્રોનું શુદ્ધ એવું વિશેષણ તેવા પ્રકારના માછીમાર વગેરેને અલગ કરવા માટે છે.

આમ કહીને ગ્રંથકારે "પૂર્વે કહ્યો તેવો જે જીવ આવા પ્રકારની શુદ્ધ વૃત્તિને કરે તે સૂત્રથી અનિષિદ્ધ છે" એમ જણાવ્યું. [૬-૭]

तदेवं बहुमान- विधिपरतोचितवृत्तिभिर्यथोपन्याससंभविनीभिः सूत्राऽप्रतिकुष्टत्वमवबोध्य सांप्रतं बहुमानित्वाऽऽदिगमकानि प्रत्येकं पञ्च पञ्च लिङ्गानि जिज्ञापयिषुराचार्यः संबन्धमारचयन्निदमाह-

**एए पुण विण्णेया, लिंगेहिंतो परोवयारीहिं।**
**ताइं तु पंच पंच य, तिण्हं पि हवंति एयाइं॥८॥**

**[एते पुनर्विज्ञेया, लिङ्गेभ्यः परोपकारिभिः।**
**तानि तु पञ्च पञ्च च, त्रयाणामपि भवन्ति एतानि ॥८॥]**

**''एए'' गाहा व्याख्या-'एते' इति बहुमान्या(माना)दयः, पुनःशब्दो भिन्नवाक्यतायाम्, 'विज्ञेयाः' ज्ञातव्याः 'लिङ्गेभ्यः' गमकचिह्नेभ्यः, ''भ्यसश्च हिंतो सुंतो'' इति भ्यसन्तमिदम्। 'परोपकारिभिः' परोपकाराय धर्मव्याख्या-दानाद्युद्यतैराचार्यादिभिरित्यर्थः। 'प्रवर्तकादिभिः' इति क्वचित्पाठः, तत्रापि त एव प्रवर्तकाः, आदिशब्दाद्दायकशिक्षकादिपरिग्रहः। 'तानि तु' लिङ्गानि पञ्च पञ्च 'त्रयाणामपि' बहुमान्या(माना)दीनां 'भवन्ति' सन्ति 'एतानि' वक्ष्यमाणानि। इति गाथार्थः॥८॥**

**અહીં બહુમાન વગેરે ત્રણ ગુણોનો જે ક્રમથી ઉલ્લેખ કર્યો છે તે ક્રમથી તે ત્રણ ગુણો ઉત્પન્ન થાય છે. આ રીતે બહુમાન, વિધિતત્પરતા અને ઉચિતવૃત્તિ એ ત્રણ ગુણો જેમાં હોય તે સૂત્રથી અનિષિદ્ધ છે, એમ જણાવીને હવે બહુમાન વગેરેને જણાવનારાં પ્રત્યેકનાં પાંચ પાંચ લિંગો = લક્ષણો જણાવવાની ઈચ્છાવાળા આચાર્ય સંબંધની રચના કરતાં આ પ્રમાણે કહે છે :-**

ધર્મનું વ્યાખ્યાન આપવા 卐 માટે તત્પર બનેલા આચાર્ય વગેરેના દ્વારા બહુમાન વગેરેને જણાવનારાં લિંગોને જાણીને બહુમાન વગેરેને જાણવા.

**ભાવાર્થ :-** બહુમાન વગેરે ત્રણ ગુણોથી યુક્ત જીવ સૂત્રથી અનિષિદ્ધ છે એમ પૂર્વે કહ્યું છે. હવે પ્રશ્ન થાય કે અમુક જીવમાં બહુમાન વગેરે ગુણો છે કે નહિ તે કેવી રીતે જાણી શકાય? એના જવાબમાં અહીં કહ્યું કે ધર્મનું વ્યાખ્યાન આપવા માટે તત્પર બનેલા આચાર્ય વગેરેની પાસેથી બહુમાન વગેરેને જણાવનારાં લિંગો જાણી લેવા. અને બહુમાન વગેરેને જણાવનારાં લિંગો જેમાં દેખાય તેમાં બહુમાન વગેરે છે એમ નિર્ણય કરવો. બહુમાન વગેરે ગુણોનાં પાંચ પાંચ લિંગો આ (= હવે કહેવાશે તે) છે. [૮]

★તાન્યેવાહ-

**[१]गिहिधम्मकहापीई, [२]निंदाऽसवणं च [३]तदणुकंपा य।**
**[४]सविसेसजाणणिच्छा, [५]चित्तनिवेसो तहिं चेव॥९॥**

**[ [१] गृहिधर्मकथाप्रीतिः, [२] निन्दाऽश्रवणं च [३] तदनुकम्पा च।**
**[४] सविशेषज्ञानेच्छा, [५] चित्तनिवेशस्तत्रैव॥९॥]**

**"गिहिधम्म" गाहा व्याख्या-'गृहिधर्मकथाप्रीतिः' प्रस्तुतश्रावकाऽनुष्ठानकथने प्रेमेति परमार्थः, सा बहुमानजन्यत्वाद्बहुमानगमकं लिङ्गम्, एवं सर्वत्र योज्यम् (१) तथा 'निन्दाऽश्रवणं' प्रक्रमात् श्रावकधर्मनिन्दाया अश्रवणम् (२)। 'चः' समुच्चये। 'तदनुकम्पा' निन्दाप्रवृत्तप्राणिकरुणा, साऽपि बहुमानकार्यमेव; तद्बहुमानाद्धि तन्निन्दोद्यतान् आपदाऽऽस्पदं प्रतिपद्यमानोऽनुकम्पते, क्लिश्यमानानामनुकम्पास्पदत्वात्; न तु द्वेष्टि, पुरुषार्थाऽनुपयोगात् (३)। एवं बहुमानकार्यत्वमुत्तरयोरपि द्रष्टव्यम्। 'चः' समुच्चये। तथा सविशेषा ज्ञानेच्छा-जिज्ञासा 'सविशेषज्ञानेच्छा', प्रस्तुतगतेति गम्यते (४)। तथा**

卐 અહી આદિ શબ્દનો અર્થ વાચકોએ સ્વયં સમજી લેવો. ★ बहुमानस्य लिङ्गानि ।

**'चित्तनिवेशस्तत्रैव इति चित्तस्य-अन्तःकरणस्य निवेशः-न्यासः 'तत्रैव' प्रस्तुतधर्म एव (५)। इति गाथार्थः॥९॥**

**બહુમાનનાં લિંગોને જ કહે છે :-**

ગૃહસ્થધર્મકથા પ્રીતિ, નિંદા અશ્રવણ, તેની અનુકંપા, સવિશેષ જિજ્ઞાસા અને તેમાંજ ચિત્તન્યાસ એ પાંચ બહુમાનનાં લિંગો છે.

૧. **ગૃહસ્થધર્મકથા પ્રીતિ** :- પ્રસ્તુત શ્રાવકનાં અનુષ્ઠાનોની કથામાં (= વર્ણનમાં કે વાતમાં) પ્રેમ. આ પ્રેમ બહુમાનમાંથી ઉત્પન્ન થતો હોવાથી બહુમાનને જણાવનાર લિંગ = લક્ષણ છે. આ પ્રમાણે બીજે પણ યોજના કરવી.

૨. **નિંદા અશ્રવણ** :- નિંદા શબ્દથી અહીં પ્રસંગથી શ્રાવક ધર્મની નિંદા સમજવી. શ્રાવકધર્મની નિંદા ન સાંભળવી.

૩. **તેની અનુકંપા** :- તેની એટલે નિંદા કરનાર જીવની. શ્રાવકધર્મની નિંદા કરનાર જીવની દયા કરવી એ પણ બહુમાનનુંજ કાર્ય છે. શ્રાવક ધર્મ ઉપર બહુમાન થવાના કારણે શ્રાવકધર્મની નિંદા કરવામાં તત્પર બનેલાઓને આપત્તિનું સ્થાન જાણતો તે તેમની દયા કરે છે = ચિંતવે છે. કારણ કે ક્લેશને પામતા જીવો અનુકંપાને યોગ્ય છે. પણ તેમના ઉપર દ્વેષ ન કરે. કારણ કે દ્વેષથી કોઈ પુરુષાર્થ સાધી શકાતો નથી.

આ પ્રમાણે હવે પછીના બે ગુણો પણ બહુમાનના કાર્ય છે એમ જાણવું.

૪. **સવિશેષ જિજ્ઞાસા** :- શ્રાવકધર્મને વિશેષથી જાણવાની ઈચ્છાવાળો હોય.

૫. **તેમાંજ ચિત્તન્યાસ** :- તેનું ચિત્ત શ્રાવક ધર્મમાં જ રહેલું હોય. [૯]

विधिपरतालिङ्गान्याह-

**(१)गुरुविणओ तह काले, नियए (२) चिइवंदणाइकरणं।**
**(३)उचियाऽऽसण (४)जुत्तसरो, सज्झाए (५) सययमुवओगो॥१०॥**

**[(१)गुरुविनयस्तथा काले, निजे चैत्यवन्दनाऽऽदिकरणं च।**
**(३) उचिताऽऽसनो (४)युक्तस्वरः, (५) स्वाध्याये सततमुपयोगः॥१०॥]**

**''गुरु'' गाहा व्याख्या- गुरवः-मात्रादयः प्रस्तुतधर्मस्य दातारो वा तेषामुचितप्रतिपत्तिर्गुरुविनयः, स हि सर्वत्र धर्मश्रवणादौ क्रियमाणो विधिपरतां गमयति (१)। तथा 'काले निजे चैत्यवन्दनादिकरणम्' तत्र चैत्यवन्दनाया**

निजः कालः सन्ध्यात्रयादिलक्षणः। यदुक्तं पूजानुषङ्गेण- ''कालो * इह विण्णेओ, संझाओ तिण्णि ताव ओहेणं । वित्तिकिरियाऽविरुद्धो, अहवा जो जस्स जावइओ ।।१।।'' [पञ्चाशक (४) गा. ५] 'चैत्यवन्दनादेः' इत्यादिशब्दात् प्रस्तुतधर्मश्रवणग्रहणादेश्चोचिते काले करणं- विधानम् (२)। चः प्राग्वत्। तथोचितासनं सर्वत्र धर्मश्रवणादौ, छन्दोभङ्गभयादुत्तरेण समस्तनिर्देशः(३)। तथा 'युक्तस्वरः' उचितध्वनिः सर्वत्र चैत्यवन्दनादौ(४)। तथा 'स्वाध्याये' सिद्धान्तप्रसिद्धे 'सततं' सर्वदा 'उपयोगः' उपयुक्तता, सर्वमेतदधिकृतेऽन्यत्र च क्रियमाणं विधिपरतां गमयतीतिविधिपरतालिङ्गत्वमस्य द्रष्टव्यम् (५)। इति गाथार्थः ।।१०।।

**વિધિમાં તત્પરતાનાં લિંગો કહે છે :-**

ગુરુવિનય, ચૈત્યવંદન વગેરે કાળે કરે, ઉચિત આસન, યોગ્ય સ્વર અને સ્વાધ્યાયમાં સતત ઉપયોગ એ પાંચ વિધિમાં તત્પરતાનાં લક્ષણો છે.

**ગુરુવિનય:-** અહીં માતા-પિતા વગેરે ગુરુ છે, અથવા પ્રસ્તુત ધર્મના દાતા ગુરુ છે. તેમની ઉચિત ભક્તિ કરવી તે ગુરુવિનય છે.

**ચૈત્યવંદન આદિ કાળે કરે:-** ચૈત્યવંદનનો કાળ સવાર-બપોર-સાંજ એ ત્રણ સંધ્યા છે. પૂજાના સંબંધથી પંચાશકમાં કહ્યું છે કે - **“ઉત્સર્ગથી સવાર-બપોર-સાંજ એ ત્રણ સંધ્યાએ જિનપૂજા કરવી જોઈએ. અપવાદથી આજીવિકાના નોકરી, વેપાર વગેરે ઉપાયને ધક્કો ન લાગે તે રીતે જ્યારે જેટલો સમય અનુકૂળ હોય ત્યારે તેટલા બે ઘડી વગેરે સમયસુધી પૂજા કરવી જોઈએ.”**

“ચૈત્યવંદન આદિ” એ સ્થળે રહેલા ‘આદિ’ શબ્દથી પ્રસ્તુત ધર્મનું શ્રવણ વગેરે સમજવું. (કોઈ પણ ધર્મક્રિયામાં કાળને સાચવે, અર્થાત્ જે ધર્મક્રિયા જે કાળે કરવાની હોય તે ધર્મક્રિયા તે કાળે કરે.)

**ઉચિત આસન:-** ધર્મશ્રવણ વગેરેમાં ઉચિત આસન હોય. (અર્થાત્ જે ધર્મક્રિયા જેવી સ્થિતિમાં કરવાની હોય તે ધર્મક્રિયા તેવી સ્થિતિમાં કરે. ઊભા ઊભા કરવાની ક્રિયા ઊભાઊભા કરે, બેશીને કરવાની ક્રિયા બેશીને કરે. અને તેમાં જે જે મુદ્રા કરવાની હોય તે તે મુદ્રા કરે.)

**યોગ્ય સ્વર:-** ચૈત્યવંદન વગેરે ઉચિત અવાજથી (અને ઉચિત ઉચ્ચારથી) કરે.

**સ્વાધ્યાયમાં સતત ઉપયોગ:-** શાસ્ત્રમાં પ્રસિદ્ધ એવા સ્વાધ્યાયમાં હંમેશા ઉપયોગ

★ पञ्चाशके 'सो पुण' इति टीकाकृत्सम्मतः पाठः।

રાખે, અર્થાત્ દરરોજ સ્વાધ્યાય કરે.

પ્રસ્તુત શ્રાવકધર્મમાં કે અન્યધર્મમાં કરાતા આ પાંચે ય વિધિમાં તત્પરતાને જણાવે છે માટે તે પાંચને વિધિમાં તત્પરતાનાં લિંગો જાણવા. [૧૦]

उचितवृत्तिलिङ्गान्याह-

**(१)सव्वजणवल्लहत्तं, (२)अगरहियं कम्म (३)वीरया वसणे।**
**जहसत्ती (४)चागतवा, सुलद्धलक्खत्तणं धम्मे॥११॥**

[(१) सर्वजनवल्लभत्वं, अगर्हितं (२) कर्म (३) वीरता व्यसने।
यथाशक्ति (४) त्यागतपसी, (५) सुलब्धलक्ष्यत्वं धर्मे ॥११॥]

**"सव्वजण" गाहा व्याख्या- 'सर्वजनवल्लभत्वं' सकललोकप्रियत्वम्, तद्धि समुचितवृत्तिवृत्त्यैव निर्वर्तयतीति उचितवृत्तेर्लिङ्गम् (१)। तथा 'अगर्हितं' अनिन्दितं 'कर्म' जीविकालक्षणम्, "तत् संस्कृतात् सिद्धात् साध्यमानाच्च" इति वचनात्सिद्धावस्थाया विवक्षितत्वात् संस्कृतकृत एव सेलोपः, प्राकृते तु 'कम्मं' इति भाव्यम् (२)। तथा 'वीरता' दैन्यानाश्रयणरूपा 'व्यसने' विपदि (३)। तथा 'यथाशक्ति' शक्त्यनतिक्रमेण, प्राकृतत्वादसंख्यसमासेऽपि दीर्घः। 'त्यागतपसी' प्रतीते, "द्विवचनस्य बहुवचनं" इत्यौतो जसि 'चागतवा' इति भवति (४)। तथा 'सुलब्धलक्ष्यत्वं परमार्थलक्षकत्वं 'धर्मे' धर्मविषयम् (५)। एतदप्यखिलमौचित्यवृत्तिनिमित्तमेव प्राय इति तल्लिङ्गत्वं सिद्धम्। इति गाथार्थः॥११॥**

**ઉચિત વૃત્તિનાં લક્ષણો કહે છે :-**

સર્વજન પ્રિયત્વ, અનિંદિત કર્મ, વિપત્તિમાં વીરતા, યથાશક્તિ ત્યાગ-તપ અને ધર્મમાં સુલબ્ધ લક્ષ્યતા એ પાંચ ઉચિતવૃત્તિનાં લક્ષણો છે.

**સર્વજનપ્રિયત્વ** :- સર્વજનપ્રિયત્વ એટલે સર્વ લોકોને પ્રિય બનવું. ઉચિતવૃત્તિથી જ આજીવિકા ચલાવવાથી સર્વજનપ્રિયત્વ ગુણ ઉત્પન્ન કરી શકાય છે. માટે સર્વજનપ્રિયત્વ ઉચિતવૃત્તિનું લક્ષણ છે.

**અનિંદિત કર્મ** :- આજીવિકાનો ઉપાય નિંદ્ય ન હોય.

**વિપત્તિમાં વીરતા** :- વિપત્તિમાં દીનતા ન હોય.

**યથાશક્તિ ત્યાગ-તપ** :- શક્તિ પ્રમાણે ત્યાગ અને તપ કરે.

**ધર્મમાં સુલબ્ધલક્ષ્યતા** :- ધર્મના પરમાર્થને (= મોક્ષ વગેરેને) જોનારો હોય.

આ પાંચ પણ પ્રાય: ઉચિતવૃત્તિનું જ કાર્ય હોવાથી ઉચિત વૃત્તિનાં લક્ષણો છે. એ સિદ્ધ થયું. [૧૧]

प्रकृतं निगमयन्नाह-

## एएहि तदहिगारित्तणं, धुवं लक्खणेहिं नाऊणं।
## गिहिधम्मं गाहिज्जा, सिद्धंतविराहणा इहरा।।१२।।

**[एतैस्तदधिकारित्वं, ध्रुवं लक्षणैर्ज्ञात्वा ।**
**गृहिधर्मं ग्राहयेत्, सिद्धान्तविराधना इतरथा ।।१२।।]**

**''एए'' गाहा व्याख्या- 'एतैः' अनन्तरोद्दिष्टैरर्थित्वादिभिः'तदधिकारित्वं' प्रकृतश्रावकधर्मयोग्यत्वं 'ध्रुवं' निश्चितम्, लक्ष्यते तैरिति लक्षणानि-लिङ्गानि तैः 'ज्ञात्वा' अवबुध्य 'गृहिधर्मं' प्रकृतं ग्राहयेत्, तद्ग्रहणायोपस्थितमिति गम्यते। ज्ञानार्थो वा गृह्णातिः, तेन बोधयेदप्येवंविधमेव, अन्यत्र दोषसंभवात्। तमेवाह-'सिद्धान्तविराधना' सर्वज्ञाऽऽज्ञाखण्डना, तथाहि तदाज्ञा-''आलोअणाए विणए'' [आवश्यकभाष्य-१७८] इत्यादि, 'इतरथा' अन्यथा, पूर्वोदित-निरूपणामन्तरेणापि तद्ग्राहणायामित्यर्थः। इति गाथार्थः।।१२।।**

**પ્રસ્તુત વિષયનો ઉપસંહાર કરતા ગ્રંથકાર કહે છે :-**

હમણાં જ કહેલાં અર્થિપણું વગેરે લક્ષણોથી શ્રાવકધર્મની યોગ્યતાને ચોક્કસ જાણીને ગૃહસ્થધર્મનો સ્વીકાર કરવા માટે ઉપસ્થિત થયેલા પ્રાણીને ગૃહસ્થધર્મનો સ્વીકાર કરાવે. યોગ્યતાને જાણ્યા વિના શ્રાવકધર્મનો સ્વીકાર કરાવવામાં સર્વજ્ઞની આજ્ઞાનો ભંગ થાય. સર્વજ્ઞની આજ્ઞા આ પ્રમાણે છે :- (૧) **આલોચના**:- સામાયિક (=દીક્ષા) લેવા આવનાર જીવ સામાયિક માટે યોગ્ય છે કે નહીં તેની તપાસ કરવી જોઈએ. એ માટે તેને "તું કોણ છે? તને વૈરાગ્ય કેમ થયો ?" વગેરે પૂછવું જોઈએ. એ રીતે પ્રશ્ન વગેરેથી યોગ્ય (= બધી રીતે વિશુદ્ધ) છે એવો નિર્ણય કર્યા પછી સામાયિક (= દીક્ષા) આપે. (૨) **વિનય**:- ગુરુના ચરણોનું પ્રક્ષાલન કરવામાં અનુરાગ વગેરે વિનયવાળાને સામાયિક આપે. (૩) **ક્ષેત્ર**:- શેરડીનું ખેતર વગેરે પ્રશસ્ત ક્ષેત્રમાં સામાયિક આપે. (૪) **દિશાભિગ્રહ**:- પૂર્વ દિશા કે ઉત્તર દિશાની સન્મુખ રહીને અથવા તીર્થંકર, કેવળજ્ઞાની, મન:પર્યવજ્ઞાની, અવધિજ્ઞાની, દશપૂર્વી કે નવપૂર્વી વગેરે, યાવત્ યુગપ્રધાન પુરુષો જે દિશામાં વિચરતા હોય તે દિશાની

સન્મુખ રહીને, ગુરુ રજોહરણ આપે, અથવા શિષ્ય ઉક્ત દિશાની સન્મુખ રહીને રજોહરણ લે. (૫) **કાલ**:- પ્રતિષિદ્ધ ચૌદશ વગેરે તિથિમાં દીક્ષા ન આપવી. અપ્રતિષિદ્ધ જ પંચમી વગેરે તિથિમાં દીક્ષા આપવી. અપ્રતિષિદ્ધ દિવસોમાં પણ શુભ મુહૂર્તમાં દીક્ષા આપવી, અશુભ મુહૂર્તમાં દીક્ષા ન આપવી. (૬) **નક્ષત્ર**:- મૃગશિર વગેરે શુભ નક્ષત્રોમાં દીક્ષા આપવી, અશુભ નક્ષત્રમાં ન આપવી. (૭) **ગુણસંપત્તિ**:- પ્રિયધર્મ વગેરે ગુણસંપત્તિ હોય તો દીક્ષા આપવી. 卐 (આવશ્યક ભાષ્ય ૧૭૮) [૧૨]

तमेव ग्राहणीयतयोदितं श्रावकधर्मं संपिण्ड्याह-

**सम्मत्तमूलिया ऊ, (५)पंचाणुव्वय गुणव्वया (३)तिण्णि।**
**(४)चउसिक्खावयसहिओ, सावगधम्मो(१२)दुवालसहा॥१३॥**

**[सम्यक्त्वमूलानि तु, पञ्चाणुव्रतानि गुणव्रतानि त्रीणि।**
**चतुःशिक्षाव्रतसहितः, श्रावकधर्मो द्वादशधा॥१३॥]**

**''सम्मत्त'' गाहा व्याख्या-सम्यक्त्वं मूलं-प्रथमं कारणं येषां तानि सम्यक्त्वमूलानि, ''कमलाकृतयो वा'' इति पुँल्लिङ्गत्ता। 'तुः' अवधारणे, सम्यक्त्वमूलान्येव, नहि सम्यक्त्वमन्तरेणाऽणुव्रतादिसंभवः। तदुक्तम्-''मूलं द्वारं प्रतिष्ठानमाधारो भाजनं निधिः। द्विषट्कस्याऽस्य धर्मस्य सम्यग्दर्शनमिष्यते॥१॥ [श्रा.प्र.सू.वृ.पृ.९।१.''] पञ्चेति संख्या, अणूनि-लघूनि महाव्रताऽपेक्षया व्रतानि-प्रतीतान्यणुव्रतानि। तथा गुणव्रतानि त्रीणि, पुँल्लिङ्गत्ता प्राग्वत्। चत्वारीति संख्या, शिक्षा-अभ्यासः तत्प्रधानानि व्रतानि शिक्षाव्रतानि, पुनः चतुःशब्देन समासः संज्ञात्वात् प्राकृतत्वाद्वा; तैः सहितः युक्तः श्रावकधर्मोऽधिकृतः 'द्वादशधा' द्वादशप्रकारो भवतीत्यध्याहारः। इति गाथार्थः॥१३॥**

**સ્વીકાર કરાવવા માટે કહેલા તે જ શ્રાવકધર્મને ભેગું કરીને કહે છેઃ-**

સમ્યક્ત્વમૂલવાળા પાંચ અણુવ્રતો, ત્રણગુણવ્રતો અને ચાર શિક્ષાવ્રતો એમ બાર પ્રકારે શ્રાવકધર્મ છે.

**સમ્યક્ત્વમૂલવાળા** :- બાર વ્રતોનું મૂલ = પ્રથમ કારણ સમ્યક્ત્વ છે. સમ્યક્ત્વ વિના અણુવ્રતો વગેરે ન હોય. કહ્યું છે કે- ''સમ્યક્ત્વ બાર પ્રકારના શ્રાવકધર્મનું મૂલ, દ્વાર, પ્રતિષ્ઠાન (= પાયો), આધાર, ભાજન અને નિધિ છે.

卐 પ્રસ્તુત ગાથામાં આઠ દ્વારો છે. પણ આઠમું દ્વાર પ્રસ્તુત વિષયમાં ઉપયોગી ન હોવાથી અનુવાદમાં તેનો અર્થ કર્યો નથી.

પાંચ વ્રતો મહાવ્રતોની અપેક્ષાએ અણુ = નાના હોવાથી અણુવ્રતો કહેવાય છે. ત્રણ વ્રતો અણુ વ્રતોના પાલનમાં ગુણ = શુદ્ધિ કરનારા હોવાથી ગુણવ્રતો કહેવાય છે. ચાર વ્રતો સાધુધર્મની શિક્ષા (= અભ્યાસ) રૂપ હોવાથી શિક્ષાવ્રતો કહેવાય છે. [૧૩]

सम्यक्त्वं तावदाह-

**तत्थ तिहा सम्मत्तं, (१)खइयं (२)उवसामियं (३)खओवसमं।**
**मिच्छत्तपरिच्चाएण, होइ तव्वज्जणं चेयं।।१४।।**

**[तत्र त्रिधा सम्यक्त्वं, क्षायिकं औपशमिकं क्षायोपशिमकं।**
**मिथ्यात्वपरित्यागेन, भवति तद्वर्जनं चैव।।१४।।]**

**''तत्थ'' गाहा व्याख्या-'तत्र' श्रावकधर्मे 'त्रिधा' त्रिप्रकारं 'सम्यक्त्वं' शुभाऽऽत्मपरिणामविशेषरूपम्। त्रैविध्यमाह-''(१)क्षायिकं' क्षयनिष्पन्नम्, तथा ''(२)औपशमिकं' उपशमनिष्पन्नम्, तथा ''(३) क्षायोपशमिकं' क्षयोपशमाभ्यां निष्पन्नम्। तत्स्वरूपं सूत्रकृतैवैवमन्यत्रोक्तम्-''मिच्छत्तं जमुइण्णं, तं खीणं अणुइयं च उवसंतं। मीसीभावपरिणयं, वेइज्जंतं खओवसमं।।१।। उवसामगसेढिगयस्स होइ उवसामिअं तु सम्मत्तं। जो वा अकयतिपुंजी, अखविअमिच्छो लहइ सम्मं।।२।। खीणम्मि उइण्णम्मी, अणुइज्जंते अ सेसमिच्छत्ते। अंतोमुहुत्तमेत्तं, उवसमसम्मं लहइ जीवो।।३।। ऊसरदेसं दड्ढेल्लयं व विज्झाइ वणदवो पप्प। इअ मिच्छस्स अणुदए, उवसमसम्मं लहइ जीवो।।४।। खीणे दंसणमोहे तिविहम्मि वि भवनियाणभूयम्मि। निप्पच्चवायमउलं, सम्मत्तं खाइयं होइ।।५।।'' [धर्मसंग्रहणिः गा. ७९७-८०१] इह च प्राधान्यात् क्षायिकाऽऽदिक्रमेणोपन्यासः, अतः पश्चानुपूर्व्या गाथाभिः स्वरूपमेषां द्रष्टव्यम्। रोचकनिसर्गरुच्यादिरूपं तु तद्भेदान्तर्भाव्येवेति न पृथगुक्तम्, अत्र संक्षेपस्य प्रस्तुतत्वात्। [१] तच्च तत्त्वार्थश्रद्धानशुद्धाऽऽत्माध्यवसायस्वरूपमग्रतो वक्ष्यति। तच्च परोक्षज्ञानिनामुचिताऽनुचितप्रवृत्तिनिवृत्तिव्यङ्ग्यम्, अतस्तदभिधानमुखेन तत्रापि चाऽनुचितनिवृत्तिपूर्वकत्वादुचितप्रवृत्तेरनुचितनिवृत्तिद्वारेण तावत्तत्स्वरूपमाविश्चिकीर्षुराह-'मिच्छे'त्यादि। मिथ्यात्वम्-अभिधास्यमानस्वरूपं तत्परित्यागेन-तत्परिहारेण भवति = जायते। यद्यपि तत् परमार्थतः [२] कर्मग्रन्थिभिदातः प्रादुरस्ति तथाऽपि**

१ 'रोचक-नैसर्गिकादिसम्यक्त्वञ्च, २ कर्मग्रन्थ्यर्भेदात् इत्यर्थः

**तस्यामपि मिथ्यात्वपरिहारादयः कारणीभवन्त्येवेत्यतद्भावाभिधानम्। 'तद्वर्जनं' मिथ्यात्ववर्जनम्, चः पुनःशब्दार्थे, मिथ्यात्ववर्जनं पुनः 'एतद्' वक्ष्यमाणम्, 'एवं' वा वक्ष्यमाणप्रकारेण, प्राकृतत्वाच्च ''कगच०'' इत्यादिसूत्रेण वलोपे समान एव पाठः। इति गाथार्थः॥१८॥**

**સમ્યક્ત્વને કહે છે :-**

સમ્યક્ત્વ ક્ષાયિક ઔપશમિક અને ક્ષાયોપશમિક એમ ત્રણ પ્રકારે છે. આ સમ્યક્ત્વ મિથ્યાત્વનો ત્યાગ કરવાથી આવે. મિથ્યાત્વનો ત્યાગ આ પ્રમાણે (= હવે પછીની ગાથામાં કહેવાશે તે પ્રમાણે) થાય.

સમ્યક્ત્વ આત્માનો શુભપરિણામ વિશેષ છે. ક્ષાયિક = કર્મોના ક્ષયથી થયેલું. ઔપશમિક = કર્મોના ઉપશમથી થયેલું. ક્ષાયોપશમિક = કર્મોના ક્ષય અને ઉપશમથી થયેલું. આ ત્રણ સમ્યક્ત્વનું સ્વરૂપ ગ્રંથકારેજ અન્ય સ્થળે (= ધર્મસંગ્રહણીમાં) આ પ્રમાણે કહ્યું છે :- 卐 "મિથ્યાત્વ મોહનીય કર્મના ઉદીર્ણ અને અનુદીર્ણ એમ બે પ્રકાર છે. ઉદીર્ણ એટલે ઉદયાવલિકામાં પ્રવેશેલું. અનુદીર્ણ એટલે ઉદયાવલિકામાં નહિ પ્રવેશેલું. તેમાં જે ઉદીર્ણ છે, એટલે કે ઉદયાવલિકામાં પ્રવેશેલું છે તે ક્ષય પામી ગયું છે. જે અનુદીર્ણ છે, એટલે કે ઉદયાવલિકામાં પ્રવેશેલું નથી તે ઉપશાંત છે = શાંત પડી રહ્યું છે."

હવે અનુદીર્ણ મિથ્યાત્વ બે રીતે અનુદીર્ણ છે. મિથ્યાત્વના કેટલાક દલિકો ઉદય અટકી જવાથી અનુદીર્ણ (= ઉપશાંત) છે. કેટલાક દલિકો મદન કોદરાના ◆ દૃષ્ટાંતથી મિથ્યાત્વ સ્વભાવ દૂર થવાથી સમ્યક્ત્વ સ્વભાવવાળા બનવાના કારણે અનુદીર્ણ (= ઉપશાંત) છે. જેનો ઉદય અટકી ગયો છે એવું મિથ્યાત્વકર્મ રાખથી ઢાંકેલા અગ્નિની જેમ અપ્રગટ સ્વભાવવાળું છે.

**પ્રશ્ન** : મિથ્યાત્વના જે દલિકોનો ઉદય અટકી ગયો છે તે દલિકો તો અનુદીર્ણ

卐 અહીંથી પ્રારંભી ગાથા નંબર ૮૦૧ સુધી ધર્મસંગ્રહણી ગ્રંથની ગાથાઓનો અનુવાદ સમજવો.

◆ મદ (= ઘેન) કરનારા કોદરાને ધોવાથી કોદરાના અશુદ્ધ, અર્ધશુદ્ધ અને વિશુદ્ધ એમ ત્રણ ભેદ પડે છે. કોદરાના જે દાણાઓમાંથી મદશક્તિ નષ્ટ ન થઈ હોય તે અશુદ્ધ છે, જે દાણાઓમાંથી મદશક્તિ અર્ધી નષ્ટ થઈ હોય તે અર્ધશુદ્ધ છે, જે દાણાઓમાંથી મદશક્તિ સર્વથા નષ્ટ થઈ ગઈ હોય તે વિશુદ્ધ છે. તેવી રીતે મિથ્યાત્વકર્મના પણ અશુદ્ધ, અર્ધશુદ્ધ અને વિશુદ્ધ એમ ત્રણ ભેદ થાય છે. મિથ્યાત્વના જે દલિકોમાંથી મિથ્યાત્વનો સ્વભાવ નષ્ટ ન થયો હોય તે અશુદ્ધ છે, અને તે દલિકો મિથ્યાત્વમોહનીય કહેવાય છે. જે દલિકોમાંથી મિથ્યાત્વસ્વભાવ અર્ધ નષ્ટ થયો હોય તે અર્ધશુદ્ધ છે, અને તે મિશ્રમોહનીય કહેવાય છે. જે દલિકોમાંથી મિથ્યાત્વ સ્વભાવ સર્વથા નષ્ટ થઈ ગયો હોય તે શુદ્ધ છે અને તે સમ્યક્ત્વમોહનીય કહેવાય છે.

(= ઉપશાંત) છે. કારણ કે તે દલિકો વિપાકથી અનુભવાતા નથી. પણ જે દલિકો સમ્યક્ત્વ સ્વરૂપ બની ગયા છે તે દલિકોને અનુદીર્ણ કેવી રીતે કહેવાય? કારણ કે તે દલિકો વર્તમાનમાં વિપાકથી અનુભવાય જ છે. **ઉત્તર** : સમ્યક્ત્વ સ્વભાવવાળા દલિકોમાંથી મિથ્યાત્વનો સ્વભાવ દૂર થઈ ગયો હોવાથી તે દલિકો મિથ્યાત્વરૂપે વેદાતા ન હોવાથી ઉપચારથી અનુદીર્ણ છે એમ કહેવામાં કોઈ દોષ નથી.

આ પ્રમાણે ક્ષય અને ઉપશમરૂપ મિશ્રભાવરૂપે પરિણમેલું = ક્ષયોપશમ સ્વભાવને પામેલું અને વેદાતું મિથ્યાત્વ ક્ષાયોપશમિક સમ્યક્ત્વ છે. ક્ષાયોપશમિક સમ્યક્ત્વ પ્રદેશાનુભવની અપેક્ષાએ મિથ્યાત્વ છે અને વિપાકની અપેક્ષાએ સમ્યક્ત્વ છે.

**પ્રશ્ન:** સમ્યક્ત્વ તો આત્માના શુભ પરિણામરૂપ છે. તેથી મિશ્રભાવને પામેલું અને વેદાતું કર્મ ક્ષાયોપશમિક સમ્યક્ત્વ કહેવાય છે એ તો વિરુદ્ધ છે. કારણ કે સમ્યક્ત્વ સ્વરૂપને પામેલા મિથ્યાત્વના દલિકોજ વેદાય છે. (શુભ પરિણામ ચેતન સ્વરૂપ છે અને દલિકો જડસ્વરૂપ છે, આથી વિરુદ્ધ છે.) **ઉત્તર:** તે દલિકોજ તેવા પ્રકારના (શુભ) પરિણામના હેતુ હોવાથી તેમાં સમ્યક્ત્વનો ઉપચાર કરાય છે. (૭૯૭)

હવે ઉદ્દેશના ક્રમ પ્રમાણે ઔપશમિક સમ્યક્ત્વને કહે છે:- ઉપશમ શ્રેણિમાં પ્રવેશેલા જીવને ઔપશમિક સમ્યક્ત્વ હોય છે. અનંતાનુબંધી ચાર કષાયો અને દર્શનમોહનીયના ઉપશમથી ઔપશમિક સમ્યક્ત્વ થાય છે. અથવા જેણે સમ્યક્ત્વ, મિથ્યાત્વ અને મિશ્ર એ ત્રણ પુંજો કર્યા નથી અને મિથ્યાત્વનો ક્ષય કર્યો નથી તે જે સમ્યક્ત્વને પામે તે ઔપશમિક સમ્યક્ત્વ છે.

જેણે મિથ્યાત્વનો ક્ષય કર્યો છે તેને ક્ષાયિક સમ્યક્ત્વ હોય છે, ઔપશમિક નહિ. આથી ક્ષાયિક સમ્યક્ત્વને અલગ કરવા માટે ઔપશમિક સમ્યક્ત્વની બીજી વ્યાખ્યામાં "અને મિથ્યાત્વનો ક્ષય કર્યો નથી" એટલું વિશેષ કહેવામાં આવ્યું છે.

કોઈ જીવ તીવ્ર પરિણામથી યુક્ત હોવાથી અપૂર્વકરણમાં આરૂઢ થઈને મિથ્યાત્વના ત્રણ પુંજ કરે છે, પછી અનિવર્તિકરણના સામર્થ્યથી ક્ષાયોપશમિક સમ્યક્ત્વને જ પામે છે. જેમકે મિશ્રભાવરૂપે પરિણમેલા દલિકોને વિપાકથી અનુભવે છે.

પણ જે જીવ તથાવિધ પરિણામવાળો છે તે અપૂર્વકરણમાં આરૂઢ થવા છતાં મિથ્યાત્વના ત્રણ પુંજ કરવા અસમર્થ હોય છે. આથી તે અનિવર્તિકરણના સામર્થ્યથી ઉદીર્ણ મિથ્યાત્વનો ક્ષય થવાથી અને અનુદીર્ણનો ઉદય સર્વથા રોકાઈ જવાથી ઉખર ભૂમિ સમાન મિથ્યાત્વવિવરને (= મિથ્યાત્વના ઉદયથી રહિત અવસ્થાને) પામીને ઔપશમિક જ સમ્યક્ત્વને પામે છે. (૭૯૮)

આ જ અર્થને સ્પષ્ટ કરતા ગ્રંથકાર કહે છે:- ઉદયાવલિકામાં પ્રવેશેલા મિથ્યાત્વનો ક્ષય થઈ જતાં અને શેષ મિથ્યાત્વનો ઉદય ન થતાં જીવ અંતર્મુહૂર્ત સુધી ઉપશમસમ્યક્ત્વને પામે છે. (૭૯૯)

આ જ સમ્યક્ત્વને દૃષ્ટાંતથી વધારે સ્પષ્ટ કહેવાની ઈચ્છાવાળા ગ્રંથકાર કહે છે:- જેવી રીતે ઉખર પ્રદેશને કે બળેલા પ્રદેશને પામીને દાવાનલ શાંત થઈ જાય છે એ રીતે તેવા પ્રકારના પરિણામના કારણે મિથ્યાત્વના ઉદયનો અભાવ થતાં જીવ ઔપશમિક સમ્યક્ત્વને પામે છે. અહીં દાવાનલ સમાન મિથ્યાત્વ છે. ઉખર કે બળેલા પ્રદેશ સમાન તેવા પ્રકારના પરિણામના કંડક છે.

**પ્રશ્ન**: ક્ષાયોપશમિક સમ્યક્ત્વથી ઔપશમિક સમ્યક્ત્વની શી વિશેષતા છે ? અર્થાત્ કોઈ વિશેષતા નથી. કારણ કે બંને સમ્યક્ત્વમાં ઉદીર્ણ મિથ્યાત્વ ક્ષય પામ્યું છે અને અનુદીર્ણ મિથ્યાત્વ ઉપશાંત છે. **ઉત્તર:** વિશેષતા છે. કારણ કે ક્ષાયોપશમિક સમ્યક્ત્વમાં મિથ્યાત્વનો પ્રદેશાનુભવ છે. ઔપશમિક સમ્યક્ત્વમાં પ્રદેશાનુભવ નથી. (૮૦૦)

હવે ક્રમથી આવેલા ક્ષાયિક સમ્યક્ત્વને કહે છે:- ક્ષપક શ્રેણિમાં પ્રવેશેલા જીવને સંસારના કારણભૂત દર્શનમોહનીય કર્મનો સર્વથા ક્ષય થઈ જતાં અતિચાર રૂપ અપાયથી રહિત અને નજીકનો મોક્ષહેતુ હોવાના કારણે અનુપમ એવું ક્ષાયિક સમ્યક્ત્વ થાય છે. (૮૦૧)

અહીં પ્રધાનતાની અપેક્ષાએ પહેલાં ક્ષાયિક પછી ઔપશમિક અને પછી ક્ષાયોપશમિક એ ક્રમથી ઉલ્લેખ કર્યો છે. આથી (ધર્મસંગ્રહણીની) ગાથાઓથી પશ્ચાનુપૂર્વીથી આ ત્રણ સમ્યક્ત્વનું સ્વરૂપ જાણવું.

રોચક વગેરે અને નિસર્ગરુચિ વગેરે સમ્યક્ત્વનો તો અહીં જણાવેલ ત્રણ ભેદોમાં સમાવેશ થઈ જ જાય છે, અને અહીં સંક્ષેપથી કહેવાનું પ્રસ્તુત હોવાથી સમ્યક્ત્વના તે પ્રકારોનો અલગ ઉલ્લેખ કર્યો નથી.

તથા તે સમ્યક્ત્વ તત્ત્વભૂત પદાર્થોની શ્રદ્ધાના સૂચક આત્માના શુદ્ધ અધ્યવસાયરૂપ છે. આ વાત આગળ કહેશે. આત્માના શુદ્ધ અધ્યવસાય રૂપ સમ્યક્ત્વ પરોક્ષ જ્ઞાનીઓને ઉચિતમાં પ્રવૃત્તિ અને અનુચિતમાં નિવૃત્તિથી જાણી શકાય. આથી ઉચિતમાં પ્રવૃત્તિ અને અનુચિતમાં નિવૃત્તિ દ્વારા, અને તેમાં પણ ઉચિતમાં પ્રવૃત્તિ અનુચિતથી નિવૃત્તિપૂર્વક હોવાથી અહીં અનુચિતથી નિવૃત્તિ દ્વારા, સમ્યક્ત્વનું સ્વરૂપ પ્રગટ કરવાની ઈચ્છાવાળા

ગ્રંથકાર કહે છે:- મિથ્યાત્વના ત્યાગથી સમ્યક્ત્વ ઉત્પન્ન થાય છે. મિથ્યાત્વનું સ્વરૂપ હવે કહેશે. જો કે પરમાર્થથી કર્મગ્રંથિના ભેદથી સમ્યક્ત્વ પ્રગટ થાય છે, તો પણ કર્મગ્રંથિને ભેદવામાં પણ મિથ્યાત્વનો ત્યાગ વગેરે કારણ બને જ છે. આથી અહીં મિથ્યાત્વના ત્યાગથી સમ્યક્ત્વ ઉત્પન્ન થાય છે એમ કહ્યું છે. મિથ્યાત્વનો ત્યાગ આ પ્રમાણે (= હવે પછીની ગાથામાં કહેવાશે તે પ્રમાણે) થાય છે. [૧૪]

तदेवाह-

**न करेइ सयं मिच्छं, न कारवेई करंतमवि अण्णं।**
**नो अणुजाणइ मणसा, एवं वायाए काएणं।।१५।।**

**[न करोति स्वयं मिथ्या, न कारयति कुर्वन्तमप्यन्यम्।**
**नाऽनुजानाति मनसा, एवं वाचा कायेन।।१५।।]**

**''न करे'' इत्यादि व्याख्या-'न करोति स्वयं' न विधत्ते आत्मना 'मिथ्या' मिथ्यात्वम्, प्राकृतत्वाच्चैवम्, 'न कारयति' न प्रयोजको भवति, मिथ्यात्वमित्यनुवर्तते, 'कुर्वन्तमप्यन्यं' विदधतमप्यन्यं 'न *समनुजानाति' नानुमन्यते 'मनसा' मनोयोगेन। 'एवं' ति कृतकारितानुमतिभिः 'वाचा' वाग्योगेन। 'कायेन' काययोगेन, एवमित्यनुवर्त्तते। ततश्च त्रिविधेनापि योगेन त्रिविधमपि कृतादिभेदं मिथ्यात्वं परिहरतीत्याऽऽवेदितं भवति। मनःप्रभृतिभिश्च कृतादिरूपमुत्तरत्र स्वयमेवाऽभिधास्यतीति। इति गाथार्थः।।१५।।**

**મિથ્યાત્વના ત્યાગને જ કહે છે :-**

મનથી સ્વયં મિથ્યાત્વ ન કરે, બીજાની પાસે મિથ્યાત્વ કરાવે નહિ, મિથ્યાત્વને કરતા અન્યની અનુમોદના ન કરે. એ પ્રમાણે વચનથી મિથ્યાત્વ કરે નહિ, કરાવે નહિ અને અનુમોદે નહિ. એ પ્રમાણે કાયાથી મિથ્યાત્વ કરે નહિ, કરાવે નહિ અને અનુમોદે નહિ. આનાથી ગ્રંથકારે એ જણાવ્યું કે ત્રણેય યોગોથી કૃત (= કરવું) વગેરે ત્રણેય પ્રકારના મિથ્યાત્વનો ત્યાગ કરે. મન વગેરેથી કૃત (= કરવું) વગેરેનું સ્વરૂપ હવે પછી ગ્રંથકાર સ્વયમેવ કહેશે. [૧૫]

★'इदं प्रतीकं न मूलानुसारी' इति प्रतिभासते, 'न अनुजानाति' इति मूलानुगं भाति।

मिथ्यात्वस्वरूपमाविष्कुर्वंस्तत्कार्यभूतां प्रवृत्तिमाह-

**मिच्छत्तमणेगविहं, सुयाणुसारेण होइ विण्णेयं।**
**लोइयदेवेसु पसत्थ-मणवईकायवावारो॥१६॥**

[मिथ्यात्वमनेकविधं, श्रुतानुसारेण भवति विज्ञेयम्।
लौकिकदेवेषु प्रशस्त-मनोवाक्कायव्यापार:॥१६॥]

**''मिच्छत्तं'' गाहा व्याख्या-'मिथ्यात्वं' विपर्यस्ताऽऽत्माऽध्यवसायरूपम्, इह च यद्यपि *जीवपरिणाम एव मिथ्यात्वं तथापि परिहारविषयीकृतामेव प्रवृत्तिं हेतुफलभावेन मिथ्यात्वमाह-'अनेकविधं' अनेकप्रकारम्, देवतादिप्रतिवस्तुविपर्ययसंभवात्। 'श्रुतानुसारेण' आगमानुसारेण। आगमस्तु-''समणोवासओ पुव्वामेव मिच्छत्ताओ पडिक्कमइ सम्मत्तं उवसंपज्जइ। णो से कप्पइ अज्जप्पभिई अण्णतित्थिए वा अण्णतित्थिअदेवयाणि वा अण्णतित्थिअपरिग्गहिआणि अरहंतचेइयाणि वा वंदित्तए वा णमंसित्तए वा, पुव्विं अणालत्तेणं आलवित्तए वा संलवित्तए वा, तेसिं असणं वा पाणं वा खाइमं वा साइमं वा दाउं वा अणुप्पदाउं वा णऽण्णत्थ रायाऽभिओगेणं गणाऽभिओगेणं बलाऽभिओगेणं देवयाभिओगेणं गुरुनिग्गहेणं वित्तीकंतारेणं''** [उपा. दशा. अध्य.१-] **इत्यादि। तदेव लेशत आह-'लौकिकदेवेषु' भवानीपतिश्रीपतिप्रजापतिशचीपतिरतिपतितथागतप्रभृतिषु, किम्? 'प्रशस्तमनोवाक्कायव्यापार:' प्रशस्तानां-मुक्तिनिमित्ताऽऽराध्यतासूचकानां मनोवाक्कायानां-योगानां संस्मृतिस्तुतिपूजाद्यैर्व्यापार:-व्यापृतत्वं प्रशस्तमनोवाक्कायव्यापार इति समास:। मिथ्यात्वं विज्ञेयमिति संबन्ध:। इति गाथार्थ:॥१६॥**

**મિથ્યાત્વના સ્વરૂપને પ્રગટ કરવાની ઈચ્છાવાળા ગ્રંથકાર મિથ્યાત્વની કાર્યભૂત પ્રવૃત્તિને કહે છે :-**

આગમાનુસારે મિથ્યાત્વ અનેક પ્રકારનું જાણવું. લૌકિક દેવોને આશ્રયીને પ્રશસ્ત મન-વચન-કાયાની પ્રવૃત્તિ મિથ્યાત્વ છે એમ જાણવું. મિથ્યાત્વ = આત્માનો વિપરીત પરિણામ. જો કે અહીં જીવનો વિપરીત પરિણામ જ મિથ્યાત્વ છે તો પણ જેનો ત્યાગ કરવાનો છે તેવી પ્રવૃત્તિ જ કારણકાર્ય ભાવથી (= કારણમાં કાર્યના ઉપચારથી) મિથ્યાત્વ છે એમ જણાવતા ગ્રંથકાર કહે છે કે- દેવ વગેરે દરેક વસ્તુને આશ્રયીને વિપરીતપણું હોવાથી આગમાનુસારે મિથ્યાત્વ અનેક પ્રકારનું જાણવું. આ વિષે આગમપાઠ આ

★ दर्शनमोहनीयकर्मणामुदयेन निष्पन्नो जीवपरिणाम:।

પ્રમાણે છે:- **"શ્રાવક પ્રથમ મિથ્યાત્વને તજીને સમ્યક્ત્વનો સ્વીકાર કરે. તેને તે દિવસથી અન્ય દર્શનીઓને, અન્યદર્શનીઓના દેવોને, અન્યદર્શનીઓએ (પોતાના મંદિરમાં) રાખેલાં જિનબિંબોને વંદન કરવું, સ્તવના પૂર્વક પ્રણામ કરવા કલ્પે નહિ, તેઓએ પહેલાં બોલાવ્યા વિનાજ એકવાર કે વારંવાર તેઓને બોલાવવા કલ્પે નહિ, (ઔચિત્ય જાળવી શકાય.) તથા પરતીર્થિકોને (પૂજ્યબુદ્ધિએ) અશન, પાન, ખાદિમ અને સ્વાદિમ એ ચાર પ્રકારનો આહાર એકવાર કે વારંવાર આપવો કલ્પે નહિ. આ પ્રતિજ્ઞામાં (૧) રાજાનો આદેશ, (૨) ઘણા લોકોનો આગ્રહ, (૩) ચોર, લુંટારા વગેરેનો બલાત્કાર, (૪) દુષ્ટ દેવ આદિનો ઉપસર્ગ, (૫) માતા-પિતાદિ ગુરુજનનો આગ્રહ, (૬) આજીવિકાની મુશ્કેલી આ છ કારણોથી અન્યદર્શનીઓ આદિને વંદન આદિ કરવું પડે તો છૂટ છે."** (ઉપા. દશા. અ. ૧)

હવે મિથ્યાત્વનેજ સંક્ષેપથી કહે છે:- ભવાનીપતિ, શ્રીપતિ, પ્રજાપતિ, શચીપતિ, રતિપતિ અને બુદ્ધ વગેરે લૌકિક દેવોને આશ્રયીને પ્રશસ્ત = "આ દેવો મુક્તિ મેળવવા માટે આરાધવા લાયક છે" એવું સૂચવનારી મન-વચન-કાયાની સ્મરણ-સ્તુતિ-પૂજા વગેરે પ્રવૃત્તિ મિથ્યાત્વ છે એમ જાણવું. [૧૬]

एवं च यथाऽर्हति वन्दनादिप्रत्ययकायोत्सर्गादिना प्रवृत्तिः सम्यक्त्वं एवं लौकिकदेवेषु तत्प्रवृत्तिर्मिथ्यात्वम्। वन्दनादिस्वरूपं त्वाह–

**वंदणमेयं मल्लाइ पूयणं वत्थमाइ सक्कारो।**
**माणसपीई माणो, एमाई सुहुममइगम्मं।।१७।।**

**[वन्दनमेतन्माल्यादि, पूजनं वस्त्रादि सत्कारः।**
**मानसप्रीतिर्मानः, एवमादि सूक्ष्ममतिगम्यम्।।१७।।]**

**''वंदण'' गाहा व्याख्या-वन्दनम्, किम्? 'एतत्' अनन्तरोद्दिष्टं प्रशस्तमनोवागादि, ''वदि अभिवादनस्तुत्योः'' इति धातुपाठात्। 'माल्यादि' पुष्पदामादि देवतागतम्, किम्? पूजनं-पूजाशब्दवाच्यम्, आदिशब्दाद् धूपादिग्रहः। 'वस्त्रादि' वसनादि, तद्विषयः 'सत्कारः' सत्करणं सत्कारः, साध्वर्थसत्शब्दपूर्वात्करोतेर्घञ्। मनसि भवा मानसी सा चासौ प्रीतिश्च मानसप्रीतिः, किम्? 'मानः' सन्मानोऽत्राऽभिप्रेतः। 'एवमादि' एवंविधं वन्दनकरणश्रद्धादि 'सूक्ष्ममतिगम्यं' निपुणधिषणाऽवधार्यम्, मिथ्यात्वमिति संबन्धः। इति गाथार्थः।।१७।।**

**આ પ્રમાણે જે રીતે અરિહંતને આશ્રયીને વંદન આદિ નિમિત્તે કાયોત્સર્ગ કરવો વગેરે દ્વારા થતી પ્રવૃત્તિ સમ્યક્ત્વ છે તે રીતે લૌકિક દેવોને આશ્રયીને થતી તે પ્રવૃત્તિ મિથ્યાત્વ છે. (આથી હવે) ગ્રંથકાર વંદન વગેરેનું સ્વરૂપ કહે છે :-**

હમણાં જ કહેલા પ્રશસ્ત મનોયોગ-વચનયોગ વગેરે વંદન છે. દેવને પુષ્પમાલા પહેરાવવી, ધૂપ કરવો વગેરે પૂજન છે. વસ્ત્ર વગેરે સત્કાર છે. માનસિક પ્રેમ સન્માન છે. આ પ્રમાણે વંદન કરવું, શ્રદ્ધા રાખવી વગેરે અનેક પ્રકારના મિથ્યાત્વનું સૂક્ષ્મમતિથી અવધારણ કરવું. [૧૭]

एवं लौकिकमिथ्यात्वमभिधाय लोकोत्तरमप्येतद्विभागेनाह-

**लोगुत्तमदेवम्मि वि, लोइयदेवाण जाणि लिंगाणि।**
**इच्छापरिग्गहाईणि तेसिमारोवणं मिच्छा।।१८।।**

**[लोकोत्तमदेवेऽपि, लौकिकदेवानां यानि लिङ्गानि।**
**इच्छापरिग्रहादीनि, तेषामारोपणं मिथ्या।।१८।।]**

**''लोगुत्तम'' गाहा व्याख्या- 'लोकोत्तमदेवे' अर्हति 'अपि:' समुच्चये, न केवलं लौकिकदेवगतमेव मिथ्यात्वं किन्तु लोकोत्तरदेवेऽपीत्यर्थ:। 'लौकिकदेवानां' प्राक्प्रदर्शितानां 'यानि' कानिचित् 'लिङ्गानि' इति, लिङ्ग्यते रागादिरेभिरिति लिङ्गानि-तथाविधाऽन्तरङ्गरागादिगमकानि तथाविधतनुसन्निवेश-वेषादिरूपाणि। तान्येवाह- इच्छा-अभिलाष: तस्या: परिग्रह:-आश्रयणं इच्छापरिग्रह:, चाऽर्थे वा समास:, स आदिर्येषां वेषपरिग्रहादीनां तानि। तथाहि लौकिकदेवानां दृश्यन्त एव तथाविधलिङ्गानि, तेषाम् 'आरोपणं' प्रकल्पनं 'मिथ्या' इति मिथ्यात्वम्। इति गाथार्थ: ।।१८।।**

**આ પ્રમાણે લૌકિક મિથ્યાત્વને કહીને લોકોત્તર મિથ્યાત્વને પણ વિભાગથી કહે છે :-**

લૌકિક દેવોના ઈચ્છા-પરિગ્રહ આદિ જે લિંગો (= લક્ષણો) છે તે લિંગોની લોકોત્તર અરિહંત દેવમાં કલ્પના કરવી એ મિથ્યાત્વ છે. આ રીતે લોકોત્તર દેવગત પણ મિથ્યાત્વ છે. લોકોત્તર દેવગત પણ મિથ્યાત્વ છે એ સ્થળે 'પણ' શબ્દનો અર્થ આ પ્રમાણે છે:- કેવળ લૌકિક દેવગતજ મિથ્યાત્વ છે એવું નથી, કિંતુ લોકોત્તર દેવગત પણ મિથ્યાત્વ છે.

જેનાથી અંતરમાં રહેલા રાગાદિ દોષો જણાય તે લિંગ. તેવા પ્રકારની શરીરની

સ્થિતિ (= આકૃતિ) અને વેશ વગેરે લિંગ છે. કારણ કે તેનાથી અંતરમાં શું છે તે જણાય છે. લૌકિક દેવોના શરીરની આકૃતિ અને વેશ વગેરે લિંગો તેમના અંતરમાં રાગાદિ દોષો રહેલા છે એમ સૂચન કરે છે. લૌકિક દેવોના એ લિંગની અરિહંત દેવમાં કલ્પના કરવી તે પણ મિથ્યાત્વ છે.

**ઇચ્છા-પરિગ્રહ** :- જેમ લૌકિક દેવો ઇચ્છાવાળા છે, તેમ અરિહંતો પણ ઇચ્છાવાળા હતા. જેમ લૌકિક દેવો પરિગ્રહવાળા છે, તેમ અરિહંતો પણ પરિગ્રહવાળા હતા. આવી કલ્પના કરવી એ મિથ્યાત્વ છે. "ઇચ્છાપરિગ્રહ આદિ" એ સ્થળે રહેલા આદિ શબ્દથી વેશ-પરિગ્રહ વગેરે સમજવું. જેમ લૌકિક દેવોનો વેશ રાગ સૂચક છે તેમ અરિહંત દેવોનો વેશ પણ રાગ સૂચક હતો એમ કલ્પના કરવી એ મિથ્યાત્વ છે. [૧૮]

एवं देवगतं मिथ्यात्वमभिधाय लिङ्गिगतमाह-

**तह अण्णतित्थियाणं, तावससक्काइलिंगधारीणं।**
**पुव्वालवणाइ परिच्चओ य तव्वयणकरणाई॥१९॥**

[तथाऽन्यतीर्थिकानां, तापसशाक्यादिलिङ्गधारिणां।
पूर्वालापादिः परिचयश्च तद्वचनकरणादिः॥१९॥]

**''तह'' गाहा व्याख्या-'तथा' देवोदितप्रकारेण 'अन्यतीर्थिकानां' जैनधर्मबहिर्भूतानाम्। तानेवाह-'तापसशाक्यादिलिङ्गधारिणां' तापसशाक्यादिलिङ्गं धारयन्तीत्येवंशीलास्तापसशाक्यादिलिङ्गधारिणस्तापसादय एव तेषाम् 'पूर्वालापादिः' प्राक्संभाषणादिः ''पुव्विं *अणालत्तएणं'' [उपा. दशा. अध्य. १] इत्यादिसूत्रप्रदर्शितः 'परिचयः' संस्तवः, चशब्दस्य तु समुच्चयार्थस्योत्तरत्र संबन्धः। तद्वचनकरणादिश्च व्यापारो मिथ्यात्वमिति संबन्धः। इति गाथार्थः॥१९॥.**

**આ પ્રમાણે દેવગત મિથ્યાત્વને કહીને લિંગધારીગત મિથ્યાત્વને કહે છે :-**

તાપસ અને શાક્ય વગેરેના લિંગને (= વેશને) ધારણ કરનાર તાપસો અને શાક્યો (= બૌદ્ધ સાધુઓ) વગેરે અન્ય તીર્થિકોની (= જૈન ધર્મની બહાર રહેલાઓની) સાથે પૂર્વાલાપ, પરિચય અને તદ્વચન કરણ વગેરે પ્રવૃત્તિ મિથ્યાત્વ છે.

**પૂર્વાલાપ** : તેમના બોલાવ્યા પહેલાંજ તેમની સાથે બોલવું.

★ प्रकृतग्रन्थे १६ गाथायाः वृत्तौ लौकिकदेवगतमिथ्यात्वे ये ये प्रकाराः स्फुटीकृताः तैस्तै प्रकारैः।

**પરિચય** = તેમનો પરિચય કરવો.

**તદ્વચન કરણ** : એમનું કહેલું કરવું. [૧૯]

तथा-

**वंदणपूयणसक्कारणाइ, सव्वं न कप्पए काउं।**
**लोगुत्तमलिंगीण वि, केसिंचेवं जओ भणियं।।२०।।**

**[वन्दनपूजनसत्कारणादि, सर्वं न कल्पते कर्तुम्।**
**लोकोत्तमलिङ्गिनामपि, केषाञ्चिदेवं यतो भणितम्।।२०।।]**

**''वंदण'' गाहा व्याख्या- 'वन्दनपूजनसत्कारणादि' प्राग् व्याख्यातम्, केवलं सत्कारणं सत्कारणा वा सत्कारशब्दान्वर्थे, ण्यन्ताल्ल्युन्युर्वा। तत् 'सर्वं' वन्दनादि मिथ्यात्वमतः 'न कल्पते' न युज्यते 'कर्तुं' विधातुम्। तथा 'लोकोत्तमलिङ्गिनामपि' रजोहरणादिधारिणामपि 'केषाञ्चित्' पार्श्वस्थादीनां 'एवं' अभिहितविधिना न कल्पते। 'यतः' यस्मात् 'भणितं' उक्तमागमे। इति गाथार्थः।।२०।।**

તથા લોકોત્તર રજોહરણ વગેરે લિંગને ધારણ કરનારા પણ પાસત્થા વગેરે કેટલાકોને વંદન-પૂજન-સત્કાર વગેરે બધું મિથ્યાત્વ હોવાથી કરવું ન કલ્પે. કારણ કે આગમમાં આ પ્રમાણે (= હવે પછીની ગાથામાં કહેવાશે તે પ્રમાણે) કહ્યું છે. વંદન વગેરે શબ્દોનો અર્થ પૂર્વે (૧૭ મી ગાથામાં) કહેવાઈ ગયો છે. [૨૦]

यदुक्तं तदाह-

**पासत्थोसण्णाकुसीलणीयसंसत्तजणमहाछंदं।**
**नाऊण तं सुविहिया, सव्वपयत्तेण वज्जंति।।२१।।**

**[पार्श्वस्थावसन्नकुशीलनित्यसंसक्तजनं यथाच्छन्दम्।**
**ज्ञात्वा तं सुविहिताः सर्वप्रयत्नेन वर्जयन्ति।।२१।।]**

**''पासत्थो'' गाहा व्याख्या- पार्श्वे ज्ञानादीनां तिष्ठतीति पार्श्वस्थः(१)। तथाऽवसीदति स्म अवसन्नः(२)। तथा कुत्सितं शीलमस्येति कुशीलः(३)। तथा नित्यमेकत्र वसनान्नित्यः(४)। तथा संसजनात् संसक्तः(५)। जनशब्दस्य समूहाऽर्थस्य प्रत्येकमभिसंबन्धः, पार्श्वस्थजनमित्यादि। तथा यथाच्छन्दो वक्ष्यमाणस्वरूपस्तं च(६), पृथग् निर्देशस्त्वस्य सविशेषदोषज्ञापनार्थः। 'ज्ञात्वा' अवबुध्य 'तं' आगमकथितस्वरूपं पार्श्वस्थादिजनं 'सुविहिताः' इति शोभनं**

विहितं-अनुष्ठानं येषां ते सुविहिताः साधवः 'सर्वप्रयत्नेन' सर्वादरेण 'वर्जयन्ति' परिहरन्ति वन्दनादिना। "इह यद्यपि सुविहिताः साधव एव प्रतीतास्तेषां चैव परिहारः प्रतिपादितस्तथाऽपि श्रावकाणामपि तद्वन्दनादेर्दोषहेतुत्वेन सुविहितानुसारत एव प्रस्तुतपरिहारः प्रोक्त एव प्रतिपत्तव्यः"। अतः प्रकृतसमर्थनात एवोक्तमणुव्रतविधौ- "पासत्था ओसण्णा, होंति कुसीला तहेव संसत्ता। समणाण सावगाण य, अवंदणिज्जा जिणमयम्मि।।१।।" [अणु.वि.] आगमेऽप्युक्तम्- "पासत्थो ओसण्णो, होइ कुसीलो तहेव संसत्तो। अहछंदो वि अ एए, अवंदणिज्जा जिणमयम्मि।।१।।" [आव. हारि. वृ. पृ. ५१७-१] पार्श्वस्थादिस्वरूपं च परिभाषार्हमतो भाष्यादवसेयम्-"सो (१) पासत्थो दुविहो, सव्वे देसे अ होइ नायव्वो। सव्वम्मि नाणदंसणचरणाणं जो उ पासम्मि।।१।। देसम्मि उ पासत्थो, (१) सिज्जायरऽभि (२) हडरायपिंडं (३) च। (४) नीयं च (५) अग्गपिंडं, भुंजइ निक्कारणे चेव।।२।। (६) कुलनिस्साए विहरइ, (७) ठवणकुलाणि अ अकारणे विसइ। (८) संखडिपलोअणाए। गच्छइ तह (९) संथवं कुणइ।।३।। (२) ओसण्णो वि अ दुविहो, सव्वे देसे अ तत्थ सव्वम्मि। उउबद्धपीढफलओ, ठविअगभोई य नायव्वो।।४।। आवस्सगसज्झाए, पडिलेहणझाण- भिक्खऽभत्तट्ठे। आगमणे निग्गमणे, ठाणे अ निसीअण तुअट्टे।।५।। आवस्सयाइयाइं, न करेई अहव हीणमहिआइं। गुरुवयणबलाइ तहा, भणिओ एसो उ ओसण्णो।।६।। गोणो जहा चलंतो, भंजइ समिलं तु सो वि एमेव। गुरुवयणं अकरेंतो, बलाइ कुणई च ओसोढुं।।७।। (३)तिविहो होइ कुसीलो, नाणे तह दंसणे चरित्ते अ। एसो अवंदणिज्जो, पण्णत्तो वीयरागेहिं।।८।। नाणे नाणायारं, जो उ विराहेइ कालमाईयं। दंसणे दंसणायारं, चरणकुसीलो इमो होइ।।९।। कोउयभूईकम्मे, पसिणापसिणे निमित्तमाजीवी। कक्ककुरुआ य लक्खण, उवजीवइ विज्जमंताई।।१०।। सोहग्गाइनिमित्तं, परेसि ण्हवणाइ कोउगं भणिअं। जरिआइ भूइदाणं, भूईकम्मं विणिद्दिट्ठं।।११।। सुविणगविज्जाकहिअं, आइंखणिघंटिआइकहिअं वा। जं सीसइ अण्णेसिं, पसिणापसिणं हवइ एअं।।१२।। तीयाइभावकहणं, होइ निमित्तं इमं तु आजीवं। जाइकुलसिप्पकम्मे, तवगणसुत्ताइ सत्तविहं।।१३।। कक्ककुरुया य माया, नियडीए डंभणं तु जं भणिअं। थीलक्खणाइ लक्खण, विज्जामंताइया पयडा।।१४।। (४)संसत्तो उ इयाणिं, सो पुण गोभत्तलंदए चेव। उच्चिट्ठमणुच्चिट्ठं, जं किंची छुब्भई सव्वं।।१५।। एमेव य मूलुत्तर, दोसा य गुणा य जत्तिआ केई। ते तम्मी सण्णिहिआ, संसत्तो भण्णई तम्हा।।१६।। रायविदूसगमाई, अहवा वि नडो

**जहा उ बहुरूवी। अहवा वि एलगो विव, हलिद्दरागाइबहुवण्णो॥१७॥ एमेव जारिसेणं, सुद्धमसुद्धेण वावि संमिलइ। तारिसओ च्चिअ हवई, संसत्तो भण्णई तम्हा॥१८॥ सो दुविगप्पो भणिओ, जिणेहिं जिअरागदोसमोहेहिं। एगो उ (१)संकिलिट्ठो, (२)असंकिलिट्ठो तहा अण्णो॥१९॥ पंचासवप्पवत्तो जो खलु तिहिं गारवेहिं पडिबद्धो। इत्थिगिहिसंकिलिट्ठो, संसत्तो संकिलिट्ठो उ॥२०॥ पासत्थाईएसुं, संविग्गेसुं च जत्थ मिलई उ। होइ तहिं तारिसओ, पियधम्मो अहव इयरो उ॥२१॥'' [आव. हारि. वृ. पृ. ५१७-८]॥२१॥**

**આગમમાં જે કહ્યું છે તે કહે છે :-**

પાર્શ્વસ્થ, અવસન્ન, કુશીલ, નિત્ય, સંસક્ત અને યથાછંદને જાણીને સુવિહિત (= સુસાધુ) તેમનો સર્વપ્રયત્નથી ત્યાગ કરે છે. **પાર્શ્વસ્થ** = જ્ઞાન આદિની પાસે રહે. (પણ જ્ઞાનાદિ આચારોનું પાલન ન કરે.) **અવસન્ન** = આચારમાં સીદાય. **કુશીલ** = ખરાબ શીલવાળા. **નિત્ય** = સદા એકજ સ્થળે રહેનારા. **સંસક્ત** = જેવાની સાથે રહે તેવા બને. યથાછંદનું સ્વરૂપ હવે કહેવાશે. યથાછંદ વિશેષ દોષવાળો છે એ જણાવવા માટે ગાથામાં યથાછંદનો અલગ નિર્દેશ કર્યો છે.

જો કે અહીં સુવિહિત શબ્દથી સાધુઓ જ પ્રસિદ્ધ છે. એથી પાર્શ્વસ્થ આદિનો ત્યાગ કરવાનું સાધુઓને જણાવ્યું છે, આમ છતાં પાર્શ્વસ્થ આદિને વંદન કરવું વગેરે શ્રાવકોને પણ દોષનું કારણ હોવાથી સાધુની જેમજ શ્રાવકોને પણ પાર્શ્વસ્થ આદિનો ત્યાગ કહેલો જ જાણવો. આથી પ્રસ્તુત વિષયનું સમર્થન કરવા માટે જ અણુવ્રતવિધિ ગ્રંથમાં કહ્યું છે કે- **"પાર્શ્વસ્થ, અવસન્ન, કુશીલ અને સંસક્ત જિનમતમાં સાધુઓને અને શ્રાવકોને અવંદનીય છે."** આગમમાં પણ કહ્યું છે કે- **"પાર્શ્વસ્થ, અવસન્ન, કુશીલ, સંસક્ત અને યથાછંદ જિનમતમાં અવંદનીય છે." (આવ. સૂ. વંદન અધ્યયન.)** પાર્શ્વસ્થ વગેરેનું પરિભાષાને (= સાંકેતિક અર્થને) યોગ્ય સ્વરૂપ આ ભાષ્યથી (= નીચે કહેવાશે તે ભાષ્યગાથાઓથી) જાણવું.

**પાર્શ્વસ્થનું સ્વરૂપ** :- "પાસે રહે તે પાર્શ્વસ્થ," અર્થાત્ જ્ઞાનાદિ ગુણોની કે સાધુના આચારોની પાસે રહે, કિંતુ તેમાં (= જ્ઞાનાદિ ગુણોમાં કે સાધુના આચારોમાં) ન રહે તે પાર્શ્વસ્થ. તેના દેશ અને સર્વ એમ બે ભેદ છે. જ્ઞાન-દર્શન-ચારિત્ર એ ત્રણેની પાસે રહે, પણ એકને પણ ન લે (= ન પાળે) તે સર્વ પાર્શ્વસ્થ છે. (૧) દેશ પાર્શ્વસ્થનાં લક્ષણો આ પ્રમાણે છે:- (૧) શય્યાતરનો આહાર લે, (૨) અભ્યાહૃત (= સામે લાવેલો) આહાર લે, (૩) રાજાનો આહાર લે, (૪) નિત્ય આહાર લે, અર્થાત્ હું તમને રોજ આટલું આપીશ, તમારે રોજ મારા ઘરે આવવું, એમ દાતાના નિમંત્રણથી દરરોજ તેના ઘરે જાય. (જેમ કે-

મારે ત્યાંથી રોજ એક મેથીનો મોદક લઈ જવો એમ કહે એથી રોજ મેથીનો મોદક લેવા તેના ઘરે જાય.) (૫) નિષ્કારણ અગ્રપિંડ લે = ભાત વગેરે વસ્તુ ઉપર ઉપરની કે ઊંચી (= શ્રેષ્ઠ) લે, (૬) કુલનિશ્રાએ વિહાર કરે, અર્થાત્ સારો આહાર વગેરે મેળવવાની બુદ્ધિથી નિરંતર શ્રદ્ધાળુ વગેરે કુલોમાંથી જ આહાર વગેરે લે, (૭) નિષ્કારણ સ્થાપનાકુલોમાં પ્રવેશ કરે, અર્થાત્ લોકગર્હિત કુળોમાં આહાર માટે જાય, અથવા ગ્લાન વગેરે માટે સ્થાપિત કરેલા દાતારકુલોમાં આહાર માટે જાય. (૮) સંખડીને જુએ, અર્થાત્ આજે ક્યાં જમણવાર છે? કાલે ક્યાં છે? અમુક દિવસે ક્યાં છે? એમ સંખડીને શોધતો રહે અને જ્યાં સંખડી હોય ત્યાં પહોંચી જાય. (૯) સંસ્તવ કરે, તે આ પ્રમાણેઃ- સ્વજનને આશ્રયીને અને દાનને આશ્રયીને એમ બે રીતે સંસ્તવ કરે. તેમાં સ્વજનને આશ્રયીને દાતાને માતા-પિતા વગેરેની સરખા કહીને દાતારનો પૂર્વસંસ્તવ કરે, અથવા દાતાને સાસુ-સસરા વગેરેની જેવા કહીને દાતારનો પશ્ચાત્સંસ્તવ કરે. દાનને આશ્રયીને દાન આપ્યાં પહેલાં દાતારની પ્રશંસા કરીને પૂર્વસંસ્તવ કરે અને દાન આપ્યા પછી પ્રશંસા કરીને પશ્ચાત્સંસ્તવ કરે. (૨-૩)

**અવસન્નનું સ્વરૂપ**:- અવસન્ન એટલે ઢીલો, જે ક્રિયાઓમાં કે સામાચારીમાં ઢીલો હોય તે અવસન્ન છે. અવસન્નના પણ સર્વ અને દેશ એમ બે પ્રકાર છે. ઋતુબદ્ધપીઠફલક અને સ્થાપિતભોજી સર્વ અવસન્ન છે. ઋતુબદ્ધપીઠફલક એટલે શેષકાળમાં પણ પાટલા આદિનો ઉપયોગ કરવામાં આસક્ત હોય. સ્થાપિતભોજી એટલે સ્થાપનાદોષવાળો આહાર લેનાર. (૪) નીચેના સ્થાનોમાં પ્રમાદ કરનાર દેશ અવસન્ન છે. આવશ્યક, સ્વાધ્યાય, પ્રતિલેખન, ધ્યાન, ભિક્ષા, ભક્તાર્થ, આગમન, નિર્ગમન, સ્થાન, નિષીદન અને ત્વગ્વર્તન- આ સ્થાનોમાં સીદાતો દેશ અવસન્ન છે. **આવશ્યક**:- આવશ્યક અનિયમિત સમયે કરે, ક્યારેક કરે, ક્યારેક ન કરે, અથવા કાયોત્સર્ગ વગેરે ઓછું કરવાથી હીન આવશ્યક કરે, અથવા અનુપ્રેક્ષા માટે અધિક કાયોત્સર્ગ કરવાથી અધિક આવશ્યક કરે, વગેરે દોષો લગાડે. **સ્વાધ્યાય**:- સૂત્ર પોરિસીરૂપ કે અર્થ પોરિસીરૂપ સ્વાધ્યાય ન કરે. ગુરુ પ્રેરણા કરે ત્યારે ગુરુની સામે થઈને કંઈક અનિષ્ટ બોલીને રુચિ બતાવ્યા વિના સ્વાધ્યાય કરે, અથવા સર્વથા ન પણ કરે, અથવા વિપરીત કરે, ઉત્કાલિક શ્રુતના સમયે કાલિકશ્રુત ભણે, કાલિક શ્રુતના સમયે ઉત્કાલિક શ્રુત ભણે. **પ્રતિલેખન**:- આવર્તન આદિથી ન્યૂન-અધિક પ્રતિલેખન કરે, અથવા વિપરીત કરે, અથવા દોષો લાગે તે રીતે કરે. **ધ્યાન**:- ધર્મધ્યાન કે શુક્લધ્યાન યથાકાલ ન કરે. **ભિક્ષા**:- ભિક્ષા લેવા ન જાય, ગુરુ ભિક્ષા માટે જવાનું કહે તો ગુરુની સામે આવીને કંઈક અનિષ્ટ કહીને જાય, દોષિત ભિક્ષા લાવે.

**ભક્તાર્થ**:- માંડલીમાં ભોજન ન કરે, 卐 કાકભક્ષિત વગેરે અવિધિથી ભોજન કરે. **આગમન**:- પ્રવેશ કરતાં નિસીહિ ન કહે. **નિર્ગમન**:- નીકળતાં. **આવશ્યિકી** = આવસ્સહી ન કહે. **સ્થાન** = ઊભા થવું કે ઊભા રહેવું. **નિષીદન** = બેસવું. **ત્વગ્વર્તન** = સૂવું. આ ત્રણમાં પ્રત્યુપેક્ષણ પ્રમાર્જન વગેરે ન કરે, અથવા બરોબર ન કરે. (૫) આવશ્યક વગેરે ન કરે, અથવા ન્યૂન-અધિક કરે, અથવા ગુરુવચનના બળાત્કારથી કરે, તે અવસન્ન છે. (૬) જેવી રીતે ચાલતો બળદ સહન ન કરવું પડે એ માટે શમિલને ભાંગી નાખે તેમ અવસન્ન સહન ન કરવું પડે એ માટે ગુરુવચનને ન કરે, અથવા બળાત્કારથી કરે. (૭)

**કુશીલનું સ્વરૂપ** :- જેનું શીલ = આચરણ ખરાબ છે તે કુશીલ. કુશીલના જ્ઞાનકુશીલ, દર્શનકુશીલ અને ચારિત્ર કુશીલ એમ ત્રણ પ્રકાર છે. વીતરાગભગવંતોએ આ કુશીલને અવંદનીય કહ્યો છે. (૭) જ્ઞાનના કાલ વગેરે આચારોમાં વિરાધના કરવાથી જ્ઞાનકુશીલ બને છે. દર્શનના આચારોમાં વિરાધના કરવાથી દર્શનકુશીલ બને છે. ચરણકુશીલ આ પ્રમાણે (= હવે પછીની ગાથામાં કહેવાશે તે પ્રમાણે) છે. (૯) કૌતુક, ભૂતિકર્મ, પ્રશ્નાપ્રશ્ન, નિમિત્ત, આજીવિકા, કલ્કકુરુકા, લક્ષણ અને વિદ્યા-મંત્ર વગેરેનો ઉપયોગ કરનાર ચારિત્રકુશીલ છે. (૧૦) સૌભાગ્ય નિમિત્તે બીજાઓને સ્નાન કરાવવું વગેરેને કૌતુક કહ્યું છે. કોઈ તાવવાળા વગેરેને મંત્રેલી રક્ષા આપવી એને ભૂતિકર્મ કહ્યું છે. (૧૧) સ્વપ્નમાં જોયેલું કે વિદ્યાધિષ્ઠાત્રી દેવીએ કહેલું પૂછનારને કહે તે પ્રશ્નાપ્રશ્ન છે. અથવા આઇંખિણીએ = કર્ણપિશાચિકા દેવીએ કે ઘંટિકયક્ષ આદિએ કહેલું શુભ-અશુભ વગેરે પૂછનારને કહેવું તે પ્રશ્નાપ્રશ્ન✽ છે. (૧૨) ભૂતકાળ અને ભવિષ્યકાળના નિમિત્તને લોકોની આગળ કહે તે નિમિત્ત છે. જાતિ, કુલ, શિલ્પ, કર્મ, તપ, ગણ અને સૂત્ર એમ સાત પ્રકારે આજીવિકા મેળવે તે આજીવિકા કુશીલ છે. જાતિ = માતૃપક્ષ. કુલ = પિતૃપક્ષ. શિલ્પ = આચાર્યના ઉપદેશથી પ્રવર્તમાન હોય. કર્મ = આચાર્યના ઉપદેશ વિના પ્રવર્તેલું હોય. તપ = બાહ્ય-અભ્યંતર બાર પ્રકારે છે. ગણ = મલ્લનો સમૂહ વગેરે. સૂત્ર = શાસ્ત્રનું અધ્યયન. આજીવિકા મેળવવા માટે આ સાતનો ઉપયોગ આ પ્રમાણે કરે:- લોકોને પોતાની સંસાર અવસ્થાના જાતિ - કુલ કહે, જેથી જાતિપૂજ્ય તરીકે કે કુલપૂજ્ય તરીકે પૂજતા ગૃહસ્થો

---

卐 કાકભક્ષિત વગેરે પ્રકારના ભોજનના વર્ણન માટે ગુરુતત્ત્વવિનિશ્ચય ગ્રંથના ત્રીજા ઉલ્લાસની ૮૫મી ગાથાના ભાષાંતરમાં કરેલી ટિપણી જુઓ.

✽ ભાવાર્થ :- કોઈ વ્યક્તિ ચારિત્રકુશીલને મારી અમુક આપત્તિ દૂર થશે કે નહિ? વગેરે પૂછે. ચારિત્ર કુશીલ પોતાના ઈષ્ટદેવ વગેરેને પૂછીને તેને જવાબ આપે. એટલે અહીં પ્રશ્નનો પ્રશ્ન થયો. કોઈ વ્યક્તિએ ચારિત્ર કુશીલને પૂછ્યું. તેણે પોતાના ઈષ્ટ દેવ વગેરેને પૂછ્યું તે પ્રશ્નાપ્રશ્ન.

આહાર-પાણી વગેરે સારું અને ઘણું આપે. આ જ બુદ્ધિથી મલ્લ આદિ ગણોને ગણવિદ્યામાં પોતાનું કુશલપણું, શિલ્પકુશળોને શિલ્પકુશળપણું અને કર્મકુશળોને કર્મકુશલપણું કહે. એ જ રીતે હું તપસ્વી છું, હું બહુશ્રુત છું એમ કહીને આહાર વગેરે મેળવે. (૧૩) કલ્કકુરુકા એટલે માયા. માયા કરીને બીજાને ઠગવા તે કલ્કકુરુકા છે. હસ્તરેખા, મસો, તલ વગેરે પુરુષના અને સ્ત્રીના શરીરનાં લક્ષણો છે. વિદ્યા-મંત્ર પ્રસિદ્ધ છે. विज्जामंताइ એ સ્થળે રહેલા 'આદિ' પદથી મૂલકર્મ અને ચૂર્ણયોગ વગેરે દોષો સમજવા. તેમાં મૂલકર્મ એટલે પુરુષ પ્રત્યે દ્વેષવાળી સ્ત્રીનો પુરુષ પ્રત્યેનો દ્વેષ દૂર કરવો, અથવા પુરુષ પ્રત્યે દ્વેષવાળી ન હોય તેવી સ્ત્રીને પુરુષ પ્રત્યે દ્વેષવાળી કરવી, અથવા ગર્ભોત્પત્તિ કે ગર્ભપાત વગેરે કરાવવું તે મૂલકર્મ છે. ચૂર્ણયોગ વગેરે પ્રસિદ્ધ છે. (૧૪)

**સંસક્તનું સ્વરૂપ**:- હવે સંસક્તને કહેવામાં આવે છે. જેનો જેનો સંગ કરે તેના તેના ગુણ-દોષવાળો બને તે સંસક્ત. જેવી રીતે ગાયના ખાવાના કડાયામાં વધેલું કે નહિ વધેલું ભોજન, તલનો ખોળ, કપાસિયા વગેરે બધું જ હોય છે, તે જ રીતે મૂલગુણો-ઉત્તરગુણો અને તેનાથી વિરુદ્ધ દોષો એ બંનેય તેમાં રહેલા હોય છે, માટે તે સંસક્ત કહેવાય છે. (૧૫-૧૬) અથવા જેમ રાજવિદૂષક કે નટ ઘણા રૂપો કરે, અથવા ઘેટો હળદર વગેરેના રંગવાળા પાણીમાં પડે તો તે તે જુદાજુદા રંગવાળો બની જાય, તેમ જે શુદ્ધની સાથે મળે તો શુદ્ધ જેવો અને અશુદ્ધની સાથે મળે તો અશુદ્ધ જેવો થઈ જાય તે સંસક્ત છે. (૧૭-૧૮) રાગ-દ્વેષ-મોહને જિતનારા જિનોએ સંસક્તને સંક્લિષ્ટ અને અસંક્લિષ્ટ એમ બે પ્રકારનો કહ્યો છે. (૧૯) જે પ્રાણાતિપાત વગેરે પાંચ આસ્રવમાં પ્રવૃત્ત હોય, જે ઋદ્ધિગારવ વગેરે ત્રણ ગારવમાં આસક્ત હોય, જે સ્ત્રીસંક્લિષ્ટ હોય, અને જે ગૃહસ્થસંક્લિષ્ટ હોય તે સંક્લિષ્ટ સંસક્ત છે. સ્ત્રીસંક્લિષ્ટ એટલે સ્ત્રીનું સેવન કરનાર. ગૃહસ્થોનાં કામો કરે તે ગૃહસ્થ સંક્લિષ્ટ. (૨૦) જે પાર્શ્વસ્થ આદિમાં ભળે તો પાર્શ્વસ્થ આદિ જેવો બને, એટલે કે અધર્મપ્રિય બને, અને સંવિગ્નોમાં ભળે તો સંવિગ્ન જેવો બને, એટલે કે ધર્મપ્રિય બને, તે અસંક્લિષ્ટ સંસક્ત છે. (૨૧) [૨૧]

तद्वर्जने हेतुमाह-

**एत्थ य पासत्थाईहिं, संगयं चरणनासयं पायं।**
**सम्मत्तहरमहाछंदेहि उ तल्लक्खणं चेयं।।२२।।**

**[अत्र च पार्श्वस्थादिभिः संगतं चरणनाशकं प्रायः।**
**सम्यक्त्वहरं यथाच्छन्दैस्तु तल्लक्षणं चैतत्।।२२।।]**

''एत्थ य'' गाहा व्याख्या-'अत्र च' पार्श्वस्थादिषु, निर्धारणसप्तमी चेयम्, पार्श्वस्थादिषु मध्ये, 'चः' वाक्योपन्यासार्थे, 'पार्श्वस्थादिभिः' उक्तस्वरूपैः 'संगतं' परिचितम्, किम्? वन्दनादिरूपं 'चरणनाशकं' चारित्रापहारि। यदुक्तमागमे-''पासत्थाई वंदमाणस्स, नेव कित्ती न निज्जरा होइ। कायकिलेसं एमेव, कुणई तह कम्मबंधं च।।१।। किइकम्मं च पसंसा, सुहसीलजणम्मि कम्मबंधा य। जे जे पमायठाणा ते ते उववूहिआ होंति।।२।। [आव. हारि. वृ. पृ. ५१९-१-५३९-२]. 'सम्यक्त्वहरं' सम्यग्दर्शननाशि यथाच्छन्दैः तुर्भिन्नवाक्यतायाम्, 'तल्लक्षणं' यथाच्छन्दस्वरूपं 'चः' पुनरर्थे 'एतत्' वक्ष्यमाणमागमे उक्तमिति गम्यते ।।२२।।

**પાર્શ્વસ્થ આદિને છોડવામાં હેતુ કહે છે :-**

પાર્શ્વસ્થ આદિની સાથે થતો વંદનાદિરૂપ પરિચય ચારિત્રનો નાશ કરે છે, અને યથાછંદની સાથે થતો પરિચય સમ્યક્ત્વનો નાશ કરે છે. આગમમાં કહેલું યથાછંદનું સ્વરૂપ આ (= હવે પછીની ગાથામાં કહેવાશે તે) છે.

પાર્શ્વસ્થ આદિને વંદનાદિ ન કરવા માટે આગમમાં કહ્યું છે કે- **" પાર્શ્વસ્થ આદિને વંદન કરનારને કીર્તિ કે નિર્જરા થતી નથી, બલ્કે તે નિરર્થક કાયક્લેશ ઉત્પન્ન કરે છે, અને કર્મબંધ કરે છે."** (આવ. સૂ. વંદન અધ્યયન ગા. ૧૧૦૦) **"પાર્શ્વસ્થ જનને કરેલું વંદન અને પાર્શ્વસ્થ જનની કરેલી આ બહુશ્રુત છે, વિનીત છે ઇત્યાદિ પ્રશંસા કર્મબંધ માટે થાય છે, કારણ કે તેમ કરવાથી તેમના જે જે પ્રમાદ સ્થાનો છે તે તે પ્રમાદ સ્થાનોનું સમર્થન થાય છે, અર્થાત્ વંદનાદિથી પ્રમાદ સ્થાનોનું સમર્થન થાય, અને પ્રમાદસ્થાનોના સમર્થનથી કર્મ-બંધ થાય."** (આવ. સૂ. વંદન અધ્ય. ગાથા ૧૧૯૨) [૨૨]

**उस्सुत्तमायरंतो, उस्सुत्तं चेव पण्णवेमाणो।**
**एसो उ अहाछंदो, इच्छाछंदो त्ति एगत्था।।२३।।**

[उत्सूत्रमाचरन्, उत्सूत्रं चैव प्ररूपयन्।
एषस्तु यथाच्छन्दः, इच्छाच्छन्द इत्येकार्थम्।।२३।।]

''उस्सुत्त'' गाहा व्याख्या-सूत्राद्-आगमादतिवृत्तमुत्सूत्रं, तदुत्सूत्रं 'आचरन्' कुर्वन्, 'तत्' उत्सूत्रमेव 'प्रज्ञापयन्' प्ररूपयन्, अनेन संविग्नपाक्षिकस्य यथाच्छन्दताव्यवच्छेदमाह। तदुक्तमागमे-''होज्ज हु वसणप्पत्तो, सरीरदोब्बल्लयाए असमत्थो। चरणकरणे असुद्धो, सुद्धं मग्गं परूवेज्जा।।१।। ओसन्नो वि विहारे, कम्मं सोहेइ सुलहबोही उ। चरणकरणं विसुद्धं, उववूहेंतो परूवेंतो।।२।।

[ ]'' इत्यादि। 'एषः' अनन्तरोदितरूपः, 'तुः' पुनरर्थे, 'यथाच्छन्दः' यथा-येन प्रकारेणाऽऽगमाऽननुपात्येव च्छन्दोऽस्य यथाच्छन्द इति। 'इच्छाच्छन्द इति' इच्छया च्छन्दोऽस्य स तथैकार्थम्। तथाह्ययं युक्त्यागमाऽनपेक्षं ''हरितोपरिवर्तिडगलकग्रहणमेकवस्त्रोपरि शेषवस्त्रादिप्रत्युपेक्षणं कर्तव्यम्'' इत्यादिरूपां वक्ष्यमाणां च प्ररूपणामाऽऽगमाननुपातिनीमेवाह। इति गाथार्थः।।२३।।

યથાછંદ ઉત્સૂત્ર (= સૂત્રવિરુદ્ધ) આચરણ કરવાથી અને ઉત્સૂત્ર જ પ્રરૂપણા કરવાથી યથાછંદ છે. યથાછંદ અને ઈચ્છાછંદ એ બંને શબ્દો એકાર્થક છે.

યથાછંદની વ્યાખ્યામાં "ઉત્સૂત્ર પ્રરૂપણા કરવાથી" એમ કહીને સંવિગ્ન પાક્ષિકને યથાછંદથી અલગ કર્યા છે. (સંવિગ્ન પાક્ષિક ઉત્સૂત્ર આચરણ કરે છે પણ ઉત્સૂત્ર પ્રરૂપણા કરતો નથી.) આગમમાં કહ્યું છે કે- "**સંકટમાં પડી ગયો હોય એથી અથવા શરીર અશક્ત બની ગયું હોય એથી સાધુ ચરણ-કરણમાં અસમર્થ હોય તો પણ તેણે માર્ગ તો શુદ્ધ જ કહેવો જોઈએ.**" (૧) **આચારમાં ઢીલો હોય તો પણ જો ચરણ-કરણની પ્રરૂપણા વિશુદ્ધ કરતો હોય અને શુદ્ધ ચરણ-કરણનું પાલન કરનારાઓની પ્રશંસા કરતો હોય તો તે કર્મોની નિર્જરા કરે છે અને સુલભબોધિ બને છે.**"(૨)

યથા = આગમને ન અનુસરે તેવો છંદ = અભિપ્રાય છે જેનો તે યથાછંદ. ઈચ્છાપ્રમાણે = મરજીમાં આવે તેવો છંદ = અભિપ્રાય છે જેનો તે ઈચ્છાછંદ. યથાછંદ યુક્તિ અને આગમનું અનુસરણ કર્યા વિના વનસ્પતિ ઉપર પથ્થર વગેરેનો ટુકડો પડ્યો હોય તો લઈ લેવો, એક વસ્ત્ર જમીન ઉપર પાથરીને તેની ઉપર બધાં વસ્ત્રોનું પડિલેહણ કરવું વગેરે અને હવે પછી કહેવાશે તેવી આગમના આધારથી રહિત જ પ્રરૂપણા કરે છે. [૨૩]

उत्सूत्रपदं व्याख्यातुमाह-

**उस्सुत्तमणुवइट्ठं, सच्छंदविगप्पियं अणणुवाई।**
**परतत्तिपवित्ते तिंतिणो य इणमो अहाछंदो।।२४।।**

[उत्सूत्रमनुपदिष्टं, स्वच्छन्दविकल्पितमननुपाति।
परतप्तिप्रवृत्तस्तिन्तिनश्चाऽयं यथाच्छन्दः।।२४।।]

''उस्सुत्त'' गाहा व्याख्या- उत्सूत्रमनुपदिष्टम्, आगमे इति गम्यते। तच्च किंविधं स्यात्? इत्याह- 'स्वच्छन्दविकल्पितं' स्वाभिप्रायघटितम्। एवंविधमपि किल किञ्चिदर्थादऽविरुद्धं स्यादत आह-'अननुपाति' नाऽऽगमे कथञ्चनाऽ-

प्युनुपततीत्यर्थः। तदेवंविधमेवोत्सूत्रमभिप्रेतम्, तदाचरणादिना यथाच्छन्दः, अतोऽन्यथाऽप्येनमाह- 'परतप्तिप्रवृत्तः' इति, परेषां-गृहस्थादीनां तप्तिः-कार्यचिन्तनादिरूपा परतप्तिः तस्यां प्रवृत्तो यः स तथा, 'तिन्तिनः' यथालब्धभक्तादिना अनिर्वृतत्वेनाभीक्ष्णं *रुटक इत्यर्थः। चः प्रकारान्तरेण यथाच्छन्दलक्षणमेतदित्याह। 'इणमो' अयम्-अनन्तरोद्दिष्टो यथाच्छन्दः। इति गाथार्थः॥२४॥

**'ઉત્સૂત્ર' પદની વ્યાખ્યા કરવા માટે કહે છેઃ-**

જે સૂત્રમાં (= આગમમાં) કહ્યું ન હોય, કિન્તુ પોતાના અભિપ્રાયથી કલ્પેલું હોય અને સૂત્રને (= આગમને) કાંઈ પણ અનુસરતું ન હોય તે ઉત્સૂત્ર. બીજી રીતે પણ યથાછંદનું સ્વરૂપ કહે છેઃ- યથાછંદ ગૃહસ્થો વગેરેનાં કાર્યોની ચિંતા કરવામાં પ્રવૃત્ત બને, તથા આહાર વગેરે જેવું મળ્યું હોય તેનાથી શાંતિ-સંતોષ ન થવાના કારણે બડબડ કરે = મનમાં આવે તેવું બોલે. [૨૪]

प्रकारान्तरेणाऽप्येनमाह-

**सच्छंदमइ विगप्पिय, किंची सुहसायविगइपडिबद्धो।**
**तिहिं गारवेहिं मज्जइ, तं जाणाही अहाछंदं॥२५॥**

[स्वच्छन्दमत्या विकल्प्य, किञ्चित्, शुभसातविकृतिप्रतिबद्धः।
त्रिभिर्गौरवैर्माद्यति, तं जानीहि यथाच्छन्दम्॥२५॥]

''सच्छंद'' गाहा व्याख्या- 'स्वच्छन्दमत्या' स्वाभिप्रायमननेन, प्राकृतत्वाच्च सुब्लोपेन निर्देशः क्रियाविशेषणं वा, स्वच्छन्देन मननं यत्र विकल्पने तत्तथा। 'विकल्प्य' चर्चयित्वा 'किञ्चिद्' इत्यनिर्दिष्टस्वरूपम्, 'शुभसातविकृतिप्रतिबद्धः' इति शुभं-ऋद्धिरूपमुपकरणादि सातं-सुखं विकृतिः-घृतादिका, शुभादीनां द्वन्द्वः, तत्र प्रतिबद्धः-अभिष्वक्तः ऋद्धिसुखरसगौरवगृद्ध इत्यर्थः, तथा चाह- 'त्रिभिर्गौरवैः उक्तस्वरूपैः 'माद्यति' परवशीभवति तं जानीहि यथाच्छन्दम्, अयमपि यथाच्छन्द इत्यर्थः॥२५॥

**બીજી રીતે પણ યથાછંદને કહે છે :-**

સ્વચ્છંદમતિથી કાંઈક કલ્પના કરીને ઉપકરણ વગેરે ઋદ્ધિમાં, શાતામાં અને ઘી વગેરે વિગઈમાં આસક્ત બને, અર્થાત્ ઋદ્ધિ ગારવ, શાતા ગારવ અને રસગારવમાં આસક્ત

★ लालसाऽतिरेकवान्.

બને અને ઉક્ત ત્રણ ગારવોના કારણે પરવશ બને, તેને તું યથાછંદ જાણ, અર્થાત્ આ પણ યથાછંદ છે. [૨૫]

उत्सूत्रं दिङ्मात्रेणोदाहरणीकुर्वन्निदमाह-

**उस्सुत्तं पुण एत्थं, थावरपाओगकूवकरणाई।**
**अब्भुइगकरउप्पा-यणाइ धम्माहिगारम्मि।।२६।।**

[उत्सूत्रं पुनरत्र, स्थावरप्रायोगकूपकरणादि।
अद्भुतिककरोत्पादनादि धर्माधिकारे।।२६।।]

**''उस्सुत्तं'' गाहा व्याख्या- उत्सूत्रं पुनरत्रैवंरूपम्, तद्यथा- 'स्थावरप्रायोग-कूपकरणादि' इति स्थावरं-गृहम्, प्रयोगे भवं प्रायोग्ये वा भवं प्रायोगं प्रायोग्यं वा-तथाविधवृद्धिप्रयुक्तं धान्यादि, कूपकरणं-कूपखननम्, आदि-शब्दाद्वाटिकादिपरिग्रहः। तथाऽद्भुतिकः-अभिनवोऽपूर्वः करः- उत्पन्नद्रव्यविभाग-ग्रहणलक्षणः तस्योत्पादनं-प्रवर्त्तनम्, आदिशब्दादेवंप्रायं अन्यदप्यागमनिषिद्धं यतेश्चैत्यप्रयोजनचिन्तनादि 'धर्माधिकारे' धर्मप्रयोजनचिन्तायाम्। इति गाथार्थः।।२६।।**

**યથાછંદનું અનેક પ્રકારે ઉત્સૂત્ર છે, તેમાંથી અમુક ભાગને દૃષ્ટાંત કરીને ગ્રંથકાર કહે છે :-**

અહીં ધર્મકાર્યોની ચિંતા કરવામાં યથાછંદનું જિનમંદિરનાં કાર્યોની ચિંતારૂપ ઉત્સૂત્ર આ પ્રમાણે છે:- જિનમંદિરની રક્ષા માટે સાધુએ ઘર રાખવું, ધાન્યાદિની વૃદ્ધિ કરવી, કૂવો ખોદવો, વાડી બનાવવી, નવો કર પ્રવર્તાવવો ઈત્યાદિ કાર્યો કરવા જોઈએ. (૨૬)

**एमाइ बहुविगप्पं, उस्सुत्तं आयरंति सयमेव।**
**अन्नेसि पण्णवेंति य, सिच्छाए जे अहाछंदा।।२७।।**

[एवमादि बहुविकल्पं, उत्सूत्रमाचरन्ति स्वयमेव।
अन्येभ्यः प्रज्ञापयन्ति च, स्वेच्छया ये यथाच्छन्दाः।।२७।।]

**''एमाइ'' गाहा व्याख्या-'एवमादि' इति, ''कगचज'' इत्यादिना वलोपे सन्धौ चैवं भवति, प्रोक्तप्रायमन्यदपि द्रष्टव्यमित्यर्थः यथा- ''चोएइ चेइयाणं, खेत्तहिरण्णाइगामगावाई। लग्गंतस्स उ जइणो, तिगरणसुद्धी कहं ण भवे?।।१।।**

[ ] '' इति पूर्वपक्षमात्रदर्शनादेव केचिद् यतेश्चैत्यसंबन्धिक्षेत्रादिचिन्तनचैत्यस्वीकरणादौ धर्ममवधारयन्ति, सूत्राननुपाति चैतत्। यत एवमत्रोत्तरग्रन्थः-''भण्णइ एत्थ विभासा, जो एयाइं सयं विमग्गेज्जा। न हु होइ तस्स सुद्धी, अह कोइ हरेज्ज एयाइं।।१।। सव्वत्थामेण तहिं, संघेणं होइ मग्गिअव्वं ति। सचरित्तऽचरित्तीण य, एयं सव्वेसि कज्जं तु।।२।।''[ ] अत्र हि किल दर्शनपरिभवप्राये पूर्वराजादिदत्तक्षेत्रादिलोपप्रस्ताव एव यतेरपि क्षेत्रादिचिन्तनमुक्तम्, न तु सामान्येन; अलमतिप्रसङ्गेन। स्वयमेवंप्रायं आगमज्ञैर्ज्ञेयम्। बहुविकल्पं' अनेकप्रकारमुत्सूत्रमाचरन्ति प्ररूपणादिना स्वयमेव। तथा 'अन्येभ्यश्च' श्रोतृभ्यः प्रज्ञापयन्ति तत्प्ररूपणाकरणादिभिः। कथम्? 'स्वेच्छया' स्वकीयाऽऽकूतकार्यानुयातया युक्त्या, न तु सिद्धान्ताधीनतया। य एवंविधा यतिवेषधारिणो यथाच्छन्दास्ते। इति गाथार्थः।।२७।।

આ પ્રમાણે હમણાં કહ્યું તેવું બીજું પણ અનેક પ્રકારનું ઉત્સૂત્ર યથાછંદનું જાણવું. જેમ કે- "અહીં શિષ્ય પ્રશ્ન કરે છે કે - જિનમંદિરનાં ખેતર, સુવર્ણ વગેરે, ગામ અને પહાડ વગેરેની સાર-સંભાળ રાખનારા સાધુને મન-વચન-કાયાની શુદ્ધિ કેમ ન હોય?" (૧) આવો માત્ર પૂર્વપક્ષજ જોઈને કેટલાકો "સાધુ જિનમંદિર સંબંધી ખેતર આદિની ચિંતા કરે, અને જિનમંદિરનો સ્વીકાર કરે = જિનમંદિરની સાર-સંભાળ રાખે તેમાં ધર્મ છે" એમ માને છે. પણ તેમની આ માન્યતા સૂત્રાનુસારી નથી. કારણ કે આ વિષે ઉત્તર જણાવનાર સૂત્ર આ પ્રમાણે છે:- "શિષ્યે કરેલા પ્રશ્નનો ઉત્તર કહેવાય છે:- જિનમંદિરના ખેતર વગેરેની સાર-સંભાળ રાખનારા સાધુને મન-વચન કાયાની શુદ્ધિ હોય પણ ખરી, અને ન પણ હોય. જો સાધુ સ્વયં જિનમંદિર માટે નવા ખેતર વગેરેની શોધ કરે કે માગણી કરે તો સાધુને મન-વચન-કાયાની શુદ્ધિ ન હોય, પણ જો જિનમંદિરના ખેતર વગેરેને કોઈ પડાવી લે = પોતાનું કરી લે તો સર્વશક્તિથી સંઘે તેની શોધ = રક્ષા કરવી જોઈએ. જિનમંદિરના ખેતર વગેરેને કોઈ પડાવી લે ત્યારે તેની રક્ષા કરવી એ સચારિત્રી અને અચારિત્રી એ બધાનું કર્તવ્ય છે."

અહીં જૈનદર્શનના પરાભવતુલ્ય હોય તેવા પ્રસંગમાંજ સાધુને ક્ષેત્ર વગેરેની ચિંતા કરવાનું કહ્યું છે, નહિ કે સામાન્યથી. અર્થાત્ સાધુએ સામાન્યથી જિનમંદિરના ક્ષેત્ર વગેરેની ચિંતા ન કરવી જોઈએ, પણ તેવો કોઈ વિશિષ્ટ પ્રસંગ ઉપસ્થિત થાય તો કરવી જોઈએ. જેમકે- પૂર્વના રાજા વગેરેએ જિનમંદિર માટે આપેલા ખેતર વગેરેના વિનાશનો પ્રસંગ આવે તો સાધુએ તે અંગે યોગ્ય કરવું જોઈએ. અતિ ચર્ચાથી સર્યું. આગમના જાણકારોએ સ્વયં યથાછંદનું આવા પ્રકારનું ઉત્સૂત્ર જાણી લેવું. આવા પ્રકારના જે

સાધુવેશધારીઓ સિદ્ધાંતને આધીન બનીને નહિ કિંતુ પોતાને જે કાર્ય અભિપ્રેત હોય તે કાર્યને અનુસરનારી યુક્તિથી અનેક પ્રકારના ઉત્સૂત્રને પોતે જ આચરે છે અને તેની પ્રરૂપણા કરવા આદિથી શ્રોતાઓને જણાવે છે તે યથાછંદ છે. [૨૭]

एवं यथाच्छन्दवन्दनादि मिथ्यात्वनिबन्धनं परिहार्यतयाऽभिधायाऽऽगमविशेषेणात्यर्थं तन्निषेधनं प्रस्तुतफलवदेवेत्यावेदयन्निदमाह-

**एत्तोच्चिय तेसिमुवस्सयम्मि तु दिवससमागओ साहू।**
**तेसिं धम्मकहाए, कुणइ विघायं सइ बलम्मि।।२८।।**

**[अत एव तेषामुपाश्रये तु, दिवससमागतः साधुः।**
**तेषां धर्मकथायाः, करोति विघातं सति बले।।२८।।]**

**"एत्तो च्चिय" गाहा व्याख्या- 'अत एव' इति, यत एव तेषां सम्पर्कमात्रादेव मिथ्यात्वप्राप्तिसंभवोऽत एव 'तेषां' यथाच्छन्दानामुपाश्रये तु 'दिवससमागतः' कथञ्चनाऽप्यगत्याऽऽगतः साधुः तेषां 'धर्मकथायाः' उत्सूत्रप्ररूपणारूपायाः 'करोति विघातं' विधत्ते प्रतिक्षेपं 'सति बले' विद्यमाने सामर्थ्य इति, अभिहितं सिद्धान्त इति गम्यते। तथाह्योघनिर्युक्तौ उक्तम्- "पढमबीआ गिलाणे, तइए सण्णी चउत्थि साहम्मी। पंचमगम्मि अ वसही, छट्ठे ठाणट्ठिओ होइ ।।१।।" [ओघ. नि. गा. ६१] इति। वसतिद्वारं व्याचक्षाणेनोक्तम्-"संविग्गसन्निभद्दगसुन्ने नीयाइ मोत्तुहाछंदे। वच्चंतस्सेएसुं, वसहीए मग्गणा होइ।।१।।" [ओघ.नि.गा.१०४] एवं यथाच्छन्दानां सर्वथा प्रत्यासत्तेः परिहारमभिधायाऽगत्याप्रत्यासत्तिसंभवेऽभिहितम्। "एमेव अहाछंदे, पडिहणणा ज्झाण अज्झयण कण्णा। ठाणट्ठिओ निसामे, सुवणाहरणाइगहिएणं ।।१।।" [ओघ.नि.गा. ११०] ततश्च यथाकथञ्चिद् यथाच्छन्दवचनाऽश्रवणमभिहितम्।।२८।।**

**આ પ્રમાણે મિથ્યાત્વનું કારણ એવું યથાછંદવંદન વગેરે ત્યાગ કરવા યોગ્ય છે એમ કહીને હવે તેનો અત્યંત નિષેધ કરવો એ પ્રસ્તુતમાં લાભવાળું જ છે એમ આગમવિશેષથી જણાવતા ગ્રંથકાર આ કહે છે :-**

યથાછંદોના સંપર્ક માત્રથી જ મિથ્યાત્વની પ્રાપ્તિનો સંભવ હોવાથી જ કોઈ પણ રીતે બીજો ઉપાય ન હોવાથી દિવસે યથાછંદના ઉપાશ્રયમાં આવેલો સાધુ જો પોતાનામાં શક્તિ હોય તો યથાછંદની ઉત્સૂત્ર પ્રરૂપણારૂપ ધર્મકથાનો પ્રતીકાર કરે એમ આગમમાં કહ્યું છે.

ઓઘનિર્યુક્તિ આગમમાં **पढमबीआ गिलाणे, तईए सण्णी चउत्थि साहम्मि। पंचमगम्मि अवसही छट्ठे ठाणट्ठिओ होई (६२)** એવી ગાથા છે. આ ગાથામાં છ દ્વારો કહ્યા છે. તેમાં પહેલા અને બીજાદ્વારમાં ગ્લાનનું વર્ણન છે. ત્રીજામાં શ્રાવકનું, ચોથામાં સાધર્મિકનું (= સાધુનું), પાંચમામાં વસતિનું, છઠ્ઠામાં સાધુ સ્થાનમાં રહે = વિહાર ન કરે એ સંબંધી વર્ણન છે. આમ છ દ્વારો છે. તેમાં પાંચમા વસતિદ્વારનું વ્યાખ્યાન કરવાના અવસરે વિહાર કરીને જતો સાધુ કેવી વસતિમાં રહે તે જણાવતાં કહ્યું છે કે- "જ્યાં સંવિગ્ન સાધુઓ રહેતા હોય તેવી વસતિને જોવી, અર્થાત્ તેવી વસતિમાં રહેવું. તેના અભાવમાં સંવિગ્નથી ભાવિત શ્રાવકના મકાનમાં રહેવું. તેના અભાવમાં શૂન્યઘર વગેરેમાં રહેવું. તેના અભાવમાં નિત્યવાસ કરનારા કે પાર્શ્વસ્થ વગેરે લિંગધારીઓની વસતિમાં રહેવું. પણ યથાછંદની વસતિમાં ન રહેવું, અર્થાત્ યથાછંદની વસતિને છોડીને અન્યવસતિમાં અહીં જણાવેલા ક્રમપ્રમાણે રહેવું." (૧૦૫)

આ પ્રમાણે યથાછંદોની પાસે રહેવાનો સર્વથા નિષેધ કહીને હવે બીજો કોઈ ઉપાય ન હોય અને યથાછંદોની પાસે રહેવું પડે તો શું કરવું તે અંગે કહ્યું કે-

પાર્શ્વસ્થ આદિની સાથે રહેવાનું થાય ત્યારે જે વિધિ જણાવ્યો છે એ જ વિધિ યથાછંદની સાથે રહેવાનું થાય ત્યારે જાણવો. કિંતુ એમાં આ વિશેષ છે:- અસત્યમાર્ગને જણાવનારી ધર્મકથાને કરતા યથાછંદનો વ્યાઘાત કરવો, એટલે કે આ વિષય તું જે રીતે કહે છે તે રીતે નથી એમ કહીને તેને અસત્યમાર્ગની પ્રરૂપણા કરતો અટકાવવો. હવે જો તેની અસત્યમાર્ગને જણાવનારી ધર્મકથાને અટકાવી ન શકે તો ધ્યાન કરે. ધ્યાન કરવા છતાં જો તે ધર્મકથા બંધ ન કરે તો ધર્મકથાને રોકવા માટે અધ્યયન કરે. તો પણ ધર્મકથા બંધ ન કરે તો ધર્મકથાને રોકવા માટે બે કાનને બંધ કરી દે, અથવા સુતેલો તે મોટા અવાજથી ઘોરે, જેથી કંટાળેલો તે ધર્મકથાને બંધ કરે." (૧૧૧) ગ્રંથકારે આમ કહીને યથાછંદનું વચન કોઇપણ રીતે ન સાંભળવું એમ કહ્યું. [૨૮]

इदमेवाह-

**इहरा ठएइ कण्णे, तस्सवणा मिच्छमेइ साहूवि।**
**अबलो किमु जो सड्ढो, जीवाजीवाइअणभिण्णो।।२९।।**

**[इतरथा स्थगयति कर्णौ, तच्छ्रवणान्मिथ्यात्वमेति साधुरपि।**
**अबलः किं पुनर्यः श्राद्धो, जीवाऽजीवाद्यनभिज्ञः ।।२९।।]**

''इहरा'' गाहा व्याख्या- 'इतरथा' तत्कथाप्रतिघाताऽशक्तौ तथाविध-वचनपाटवाऽभावादिनासत्यां किम् ? 'स्थगयति' करादिना पिधत्ते 'कर्णौ' श्रुती तद्वचनश्रवणपरिपन्थितया, उपलक्षणं चैतत्, उदितागमगदितानामध्ययनादीनां तत्कथाविघातहेतूनाम्। किमर्थमेवमसौ करोति ? इत्याह-'तच्छ्रवणात्', यथाच्छन्दवचनश्रवणात् 'मिथ्यात्वमेति' विपर्ययं याति 'अबलः' तथाविधाऽऽगमाऽभ्यासरहितत्वेन सन्मार्गे विशिष्टाऽवष्टम्भरहित उत्तरदानादावसमर्थः, 'किं पुनः' किमङ्ग यः 'श्राद्धः' श्रद्धावान् श्रावकः?, स तु सुतरां विपरिणमते। निमित्तमाह-जीवाजीवयोरनभिज्ञः, तथाविधाऽऽगमाऽग्रहणादित्यभिप्रायः। इति गाथार्थः॥२९॥

**આ જ (= યથાછંદનું વચન કોઈ પણ રીતે ન સાંભળવું તે જ) કહે છે :-**

તેવા પ્રકારની વચનપટુતા ન હોવાથી યથાછંદની ધર્મકથા અટકાવવા માટે શક્તિ ન હોય તો તેના વચનોનું શ્રવણ ન થાય એ માટે હાથ વગેરેથી કાન બંધ કરી દે, અથવા ધર્મકથાને રોકવામાં હેતુ બને તેવું પ્રસિદ્ધ આગમનું અધ્યયન વગેરે કરે, જો તેમ ન કરે તો સાધુ પણ મિથ્યાત્વને (= વિપરીતપણાને) પામે. જેની પાસે વિશેષ શ્રુત છે તેવો સાધુ પણ યથાછંદની દેશનાથી વિપરિણામને પામે, તો પછી જે શ્રાવક નિર્બલ અને જીવ - અજીવ વગેરેના જ્ઞાનથી રહિત હોય તેના માટે શું કહેવું? તે તો સુતરાં વિપરિણામને પામે.

નિર્બલ એટલે તેવા પ્રકારના આગમના અભ્યાસથી રહિત હોવાના કારણે સન્માર્ગમાં આલંબનથી રહિત અને ઉત્તર આપવા વગેરેમાં અસમર્થ. ઉત્તર આપવા માટે અસમર્થ કેમ છે તે જણાવવા માટે "જીવ - અજીવ વગેરેના જ્ઞાનથી રહિત છે" એમ કહ્યું. તેવા પ્રકારનો આગમનો અભ્યાસ ન હોવાના કારણે જીવ-અજીવ વગેરેના જ્ઞાનથી રહિત છે. [૨૯]

कथं विपरिणमति? इत्याह-

**वयणविसंवायाओ, उप्पज्जइ संसओ फुडं जं से।**
**तम्हा तमणाययणं, मिच्छं मिच्छत्तहेऊ वि ॥३०॥**

[वचनविसंवादात्, उत्पद्यते संशयः स्फुटं यदेतस्य।
तस्मात्तदनायतनं, मिथ्यात्वं मिथ्यात्वहेतुरपि॥३०॥]

''वयण'' गाहा व्याख्या-वचनयोः- सन्मार्गप्रकाशकाऽऽख्याताऽधुनाऽऽख्यायमानयोर्विसंवादात्-परस्पराऽघटमानत्वलक्षणात् 'उत्पद्यते संशयः' संभवति संदेहः ''किं तत्सत्यमिदं वा? '' इत्यादिरूपः 'स्फुटं' प्रकटम्, संशयकारणस्य प्रबलत्वान्नाऽप्रकटत्वं संशयस्येति स्फुटार्थः। 'यत्' यस्मात् सन्मार्गसंशीतेर्निबन्धनं 'से' एतस्य 'तत्' तस्माद् यथाच्छन्दवन्दनादि निषेध्यतया प्रकृतम्, 'तत्' वा

**यथाच्छन्दवन्दनस्थानादि, किम् ? 'अनायतनं' आगमपरिभाषितमशुद्धिस्थानम्। तदुक्तं तत्र-"सावज्जमणाययणं, असोहिठाणं कुसीलसंसग्गी। एगट्ठा हुंति पया, विवरीआ चेव आयणे॥१॥ [ .]" ननु कथमिदं लौकिकदेववन्दनादि यथाच्छन्दवन्दनाऽऽद्यवसानं मिथ्यात्वम्? यावता विपर्यस्ताध्यवसायरूपमेव मिथ्यात्वमागमेऽभिहितम्, अतः कथं मिथ्यात्ववर्जनाऽवसरे वर्ज्यतयाऽभिधानमस्य? इत्याह-'मिच्छं' इत्यादि। मिथ्यात्वमत्र मिथ्याहेतुरूपमप्यभिप्रेतं हेतुफलभावेन, यथा "तन्दुलान् वर्षति पर्जन्यः" इति; विपर्यस्तपरिणामकारि मिथ्यात्वनिबन्धनं चैतद्वन्दनादि, तेन तत्कार्यरूपं मिथ्यात्वं परिहारयता तद्धेतुरपि परिहार्य एवोच्यते; 'न हि हेतुविनाशं विना फलविनाशः, अविकलकारणसद्भावेऽवश्यंभावित्वात् फलस्य;' अन्यथा हेतुफलभाव एव न भवेत्। अलमतिप्रसङ्गेन। स्थितमेतत्-मिथ्यात्वहेतुरपि मिथ्यात्वम्, अतस्तत् परिहार्यम्। इति गाथार्थः॥३०॥**

**કેવી રીતે વિપરિણામ પામે છે તે કહે છે :-**

સન્માર્ગના પ્રકાશકોએ કહેલું અને હમણાં કહેવાતું એ બેનો વિસંવાદ થવાથી (= પરસ્પર ન ઘટવાથી) તે સાચું કે આ સાચું? એવો સ્પષ્ટ સંશય ઉત્પન્ન થાય છે. સંશયના કારણો પ્રબલ હોવાથી સંશય સ્પષ્ટ થાય છે. જે નિષેધ કરવા લાયક તરીકે પ્રસ્તુત છે (= હમણાં જેનો નિષેધ કરાઇ રહ્યો છે) તે યથાછંદવંદન વગેરે સંશયનું કારણ હોવાથી અનાયતન છે. અનાયતનને આગમમાં અશુદ્ધિસ્થાન કહ્યું છે. કહ્યું છે કે "**સાવદ્ય, અનાયતન, અશુદ્ધિસ્થાન, કુશીલસંસર્ગી આ શબ્દો એક અર્થવાળા છે. એનાથી વિપરીત અસાવદ્ય, આયતન, શુદ્ધિસ્થાન અને સુશીલસંસર્ગી આ શબ્દો એક અર્થવાળા છે.**" (ઓ.નિ.ગા. ૭૬૪)

**પ્રશ્ન :-** લૌકિકદેવવંદનથી આરંભી યથાછંદવંદન સુધીનાં બધાં સ્થાનોને મિથ્યાત્વ કેમ કહ્યું? કારણ કે આગમમાં વિપરીત અધ્યવસાયવાળાનેજ મિથ્યાત્વ કહ્યું છે, (લૌકિકદેવ-વંદન વગેરેને મિથ્યાત્વ કહ્યું નથી.) તેથી મિથ્યાત્વ ત્યાગના અવસરે લૌકિકદેવ-વંદન વગેરેને છોડવા લાયક તરીકે કેમ કહ્યું? **ઉત્તર :** (मिच्छं मिच्छत्तहेऊ वि=) અહીં કારણમાં કાર્યના ઉપચારથી મિથ્યાત્વહેતુરૂપ મિથ્યાત્વ પણ 卐 અભિપ્રેત છે. જેમકે "મેઘ ચોખાની વૃષ્ટિ કરે છે" એમ બોલાય છે. અહીં મેઘ પરમાર્થથી તો પાણીની વૃષ્ટિ કરે છે, ચોખાની

卐 અહીં કાર્યરૂપ મિથ્યાત્વ તો અભિપ્રેત છે જ, કિંતુ મિથ્યાત્વહેતુ રૂપ મિથ્યાત્વ પણ અભિપ્રેત છે એમ 'પણ' શબ્દનો અર્થ છે.

નહિ. આમ છતાં પાણીથી ચોખા થતા હોવાથી પાણી ચોખાનું કારણ છે. એથી કારણ એવા પાણીમાં કાર્ય એવા ચોખાનો ઉપચાર કરીને મેઘ ચોખાની વૃષ્ટિ કરે છે એમ બોલાય છે. પ્રસ્તુતમાં મિથ્યાત્વનું કારણ એવા લૌકિકદેવ-વંદન વગેરે વિપરીત પરિણામને કરે છે. તેથી શ્રાવકને લૌકિક દેવ-વંદનાદિના કાર્યરૂપ (= વિપરીત પરિણામરૂપ) મિથ્યાત્વનો ત્યાગ કરાવનાર ગુરુ કાર્યરૂપ મિથ્યાત્વના હેતુને (= લૌકિકદેવ-વંદન વગેરેને) પણ છોડવા લાયક જ કહે છે. કારણના નાશ વિના કાર્યનો નાશ થતો નથી. કારણ કે પરિપૂર્ણ કારણની વિદ્યમાનતા હોય ત્યારે કાર્ય અવશ્ય થાય છે. પરિપૂર્ણ કારણની વિદ્યમાનતા હોવા છતાં કાર્ય ન થાય તો કાર્ય-કારણભાવ જ ન થાય. અતિવિસ્તારથી સર્યું. આનાથી એ સિદ્ધ થયું કે મિથ્યાત્વનું કારણ પણ મિથ્યાત્વ છે. આથી તેનો ત્યાગ કરવો જોઈએ.[૩૦]

प्रस्तुतनिगमनायाह-

**इय सपरपक्खविसयं, सकारणं जाणिऊण मिच्छत्तं।**
**पच्चक्खिय तिह तिविहेण, पालणाभावणा एवं।।३१।।**

**[इति स्वपरपक्षविषयं सकारणं ज्ञात्वा मिथ्यात्वं।**
**प्रत्याख्याय त्रिधा त्रिविधेन, पालनाभावना एवं।।३१।।]**

**''इय'' गाहा व्याख्या-इतिशब्द एवंप्रकारार्थः। एवंप्रकारं मिथ्यात्वं ज्ञात्वेति योगः। इह च ''तेरितेर्वाक्यादौ'' इति इतेरितोऽदादेशे ''कगचज'' इत्यादिना तलोपे सत्येवं पाठः। 'स्वपरपक्षविषयं' प्रदर्शितविभागेन लोकलोकोत्तराश्रयमित्यर्थः। 'सकारणं' सह कारणेन 'मिथ्यात्वं' हेतुरूपमपि प्रदर्शितं ज्ञात्वेत्यर्थः। 'प्रत्याख्याय' परिहारेणाङ्गीकृत्य 'त्रिधा' कृतकारितानुमोदनैः 'त्रिविधेन' मनसा वाचा कायेन, तथैव पालयेद् इत्युत्तरक्रियाध्याहारः, 'पच्चक्खइ' इति तु पाठे इयमेवोत्तरक्रिया। पालनाभावना त्रिधा त्रिविधेन मिथ्यात्वपरिहारनिर्वाहणपरमार्थ इत्यर्थः। 'एवं' अभिधास्यमानप्रकारा। इति गाथार्थः।।३१।।**

**પ્રસ્તુત વિષયનો ઉપસંહાર કરવા માટે કહે છેઃ-**

અહીં સુધી જણાવ્યા પ્રમાણે લૌકિક અને લોકોત્તર ભેદવાળા તથા કાર્યરૂપ અને કારણરૂપ મિથ્યાત્વને જાણીને ત્રિવિધ-ત્રિવિધથી પચ્ચક્ખાણ કરીને તે જ રીતે પાળે. ત્રિવિધ-ત્રિવિધથી કરેલા મિથ્યાત્વત્યાગને પાળવાનો પરમાર્થ આ પ્રમાણે (= હવે પછી

કહેવામાં આવશે તે પ્રમાણે) છે. ત્રિવિધ એટલે કૃત, કારિત અને અનુમોદિત, અર્થાત્ કરવું, કરાવવું અને અનુમોદવું એ ત્રિવિધ. ત્રિવિધથી એટલે મનથી, વચનથી અને કાયાથી. [૩૧]

तामेव भावनामाह-

**एयं अणंतरुत्तं, मिच्छं मणसा न चिंतइ करेमि।**
**सयमेसो य करेऊ, अण्णेण कए वि सुट्ठु कयं।।३२।।**

**[एवमनन्तरोक्तं, मिथ्यात्वं मनसा न चिन्तयति करोमि।**
**स्वयमेष च करोतु अन्येन कृतेऽपि सुष्ठु कृतम्।।३२।।]**

**''एयं'' गाहा व्याख्या-एतदनन्तरोक्तं 'मिथ्यात्वं' लौकिकदेववन्दनादिकं 'मनसा' चेतसा 'न चिन्तयति' नाभिसंघत्ते, यथा करोम्यहमिदं मिथ्यात्वं 'स्वयं' आत्मना, कृतमिदं मनसा; एष वा करोत्विति तु कारितम्; अन्येन कृते वा सुष्ठु कृतमिति मनःसम्प्रधारणमनुमोदनम्। इति गाथार्थः।।३२।।**

**પાળવાના પરમાર્થને જ કહે છે :-**

હું મિથ્યાત્વ કરું એમ વિચારવું એ મનથી કૃત (= કરેલું) છે. તે મિથ્યાત્વ કરે એમ વિચારવું એ મનથી કારિત (= કરાવેલું) છે. કોઈએ મિથ્યાત્વ કર્યું હોય ત્યારે સારું કર્યું એમ વિચારવું એ મનથી અનુમોદન (= અનુમોદેલું) છે. આથી મિથ્યાત્વના ત્યાગને પાળવા માટે લૌકિકદેવ-વંદન વગેરે મિથ્યાત્વને હું કરું એમ મનથી ન વિચારે, તે (= બીજી કોઈ વ્યક્તિ) મિથ્યાત્વને કરે એમ મનથી ન વિચારે, કોઈએ મિથ્યાત્વ કર્યું હોય ત્યારે તેણે આ સારું કર્યું એમ મનથી ન વિચારે. [૩૨]

तथा वाचा त्रिविधमाह-

**एवं वाया न भणइ, करेमि अण्णं च न भणइ करेहि।**
**अन्नकयं न पसंसइ, न कुणइ सयमेव काएणं।।३३।।**

**[एवं वाचा न भणति, करोमि अन्यं च न भणति कुरु।**
**अन्यकृतं न प्रशंसति, न करोति स्वयमेव कायेन।।३३।।]**

**''एवं'' गाहा व्याख्या-'एवं' मनोवद् वाचा न भणति, यथा करोम्यहं मिथ्यात्वम्। अन्यं न भणति, यथा कुरु त्वम्। अन्यकृतं न प्रशंसति, यथा शोभनमिदं कृतम्। कायेनाऽऽह-न करोति स्वयमेव कायेन। इति गाथार्थः।।३३।।**

**હવે વચનથી ત્રિવિધને કહે છે :-**

હું મિથ્યાત્વને કરું એમ વચનથી ન બોલે, અન્યને તું મિથ્યાત્વ કર એમ વચનથી ન કહે, બીજા કોઈએ મિથ્યાત્વ કર્યું હોય તો તેણે સારુ કર્યું એમ વચનથી પ્રશંસા ન કરે. [૩૩]

**करसन्नभमुहखेवाइएहिं न य कारवेइ अन्नेणं।**
**न पसंसइ अन्नकयं, छोडियहसियाइचेट्ठाहिं।।३४।।**

**[करसंज्ञाभ्रूक्षेपादिभिः, न च कारयति अन्येन।**
**न प्रशंसति अन्यकृतं, छोटिकाहसितादिचेष्टाभिः।।३४।।]**

**''कर'' गाहा व्याख्या-'करसंज्ञाभ्रूक्षेपादिभिः' कायव्यापाररूपैः प्रतीतैरेव नो कारयति, मिथ्यात्वमिति सर्वत्र प्रकृतमेव, 'अन्येन' परेण। अन्यकृतं न प्रशंसति 'छोटिकाहसितादिचेष्टाभिः' प्रतीताभिरेव। इति गाथार्थः।।३४।।**

**હવે કાયાથી ત્રિવિધ કહે છે :-**

卐 સ્વયં કાયાથી મિથ્યાત્વ ન કરે, હાથથી ઈશારો કરવો, ભમર ચઢાવવી ઈત્યાદિ પ્રસિદ્ધ ચેષ્ટાઓ વડે કાયાથી બીજાઓને મિથ્યાત્વ ન કરાવે, બીજાઓએ મિથ્યાત્વ કર્યું હોય ત્યારે ચપટી વગાડવી, હસવું વગેરે પ્રસિદ્ધ ચેષ્ટાઓ વડે કાયાથી બીજાના મિથ્યાત્વની પ્રશંસા ન કરે. [૩૪]

एवं त्रिधा त्रिविधेन मिथ्यात्वपरिहारे श्रावकस्य प्रतिपादिते प्राणातिपातादाविव त्रिधा त्रिविधेन विरतिमसंभावयन् कदाचित्परो ब्रूयात्, यथा-

**आह तिहाणुमई जं, संवासुवभोयपडिसुणणभेया।**
**गिहिणो य सयावासो, बहुमिच्छादिट्ठिमज्झम्मि।।३५।।**

卐 " સ્વયં કાયાથી મિથ્યાત્વ નકરે" એ વર્ણન ૩૩ મી ગાથામાં હોવા છતાં સળંગ સંબંધ જળવાઈ રહે એ માટે ૩૪ મી ગાથામાં લીધું છે.

[आह त्रिधाऽनुमतिः यत्संवासोपभोगप्रतिश्रवणभेदात्।
गृहिणश्च सदावासः, बहुमिथ्यादृष्टिमध्ये॥३५॥]

**''आह'' गाहा व्याख्या-'आह' परो ब्रूते 'त्रिधा' त्रिप्रकारा 'अनुमतिः' अनुमोदनरूपा 'यत्' यस्मात्। त्रैविध्यमेवाह- संवासः-मिथ्यादृष्टिभिः सहैकत्रवासः, उपभोगः-तत्कृतोपजीवनम्, प्रतिश्रवणं-तत्कुर्वतः कुर्वित्यादिना प्रवर्तनम्, तानि भेदा यस्याः सा तथा, तद्भेदादिति वा। 'गृहिणश्च सदावासः' प्रकृतश्रावकस्य च नित्यं निवसनं संभवेन 'बहुमिथ्यादृष्टिमध्ये' मिथ्यादृष्टिनां बहुत्वादित्यभिप्रायः। इति गाथार्थः॥३५॥**

**આ પ્રમાણે ત્રિવિધ-ત્રિવિધે શ્રાવકના મિથ્યાત્વત્યાગને જણાવ્યું. અહીં જેમ પ્રાણાતિપાત વગેરે શ્રાવકના વ્રતોમાં ત્રિવિધ-ત્રિવિધે વિરતિ થઈ શકતી નથી તેમ મિથ્યાત્વનો ત્યાગ પણ ત્રિવિધ-ત્રિવિધે ન થઈ શકે એમ અન્ય કોઈ જે રીતે કહે છે તે રીતે જણાવે છેઃ-**

અન્ય કોઈ કહે છે કે- અનુમોદના સંવાસ, ઉપભોગ અને પ્રતિશ્રવણ એ ત્રણ ભેદથી ત્રણ પ્રકારે છે. મિથ્યાદૃષ્ટિઓની સાથે રહેવું તે સંવાસ અનુમોદના છે. મિથ્યાદૃષ્ટિઓએ કરેલી વસ્તુનો ઉપભોગ (= ઉપયોગ) કરવો તે ઉપભોગ અનુમતિ છે. કાર્ય કરતા એવા જીવને તું કર એમ કાર્યમાં પ્રવર્તાવવો એ પ્રતિશ્રવણ અનુમોદના છે. મિથ્યાદૃષ્ટિઓ ઘણા હોવાથી શ્રાવક સદા ઘણા મિથ્યાદૃષ્ટિઓની વચ્ચે રહે છે. [૩૫]

एवं च-

## ता कह संवासाणुमइवज्जणं संभवइ ? सुणसु एत्थं।
## न हु जिणमयम्मि संवासमित्तओ अणुमई इट्ठा॥३६॥

[तत्कथं संवासानुमतिवर्जनं सम्भवति ? श्रृणु अत्र।
न हु जिनमते संवास-मात्रादनुमतिरिष्टा॥३६॥]

**''ता कह'' गाहा व्याख्या-'तत्' तस्मात् 'कथं' केन प्रकारेण संवासानुमतेः-संवासवशाऽऽगतमिथ्यात्वानुमोदनस्य वर्जनं-परिहारः 'संभवति' समस्ति? इत्येवं परेणोक्ते सत्याह सूरिः-'श्रृणु' आकर्णय 'अत्र' मिथ्यात्वे; अन्यत्र त्वाधाकर्माऽरम्भादौ ''पडिसेवण पडिसुणणा, संवासणुमोअणणा य चउरो [पिण्ड.नि.गा.१२४] इत्यादिवचनैर्व्यक्तैवाऽनुमतिः संवासनिबन्धनाऽभि-**

**हितेत्याभिप्रायः; 'न हु' नैव 'जिनमते' अर्हच्छासने 'संवासमात्रात्' मिथ्या-दृष्टिभिः सहैकत्रवसनादेवेत्यर्थः 'अनुमतिः' अनुमोदना 'इष्टा' अभिप्रेता आगमज्ञैरिति गम्यते। इति गाथार्थः॥३६॥**

તેથી શ્રાવકને મિથ્યાત્વની સંવાસાનુમતિનો ત્યાગ કેવી રીતે થઈ શકે ? આ પ્રમાણે બીજાએ કહ્યું એટલે આચાર્ય ઉત્તર આપે છે:- તું સાંભળ. જિનશાસનમાં મિથ્યાદષ્ટિઓની સાથે રહેવા માત્રથીજ મિથ્યાત્વની અનુમતિ આગમના જ્ઞાતાઓને ઈષ્ટ નથી.

**પ્રશ્ન** :- આધાકર્મ અને આરંભ વગેરેમાં 卐 **पडिसेवण-पडिसुणणा, संवासणमोअणाय चउरोवि** (પિંડ નિર્યુક્તિ ગા. ૧૨૪) ઇત્યાદિ વચનોથી સાથે રહેવાના કારણે અનુમતિ સ્પષ્ટ જ કહી છે. **ઉત્તર** :- આધાકર્મ અને આરંભ વગેરેમાં સાથે રહેવાના કારણે અનુમતિ ઇષ્ટ છે, પણ મિથ્યાત્વમાં સાથે રહેવાના કારણે અનુમતિ ઇષ્ટ નથી.[૩૬]

विपक्षे बाधकमाह-

**आरंभे विव मिच्छे, सव्वेसिं सव्वहिं अइपसंगो।**
**को पुण एत्थ विसेसो, भन्नइ इणमो निसामेहि॥३७॥**

**[आरम्भे इव मिथ्यात्वे, सर्वेषां सर्वत्रातिप्रसङ्गः।**
**कः पुनरत्र विशेषः, भण्यतेऽयं निशामय॥३७॥]**

**''आरंभे विव'' गाहा व्याख्या- 'आरम्भे' पृथिव्याद्युपमर्दनलक्षणे, ''पिवमिवविव वा इवार्थे'' इतीवार्थे विवादेशः। ततश्चारम्भ इवेति व्यतिरेकदृष्टान्तः, मिथ्यात्वेऽनुमतौ अङ्गीक्रियमाणायां किं स्यात्? इत्याह- 'सर्वेषां' जिनयत्यादीनां 'सर्वत्र' लौकिकवदेव वन्दनादिरूपे मिथ्यात्वे 'अतिप्रसङ्गः' अतिव्याप्तिः स्यात्, केवलिनोऽपि मिथ्यात्वाऽनुमतिः स्यादित्यभिप्रायः। पर आह-'कः पुनरत्र विशेषः? येनाऽऽरम्भे संभवत्यनुमतिर्न तु मिथ्यात्वे।' आचार्य आह-'भण्यते' कथ्यते 'अयं' वक्ष्यमाणतया प्रत्यक्षो विशेषोऽयं भण्यत इति संटङ्कः, 'निशामय' श्रुणु। इति गाथार्थः॥३७॥**

---

卐 આ પાઠનો અર્થ આ પ્રમાણે છે:- આધાકર્મ આહાર વાપરનાર સાધુને પ્રતિસેવન દોષ લાગે. આધાકર્મ આહાર વાપરે નહિ, પણ બીજો કોઈ સાધુ આધાકર્મ આહારનું નિમંત્રણ કરે ત્યારે સાંભળે-નિષેધ ન કરે, અથવા આધાકર્મ આહાર વાપરવાની પ્રવૃત્તિમાં ઉત્તેજન મળે તેવું કરે, તો પ્રતિશ્રવણ દોષ લાગે. આધાકર્મ આહાર વાપરનારની સાથે રહેનારને સંવાસ દોષ લાગે. આધાકર્મ વાપરનારની પ્રશંસા કરનારને અનુમોદના દોષ લાગે.

**જો સાથે રહેવાના કારણે મિથ્યાત્વમાં અનુમતિ થતી હોય તો દોષ આવે એમ કહે છે :-**

પૃથ્વી આદિની હિંસારૂપ આરંભની 卐 જેમ મિથ્યાત્વમાં પણ સંવાસાનુમતિનો સ્વીકાર કરવામાં આવે તો લૌકિક દેવ-વંદન વગેરે સર્વ પ્રકારના મિથ્યાત્વમાં અતિવ્યાતિ દોષ થાય, કારણ કે જિન અને સાધુ વગેરે બધાયને મિથ્યાત્વની અનુમતિ થાય, અર્થાત્ કેવલીઓને પણ મિથ્યાત્વની અનુમતિ થાય.

અહીં શિષ્ય પ્રશ્ન કરે છે કે, અહીં શો તફાવત છે કે જેથી સાથે રહેવાથી આરંભમાં અનુમતિ થાય, અને મિથ્યાત્વમાં ન થાય. આચાર્ય જવાબ આપે છે કે 卐 આ તફાવતને અમે કહીએ છીએ, તું સાંભળ. [૩૭]

तत्र तावत् सामान्येनाऽऽरम्भमिथ्यात्वयोरनुमतेः परिहार्यतयाऽभीष्टायाः स्वरूपमाह-

**आरंभे मिच्छत्ते, व वट्टमाणस्स जं पइ विगप्पो।**
**मं अणुमन्नइ एसो, होइ अ(होअ)णुमइ तस्स तत्थेव।।३८।।**

**[आरम्भे मिथ्यात्वे वा, वर्त्तमानस्य यं प्रति विकल्पः।**
**मामनुमन्यते एषः, भवति अनुमोदना तस्य तत्रैव।।३८।।]**

**''आरंभे'' गाहा व्याख्या-'आरम्भे' अभिहितस्वरूपे 'मिथ्यात्वे वा' व्यस्तनिर्देशे 'वर्त्तमानस्य' प्रवर्तमानस्य, आरम्भादाविति गम्यते। 'यं प्रति' यं श्रावकादिकमुद्दिश्य 'विकल्पः' हृदयाकूतम्, तदेवाह-'मामनुमन्यते' मामारम्भादिप्रवृत्तमनुमोदते 'एषः' श्रावकादिः, एवंरूपो विकल्पो यं प्रति 'भवति' जायते 'अनुमतिः' अनुमोदना 'तस्य' तत्कर्तृविकल्पविषयीकृतस्य 'तत्रैव' आरम्भादौ, यो हि किलाऽऽरम्भादौ वर्तमानस्य तथाऽऽनुकूल्यं दर्शयति यथा तस्यैवं मनःस्यात्-'यदुत मामेषोऽत्र प्रवर्तमानमनुमन्यते' तत्र तस्यामनुमतिरिति हृदयम्। इति गाथार्थः।।३८।।**

---

卐 आरम्भे इवेति व्यतिरेकदृष्टान्तः આરંભની જેમ એ વ્યતિરેક દૃષ્ટાંત છે. સાધ્યાભાવને જણાવનાર દૃષ્ટાંત વ્યતિરેક દૃષ્ટાંત કહેવાય. અહીં અનુમતિનો અભાવ સાધ્ય છે.

અનુમતિના અભાવનો અભાવ = અનુમતિ સાધ્યાભાવ છે. આરંભ સાધ્યાભાવને = અનુમતિને જણાવે છે. માટે વ્યતિરેક દૃષ્ટાંત છે.

卐 इदम् શબ્દનો પ્રયોગ પ્રત્યક્ષ વસ્તુ માટે થાય. માટે ટીકાકારે वक्ष्यमाणतया प्रत्यक्षो ( = હમણાંજ કહેવામાં આવશે એ દૃષ્ટિએ પ્રત્યક્ષ) એમ કહ્યું છે.

**તેમાં પહેલાં આરંભ અને મિથ્યાત્વમાં ત્યાગ કરવા લાયક તરીકે ઇષ્ટ અનુમતિનું સામાન્યથી સ્વરૂપ કહે છે :-**

આરંભમાં કે મિથ્યાત્વમાં પ્રવૃત્તિ કરતા એવા જેને જેના પ્રત્યે (=જે શ્રાવક વગેરેને ઉદ્દેશીને) "આરંભ વગેરેમાં પ્રવૃત્ત થયેલા મને આ અનુમોદે છે" એવો હાર્દિક અભિપ્રાય થાય, તે શ્રાવક વગેરેને તેના જ આરંભ વગેરેમાં અનુમોદના થાય. અહીં ભાવાર્થ આ છે:- જે શ્રાવક વગેરે આરંભ વગેરેમાં પ્રવર્તતા બીજા કોઈને તે રીતે અનુકૂલતા બતાવે કે જેથી આરંભ વગેરેમાં પ્રવર્તતા બીજા કોઈને એમ થાય કે "આ શ્રાવક વગેરે આરંભ વગેરેમાં પ્રવર્તતા મને અનુમોદે છે." ત્યાં તે શ્રાવક વગેરેને અનુમોદના દોષ થાય. [૩૮]

एवं सामान्येनानुमतिस्वरूपमभिधाय साम्प्रतं प्रकृतमारम्भाऽनुमत्या मिथ्यात्वाऽनुमतेर्वैसदृश्यमभिधातुं संवासादारम्भानुमतिमाह-

**जह राया सिट्ठजणो, कलजीवी पगइ अंतवासी य।**
**सव्वे मन्नंतेवं, वसाम अन्नोन्नसंगहिया।।३९।।**

**[यथा राजा शिष्टजनः कलाजीविनः प्रकृतयोऽन्तवासिनश्च।**
**सर्वे मन्यन्त एवं वसामोऽन्योऽन्यसंग्रहिकाः।।३९।।]**

**''जह'' गाहा व्याख्या-'यथा' इत्युदाहरणोपन्यासे, निवासायातस्य मिथ्यात्वस्यानुमतेरिदमुदाहरणमित्यर्थः। 'राजा' नृपतिः, 'शिष्टजनः' अमात्यादिः, श्रेष्ठिजन इति क्वचित् पाठः, 'कलाजीविनः' वणिगादयः, ''ह्रस्वदीर्घा मिथः'' इति ह्रस्वत्वं कलाशब्दस्य, 'प्रकृतयः' मालाकाराद्याः, 'अन्तवासिनः' जनङ्गमादयः। 'चः' समुच्चये। 'सर्वे' प्रागुक्ताः 'मन्यन्ते' बुध्यन्ते 'एवं' अभिधास्यमानस्वरूपम्, यथा वसामो वयमत्र 'अन्योन्यसंग्रहिकाः' परस्परोकारवन्त इत्यर्थः, 'अन्योन्यसङ्गहिता वा' अन्योन्यसङ्ग-परस्परसंबन्धं हिताः-गतास्तेन वा हिताः-उपकारिण इत्यर्थः। ते एवंविधा वसाम इत्येवं मन्यन्ते। इति गाथार्थः।।३९।।**

**આ પ્રમાણે સામાન્યથી અનુમતિનું સ્વરૂપ કહીને હવે આરંભાનુમતિની અપેક્ષાએ મિથ્યાત્વાનુમતિમાં રહેલી વિશેષતા કે જે વિશેષતા અહીં પ્રસ્તુત છે, તેને કહેવા માટે સાથે રહેવાના કારણે થતી આરંભાનુમતિને કહે છે :-**

સંવાસના કારણે આવેલી મિથ્યાત્વની અનુમતિમાં (=સંવાસના કારણે મિથ્યાત્વમાં

અનુમતિ દોષ ન લાગે એ વિષયમાં) દૃષ્ટાંત આ પ્રમાણે છેઃ- રાજા, મંત્રી વગેરે શિષ્ટ લોકો, વેપારી વગેરે, માળી વગેરે પ્રજા અને ચંડાલ વગેરે બધા "અમે પરસ્પર ઉપકારવાળા બનીને અહીં રહીએ છીએ" એમ માને છે. [૩૯]

तथा-

**करदाणेण य सव्वे, अन्नोन्नुवगारिणो फुडं चेय।**
**राया जाणवयाई, सिप्पकलाजीवणेणं च॥४०॥**

[करदानेन च सर्वे, अन्योऽन्योपकारिणः स्फुटमेव।
राजादयो जनपदादयः, शिल्पकलाजीवनेन च॥४०॥]

**"कर" गाहा व्याख्या-'करदानेन' आभाव्यद्रव्यप्रवेशरूपेणामात्यादयः, चशब्दात् तद्ग्रहणेन राजादयः 'अन्योन्योपकारिणः' परस्परोपष्टम्भहेतवः 'स्फुटं' प्रकटम्, 'चेय' त्ति "चिअचेय एवार्थे" इत्येवार्थे चेयनिपातः। राजादयः पालकः जनपदादयः पाल्याः, शिल्पकलाजीवनेन चोपकारिणः स्फुटमेव। इति गाथार्थः॥४०॥**

તથા કર 卐 આપવા વડે મંત્રી વગેરે અને કર લેવા વડે રાજા વગેરે પરસ્પર મદદના હેતુ છે એ સ્પષ્ટ જ છે. રાજા વગેરે પાલક છે અને દેશ (= પ્રજા) વગેરે પાલન કરવા યોગ્ય છે. તથા શિલ્પકલારૂપ આજીવિકાથી પરસ્પર ઉપકાર કરનારા છે એ સ્પષ્ટ જ છે.[૪૦]

प्रकृतं निगमयन्नाह-

**इय आरंभेऽणुमई, किरियासामग्गिसंगयं जम्हा।**
**मिच्छं पुण भावकयं, सो पुण भावो न परजणिओ॥४१॥**

[इत्यारम्भेऽनुमतिः क्रियासामग्रीसङ्गतं यस्मात्।
मिथ्यात्वं पुनर्भावकृतम्, स पुनर्भावो न परजनितः॥४१॥]

**"इय" गाहा व्याख्या- इतिहेतोरारम्भेऽनुमतिः, संवासाद् भवतीति गम्यते। प्रोक्तमेव हेतुं किञ्चिद्विशेषितमाह- 'क्रियासामग्रीसङ्गतं यस्मात्' इति**

卐 आभाव्यद्रव्यप्रवेशरूपेण = માલિકીના દ્રવ્યનો પ્રવેશ કરાવવા રૂપે આ પ્રમાણે શબ્દાર્થ છે. ભાવાર્થ તો "કર આપવા વડે" એવો છે.

क्रियासामग्र्याम्-आरम्भप्रवृत्तिसमग्रतायां सङ्गतं-साङ्गत्यमन्योन्योपष्टम्भरूपं यस्मात् येन कारणेन तस्मादारम्भेऽनुमतिः स्यादित्यभिप्रायः। अत एव यतेः क्रियासामग्रीसङ्गतेरभावान्न संवासादनुमतिप्रसङ्गेनातिप्रसङ्गः। 'नन्वेवं मिथ्यात्वे किं न भवति?' एतदाह-'मिथ्यात्वं पुनर्भावकृतम् मिथ्यात्वं हि भावकृतम्-अध्यवसायनिर्वर्तितम्, विपर्यस्ताध्यवसायरूपत्वात्तस्य। पुनःशब्द आरम्भ-व्यापारादस्य वैशिष्ट्यमाह, ततश्च किम्? 'स पुनर्भावः' मिथ्यात्वरूपः न परजनितः- न सहवासिनिष्पादितः। यद्यपि श्रावकराजादिनोपष्टभ्यमानो मिथ्यादृष्टिर्लौकिकदेववन्दनादि मिथ्यात्वं निर्वाहयति तथापि न तस्य तत्रानुमतिः, अध्यवसायस्यैव मिथ्यात्वात्, तस्य चोपष्टम्भः कृतः स्याद् यद्यसौ व्यक्तानुकूल्यव्यापारैरस्यैवं विकल्पमुत्पादयेत्- 'यदुत मामेवं मिथ्यात्वे प्रवर्तमानमनुमन्यते एषः' इत्यभिप्रायः। इति गाथार्थः॥४१॥

**પ્રસ્તુત વિષયનો ઉપસંહાર કરતા ગ્રંથકાર કહે છે :-**

આથી આરંભમાં સંવાસથી અનુમતિ થાય. આરંભમાં સંવાસાનુમતિ થાય એ માટે પૂર્વે જે હેતુ કહ્યો છે તે જ હેતુને કાંઈક વિશેષથી કહે છે:- આરંભમાં આરંભવાળી પ્રવૃત્તિની પૂર્ણતામાં પરસ્પર મદદ રહેલી છે, આથી આરંભમાં સંવાસથી અનુમતિ દોષ થાય. આથીજ આરંભવાળી પ્રવૃત્તિની પૂર્ણતામાં સાધુની મદદ ન હોવાથી સાધુને સંવાસના કારણે અનુમતિ દોષ ન થાય.

**પ્રશ્ન:** મિથ્યાત્વમાં આ પ્રમાણે કેમ ન થાય ? **ઉત્તર:** મિથ્યાત્વ અધ્યવસાયથી ઉત્પન્ન કરાય છે. કારણ કે મિથ્યાત્વ વિપરીત અધ્યવસાયરૂપ છે. આથી મિથ્યાત્વ સહવાસીઓથી ઉત્પન્ન કરાયો નથી.

જો કે શ્રાવક બનેલા રાજા વગેરેથી મદદ કરાતો મિથ્યાદૃષ્ટિ લૌકિક દેવ-વંદન વગેરે મિથ્યાત્વનું પોષણ કરે છે, તો પણ રાજા વગેરેની તેમાં અનુમતિ નથી. (કારણ કે રાજા વગેરે આરંભમાં મદદ કરે છે, પણ મિથ્યાત્વમાં મદદ કરતા નથી.) હા, જો રાજા વગેરે સ્પષ્ટ અનુકૂલ પ્રવૃત્તિ વડે મિથ્યાદૃષ્ટિને "મિથ્યાત્વમાં પ્રવર્તતા મને આ પ્રમાણે અનુમતિ આપે છે" એ પ્રમાણે હાર્દિક અભિપ્રાય ઉત્પન્ન કરાવે તો મિથ્યાદૃષ્ટિને રાજા વગેરેએ મદદ કરેલી ગણાય. (અને એથી મિથ્યાત્વમાં અનુમતિ થાય.) [૪૧]

प्रसाधितमर्थं निगमयति-

**एवं संवासकओ मिच्छत्तेऽणुमइसंभवो नत्थि।**
**अह तत्थ वि इच्छिज्जइ, ता सम्मत्ते वि सो होइ॥४२॥**

[एवं संवासकृतो मिथ्यात्वेऽनुमतिसम्भवो नास्ति।
अथ तत्रापीष्यते ततश्च, सम्यक्त्वेऽपि स भवेत्।।४२।।]

**''एवं'' गाहा व्याख्या- 'एवं' उक्तनीत्या 'संवासकृत:' सहवासनिमित्त: मिथ्यात्वे अनुमते:-परेणाऽऽसञ्चिताया: संभव:-प्रसङ्ग: 'नास्ति' न विद्यते। तदभ्युपगमेऽतिप्रसङ्गं बाधकमाह-'अथ तत्रापि इष्यते' यदि संवासेऽप्यधिकृता अनुमतिरभ्युपगम्यत इत्यर्थ:, ततश्च 'सम्यक्त्वेऽपि' मोक्षवृक्षमूलकल्पे 'स:' संवासमात्रप्रापिताऽनुमतिसंभव: 'भवेत्' जायेत भवदभिप्रायेण। इति गाथार्थ:।।४२।।**

**સિદ્ધ કરેલા વિષયનો ઉપસંહાર કરે છે:-**

આ પ્રમાણે મિથ્યાત્વમાં સાથે રહેવાના કારણે બીજાએ જોડેલી અનુમતિનો સંભવ નથી. સાથે રહેવાના કારણે મિથ્યાત્વમાં અનુમતિને સ્વીકારવામાં અતિપ્રસંગરૂપ દોષને કહે છે:- જો સંવાસથી પણ મિથ્યાત્વમાં અનુમતિને સ્વીકારવામાં આવે તો આપના અભિપ્રાય પ્રમાણે મોક્ષરૂપ વૃક્ષના મૂળિયા સમાન સમ્યક્ત્વમાં પણ સંવાસમાત્રથી 卐 અનુમતિ થાય. [૪૨]

पराभिप्रायमेवाह-

**अह मन्नसि होइ च्चिय, कह न अभव्वाणमणुमई सम्मे।
सिय तेसु वि को दोसो, मोक्खपसंगाइबहुदोसा।।४३।।**

[अथ मन्यसे भवत्येव, कथं नाऽभव्यानामनुमति: सम्यक्त्वे।
स्यात्तेष्वपि को दोष:? मोक्षप्रसङ्गादिबहुदोषा:।।४३।।]

**''अह'' गाहा व्याख्या-'अथ मन्यसे भवत्येव' इति यदि बुध्यसे संवासमात्रादेवानुमतिरारम्भादाविव सम्यक्त्वेऽपि भवत्येवेत्यर्थ:, ततश्च 'कथं' केन प्रकारेण ''मांसादिषु च'' इत्यनुस्वारलोप:, 'न' इति निषेधे, 'अभव्यानां' मुक्तिगमनाऽयोग्यानां 'अनुमति:' संवासनिमित्तेति प्रकृतम्। 'सम्मे' इति सम्यक्त्वे, एवं ह्यभव्यानां सम्यक्त्वानुमतिरपि स्यादित्यर्थ:। स्यान् मन्यसे 'तेष्वपि' अभव्येषु 'को दोष:?' 'किं दूषणं स्यात्?' अत्रोच्यते-मोक्षप्रसङ्गादयो बहवो दोषा:, एवं हि मोक्षवृक्षावन्ध्यबीजसम्यक्त्वलाभसंभवेनाऽभव्यानामपि मोक्षगमनपञ्चोत्तर (ञ्चानुत्तर) विमानोत्पादादय: सिद्धान्तनिषिद्धा भूयांसो भावा: संभवेयुरिति भाव:। इति गाथार्थ:।।४३।।**

---

卐 प्रापित = પ્રાપ્ત કરેલી, અનુવાદમાં વાક્યરચના ક્લિષ્ટ ન બને એ માટે प्रापित પદનો અર્થ લીધો નથી.

**બીજાના અભિપ્રાયને જ કહે છે :-**

હવે જો આરંભ વગેરેની જેમ સમ્યક્ત્વમાં પણ સંવાસમાત્રથી જ અનુમતિ થાય જ છે એમ તું માને છે તો મુક્તિમાં જવા માટે અયોગ્ય એવા અભવ્યોને સંવાસના કારણે સમ્યક્ત્વની અનુમતિ કેમ ન થાય? અર્થાત્ આ પ્રમાણે તો અભવ્યોને સમ્યક્ત્વની અનુમતિ પણ થાય.

કદાચ તું એમ માને કે અભવ્યોને સમ્યક્ત્વની અનુમતિ થાય તેમાં શો દોષ છે? તો જવાબ આ પ્રમાણે છે:- અભવ્યોને મોક્ષ થવાનો પ્રસંગ આવે વગેરે ઘણા દોષો છે. આ પ્રમાણે તો મોક્ષરૂપ વૃક્ષનું અવંધ્ય બીજ એવા સમ્યક્ત્વનો લાભ થવાથી અભવ્યોને પણ શાસ્ત્રમાં નિષિદ્ધ એવા મોક્ષગમન, પાંચ અનુત્તર વિમાનોમાં ઉત્પત્તિ વગેરે ઘણા ભાવોનો સંભવ થાય. [૪૩]

एवं सम्यक्त्वप्रतिपत्तिप्रसङ्गप्राप्तां मिथ्यात्वनिवृत्तिं त्रिविधं त्रिविधेनाभिधाय निगमयति-

**इय मिच्छाओ विरमिय, सम्मं उवगम्म भणइ गुरुपुरओ।**
**अरहंतो निस्संगो, मम देवो दक्खिणा साहू॥४४॥**

**[इति मिथ्यात्वाद्विरम्य, सम्यगुपगम्य भणति गुरुपुरतः।**
**अर्हन्निस्सङ्गः मम देवो दक्षिणाः साधवः॥४४॥]**

**''इय मिच्छाओ'' गाहा व्याख्या-'इति' उदितनीत्या त्रिविधं त्रिविधेन 'मिथ्यात्वात्' उक्तस्वरूपात् 'विरम्य' विरत्यङ्गीकारं कृत्वा 'सम्यग्' आगमाभिहितेन जिनप्रतिमापूजादिविधिना 'उपगम्य' सामीप्येन गत्वा 'भणति' प्रतिजानीते 'गुरुपुरतः' दीक्षादायकाचार्यादेरग्रतः। यद्भणति तदाह-'अर्हन्' इत्यष्टमहाप्रातिहार्यरूपां सुरकृतां सपर्यामर्हतीत्यर्हन्, ''न्तमाणौ शतृशानचोः'' इति शतुर्न्तादेशः। किंविधोऽसौ? इत्याह-'निस्सङ्गः' निर्गतो बाह्याभ्यन्तरो रागकषायादिरूपः सङ्गोऽस्मादिति निस्सङ्गः, प्रतिकृतिप्रवचनादिप्रतीयमानाऽशेषरागादिकालुष्यदोषविरहः, तदुच्यते- ''इह हि रमणीशस्त्राक्षालीधराः सुरमूर्तयो, निपुणसुगमान् रागद्वेषभ्रमान् शमयन्त्यलम्। तव पुनरियं त्यक्ताऽऽसङ्गा तनुः कृतकृत्यतां, प्रसभमुशति स्वामिन्! सत्यं प्रवक्ति तदत्ययम्॥१॥ य इह गदिताः स्वात्मरामा गवादिकमाश्रिताः, अपि जिन! जडैस्तेषां तत्त्वं कथं किल तत्त्वतः?। तव तु निखिलं बाह्यान्तःस्थं परिग्रहमुज्झतो, मुनिवर!**

**भवेद् युक्त्या युक्तं तदेतदबाधितम्॥२॥'' [ ] इत्यादि 'मम' इत्यात्मनिर्देशे 'देव:' मोक्षायाराधनीया देवतेत्यर्थ:। 'दक्षिणा:' दक्षिणार्हा: पूज्या गुरव इत्यर्थ:, 'साधव:' यतय:। इति गाथार्थ:॥४४॥**

**આ પ્રમાણે સમ્યક્ત્વનો સ્વીકાર કરવાના પ્રસંગથી પ્રાપ્ત થયેલ મિથ્યાત્વનિવૃત્તિને ત્રિવિધ-ત્રિવિધે કહીને ઉપસંહાર કરે છે :-**

પૂર્વે કહ્યું તે રીતે ત્રિવિધ-ત્રિવિધથી મિથ્યાત્વની વિરતિનો સ્વીકાર કરીને આગમમાં કહેલી જિનપ્રતિમાની પૂજા વગેરે વિધિથી દીક્ષા (= સમ્યક્ત્વ) આપનારા આચાર્ય વગેરેની પાસે જઈને પ્રતિજ્ઞા કરે. કેવી પ્રતિજ્ઞા કરે તે કહે છે:- નિસ્સંગ અરિહંત મારા દેવ છે = મોક્ષ માટે આરાધવા યોગ્ય દેવ છે, સાધુઓ મારા પૂજ્ય ગુરુ છે. **અરિહંત**:- દેવોએ કરેલી અષ્ટમહાપ્રાતિહાર્યરૂપ પૂજાને જે યોગ્ય છે તે અરિહંત. **નિસ્સંગ**:- (સુવર્ણાદિરૂપ) બાહ્ય અને રાગ-કષાયાદિરૂપ અભ્યંતર સંગ જેમાંથી નીકળી ગયો છે તે નિસ્સંગ. અરિહંતની મૂર્તિ અને ધર્મદેશના આદિથી જણાઈ આવે છે કે અરિહંત સર્વ રાગાદિની મલિનતારૂપ દોષથી રહિત હોય છે. આથીજ કહ્યું છે કે **"હે સ્વામિન્! લોકમાં સ્ત્રી-શસ્ત્ર-જપમાલાને ધારણ કરનારા દેવોની મૂર્તિઓ નિપુણોથી સારી રીતે જાણી શકાય તેવા રાગ-દ્વેષના** 卐 **ભ્રમને સંપૂર્ણ ભાંગી નાખે છે. પણ સંગથી રહિત અને પ્રગટપણે કૃતકૃત્યતાને કહેતી તારી આ કાયા રાગ-દ્વેષના નાશને સાચે જ કહે છે. (૧) "લોકમાં જેમને પોતાના આત્મામાં રમણ કરનારા કહેલા છે તે દેવોએ પણ વજ્ર આદિનો આશ્રય લીધો છે. હે જિન! વજ્ર વગેરે જડ પદાર્થોથી પરમાર્થથી તેમનું આત્મસ્વરૂપ (= આત્મામાં રમણતા) કેવી રીતે હોય? હે મુનિવર! બાહ્ય અને આંતરિક પરિગ્રહનો ત્યાગ કરનારા તારું તો સઘળું યુક્તિથી યુક્ત છે. તેથી તારું આ આત્મસ્વરૂપ (= આત્મરમણતા) અબાધિત છે." (૨)** [૪૪]

सम्यक्त्वाऽभ्युपगमानन्तरं यदस्य पालनीयं तदाह-

**अह सो सम्मद्दिट्ठी, संपुन्नं भावचरणमिच्छंतो।**
**पालइ दंसणायारमट्ठहा सो पुण इमो त्ति॥४५॥**

**[अथ स सम्यग्दृष्टि:, संपूर्णं भावचरणमिच्छन्।**
**पालयति दर्शनाचारमष्टधा स पुनरयमिति॥४५॥]**

---

卐 આમાં રાગ-દ્વેષ નથી એવા ભ્રમને (= મિથ્યાજ્ઞાનને) ભાંગી નાખે છે, એવો તાત્પર્ય છે.

''अह'' गाहा व्याख्या-'अथ' सम्यक्त्वप्रतिपत्त्यनन्तरं 'स:' उक्तस्वरूप: 'सम्यग्दृष्टि:' अविपर्यस्तदृष्टि: 'संपूर्णम्' अखण्डं 'भावचरणं' कर्मक्षयोपशमादिनिबन्धनं तात्त्विकं चारित्रं 'इच्छन्' अभिलषन् 'पालयति' सम्यगासेवते 'दर्शनाचारं' अविपर्यस्तप्रतिपत्तिनिमित्तमनुष्ठानं 'अष्टधा' अष्टप्रकारम्। 'स पुन:' स तु दर्शनाचार: 'अयं इति' वक्ष्यमाण:। नहि दर्शनशुद्धिं विना कष्टक्रियावतोऽपि च तत्फलोदय इत्यभिप्राय:। तदुक्तम् - कुणमाणो वि अ किरिअं, परिच्चयंतो वि सयणधणभोगे। देंतो वि दुहस्स उरं, न जिणइ अंधो पराणीअं॥१॥ कुणमाणो वि निवित्तिं, परिच्चयंतो वि सयणधणभोगे। देंतो वि दुहस्स उरं, मिच्छद्दिट्ठी न सिज्झइ उ ॥२॥ तम्हा कम्माणीयं, जेउमणो दंसणम्मि पयएज्जा। दंसणवओ हि सहलाणि, होंति तवनाणचरणाणि॥३॥ [ ] इत्यादि। इति गाथार्थ:॥४५॥

**સમ્યક્ત્વને સ્વીકાર્યા પછી તેણે જે પાળવું જોઈએ તે કહે છે:-**

સમ્યક્ત્વને સ્વીકાર્યા પછી અખંડ ભાવચારિત્રને ઇચ્છતો તે સમ્યગ્દૃષ્ટિ જીવ આઠ પ્રકારના દર્શનાચારને સારી રીતે પાળે છે. તે દર્શનાચાર આ (= હવે પછીની ગાથામાં કહેવાશે તે) છે. ભાવચારિત્ર એટલે કર્મ ક્ષયોપશમ આદિથી થનારું તાત્ત્વિકચારિત્ર. દર્શનાચાર એટલે સમ્યક્ત્વનો સ્વીકાર કર્યો એ નિમિત્તે થનારું અનુષ્ઠાન.

**પ્રશ્ન** : દર્શનાચારના પાલન ઉપર આટલો બધો ભાર મૂકવાનું શું કારણ છે?
**ઉત્તર** :- કષ્ટકારી ધર્મક્રિયાઓ કરનારને પણ દર્શનશુદ્ધિ વિના કષ્ટકારી ધર્મક્રિયાઓનું ફળ મળતું નથી. કહ્યું છે કે - **"લડવાની ક્રિયા કરતો હોય, (લડવા માટે) સ્વજન-ધન-ભોગોને છોડતો હોય, અને દુ:ખોને સામી છાતીએ ઝીલતો હોય તો પણ અંધ માણસ શત્રુના સૈન્યને જીતી શકતો નથી. (૧) પાપથી નિવૃત્તિ કરતો હોય, (પાપથી નિવૃત્તિ કરવા) સ્વજન-ધન-ભોગોને છોડતો હોય અને દુ:ખોને સામી છાતીએ ઝીલતો હોય તો પણ મિથ્યાદૃષ્ટિ મોક્ષ પામી શકતો નથી."** (૨) તેથી કર્મરૂપી સૈન્યને જીતવાની ઇચ્છાવાળાએ દર્શનાચારોમાં પ્રયત્ન કરવો જોઈએ. સમ્યગ્દર્શનવાળાને તપ-જ્ઞાન-ચારિત્ર સફલ બને છે.(૩) [૪૫]

दर्शनाचारमेवाष्टधोद्दिष्टं निर्दिशति-

**निस्संकिय निक्कंखिय, निव्वितिगिच्छा अमूढदिट्ठी य।**
**उववूहथिरीकरणे, वच्छल्लपभावणे अट्ठ॥४६॥**

[निशङ्कितः निष्काङ्क्षितः, निर्विचिकित्सोऽमूढदृष्टिश्च।
उपबृंहास्थिरीकरणे, वात्सल्यप्रभावनायामष्ट॥४६॥]

''निस्संकिय'' गाहा व्याख्या-'निःशङ्कितः' निर्गतशङ्को जीवादिषु१। 'निष्काङ्क्षितः' निर्गताऽऽकाङ्क्षोऽन्यतीर्थिकमतेषु२। 'निर्विचिकित्सः' निःसंदिग्धोऽनुष्ठानफलं प्रति३। 'अमूढदृष्टिः' कुतीर्थिकविद्यादिदर्शनैः४। 'चः' समुच्चये। एवं गुणगुणिनोः कथञ्चिदभेदाऽऽवेदनद्वारेण दर्शनाचारमभिदधता तद्वदभिधानमुखेन असौ उक्तः। अतस्तं ततो भेदेनाप्याह- उपबृंहणमुपबृंहा-गुणवत्स्तुतिरूपा५। स्थिरीकरणं-धर्मे चलाचलस्य स्थिरत्वापादनलक्षणम् तत्र६। समाहारद्वन्द्वात्सप्तम्येकवचनम्, तद्विषयो दर्शनाचारः, प्राकृतत्वात् प्रथमान्तं वा। तथा वात्सल्यं वत्सलभावः-साधर्मिकाणामाहारादिभिरुपष्टम्भकरणमित्यर्थः७। तथा प्रकर्षेण भावना-जिनशासनमाहात्म्याऽऽविष्करणरूपा८। तत्र, शेषं पूर्ववत्। 'अष्टौ' अमी दर्शनाचारा इति गाथाऽक्षरार्थः। भावार्थं स्वयमेव ग्रन्थकृदभिधास्यति॥४६॥

**આઠ પ્રકારે કહેલા દર્શનાચારોનો જ નિર્દેશ કરે છે :-**

નિઃશંકિત, નિષ્કાંક્ષિત, નિર્વિચિકિત્સ, અમૂઢદૃષ્ટિ, ઉપબૃંહણ, સ્થિરીકરણ, વાત્સલ્ય અને પ્રભાવના એ આઠ સમ્યગ્દર્શનના આચાર છે. જીવાદિ પદાર્થોમાં જેને શંકા નથી રહી તે જીવ નિઃશંકિત દર્શનાચાર છે. અન્ય દર્શનીઓના મતોમાં જેને આકાંક્ષા નથી તે જીવ નિષ્કાંક્ષિત દર્શનાચાર છે. અનુષ્ઠાનના ફલમાં જેને શંકા નથી તે જીવ નિર્વિચિકિત્સ દર્શનાચાર છે. કુદર્શનીઓના વિદ્યા વગેરે અતિશયો જોઈને મુંઝાય નહિ તે જીવ અમૂઢદૃષ્ટિ દર્શનાચાર છે.

**પ્રશ્ન:** નિઃશંકિત વગેરે આચારવાળા જીવના વિશેષણ છે, એથી આચાર કહેવાના બદલે આચારવાળા જીવને કહેવામાં શું કારણ છે? **ઉત્તર:** ગુણ અને ગુણી કથંચિત્ અભિન્ન છે એ જણાવવા દ્વારા દર્શનાચાર કહેવાની ઇચ્છાવાળા ગ્રંથકારે દર્શનાચારવાળાના કથનની મુખ્યતાએ દર્શનાચાર કહેલો છે. ગુણ અને ગુણી કથંચિત્ ભિન્ન હોવાથી હવે ગુણીથી ગુણના ભેદદ્વારા પણ દર્શનાચારને કહે છે:- ગુણવાનની પ્રશંસા કરવી તે ઉપબૃંહણા. ધર્મમાં અસ્થિર જીવોને સ્થિર કરવા તે સ્થિરીકરણ. સાધર્મિકોને આહાર વગેરેથી મદદ કરવી તે વાત્સલ્ય. જિનશાસનના માહાત્મ્યને (લોકમાં) પ્રગટ કરવું તે પ્રભાવના. આ પ્રમાણે ગાથાનો અક્ષરાર્થ છે. ભાવાર્થ તો ગ્રંથકાર જાતેજ કહેશે. [૪૬]

तत्र तावन्नि:शङ्कितादीनां दर्शनाचाराणां येषां यथा स्वरूपमवतिष्ठमानमिहाभिधातव्यं तेषां तथाऽऽह-

**निस्संकियाइरूवं, विवक्खचाएण होइ केसिंचि।**
**तेसि विवक्खसरूवं, भन्नइ सेसाण नियरूवं॥४७॥**

[नि:शङ्कितादिस्वरूपं, विपक्षत्यागेन भवति केषाञ्चित्।
तेषां विपक्षस्वरूपं, भण्यते शेषाणां निजरूपम्॥४७॥]

**''निस्संकिअ'' गाहा व्याख्या-'नि:शङ्कितादिस्वरूपं' नि:शङ्कितादीनां दर्शनाचाराणां स्वरूपं-स्वलक्षणं तद् 'विपक्षत्यागेन' शङ्कादिरूपप्रतिपक्षपरिहारेण 'भवति' जायते 'केषाञ्चित्' नि:शङ्कित-निष्काङ्क्षित-निर्विचिकित्साऽमूढदृष्टिरूपदर्शनाचाराणाम्। तेषामत्र विवृण्वता 'विपक्षस्वरूपं' शङ्कादिरूपं साक्षात् 'भण्यते' प्रतिपाद्यते। 'शेषाणां' तूपबृंहादीनां 'निजरूपं' आत्मस्वरूपमेव। इति गाथार्थ:॥४७॥**

**તેમાં પહેલાં નિઃશંકિત વગેરે દર્શનાચારોમાંથી જે દર્શનાચારોનું કહેવા યોગ્ય સ્વરૂપ જે રીતે રહેતું હોય તે દર્શનાચારોનું સ્વરૂપ તે રીતે કહે છે :-**

નિઃશંકિત, નિષ્કાંક્ષિત, નિર્વિચિકિત્સ અને અમૂઢદષ્ટિ એ ચાર દર્શનાચારોનું સ્વરૂપ વિપક્ષ જે શંકા વગેરે તેના ત્યાગથી રહે છે, આથી અહીં તે ચાર આચારોના શંકા વગેરે વિપક્ષનું સ્વરૂપ સાક્ષાત્ જણાવાય છે. બાકી ચાર આચારોનું પોતાનું જ સ્વરૂપ જણાવાય છે. [૪૭]

तदेवाह-

**संसयकरणं संका, कंखा अन्नोन्नदंसणग्गाहो।**
**संतम्मि वि वितिगिच्छा, सिज्झेज्ज न मे अयं अट्ठो॥४८॥**

[संशयकरणं शङ्का, काङ्क्षा अन्योऽन्यदर्शनग्राह:।
सत्यपि विचिकित्सा सिध्येन्न, मेऽयमर्थ:॥४८॥]

**'संसय' गाहा व्याख्या-'संशयकरणं शङ्का' भगवदर्हत्प्रणीतेषु पदार्थेषु धर्माऽधर्माऽऽकाशादिष्वतिगहनेषु मतिमान्द्यादिभ्योऽनवधार्यमाणेषु संशय इत्यर्थ:, किमेवं स्यात् ? नैवम् इति; इयं तु वक्ष्यमाणप्रकाराभ्यां द्विधा १। काङ्क्षा 'अन्योन्यदर्शनग्राह:' अपरापरदृष्ट्यभिलाष:, तथैवेयमपि द्विधा २। 'सत्यपि विचिकित्सा सिध्येन्न मेऽयमर्थ:' इति। अयमत्र भावार्थ:-'विचिकित्सा'**

**मतिविभ्रमो युक्त्याऽऽगमोपपन्नेष्वप्यर्थेषु फलं प्रति सम्मोहः, किमस्य महतस्तपःक्लेशायासस्य सिकताकवलचर्वणप्रायस्य कनकावल्यादेरायत्यां मम फलं भविष्यति? किं वा न? इति। ३, उभयथा हि क्रियाः फलवत्यो निष्फलाश्च दृश्यन्ते कृषीवलादीनाम्। न चेयं शङ्कातो न भिद्यते इत्याशङ्कनीयम्, शङ्का हि सकलाऽसकलभाक्त्वेन द्रव्यगुणविषया, इयं तु क्रियाविषयैव; तत्त्वतस्तु सर्वेऽप्येते प्रायशो मिथ्यात्वमोहनीयोदयतो जीवपरिणामविशेषाः सम्यक्त्वातिचारा उच्यन्ते; नात्रैवमन्तर्भावादिनाऽतिसूक्ष्मेक्षिका कर्तव्या, अज्ञातज्ञापनद्वारेण तथाविधविनेयोपकारस्य ग्रन्थकृता चिकीर्षितत्वात्। कृतं प्रसङ्गेन। इति गाथार्थः॥४८॥**

**પહેલા ચાર આચારોના વિપક્ષનું જ સ્વરૂપ કહે છેઃ-**

**શંકાઃ** અરિહંત ભગવાને અત્યંત ગહન અને એથી મતિમંદતા આદિ કારણોથી નિશ્ચિત ન કરી શકાતા ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય અને આકાશ વગેરે જે પદાર્થો કહ્યા છે તે પદાર્થોમાં શું આવું હોય? કે આવું ન હોય? એવો સંશય કરવો તે શંકા છે. આ શંકા બે પ્રકારે છે. બે પ્રકારો હવે પછી કહેવામાં આવશે. **કાંક્ષાઃ** બીજા બીજા દર્શનની ઈચ્છા તે કાંક્ષા છે. આ કાંક્ષા પણ બે પ્રકારે છે. **વિચિકિત્સાઃ** યુક્તિ અને આગમથી સિદ્ધ થયેલા પણ પદાર્થોમાં ફલની શંકા તે વિચિકત્સા. દુઃખને આપનાર, મહેનતવાળા અને રેતીના કોળિયાને ચાવવા સમાન કનકાવલી વગેરે મોટા તપનું ફળ મને ભવિષ્યમાં મળશે કે નહિ? લોકમાં ખેડૂત વગેરેની ખેતી વગેરે ક્રિયા સફળ અને નિષ્ફળ એમ બંને પ્રકારે દેખાય છે, તેથી મને આ ધર્મક્રિયાથી ફળ મળશે કે નહિ તેવી શંકા તે વિચિકિત્સા છે.

અહીં વિચિકિત્સા શંકાથી ભિન્ન નથી એવી શંકા ન કરવી. શંકા દેશથી અને સર્વથી હોવાના કારણે દ્રવ્ય-ગુણ સંબંધી છે. વિચિકિત્સા તો ક્રિયાસંબંધી જ છે. પરમાર્થથી તો શંકા વગેરે બધાય દોષો પ્રાયઃ મિથ્યાત્વ મોહનીયના ઉદયથી થનારા જીવના પરિણામ વિશેષ છે, અને તે સમ્યક્ત્વના અતિચારો કહેવાય છે. અહીં આ અતિચારમાં આ અતિચારનો સમાવેશ થઇ જાય છે ઇત્યાદિ સૂક્ષ્મવિચારણા ન કરવી. કારણ કે નહિ જાણેલું જણાવવા દ્વારા તેવા પ્રકારના શિષ્ય ઉપર ઉપકાર કરવો એવી ગ્રંથકારની ઈચ્છા છે. પ્રસ્તુત વિષયની આટલી સિદ્ધિ બસ છે.[૪૮]

विचिकित्सास्थाने पाठान्तरेण प्राकृतत्वादर्थान्तरेण वाऽन्यथाप्येनामाह-

**विउगुच्छ त्ति व गरहा, सा पुण आहारमोयमसिणाई।**
**संका दुविहा देसे, सव्वम्मि य तत्थिमा देसे।।४९।।**

[विद्वत्कुत्सा इति वा गर्हा, सा पुनराहारमोकाऽस्नानादीनि।
शङ्का द्विविधा देशे, सर्वस्मिंश्च तत्रेयं देशे।।४९।।]

''विउ'' गाहा व्याख्या- 'विउगुच्छ त्ति व' इति विद्वांसः-साधवः तेषां कुत्सा-निन्दा विद्वत्कुत्सा 'इति वा' इति प्रकारान्तरसूचनम्। तत्र कुत्सार्थमाह- गर्हणं 'गर्हा' कुत्साऽत्र, 'सा पुनः' गर्हा तु किंरूपा? इत्याह-'आहार-मोकाऽस्नानादीनि' आहारः- पात्रादिभोजनरूपः,मोकः कायिकव्यापारो यतिजनप्रतीतक्रियया, मकारस्तु प्राकृतानुरोधात्, अस्नानं-सर्वदा देहमलाऽक्षालनरूपम्, आदिशब्दाच्छौचादि च मुनिजनोचितमितपानीयादिना; कश्चिददृष्टशास्त्रपरमार्थत्वेन शिष्टसम्मतशौचव्यवहारातीतशुचिपोद्रताऽऽग्रहेण वाऽऽहारादिविषयां गर्हां करोतीत्यर्थः। सांप्रतं शङ्काभेदानाह-'शङ्का' इत्यादि। 'शङ्का' उक्तस्वरूपा 'द्विविधा' द्विप्रकारा, कथम्? 'देशे' प्रतिनियतविषया, 'सर्वस्मिंश्च' निःशेषविषया च। तत्र 'इयं' वक्ष्यमाणा देशे। इति गाथार्थः।।४९।।

**અથવા વિચિકિત્સા (= વિતિગિચ્છા) શબ્દના સ્થાને પાઠાંતર સ્વીકારીને પ્રાકૃતભાષા હોવાના કારણે બીજો અર્થ કરીને બીજી રીતે પણ વિચિકિત્સાને કહે છે :-**

અથવા વિચિકિત્સા શબ્દના સ્થાને વિદ્વત્કુત્સા શબ્દ છે. સાધુઓની નિંદા કરવી તે વિદ્વત્કુત્સા. સાધુઓ પાત્રમાં ભોજન કરે છે, પેશાબ ગમે ત્યાં નાખે છે, દેહના મલને ક્યારેય ધોતા નથી, મલવિસર્જનની ક્રિયા કર્યા પછી શૌચ મુનિઓને ઉચિત અને થોડા પાણીથી કરે છે, ઇત્યાદિ રીતે સાધુઓની નિંદા કરવી તે વિદ્વત્કુત્સા અતિચાર છે.

**પ્રશ્ન** : સાધુઓની આવી નિંદા શા માટે કરે છે? **ઉત્તર** : શાસ્ત્રના પરમાર્થને ન જાણવાના કારણે અથવા શિષ્ટોને સંમત શૌચ વ્યવહારને ઓળંગીને અતિશય શુચિનો આગ્રહ કરવાથી સાધુઓની આવી નિંદા કરે છે. શંકાના દેશ શંકા અને સર્વ શંકા એમ બે ભેદ છે. કોઈ અમુક પદાર્થમાં શંકા તે દેશ શંકા. સર્વ પદાર્થોમાં શંકા તે સર્વશંકા. [૪૯]

तामेवोदाहरणैर्व्यनक्ति-

**तुल्ले जीवत्ते कह, एगे भव्वाऽवरे अभव्व त्ति।**
**अहवेगाणूपुन्ने, खेत्तपएसे कहं अन्नो॥५०॥**

[तुल्ये जीवत्वे कथं, एके भव्या अपरे अभव्या इति।
अथवा एकाणुपूर्णे, क्षेत्रप्रदेशे कथमन्यः॥५०॥]

''तुल्ले'' गाहा व्याख्या-'तुल्ये' समाने 'जीवत्वे' उपयोगलक्षणत्वेन 'एके' केचिद् ऋषभादयः 'भव्याः' मुक्तिगामिनः, 'अपरे' अन्येऽङ्गारमर्दकादयः 'अभव्याः' सदा भवाऽवस्थिताः; 'समाने हि जीवत्वे किं निबन्धनमेषामनादिभव्यत्वं अन्येषां त्वभव्यत्वम्?, प्रतिनियतस्वहेतुनिर्मितं हि दार्वादेः प्रतिमादियोग्यत्वाऽयोग्यत्वं दृष्टमिति हृदयम्'। इह चैवं नास्त्येव वस्तुतः शङ्कावकाशः, यतः स्वहेतुपरम्पराप्रापितमेव तेषां तत्त्वम्; न हि भावाः प्रतिनियतहेतुपरम्पराप्रापितं प्रतिनियतमात्मरूपमापन्नाः *पर्यनुयोगार्हा भवन्ति। 'तथा तुल्ये वस्तुत्वे मूर्ताः परमाणुप्रभृतयः अमूर्ता ज्ञानादय इति कोऽत्र पर्यनुयुज्यताम्? वस्तुस्वभावत्वादस्य। तदुक्तम्-''अग्निर्दहति नाकाशं कोऽत्र पर्यनुयुज्यताम्।''[ ] इत्यादि। उदाहरणान्तरमाह-'अथवा' इति प्रकारान्तरद्योतकः, 'एकाणुपूर्णे' एकपरमाणुपूरिते 'क्षेत्रप्रदेशे' आकाशनिर्विभागभागलक्षणे 'कथं' केन प्रकारेण 'अन्यः' द्वितीयादिः परमाणुरिति प्रकृतम्, अवगाहते इति क्रियां तूत्तरगाथायां वक्ष्यति। इति गाथार्थः॥५०॥

**ओगाहइ तत्थेव उ, न य परमाणूण लहुयरत्तं पि।**
**न य अन्नोन्नपवेसो, ता कहमेयं घडिज्ज त्ति॥५१॥**

[अवगाहते तत्रैव तु, न च परमाणूनां लघुतरत्वमपि।
न चाऽन्योन्यप्रवेशः, तत्कथमेतत् घटेतेति॥५१॥]

''ओगाहइ'' गाहा व्याख्या-'अवगाहते' अवतिष्ठते मातीत्यर्थः, 'तत्रैव' तस्मिन्नेव प्रदेशे, 'तुः' विशेषणे, असावपि सर्वव्यापितया तत्रावतिष्ठत इति विशिनष्टि। अथ परमाणूनामपि पूर्वरूपाल्लघुतरत्वापत्त्याऽयमर्थः संभविष्यतीत्याशङ्क्याह-'न च' इत्यादि। 'न च' नैव परमाणूनां लघुतरत्वम् येन बहवोऽपि तत्रैव मायुरित्यभिप्रायः, अपिशब्दाद् बृहत्तरत्वमपि नास्ति। अथान्योन्यानु-

★ प्रश्नानुयोगयोग्याः 'इदम् ईदृग् कथम्?' इतिरूपाः।

प्रवेशादणूनामेवमेतत्, तदपि नास्तीत्याह-'न च' नैव 'अन्योन्यप्रवेशः' परमाणोः परमाण्वन्तरेऽन्तर्भाव इत्यर्थः। निगमयति-'तत्' तस्मात् कथं 'एतत्' उक्तं 'घटेत' युज्येत? । ''लिडो ज्झः'' इति लिडो ज्झादेशः। 'इतिः' हेतौ अस्मात् उदितहेतोः। कथमेतत्? इत्येवंरूपा वा देशशङ्का। यदि हि प्रदेशो निर्विभागः (भागः) परमाणूनां च लघुतरत्वं अन्योन्यानुप्रवेशश्च न संभवति, अतः कथमेकपरमाण्वाक्रान्त एव प्रदेशेऽनन्तानां तेषां तत्रैवावस्थानम्?, लोकाकाशप्रदेशेभ्योऽनन्त- गुणत्वात्परमाणूनाम्। यदुक्तम्-''धम्माधम्मपएसा, तुल्ला परमाणवो अणंतगुणा। [ ]'' तावन्तश्च लोकाकाशप्रदेशा इत्यवश्यमनन्तानामेकैकश आकाशदेशेऽवस्थितिरभ्युपगन्तव्या। न च परमाणुभिर्विभागेन प्रदेशपूरणम्, प्रदेशस्य सविभागत्वप्रसङ्गादिति संभविनी इयं देशशङ्का। अत्र चैवं परिहारो द्रष्टव्यः:- इह हि यद्यपि परमाणूनां लघुतरत्वमन्योन्याऽनुप्रवेशो वा नास्ति तथापि परिणामान्तरापत्तिर्भवत्येव, तेनैकाणुपूर्णेऽपि प्रदेशे परमाण्वन्तरावगाहो न दुष्यति; न चेयमेव लघुतरत्वापत्तिः यत्परिणामान्तरत्वमिति वक्तव्यम्, यतो निर्विभागत्वममुञ्चन्नेवासौ परिणतिविशेषं प्रतिपद्यते। न हि सक्तुपरमाणवो जलेनार्द्रीकृताः परिणामान्तरमापद्यमाना निर्विभागरूपमात्मरूपं मुञ्चन्ति, तौल्यादिनाऽपि पूर्वरूपसंवाददर्शनात्, अथ चावगाहान्तरं प्रतिपद्यन्ते। न चात्रापि परमाणूनामन्योन्यानुप्रवेश इति वक्तुं युक्तम्, एवं ह्यपराऽपराणुप्रवेश- संभवेनाणूनामल्पत्वेन तौल्यादितत्त्वव्यत्ययोऽपि तेषां स्यात्। न चासौ परिणामान्तरापत्तिमात्रेण लक्ष्यते, दृष्यते चैकप्रदीप-प्रभापरमाणुपरि–पूरितेऽप्यपवरकाभ्यन्तरेऽपरप्रदीपप्रभापरमाणूनामवस्थितिः। न चात्रापरमाणूना- मामलकफलपूर्णघट इव जलादेरन्तरालावस्थानेन तथा-प्रतिभासनमिति वक्तव्यम्, तद्देशाध्यासनेन दर्शनात्; न च दृष्टेऽनुपपन्नं नाम। इति गाथाभावार्थः॥५१॥

**શંકાને જ દૃષ્ટાંતોથી સ્પષ્ટ કરે છે :-**

જીવનું લક્ષણ ઉપયોગ છે. બધા જીવોમાં ઉપયોગરૂપ લક્ષણ હોવાથી બધા જીવો જીવ રૂપે સમાન હોવા છતાં કેટલાક ઋષભદેવ વગેરે જીવો અનાદિથી ભવ્ય છે = મુક્તિમાં જનારા છે અને કેટલાક અંગારમર્દક વગેરે અનાદિથી અભવ્ય છે = સદા સંસારમાં રહેનારા છે, આનું શું કારણ? શંકાનું આ દૃષ્ટાંત છે.

અહીં તાત્પર્યાર્થ આ પ્રમાણે છે:- કેટલાક કાષ્ઠમાંથી પ્રતિમા બને છે. કેટલાક કાષ્ઠમાંથી પ્રતિમા બનતી નથી. આનો અર્થ એ થયો કે કેટલાક કાષ્ઠોમાં પ્રતિમા રૂપે બનવાની યોગ્યતા છે અને કેટલાક કાષ્ઠોમાં તેવી યોગ્યતા નથી. કાષ્ઠમાં રહેલી પ્રતિમારૂપે બનવાની યોગ્યતા અને પ્રતિમારૂપે બનવાની અયોગ્યતા પ્રતિનિયત પોતાના હેતુઓથી થયેલી હોય છે. આ પ્રમાણે પરમાર્થથી શંકાને અવકાશ નથી જ. કારણ કે વસ્તુઓનું સ્વરૂપ પોતાના

હેતુઓની પરંપરાથી પ્રાપ્ત કરેલું જ હોય છે. પ્રતિનિયત હેતુઓની પરંપરાથી પ્રાપ્ત કરેલા પ્રતિનિયત સ્વરૂપને પામેલી વસ્તુઓ આ 'આ પ્રમાણે કેમ છે?' એવો પ્રશ્ન કરવાને યોગ્ય નથી.

તથા વસ્તુરૂપે સમાન હોવા છતાં અમુક પરમાણુ વગેરે વસ્તુઓ રૂપી કેમ છે? અને જ્ઞાન વગેરે અરૂપી કેમ છે? એવો પ્રશ્ન કોણ કરે? અર્થાત્ કોઈ ન કરે. કારણ કે રૂપિપણું અને અરૂપિપણું વસ્તુનો સ્વભાવ છે. કહ્યું છે કે-**"અગ્નિ કેમ બાળે છે? અને આકાશ કેમ બાળતો નથી? એવો પ્રશ્ન કોણ કરે? અર્થાત્ કોઈ ન કરે."**

હવે ગ્રંથકાર બીજું ઉદાહરણ કહે છે:- એક પરમાણુથી પૂરાયેલા 卐 ક્ષેત્રપ્રદેશમાં બીજા એક-બે-ત્રણ વગેરે પરમાણુઓ કેવી રીતે સમાય? પરમાણુઓ આકાશમાં સર્વત્ર રહેલા હોવાથી જે ક્ષેત્રપ્રદેશમાં એક પરમાણુ છે તે જ ક્ષેત્રપ્રદેશમાં બીજા એક-બે-ત્રણ વગેરે પરમાણુઓ પણ રહેલા છે. એ કેવી રીતે ઘટે?

**પ્રશ્ન:** ક્ષેત્રપ્રદેશમાં પૂર્વે જે પરમાણુ રહેલો છે તેનાથી બીજા પરમાણુઓ કે જે પરમાણુઓ તે જ ક્ષેત્રપ્રદેશમાં રહેલા છે તે નાના છે એથી એક ક્ષેત્રપ્રદેશમાં ઘણા પરમાણુઓ રહી શકે. **ઉત્તર:** એક પરમાણુથી બીજા પરમાણુઓ નાના નથી. બધા પરમાણુઓ સમાન છે. એક પરમાણુથી બીજા પરમાણુઓ જેમ નાના નથી તેમ મોટા પણ નથી.

**પ્રશ્ન:** એક પરમાણુમાં બીજા પરમાણુનો પ્રવેશ થઇ જાય, પરમાણુઓનો પરસ્પર પ્રવેશ થઇ જવાથી એક ક્ષેત્રપ્રદેશમાં અનેક પરમાણુઓ રહી શકે. **ઉત્તર:** એક પરમાણુનો બીજા પરમાણુમાં પ્રવેશ થઈ શકતો નથી.

પરમાણુઓ એક-બીજાથી નાના-મોટા નથી અને પરમાણુઓનો પરસ્પર પ્રવેશ પણ થતો નથી. એથી એક પરમાણુથી ભરાયેલા જ પ્રદેશમાં અનંતા પરમાણુઓ કેવી રીતે રહી શકે? એક પરમાણુથી ભરાયેલા જ પ્રદેશમાં અનંતા પરમાણુઓ રહેલા છે એ નિશ્ચિત છે. કારણ કે લોકાકાશના પ્રદેશોથી પરમાણુઓ અનંતગણા છે. કહ્યું છે કે-**"ધર્માસ્તિકાય અને અધર્માસ્તિકાયના પ્રદેશો સમાન છે, અને તે બેના પ્રદેશોથી પરમાણુઓ અનંતગણા છે."** લોકાકાશના પ્રદેશો અસંખ્યાતા છે. આથી એક એક આકાશપ્રદેશમાં અવશ્ય અનંતા પરમાણુઓ રહેલા છે, એ સ્વીકારવું જોઇએ.

**પ્રશ્ન:** પરમાણુના વિભાગ થાય, એટલે પરમાણુઓ વિભાગથી એક પ્રદેશને પૂર્ણ કરે. **ઉત્તર:** જો પરમાણુના વિભાગ થાય તો પ્રદેશના પણ વિભાગો થવાનો પ્રસંગ આવે.આમ, એક પરમાણુથી પૂરાયેલા ક્ષેત્રપ્રદેશમાં બીજા પરમાણુઓ કેવી રીતે સમાય એવી દેશશંકા થાય એ સંભવિત છે.

અહીં શંકાનું નિરાકરણ આ પ્રમાણે જાણવું:- જો કે અહીં પરમાણુઓ એક બીજાથી નાના નથી, અને પરમાણુઓનો એક-બીજામાં પ્રવેશ પણ થતો નથી. ,તો પણ પરિણામાંતરની

卐 ક્ષેત્રપ્રદેશ એટલે જેના બે ભાગ ન થઈ શકે તેવો નાનામાં નાનો આકાશનો ભાગ.

પ્રાપ્તિ થાય જ છે, અર્થાત્ વિવક્ષિત કોઈ એક સમયે પરમાણુઓનું જે સ્વરૂપ હોય તે સ્વરૂપ તેનાથી બીજા સમયે બદલાઈ જાય એવું બને જ છે. તેથી એક પરમાણુથી પૂર્ણ પણ પ્રદેશમાં બીજા પરમાણુઓ સમાઈ જાય એ દોષ નથી.

**પ્રશ્ન:** તમે જેને પરિણામાંતરની પ્રાપ્તિ કહો છો, એ જ લઘુતરત્વની પ્રાપ્તિ છે, અર્થાત્ પરમાણુઓ અન્ય પરિણામને પામે છે એનો અર્થ એ છે કે પરમાણુઓ પૂર્વ કરતાં નાના બની જાય છે. **ઉત્તર:** પરિણામાંતરની પ્રાપ્તિ એ જ લઘુતરત્વની પ્રાપ્તિ નથી. કારણ કે નિર્વિભાગપણાને નહિ છોડતો જ પરમાણુ પરિણામવિશેષને પામે છે. આ વિષે 卐 સક્તુના પરમાણુઓનું દૃષ્ટાંત છે. પાણીથી ભિના કરાયેલા સક્તુના પરમાણુઓ અન્ય પરિણામને પામે છે, આમ છતાં નિર્વિભાગરૂપ પોતાના સ્વરૂપને છોડતા નથી. કારણ કે સમાનતા આદિથી પૂર્વના સ્વરૂપની સાથે સંવાદ જોવામાં આવે છે. (અર્થાત્ અન્ય પરિણામ પામ્યા પહેલાં જેટલા પરમાણુઓ હતા તેટલા જ પરમાણુઓ પરિણામ પામ્યા પછી હોય છે.) આમ પરમાણુઓ નિર્વિભાગને છોડતા નથી અને અન્ય અવગાહને પામે છે. એટલે સ્વીકારવું જોઈએ કે પરિણામાંતરની પ્રાપ્તિ એ લઘુતરત્વની પ્રાપ્તિ નથી.

**પ્રશ્ન:** પરિણામાંતરની પ્રાપ્તિ થાય છે એમાં પણ પરમાણુઓનો એક-બીજામાં પ્રવેશ થાય છે. અર્થાત્ પરિણામાંતરની પ્રાપ્તિ થાય ત્યારે પરમાણુઓનો એક-બીજામાં પ્રવેશ થઈ જાય છે. **ઉત્તર:** જો આ પ્રમાણે પરમાણુઓનો એક-બીજામાં પ્રવેશ થાય તો પરમાણુઓ ઓછા થઈ જવાથી સમાનતા વગેરેના સ્વરૂપમાં વ્યત્યય (= ફેરફાર) થાય. (અર્થાત્ પરમાણુઓની સંખ્યા ઓછી થાય વગેરે ફેરફાર થાય.) પણ પરિણામાંતરની પ્રાપ્તિ થાય તેટલા માત્રથી વ્યત્યય દેખાતો નથી.

એક પરમાણુથી પૂર્ણ પ્રદેશમાં અનંતા પરમાણુઓ રહી શકે એ વિષે દીપકનું દૃષ્ટાંત છે. એક દીપકની પ્રભાના પરમાણુઓથી સંપૂર્ણ ભરેલા પણ ઓરડામાં બીજા દીપકની પ્રભાના પરમાણુઓ રહે છે એ પ્રત્યક્ષ દેખાય છે.

**પ્રશ્ન :** આમળાનાં ફળોથી ભરેલા ઘડામાં વચ્ચે વચ્ચે રહેલી ખાલી જગ્યામાં જેવી રીતે પાણી રહી શકે છે તેવી રીતે અહીં પણ એક દીપકની પ્રભાના પરમાણુઓથી ભરાયેલા ઓરડામાં વચ્ચે વચ્ચે ખાલી રહેલી જગ્યામાં બીજા દીપકની પ્રભાના પરમાણુઓ સમાઈ જાય છે. પણ આપણને એવો ભાસ થાય છે કે એક પરમાણુ જ્યાં છે ત્યાંજ બીજા પરમાણુઓ પણ રહેલા છે. **ઉત્તર :** જે સ્થળે એક દીપકની પ્રભાના પરમાણુઓ રહેલા છે તે જ સ્થળે બીજા દીપકની પ્રભાના પરમાણુઓ રહેલા છે એમ પ્રત્યક્ષ જોવામાં આવે છે અને જે પ્રત્યક્ષ જોવામાં આવ્યું હોય તે અસંગત ન હોય. [૫૦-૫૧]

卐 સક્તુ એટલે સાથવો. જવ વગેરેના શેકેલા લોટને સાથવો કહેવામાં આવે છે.

सर्वशङ्कोदाहरणमाह

**सव्वे दुवालसंगं, गणिपिडगं पगयभासबद्धं जं।**
**तम्हा पागयपुरिसेहिं, कप्पियं मा न होज्ज त्ति।।५२।।**

[सर्वस्मिन् द्वादशांगं, गणिपिटकं प्राकृतभाषाबद्धं यत्।
तस्मात् प्राकृतपुरुषैः, प्रकल्पितं मा न भवेदिति।।५२।।]

''सव्वे'' गाहा व्याख्या-'सर्वस्मिन्' सर्वविषया शङ्केत्यर्थः। 'द्वादशाङ्गं' आचारादिरूपं 'गणिपिटकं' गणधरसर्वस्वभूतं लोकोत्तरश्रुतमित्यर्थः, 'प्राकृतभाषाबद्धं' इति प्राकृतभाषा हि किल विश्वतोमुखा नाविगानेन शिष्टाऽभीष्टा प्रतिनियताऽशक्तबालाऽबलादिवचनयोग्या; नहि तया प्रायशो विद्वांसः प्रगल्भास्तत्त्वमभिदधति, तया बद्धं-ग्रथितम्। अत्र च ''अदातो यथादिषु'' इति प्राकृतारस्याऽदादेशः, ''ह्रस्वदीर्घौ मिथः'' इति भाषाकारह्रस्वत्वम्। प्राकृतभाषाबद्धं 'यत्' यस्मात् कारणात् गणिपिटकं तस्मात् 'प्राकृतपुरुषैः' इति इतरजनैरर्वाग्दर्शिभिरेव 'प्रकल्पितं' चर्चितम्, 'मा न' इति संशयवचनम् 'भवेत्' स्यात्। इदमत्र हृदयम् -'भाषा हि किल केषाञ्चिन्मतेन षट् प्रसिद्धाः। यदुक्तम्-''१संस्कृत२प्राकृत३मागध४पिशाचभाषाश्च ५सूरसेनी; ❖ च। षष्ठोऽत्र भूरिभेदो ६देशविशेषादपभ्रंशः।।१''[ ] अपरेषां तु संस्कृताऽतिरिक्ता भाषा प्राकृता, अपभ्रंशश्च रूढा। तत्र च किल संस्कृता भाषा पाणिन्यादि-शब्दानुशासनप्रतिपादितप्रतिनियतप्रयोगसङ्गता स्फुटपदार्थप्रतिपादनप्रत्यला सकलशिष्टाभीष्टा विशिष्टा वक्तुं युक्ता। प्राकृता तु विश्वतोमुखा प्रायोऽनियतलक्षणा प्राकृतपुरुषाणामपि प्रयोगयोग्या, तद्भणने न कश्चिद्वक्तृ-त्वाद्यतिशय आत्मनो ज्ञापितो भवति। गणिपिटकं तु प्रायस्तदन्तः-पात्यर्धमागधिकाभिधानया भाषया निबद्धम्, अतः कादाचित्कत्व- शक्तिवियुक्तैरेव कैश्चिच्चर्चितमिति तदुक्तः सर्वोऽप्यर्थः संशीतिविषय इति मिथ्यात्वनिबन्धना संभविनी सर्वशङ्का। अस्याश्चैवमपनयनं विधेयम्- इह हि यद्यपि सकलोपकार्यबालाऽबलाद्युपकारकरणप्रवणैर्गणधरैस्तत् प्राकृतभाषया निबध्यते, तदुक्तम्-''बालस्त्री ❦मन्दमूर्खाणां, नृणां चारित्रकाङ्क्षिणाम्। उपकाराय तत्त्वज्ञैः, सिद्धान्तः प्राकृतः ✧कृतः।।१।। [ ] तथाऽपि विशिष्टानन्यसाधारणाल्पग्रन्थत्वादिगुणगणयोगादगर्हितगरिमैवैतत्। तदुक्तम्-अप्पग्गंथमहत्थं, बत्तीसादोसविरहिअं जं च। लक्खणजुत्तं सुत्तं, अट्ठहि अ गुणेहिं उववेयं।।१।।'' [आव. हारि. वृत्ति नि.गा.८८०] द्वात्रिंशद्दोषास्तु ''अलिअमुवघायजणयं, अवत्थगनिरत्थगं छलं दुहिलं निस्सारमहिअमूणं,

❖ सौरसेनी. ❦ ''मूढ'' व। ✧ ''स्मृतः'' ब

पुणरुत्तं बाहयमजुत्तं।।२।। [आव.हारि.वृत्ति नि.गा.८८१-८४.''] इत्यादयः। अष्टौ गुणाः-''निद्दोसं सारवंतं च, हेउजुत्तमलंकिअं। उवणीयं सोवयारं च, मियं महुरमेव य।।१।।'' [आव. हारि. वृत्ति नि.गा.८८५] तथा-''स्फुटमुपगतप्रामाण्यं स्वैरमन्यसमैर्गुणैर्गदितुरुदितं सर्वज्ञत्वं प्रकाशयदञ्जसा। अपरवचसामप्रामाण्यं प्रशासदलन्तरामिति जिनवचो लक्ष्यं साक्षात्परीक्ष्य विचक्षणैः।।१।। यदपि च भवेदल्पग्रन्थं तथाऽपि महार्थकं, करगुणमितैर्दोषैस्त्यक्तं गुणैर्युतमष्टभिः। तदपि च परं लक्ष्मैतस्य प्रतीतमतः परं, ग्रथितमयथातथ्यैरर्थैः कुतीर्थिपथस्थितम्।।२।। असदृशगुणं तस्मात्तस्माद्यदत्र वचः स्थितं, तदखिलमपि श्रीसर्वज्ञप्रवृत्तमिति स्थितम्। तदपि च परं स्यादाचारप्रबन्धपुरस्सरं, यदखिलमिह प्रोक्तं रूपं प्रतीतमबाधितम्।।३।। तथा सकलविद्वत्सम्मतपरिशुद्धकषादिभिश्छेदमेव निर्घटितम्, तद्वच्म:-''इह खलु कषः शुद्धः सिद्धो बुधैरवधार्यते, सकलविषयच्छेदश्छेकैः परः परिलक्ष्यते। प्रकटघटनां प्राप्तस्तापः प्रतीतिपदं सतामिति जिनमते व्यक्ता यतो (यस्मात्) प्रमाणविनिश्चितिः।।४।। यदपि च वचस्तद्वत्किञ्चित्क्वचित् किल कल्प्यते, तदखिलविदः सूत्रस्यान्तर्गतं खलु लक्षयेत्। इह हि निखिलं रत्नं रत्नाकरप्रभवं भवेत्तदपरभुवि प्रायः प्राप्तं परं तत एव तत्।।५।।''[ ] तथा -''सुनिउणमणाइनिहणं, भूअहिअं भूयभावणमणग्घं। अमिअमजिअं महत्थं, महाणुभावं महाविसयं।।१।।''[ ] इत्यादि। विश्वतोमुखत्वमनियतलक्षणत्वं च क्वचित्संस्कृतेऽपि तुल्यम्, अतः परप्रतीतिप्रत्यलं प्राकृतं प्रयोक्तुं युक्तमेवेति नोक्तशङ्कावकाशः। इति गाथार्थः।।५२।।

**સર્વ શંકામાં દૃષ્ટાંત કહે છે :-**

ગણધરોના સર્વધન સમાન દ્વાદશાંગી પ્રાકૃતભાષામાં રચાયેલી છે. પ્રાકૃતભાષા બધે જ બોલાય છે, શિષ્ટપુરુષોને સારી ભાષા તરીકે ઇષ્ટ નથી, અશક્ત, બાલ અને સ્ત્રીઓને બોલવા યોગ્ય છે. પ્રતિભાશાળી વિદ્વાનો પ્રાયઃ પ્રાકૃતભાષાથી તત્ત્વને કહેતા નથી. દ્વાદશાંગી પ્રાકૃતભાષામાં રચેલી હોવાથી નજીકનું જ જોનારા સામાન્ય પુરુષોએ કેમ રચી ન હોય? અર્થાત્ સામાન્ય પુરુષોએ જ રચી હશે.

અહીં તાત્પર્ય આ પ્રમાણે છેઃ- કેટલાકોના મતે છ ભાષા પ્રસિદ્ધ છે. કહ્યું છે કે- **"સંસ્કૃતા, પ્રાકૃતા, માગધી, પૈશાચી, શૌરસેની અને અપભ્રંશ એમ છ ભાષાઓ છે. તેમાં છટ્ઠી અપભ્રંશ ભાષાના દેશ-વિદેશને આશ્રયીને અનેક ભેદો છે."** કેટલાકોના મતે સંસ્કૃત સિવાયની ભાષા પ્રાકૃત છે, અને રૂઢ થયેલી ભાષા અપભ્રંશ છે. તેમાં પાણિની આદિના

શબ્દાનુશાસનથી જણાવાયેલા પ્રતિનિયત પ્રયોગોથી સંગત, પદાર્થોને સ્પષ્ટ જણાવવામાં સમર્થ, સર્વ શિષ્ટોને ઈષ્ટ અને વિશિષ્ટ એવી સંસ્કૃત ભાષા બોલવી યોગ્ય છે. પ્રાકૃતભાષા સર્વત્ર બોલાય છે, તેનાં લક્ષણો પ્રાય: નિયત નથી, સામાન્ય પુરુષોના પણ પ્રયોગોને યોગ્ય છે, અર્થાત્ એને સામાન્ય પુરુષો પણ બોલી શકે છે. એને બોલવામાં પોતાની વક્તૃત્વ આદિ કોઈ વિશેષતા જણાવાયેલી થતી નથી, અર્થાત્ પ્રાકૃતભાષા બોલનારની શ્રોતાઓ ઉપર આ વક્તા છે ઈત્યાદિ કોઈ સારી છાપ પડતી નથી. દ્વાદશાંગી તો પ્રાય: પ્રાકૃત ભાષાની અંતર્ગત માગધી નામની ભાષાથી રચેલી છે. આથી કોઈક કાળે પ્રાપ્ત થતી શક્તિથી રહિત જ કોઈએ દ્વાદશાંગીની રચના કરી છે. આથી તેમાં કહેલા સઘળાય અર્થો સંશયના વિષય છે, અર્થાત્ શંકાયુક્ત છે. આ આ પ્રમાણે મિથ્યાત્વના કારણે સર્વશંકા સંભવિત છે.

આ સર્વ શંકાનું નિરાકરણ આ પ્રમાણે કરવું:- અહીં જો કે ઉપકાર કરવા લાયક સર્વ બાળ અને સ્ત્રી આદિ ઉપર ઉપકાર કરવામાં તત્પર ગણધરો દ્વાદશાંગીની પ્રાકૃત ભાષાથી રચના કરે છે. આ વિષે કહ્યું છે કે **"ચારિત્રના અર્થી એવા બાળ, સ્ત્રી, અલ્પબુદ્ધિવાળા અને મૂર્ખ મનુષ્યો ઉપર ઉપકાર કરવા માટે તત્ત્વજ્ઞોએ શાસ્ત્રો પ્રાકૃત ભાષામાં રચેલા છે."** તો પણ રચના અલ્પ શબ્દોવાળી હોય અને તેનો અર્થ ઘણો હોય ઈત્યાદિ ગુણસમૂહવાળી વિશિષ્ટ અસાધારણ (= બીજાઓ ન કરી શકે તેવી) રચનાના યોગથી દ્વાદશાંગી નિંદાથી રહિત શ્રેષ્ઠ જ છે.

આ વિષે કહ્યું છે કે- ગણધર રચિત સૂત્રો "उत्पादव्ययध्रौव्ययुक्तं सत्" ઈત્યાદિની જેમ અલ્પ અક્ષરોવાળા અને ઘણા અર્થવાળા હોય, તથા બત્રીસ દોષોથી રહિત અને આઠ ગુણોથી યુક્ત હોય છે. બત્રીસ દોષો આ પ્રમાણે છે:- **૧ અસત્ય:-** અસત્યના અભૂત ઉદ્ભાવન અને ભૂતનિહ્નવ એમ બે ભેદ છે. અભૂત ઉદ્ભાવન એટલે જે ન હોય તે પ્રગટ કરવું. જેમકે 卐 પ્રધાન કારણ છે. ભૂત નિહ્નવ એટલે જે હોય તેનો અપલાપ કરવો. જેમકે આત્મા નથી. **૨ ઉપઘાતજનક:-** જીવનો નાશ કરનારું. જેમકે-વેદમાં કહેલી હિંસા ધર્મ માટે થાય. **૩ નિરર્થક:-** વર્ણક્રમના નિર્દેશની જેમ નિરર્થક. જેમકે - आर् आत् एस् એ આદેશો છે. આ આદેશોમાં માત્ર વર્ણોના ક્રમનો નિર્દેશ છે. પણ અભિધેય તરીકે કોઈ અર્થ જણાતો નથી. અથવા ડિત્થ વગેરે શબ્દોની જેમ નિરર્થક વચન.

卐 અહીં પ્રધાન એટલે સાંખ્યદર્શનના પચીસ તત્ત્વોમાં પ્રધાન નામનું તત્ત્વ સમજવું. પરમાર્થથી પ્રધાન જેવું કોઈ તત્ત્વ નથી. માટે પ્રધાનને કારણ તરીકે માનવું એ અભૂત ઉદ્ભાવન છે.

**૪ અપાર્થક**:- પૂર્વાપરનો સંબંધ ન હોવાના કારણે સંબંધ રહિત અર્થવાળું વચન. જેમકે - દશ દાડમ, દશ માલપૂવા વગેરે. **૫ છલઃ**- છલ એટલે સામાના વચનનો વિઘાત કરવો- વચનને ખોટો કરવો. જેમકે કોઈએ કહ્યું કે નવકમ્બલો દેવદત્તઃ અહીં નવી કામળીવાળો દેવદત્ત એમ કહેવું છે. તેના બદલે નવ શબ્દનો નવસંખ્યા અર્થ કરીને નવકામળીવાળો દેવદત્ત એમ અર્થ કરીને વાક્છલથી સામાના વચનને ખોટો પાડવો. **૬ દ્રુહિલઃ** દ્રોહસ્વભાવવાળું વચન. જેમકે - જેની બુદ્ધિ (રાગ-દ્વેષથી) લેપાતી નથી, તે આખા જગતને હણી નાખે તો પણ જેમ આકાશ કાદવથી લેપાતો નથી તેમ પાપની સાથે જોડાતો નથી, અર્થાત્ તેને પાપ લાગતું નથી. **૭ નિઃસારઃ**- વેદવચનની જેમ સાર રહિત. **૮ અધિકઃ**- વર્ણ આદિથી અધિક. **૯ હીનઃ**- વર્ણ આદિથી ન્યૂન. **૧૦ પુનરુક્તઃ**- અનુવાદ કરવાનો હોય તે સિવાય શબ્દ અને અર્થનું પુનઃ ઉચ્ચારણ કરવું. ઈંદ્ર ઈંદ્ર એમ બે વાર બોલવું તે શબ્દ પુનરુક્ત છે. ઈંદ્ર, શક્ર એમ બે વાર બોલવું તે એ અર્થ પુનરુક્ત છે. **૧૧ વ્યાહતઃ**- પૂર્વવચનથી પછીનું વચન હણાય. જેમકે - કર્મ છે અને ફલ છે એમ બોલ્યા પછી કર્મનો કર્તા નથી એમ બોલે તો કર્મનો કર્તા નથી એ વચનથી કર્મ છે અને ફલ છે એ વચન હણાઈ જાય છે. કેમ કે જો કર્મનો કર્તા જ નથી તો કર્મ અને ફલ કેવી રીતે હોય? **૧૨ અયુક્તઃ**- ન ઘટી શકે તેવું વચન. જેમકે - તે હાથીઓના ગંડસ્થલના તટથી પડેલા મદબિંદુઓથી ઘોર નદી વહેવા માંડી, એ નદી હાથી, અશ્વ અને રથને લઈ જવા લાગી. **૧૩ ક્રમભિન્નઃ**- ક્રમ પ્રમાણે ન બોલે. જેમકે - સ્પર્શન, રસન, ઘ્રાણ, ચક્ષુ, શ્રોત્રના વિષયો અનુક્રમે સ્પર્શ-રસ-ગંધ-રૂપ-શબ્દ છે એમ કહેવાના બદલે સ્પર્શ-રૂપ-શબ્દ-ગંધ-રસ છે એમ કહે. **૧૪ વચનભિન્નઃ**- એકવચન, દ્વિવચન વગેરેમાં ફેરફાર કરે. જેમકે - વૃક્ષાવેતૌ પુષ્પિતાઃ એમ કહે. ૧૫ વિભક્તિભિન્ન :- વિભક્તિમાં ફેરફાર કહે. જેમકે - એષ વૃક્ષમ્ એમ કહે. **૧૬ લિંગભિન્ન** :- લિંગમાં ભેદ કરે. જેમકે અયં સ્ત્રી એમ કહે. **૧૭ અનભિહિત** :- પોતાના સિદ્ધાંતમાં ન કહેલું કહે. જેમકે જૈનશાસનમાં જીવ, અજીવ અને નોજીવ એમ ત્રણ રાશિ છે એમ કહેવું. **૧૮ અપદ** :- પદ્યમાં રચના કરવાની હોય ત્યારે એક છંદમાં બીજો છંદ કહે. જેમકે - આર્યા પદમાં વૈતાલીયપદ કહે. **૧૯ સ્વભાવહીન** :- વસ્તુના સ્વભાવથી બીજી રીતે કહેવું. જેમકે - અગ્નિ શીતલ છે. **૨૦ વ્યવહિતઃ**- પ્રસ્તુત વિષયને છોડીને અપ્રસ્તુત વિષયને વિસ્તારથી કહે, પછી ફરી પ્રસ્તુત વિષયને કહે. **૨૧ કાલદોષ** : કાળમાં ફેરફાર કરવો. જેમકે-રામે વનમાં પ્રવેશ કર્યો એમ કહેવાનું હોય ત્યારે રામ વનમાં પ્રવેશ કરે છે એમ કહે. **૨૨ યતિદોષ** : શ્લોક વગેરેમાં જ્યાં અટકવાનું હોય ત્યાં ન અટકે અથવા જ્યાં ન અટકવાનું હોય ત્યાં અટકે. **૨૩ છવિઃ** છવિ એ ભાષાનો અલંકાર વિશેષ છે.

તેનાથી શૂન્યવચન એ છવિદોષ છે. **૨૪ સમયવિરુદ્ધ:** પોતાના સિદ્ધાંતથી વિરુદ્ધવચન. જેમકે-જૈન કહે છે કે જીવ નથી. **૨૫ વચનમાત્ર:** હેતુરહિત વચન. જેમ કે-ઈષ્ટ પૃથ્વીદેશમાં આ લોકમધ્ય છે એમ કહેવું. **૨૬ અર્થાપત્તિ:** જ્યાં અર્થથી અનિષ્ટની આપત્તિ થાય. જેમ કે-બ્રાહ્મણને ન મારવો જોઈએ. આનો અર્થ એ થયો કે બ્રાહ્મણ સિવાયના જીવોને મારવામાં વાંધો નહિ. **૨૭ અસમાસ:** જ્યાં જે સમાસ કરવો જોઈએ ત્યાં તે સમાસ ન કરે, અથવા સમાસ જ ન કરે. જેમકે राजपुरुषोऽयं એ સ્થળે તત્પુરુષ સમાસના બદલે બહુવ્રીહિ વગેરે સમાસ કરે, અથવા રાજ્ઞ: પુરુષોઽયં એમ સમાસ જ ન કરે. **૨૮ ઉપમા:** હીન-અધિક ઉપમા કહે. જેમકે- મેરુ સરસવ તુલ્ય છે, સરસવ મેરુ તુલ્ય છે. **૨૯ રૂપક:** વસ્તુના વર્ણનમાં વસ્તુના અવયવોનું = અંગોનું વર્ણન ન કરવું. જેમકે- પર્વતના વર્ણનમાં પર્વતના અવયવોનું વર્ણન ન કરે અને સમુદ્રના અવયવોનું વર્ણન કરે. **૩૦ અનિર્દેશ:** જ્યાં ઉદ્દેશપદોનો એક વાક્યભાવ ન હોય. જેમકે- દેવદત્ત થાળીમાં ચોખા પકાવે છે એમ કહેવું હોય ત્યારે દેવદત્ત થાળીમાં ચોખા એટલું જ કહે, પકાવે છે એમ ન કહે. **૩૧ પદાર્થ:** જ્યાં વસ્તુના પર્યાયવાચી પદની અર્થાંતર કલ્પના કરાય. જેમકે- વૈશેષિકમતે સત્તા વગેરે પદો દ્રવ્યના પર્યાયવાચી છે, દ્રવ્યથી ભિન્ન સ્વતંત્ર કોઈ વસ્તુ નથી. તેના બદલે સત્તા વગેરેને દ્રવ્યથી ભિન્ન સ્વતંત્ર વસ્તુ માનવી. **૩૨ સંધિ:** જ્યાં સંધિ કરવી જોઈએ ત્યાં સંધિ ન કરે, અથવા જ્યાં સંધિ ન થાય ત્યાં સંધિ કરે.

સૂત્રના આઠ ગુણો આ પ્રમાણે છે :- **૧ નિર્દોષ:-** દોષોથી રહિત. **૨ સારવત્:-** ગોશબ્દ વગેરેની જેમ ઘણા પર્યાયવાળું. **૩ હેતુયુક્ત:** અન્વય અને વ્યતિરેક હેતુઓથી યુક્ત. **૪ અલંકૃત:-** ઉપમા વગેરેથી યુક્ત. **૫ ઉપનીત:-** ઉપનયના ઉપસંહારવાળું. **૬ સોપચાર:-** ગામડીયા માણસોની ભાષા જેવું ન હોય. **૭ મિત:-** વર્ણ વગેરેના નિયત પરિમાણવાળું. **૮ મધુર:-** સાંભળવું ગમે તેવું.

તથા- **"જેની પ્રામાણિકતા સ્પષ્ટ સ્વીકારાયેલી છે, કહેનારના પોતાના અસાધારણ ગુણોથી કહેવાયેલા સર્વજ્ઞપણાને જે અનાયાસે પ્રકાશિત કરે છે, બીજાઓનું વચન અપ્રામાણિક છે એમ જે અતિશય આજ્ઞા કરે છે, તે જિનવચનને વિચક્ષણ પુરુષોએ સાક્ષાત્ પરીક્ષા કરીને જાણવું જોઈએ."** (૧) **"જો કે જિનવચન અલ્પ અક્ષરવાળું છે તો પણ મહાન અર્થવાળું, બત્રીસ દોષોથી રહિત અને આઠ ગુણોથી યુક્ત છે અને એનું (= જિનવચનનું) ઉત્કૃષ્ટ લક્ષણ પણ પ્રસિદ્ધ છે. આનાથી બીજું (= જિનવચન સિવાયનું) જે વચન કુતીર્થિઓના માર્ગમાં (= દર્શનમાં) રહેલું છે તે ખોટા અર્થોથી રચાયેલું છે."** (૨) **"તેથી અન્ય દર્શનમાં પણ અસાધારણ ગુણવાળું જે વચન રહેલું હોય તે પણ શ્રીસર્વજ્ઞથી પ્રવૃત્ત થયું છે એ સિદ્ધ થયું. જીવ વગેરે વસ્તુનું પ્રસિદ્ધ અને અબાધિત એવું જે સ્વરૂપ શાસ્ત્રમાં કહ્યું હોય તે બધું જો આચારના કથન પૂર્વક કહ્યું હોય તો શ્રેષ્ઠ બને."** (૩)

તથા સર્વ વિદ્વાનોને સંમત એવી પરિશુદ્ધ કષ આદિ પરીક્ષાઓથી જિનવચન જ શુદ્ધ તરીકે નિશ્ચિત થયેલું છે. તેથી અમે કહીએ છીએ કે "**જિનવચનમાં કષ શુદ્ધ સિદ્ધ થયો છે એમ નિપુણ પુરુષો અવધારણ કરે છે, નિપુણ પુરુષો સઘળા વિષયોનો છેદ ઉત્કૃષ્ટ જુએ છે, તાપ પણ સ્પષ્ટ ઘટે છે એમ સત્પુરુષોને પ્રતીતિ થાય છે. આથી જિનમતમાં પ્રામાણિકતાનો સ્પષ્ટ નિર્ણય થાય છે." (૪) "ક્યાંક જે કોઈ પણ વચન કષ-છેદ-તાપવાળું રચાય છે તે સર્વજ્ઞના સૂત્રની અંદર આવી ગયેલું જાણવું, અર્થાત્ સર્વજ્ઞનું વચન છે એમ જાણવું. જગતમાં સર્વ રત્નો સમુદ્રમાં ઉત્પન્ન થાય છે. તેથી બીજા સ્થાનોમાં રત્નો હોય તો, પણ તે રત્નો પ્રાયઃ સમુદ્રમાંથી આવેલા છે." (૫) તથા "ભગવાનની આજ્ઞા સૂક્ષ્મદ્રવ્યો વગેરેને બતાવનારી અને મતિ આદિ (જ્ઞાન)ને જણાવનારી હોવાથી સુનિપુણ છે. દ્રવ્યાર્થિકનય વગેરેની અપેક્ષાએ જિનાજ્ઞા અનાદિ-અનંત છે. જીવો ઉપર દબાણ ન કરતી હોવાથી અને જીવોનું હિત કરનારી હોવાથી જિનાજ્ઞા ભૂતહિત છે. જીવોને સદ્ભાવનાઓથી ભાવિત કરનારી હોવાથી જિનાજ્ઞા ભૂતભાવના છે. જિનાજ્ઞા સર્વોત્તમ હોવાથી અમૂલ્ય છે. એક સૂત્રના અનંત અર્થો થતા હોવાથી જિનાજ્ઞા અપરિમિત છે. અન્ય દર્શનની આજ્ઞાથી પરાજિત થનારી ન હોવાથી જિનાજ્ઞા અજિત છે. પૂર્વાપરના વિરોધથી રહિત હોવાથી, અનુયોગ દ્વાર સ્વરૂપ હોવાથી અને નયોથી ગર્ભિત હોવાથી જિનાજ્ઞા મહાર્થા છે. ઘણો અનુભાવ (= સામર્થ્ય) હોવાથી જિનાજ્ઞા મહાનુભાવા છે. સર્વદ્રવ્યો વગેરેને જણાવનારી હોવાથી જિનાજ્ઞા મહાવિષયા છે."**

આવી વિચારણા કરીને સર્વશંકાનું નિરાકરણ કરવું. પ્રાકૃતભાષા સર્વત્ર બોલાય છે, અને તેનાં લક્ષણો પ્રાયઃ નિયત નથી એમ પૂર્વે જે કહ્યું હતું તે અંગે જણાવવાનું કે ક્યાંક સંસ્કૃતભાષામાં પણ આ તુલ્ય છે. આથી બીજાને જણાવવા માટે સમર્થ એવી પ્રાકૃતભાષાનો પ્રયોગ કરવો એ યોગ્ય જ છે. આથી ઉક્ત શંકાને અવકાશ નથી. [૫૨]

काङ्क्षामपि देशसर्वविषयां द्विधामाह-

**कंखा देसे एगं, कुतित्थिमयमिच्छए जहित्थंपि।**
**भणियमहिंसादुक्कयसुकयफलं सग्गमोक्खाई।।५३।।**

**[काङ्क्षा देशे एकं, कुतीर्थिमतमिच्छति यथाऽत्रापि।**
**भणितमहिंसादुष्कृतसुकृतफलं स्वर्गमोक्षादि।।५३।।]**

**''कंखा'' गाहा व्याख्या-'काङ्क्षा' प्राक्प्रतिपादितस्वरूपा 'देशे' देशविषया दृश्यत इति गम्यते। 'कुतीर्थिमतं' सांख्यादिदर्शनं 'इच्छति' अभिलषति, मोक्षाङ्गतया मन्यत इत्यर्थः। यथा मन्यते तथाऽह-'यथा' इति प्रकारवचनः,**

यथा 'अत्र' सौगतादिदर्शने 'भणितं' अभिहितम्। किम्? 'अहिंसादुष्कृत-सुकृतफलम्' इति, अहिंसा-प्राणि...परिहारलक्षणा, उपलक्षणेन च सत्यादिपरिग्रहः, यद्वाऽहिंसा व्रतवृतिरूप...षव्रतस्याहिंसैवैकं व्रतम्; दुष्कृतं-प्राणव्यपरोपणादि, सुकृतं - ध्यानाध्ययनदानादि, तस्य प्रतिषेधविधिरूप-हिंसाऽध्ययनाद्यात्मकस्य सुकृतस्य दुष्कृतस्य च फलं-कार्यं 'स्वर्गमोक्षादि' त्रिविष्टपापवर्गसुखप्रभृतीत्यर्थः, आदिशब्दस्य यथायोगं योगाद् दुष्कृतफलं नरकाद्यपि। अत्रापि किल सांख्यादिदर्शने सुकृतदुष्कृतफलमभिहितमेवेति इदमपि न क्षेपार्हमिति देशकाङ्क्षा। इति गाथाहृदयार्थः।।५३।।

**કાંક્ષાને પણ દેશમાં આકાંક્ષા અને સર્વમાં આકાંક્ષા એમ બે પ્રકારે કહે છેઃ-**

સાંખ્ય વગેરે કોઈ એક દર્શનને ઈચ્છે = મોક્ષના કારણ તરીકે માને તે દેશમાં આકાંક્ષા છે. જેમકે- અહીં સાંખ્ય વગેરે દર્શનમાં પણ અહિંસા કહેલ છે. તથા સુકૃતથી સ્વર્ગ-મોક્ષનું સુખ મળે છે અને દુષ્કૃતથી નરક વગેરેની પ્રાપ્તિ થાય છે, એમ સુકૃત-દુષ્કૃતનું ફળ જણાવ્યું જ છે. આથી આ દર્શન પણ અનાદર કરવાને યોગ્ય નથી. આ પ્રમાણે દેશ કાંક્ષા છે.

અહિંસા = પ્રાણીની પીડાનો ત્યાગ કરવો. અહીં અહિંસાના ઉપલક્ષણથી સત્ય વગેરે પણ લેવા. અથવા અહિંસા વ્રતોની વાડરૂપ હોવાથી સર્વ વ્રતોનું એક અહિંસા જ વ્રત છે.

દુષ્કૃત=પ્રાણનો નાશ કરવો વગેરે. સુકૃત = ધ્યાન-અધ્યયન-દાન વગેરે. 卐 જોકે મૂળ ગાથામાં દુષ્કૃતનું ફળ નરક વગેરે છે એમ કહેલ નથી. આમ છતાં आदि શબ્દને યથાયોગ્ય જોડવાથી દુષ્કૃતનું નરક વગેરે ફલ છે એમ સમજી શકાય છે. [૫૩]

## सव्वे सव्वमयाइं, कंखइ जहभणियकारणेहिंतो।
## संकाए पेयपाई, कंखाए अमच्चरायाणो।।५४।।

[सर्वस्मिन् सर्वमतानि, काङ्क्षते यथाभणितकारणेभ्यः।
शङ्कायां पेयापायिनौ, काङ्क्षायां अमात्यराजानौ।।५४।।]

''सव्वे'' गाहा व्याख्या-'सर्वस्मिन्' सर्वविषया काङ्क्षेति प्रकृतम्, 'सर्वमतानि' सर्वदर्शनानि जैमिनिकणभक्षाक्षपादशाक्यकपिलादिप्रतिबद्धानि, किम्? 'काङ्क्षते' मोक्षाऽङ्गतयाऽङ्गीकरोतीत्यर्थः। 'यथाभणितकारणेभ्यः' प्राक्प्रदर्शितसुकृतफलाभिधानादिभ्यः, ''भ्यसश्च हिंतो सुंतो'' इति पञ्चमीभ्यसो हिंतोआदेशः। ऐहिकप्रत्यपायप्रत्ययत्वमपि शङ्काकाङ्क्षयोराविष्कुर्वन्नुदाहरणे

卐 ટીકામાં રહેલા प्रतिषेधविधिरूप ......... એ પદોનો અનુવાદ ક્લિષ્ટ બને એ માટે અનુવાદમાં લીધો નથી.

आह-'संका' इत्यादि गाथार्धम्। शङ्कायां पेयापायिनौ कुमारकावुदाहरणमिति गम्यते। काङ्क्षायाममात्यराजानावुदाहरणम्। इति गाथाऽक्षरार्थः।।५४।।

भावार्थस्तु कथानकगम्यः, ते चैते-

''जहा एगम्मि नयरे एगस्स सेट्ठिस्स दोण्णि पुत्ता लेहसालाए पढंति। सिणेहा य से माया मा कोई पेच्छिहही। अप्पसागरिए मइमेहाकरिं ओसहिपेयं देइ। तत्थ परिभुंजमाणाणं चेव एगो चिंतेइ, नूणं मच्छियाओ एयाओ। तस्स संकाए चेव माणसदुक्खपुव्वगं सारीरं ति वग्गुलीवाही जायो मओ अ। इहलोगभोगाणं अणाभागी जाओ। अवरो न माया अहिअं चिंतेइ त्ति निस्संकिओ पाउणमारद्धो। परिणया पेज्जा, निरुएण य गहिओ विज्जाकलावो। इहलोगभोगाणं आभागी जाओ त्ति।।''

यथाऽसावविषयविषयां शङ्कां कुर्वन्नैहिकाऽपायं प्राप, अविषयविषयता चात्र शङ्कायाः सपत्नीमातुरपि व्यक्तस्नेहकार्योपलम्भेन तथाविधशङ्काया वस्तुतो निर्विषयत्वात्, तथा जिनमतगतां शङ्कां कुर्वन्ननेकपारत्रिकाऽपायपदं स्यात्। तदुक्तम्-''विमलमपि हि चेतः शङ्कया पङ्किलं स्यात्, पय इव च पयोधेः कर्दमोद्दामयोगात्। तदनु च जिनवाक्ये प्रत्ययः स्यादगाढः, स च खलु परिपन्थी तत्त्वदृष्टेरनिष्टः।।१।। [ ] इत्यादि। तथा-

राया कुमारामच्चो य आसेणावहरिआ अडविं पविट्ठा। छुहावरद्धा वणफलाणि खायंति। पडिनियत्ताणं च राया चिंतेइ, लड्डुअपूयलगमाईणि सव्वाणि चक्खामि। आगया दो वि जणा। रण्णा सूआरा भणिआ, जं लोए पयरइ तं सव्वं रंधेह त्ति। तेहिं रंधेत्ता उवट्ठाविअं च रण्णो। सो राया पेच्छादिट्ठंतं करेइ। कप्पड्डिया बलिएहिं धाडिज्जंति, एवं मिट्ठस्स अवगासो होहिइ। कणकुंडगमंडगाईणि वि खाइयाणि, तेहिं सूलेण मओ। अमच्चेण पुण वमणविरेयणाणि कयाणि, आभागी भोगाणं जाओ'' त्ति।

एवमिहाप्यपरनिरपेक्षैकैकनयमतमात्रनिर्मितकुतीर्थिदर्शनानि काङ्क्षमाणः तेषामपरापरप्रतिक्षेपद्वारेण प्रायः प्रवृत्तेः सर्वत्राऽनाऽऽश्वासः, सर्वनयमतव्यवस्थित-वस्तुतत्त्वानधिगतेरनेकाऽऽमुष्मिकापायभाग् भवति। तदुच्यते-''निखिलमखिलैः सम्यग्दृब्धं नयैर्न किलैकशो, यदिति बहुधा बोधाऽध्वानस्त्वया प्रथिताः प्रभो!। तदिति कुदृशो व्याचक्रोशन्त्यनेकपथस्थिता, असकलदृशो हस्तिन्यन्धा यथा किल कुर्वते।।१।।'' [ ] इति गाथार्थः।।५४।।

પૂર્વે બતાવેલાં (= સુકૃતના ફલનું પ્રતિપાદન વગેરે) કારણોથી જૈમિનિ, કણાદ, અક્ષપાદ, બુદ્ધ, કપિલ વગેરેએ રચેલાં સર્વદર્શનોને ઈચ્છે = મોક્ષના કારણ તરીકે સ્વીકારે તે સર્વમાં કાંક્ષા છે. શંકા અને કાંક્ષા આલોકમાં પણ અનર્થનું કારણ છે એમ પ્રગટ કરતા

ગ્રંથકાર બે દૃષ્ટાંત કહે છેઃ- શંકામાં રાબ પીનારા બે બાળકોનું દૃષ્ટાંત છે. કાંક્ષામાં રાજા અને પ્રધાનનું દૃષ્ટાંત છે. આ પ્રમાણે ગાથાનો અક્ષરાર્થ છે. ભાવાર્થ તો કથાનકોથી જાણવો. તે કથાનકો નીચે પ્રમાણે છે.

## બે બાળકોનું દૃષ્ટાંત

એક નગરમાં એક શેઠ હતા. તેની પત્ની બાળકને જન્મ આપી મૃત્યુ પામી. આથી શેઠે બીજી વાર લગ્ન કર્યા. બીજી પત્નીએ એક બાળકને જન્મ આપ્યો. માતા બંને બાળકો પ્રત્યે સમભાવ રાખે છે. બાળકો પાઠશાળામાં ભણતા હતા. સ્નેહવાળી માતાએ કોઈ જુએ નહિ એટલા માટે એકાંતમાં તે બંનેને મતિ-બુદ્ધિને વધારનારી ઔષધયુક્ત અડદની રાબ પીવા માટે આપી. રાબને પીતાં પીતાં સાવકા પુત્રે વિચાર્યું કે ખરેખર! આ મરેલી માખીઓ છે. મને મારી નાખવા માટે આમ કર્યું છે. આવી શંકાથી તેણે રાબ પીધી. પહેલાં માનસિક દુઃખ થાય. પછી શારીરિક દુઃખ પણ થાય. આથી શંકાના કારણે તેના શરીરમાં વગ્ગુલી વ્યાધિ (= રોગવિશેષ) થવાથી તે મૃત્યુ પામ્યો. એથી તે આ લોકના ભોગસુખોનો ભાગી ન થયો. બીજાએ વિચાર્યું કે માતા અહિત ન ચિંતવે. શંકા વિના તેણે રાખ પીવાનું શરૂ કર્યું. રાબ તેના શરીરમાં પરિણમી ગઈ. તેનું શરીર આરોગ્યવાળું થયું. તે ઘણી વિદ્યાઓ ભણ્યો. એથી તે આ લોકના ભોગોનો ભાગી થયો.

માતા સાવકી હોવા છતાં એને તેના પ્રત્યે સ્નેહ હતો એ એનાં સ્નેહ ભરેલાં કાર્યોથી જણાઈ આવતું હતું, એટલે પરમાર્થથી શંકા કરવાનું કોઈ કારણ ન હતું. શંકાનું કારણ ન હોવા છતાં શંકા કરીને તે જેવી રીતે આ લોકના અનર્થને પામ્યો, તેવી રીતે જિનમતમાં શંકા કરનારો જીવ પરલોકના અનેક અનર્થોનું સ્થાન થાય. કહ્યું છે કે-**"જેવી રીતે ઘણા કાદવના યોગથી સમુદ્રનું પાણી મલિન બને છે તેવી રીતે નિર્મલ પણ મન શંકાથી મલિન થાય. મન મલિન બન્યા પછી જિનવચનમાં વિશ્વાસ (શ્રદ્ધા) શિથિલ બને છે. શિથિલ વિશ્વાસ તત્ત્વદૃષ્ટિએ વિરોધી હોવાથી અનિષ્ટ છે."**

## રાજા અને પ્રધાનનું દૃષ્ટાંત

અશ્વથી હરણ કરાયેલા રાજા અને મંત્રી જંગલમાં પ્રવેશ્યા. ભૂખથી વ્યાકુલ બનેલા તેમણે વનનાં ફલો ખાધાં. પાછા ફરતાં રાજાએ વિચાર્યું કે લાડુ અને માલપુવા વગેરે બધું ખાઈશ. બંને પોતાના સ્થાનમાં આવ્યા. રાજાએ રસોઈયાઓને કહ્યું: લોકમાં જે પ્રસિદ્ધ હોય તે સઘળું રાંધો. તેમણે બધું રાંધીને રાજાની પાસે મુક્યું. આ વખતે રાજાએ મનમાં નાટકનું દૃષ્ટાંત યાદ કર્યું. જેવી રીતે નાટકમાં આગળ બેઠેલા નિર્બળ માણસોને ખસેડીને બલવાન માણસો બેસી જાય છે, એ રીતે અહીં પણ મિષ્ટાન્નને અવકાશ મળશે, અર્થાત્ પૂર્વે

ખાધેલાં વનફળોને ખસેડીને મિષ્ટાન્ન પોતાની જગ્યા કરી લેશે, આમ વિચારીને રાજાએ કણકુંડગ (= ચોખાની વિશિષ્ટ વાનગી) અને મંડક (= ઘઉંની વિશિષ્ટ વાનગી) વગેરે પણ ખાધું. તેથી શૂલ થવાના કારણે રાજા મૃત્યુ પામ્યો. મંત્રીએ તો વમન-વિરેચન કર્યા. તેથી તે ભોગસુખનો ભાગી થયો.

એ પ્રમાણે અહીં પણ અન્ય નયોની અપેક્ષાથી રહિત એવા માત્ર એક એક નયમતથી રચાયેલાં કુતીર્થિઓનાં દર્શનોની આકાંક્ષા કરનાર મનુષ્યને તે દર્શનો પ્રાયઃ બીજાં બીજાં દર્શનોનું ખંડન કરનારાં હોવાથી બધાંજ દર્શનોમાં વિશ્વાસ ન રહે. સર્વનયમતોથી નિશ્ચિત થયેલ વસ્તુતત્ત્વનું જ્ઞાન ન હોવાથી તે મનુષ્ય પરલોકમાં અનેક અનર્થોનો ભાગી થાય. કહ્યું છે કે -**"હે પ્રભુ! તેં બધું ય એક નયથી નહિ, કિંતુ સર્વનયોથી સમ્યગ્ રચ્યું છે, એથી તેં બોધના માર્ગો અનેક પ્રકારે વિસ્તાર્યા છે. તેથી જેવી રીતે સંપૂર્ણ હાથીને નહિ જોનારા અંધપુરુષો હાથીને જોઈને (= હાથીના એક એક અંગને જોઈને) હાથી કેવો છે? એ વિષે આક્રોશ કરે છે, તેવી રીતે અનેક માર્ગમાં રહેલા અને અપૂર્ણ જોનારા મિથ્યાદૃષ્ટિઓ ખૂબ આક્રોશ કરે છે."** [૫૪]

विचिकित्सामपि प्रागुक्तां द्विधाऽऽह-

## विचिगिच्छ देस एगं, चिइवंदणनियमपोसहाईयं।
## सफलं विफलं व होज्ज, न नज्जए सव्व सव्वाणि।।५५।।

**[विचिकित्सा देशे एकं, चैत्यवन्दननियमपौषधादिकं।**
**सफलं विफलं वा भवेन्न ज्ञायते सर्वस्मिन् सर्वाणि।।५५।।]**

**''विचिगिच्छ'' गाहा व्याख्या-'विचिकित्सा' उदितस्वरूपा, ह्रस्वत्वं तु च्छन्दोभङ्गभयात्। 'देशे' देशविषया यथा-'एकं' किञ्चित् चैत्यवन्दननियम-पौषधादिकमनुष्ठानं सफलं विफलं वा भवेत् न ज्ञायते इति विचिकित्सतीति योगः। तत्र नियमाः- विविधाभिग्रहविशेषाः अणुव्रतादिरूपा वा, पौषधं-शिक्षाव्रतान्तःपाति, आदिशब्दाद्दर्शनप्रतिमादिपरिग्रहः। तदेषां चैत्यवन्दनादीनां मध्येऽन्यतरद्विचिकित्सते, यथा 'सफलं' स्वर्गादिफलहेतुः 'विफलं' तद्विपरीतं कायक्लेशफलमात्रमेव वा विचिकित्सा। 'सर्वस्मिन्' सर्वविषया विचिकित्सेति प्रकृतम्। किंविधा? 'सर्वाणि' इति सकलान्येव चैत्यवन्दनादीन्यनुष्ठानानि विचिकित्सति, यथा न ज्ञायते सर्वस्यास्य चैत्यवन्दनादेरागममात्रप्रतिष्ठित-फलस्याऽस्माकं किं फलमस्ति? उत न? इति गाथार्थः।।५५।।**

**પૂર્વે કહેલી વિચિકિત્સાને પણ બે પ્રકારે કહે છે :-**

ચૈત્યવંદન, નિયમ અને પૌષધ વગેરે અનુષ્ઠાનોમાંથી કોઈ એક અનુષ્ઠાનમાં આ અનુષ્ઠાન સફળ થશે કે નિષ્ફળ થશે તે જણાતું નથી, એવી વિચિકિત્સા થાય તે દેશમાં વિચિકિત્સા છે. ચૈત્યવંદન વગેરે સર્વ અનુષ્ઠાનોમાં આ અનુષ્ઠાનો સફલ થશે કે નિષ્ફલ થશે તે જણાતું નથી, એવી વિચિકિત્સા થાય તે સર્વમાં વિચિકિત્સા છે. અર્થાત્ ચૈત્યવંદન વગેરે સર્વ અનુષ્ઠાનોનું ફલ માત્ર આગમમાં રહેલું છે= લખાયેલું છે. માત્ર આગમમાં લખાયેલું એ ફલ અમને મળશે કે નહિ એવી શંકા તે વિચિકિત્સા છે.

નિયમ = વિવિધ અભિગ્રહો, અથવા અણુવ્રતો વગેરે. પૌષધ = શિક્ષાવ્રતોમાં ત્રીજું વ્રત. આદિ શબ્દથી દર્શનપ્રતિમા વગેરે અનુષ્ઠાનો લેવા. સફલ = સ્વર્ગાદિ ફલનું કારણ. વિફલ = નરકાદિ ફલનું કારણ, અથવા માત્ર કાયક્લેશરૂપ ફલવાળું. [૫૫]

सत्यपि निःशङ्किते जीवाद्यस्तित्वे विचिकित्सानिबन्धनमभिप्रायमाह-

**पुव्वपुरिसा जहच्चिय (जहोइय) मग्गचरा घडइ तेसु फलजोगो।**
**अम्हेसू धिइसंघयणविरहओ न तह तेसि फलं।।५६।।**

**[पूर्वपुरुषा यथोदित-मार्गचरा घटते तेषु फलयोगः।**
**अस्मासु धृतिसंहननविरहतो, न तथा तेषां फलम्।।५६।।]**

**''पुव्वपुरिसा'' गाहा व्याख्या-'पूर्वपुरुषाः' कामदेवादयः, 'यथोदित-मार्गचराः' आगमनिर्दिष्टधर्मनिश्चलत्वादिगुणाऽऽसेविन इत्यर्थः, 'यथोचितमार्गचरा वा' सर्वत्रौचित्याऽऽचरणपरायणा इति भावः; अतः 'तेषु' तद्विषयः 'घटते' युज्यते 'फलयोगः' आगमाभिहितत्रिविष्टपपदोत्पादैकाऽवतारत्वादि-धर्मक्रियाकार्यसंबन्धः। 'अस्मासु' अस्मद्विषये, तुशब्दो भिन्नवाक्यतायाम्, ''क'' आदिसूत्रेण च तलोपे सन्धौ चैवं भवति। 'धृतिसंहननविरहतः' तथाविधानुष्ठानप्रवृत्तिनिमित्ततनुशक्त्यऽभावादित्यर्थः। 'न' इति निषेधे। 'तथा' तेन पूर्वपुरुषप्रतीतप्रकारेण 'तेषां' चैत्यवन्दनादीनां धर्मव्यापाराणां 'फलं' साध्यकार्यं स्वर्गादिनेति संबन्धः। एवंविधा विचिकित्सा वस्तुतो मिथ्यात्वनिबन्धनैव, यतो नहि संभवोऽस्या विपर्ययं विना। तथाहि-यथा पूर्वपुरुषाणां धृत्यादियुजां सम्यक्त्वादेः स्वर्गादि फलं तथेदानींतनानामपि जघन्यादिभेदं तदेव। यत आगमः-''अविराहिअसामण्णस्स साहुणो सावगस्स य जहण्णो। सोहम्मे उववाओ, भणिओ तेलोक्कदंसीहिं।।१।। [ ]'' न चेदानीमाऽऽगममनुसरतामपि सम्यक्त्वाद्यऽसंभवः। तदुक्तम्-''दुप्पसहंतं चरणं, भणिअं जं भगवया इहं**

**खेत्ते। आणाजुत्ताणमिणं, न होइ अहुणत्ति वामोहो।।१।।'' तथा-''जा संजमया जीवेसु ताव मूला य उत्तरगुणा य। इत्तरिअछेअसंजम निग्गंथ बउसा य पडिसेवा।।२।।''[ ] तदेवं तीर्थाऽवसानसमयानुगामीनि सम्यग्ज्ञानदर्शनचारित्राणि, तद्वतां च कालाद्यऽपेक्षमनुष्ठानमवश्यं मुक्तिफलवदेव। अत एवैनं कालमपेक्ष्य संभवद्यतनागुणेन संयममाराधयतां साधूनां हीलाविधायिनामाऽऽगमे महाननर्थोऽभिहितः। यदुक्तम्-''धीरपुरिसपरिहाणिं, णाऊणं मंदधम्मिआ केई। हीलेंति विहरमाणं, संविग्गजणं अबुद्धीआ।।१।।''[ ] तेषां चेदं फलम्-''संतगुणछायणा खलु, परपरिवाओ अ होइ अलिअं च। धम्मे अ अबहुमाणो, साहुपओसे अ संसारो।।१।।'' [ ] इत्यादि। तस्मात्संहननाद्यनुरूपं धर्मे पराक्रामतामवश्यं यथाभिहितं फलमस्तीति निर्विचिकित्सेन भाव्यम्। इति गाथार्थः।।५६।।**

**જીવાદિ વસ્તુઓના અસ્તિત્વમાં શંકા રહિત હોવા છતાં જે આશયથી વિચિકિત્સા થાય છે તે આશયને કહે છે :-**

કામદેવ વગેરે પૂર્વપુરુષો આગમમાં જે પ્રમાણે કહ્યું છે તે પ્રમાણે મોક્ષમાર્ગને આચરતા હતા, અર્થાત્ આગમમાં કહેલા ધર્મનિશ્ચલતા વગેરે ગુણોનું આસેવન કરતા હતા, તેથી તેમને ધર્મક્રિયાના આગમમાં કહેલાં દેવલોકમાં ઉત્પત્તિ અને એકાવતારિપણું વગેરે ફલોની પ્રાપ્તિ થાય એ ઘટે છે, પણ અમે ધૃતિ અને વિશિષ્ટ સંઘયણથી રહિત છીએ, અર્થાત્ તેવા પ્રકારના અનુષ્ઠાનમાં પ્રવૃત્તિ કરી શકીએ તેવી શરીરશક્તિથી રહિત છીએ, આથી પૂર્વપુરુષોને ચૈત્યવંદન વગેરે ધર્મપ્રવૃત્તિનું જેવું ફળ મળતું હતું તેવું ફળ અમને ન મળે.

આવા પ્રકારની વિચિકિત્સાનું કારણ પરમાર્થથી મિથ્યાત્વ જ છે. કારણ કે વિપર્યાસ વિના વિચિકિત્સાનો સંભવ નથી. વિચિકિત્સાનું નિરાકરણ આ પ્રમાણે કરવું:- જેવી રીતે ધૃતિ આદિથી યુક્ત પૂર્વપુરુષોને સમ્યક્ત્વ વગેરેનું સ્વર્ગ વગેરે ફળ મળતું હતું, તે રીતે હમણાંના જીવોને પણ જઘન્ય વગેરે ભેદવાળું તે જ ફળ મળે છે. કારણ કે આગમમાં કહ્યું છે કે-**"સંયમની વિરાધના ન કરનાર સાધુ અને (શ્રાવકધર્મની વિરાધના ન કરનાર) શ્રાવક જઘન્યથી સૌધર્મ દેવલોકમાં ઉત્પન્ન થાય એમ તીર્થંકરોએ કહ્યું છે."**

આગમને અનુસરનારાઓને પણ હમણાં સમ્યક્ત્વ વગેરેનો અસંભવ છે એમ ન કહેવું. કહ્યું છે કે-**"આ ક્ષેત્રમાં આજ્ઞાયુક્ત જીવોને દુપ્પસહ (= દુષ્પ્રસહ) સૂરિ સુધી ચારિત્ર છે એમ ભગવાને કહ્યું છે. આથી હમણાં ચારિત્ર નથી એમ કહેવું એ મૂઢતા છે." તથા "જ્યાં સુધી જીવોમાં સંયમ છે ત્યાં સુધી મૂલગુણો અને ઉત્તરગુણો, ઈત્વરસામાયિક અને છેદોસ્થાપનીય એ બે ચારિત્ર, બકુશ અને પ્રતિસેવાકુશીલ એ બે પ્રકારના નિર્ગ્રંથો રહેશે."**

આ પ્રમાણે સમ્યગ્જ્ઞાન-દર્શન-ચારિત્ર તીર્થના અંતસમય સુધી રહેશે, અને સમ્યજ્ઞાન-દર્શન-ચારિત્રવાળા જીવોને ધર્માનુષ્ઠાન કાલ વગેરે સામગ્રી પ્રમાણે અવશ્ય મોક્ષફલવાળું જ બને છે. આથી જ આ કાળની અપેક્ષાએ સંભવી શકે તેવા યતનાગુણથી સંયમની આરાધના કરતા સાધુઓની હીલના કરનારાઓને મહાન અનર્થ થાય એમ આગમમાં કહ્યું છે. કહ્યું છે કે- **"ધીરપુરુષોની અતિશય હાનિને જાણીને મંદધર્મવાળા અને સદ્‌બુદ્ધિથી રહિત જે કોઇક જીવો સંયમનું પાલન કરતા સંવિગ્નલોકની હીલના કરે છે," તેમને આ ફળ મળે છે:-"બીજાના વિદ્યમાન ગુણોને ઢાંકવા, બીજાઓની નિંદા કરવી, અસત્ય બોલવું, ધર્મમાં બહુમાનનો અભાવ અને સાધુઓ ઉપર દ્વેષ કરવો એ સંસાર છે, અર્થાત્ એનાથી સંસાર વધે છે."** માટે સંઘયણ આદિ પ્રમાણે ધર્મમાં પરાક્રમ કરનારાઓને શાસ્ત્રમાં કહ્યા પ્રમાણે અવશ્ય ફલ મળે છે. માટે વિચિકિત્સાથી રહિત બનવું. [૫૬]

सांप्रतं द्विरूपाऽपि विचिकित्सैहिकस्याप्यपायस्य निदानम्, एतद् दृष्टान्तेन दर्शयति-

## विचिगिच्छाए विज्जासाहंताऽसड्ढचोर दिट्ठंतो।
## विउगुच्छाए पच्चंवासिणो सड्ढगस्स सुया।।५७।।

**[विचिकित्सायां विद्या-साधयदश्राद्धचौरदृष्टान्तः।**

**विद्वज्जुगुप्सायां प्रत्यन्तवासिनः श्रावकस्य सुता।।५७।। ]**

**''विचिगिच्छा'' गाहा व्याख्या-'विचिकित्सायां' उक्तस्वरूपायां 'विद्यासाधयदश्राद्धचौरदृष्टान्तः' इति विद्यां साधयन्, विद्यासाधयन्निति शत्रन्तेन समासो गमकत्वात्। तदुक्तम् ''द्रव्यसंज्ञायकात्ताभ्यां, समासो न निषिध्यते।'' [ ] प्राकृतेन वा समासः। ततश्च विद्यासाधयंश्चाऽसावऽश्राद्धश्चेति विद्यासाधयदश्राद्धः स च चौरश्चेति चार्थः, तौ 'दृष्टान्तः' उदाहरणम्। 'विद्वज्जुगुप्सायां' अभिहितरूपायां 'प्रत्यन्तवासिनः' तथाविधसाध्वापात-रहितग्रामवासिनः 'श्राद्धस्य' श्रावकस्य 'सुता' दुहिता। इति गाथाऽक्षरार्थः। भावार्थस्तु कथानकगम्यः। ते चैते कथानके-**

**(१) ''सावयनंदीसरवरदीवगमणं दिव्वगंधाणं देवसंसग्गेणं मित्तस्स पुच्छणं, विज्जापयाणं, साहणं, मसाणे चउपायं सिक्कगं हेट्ठा इंगाला खाइरो अ सूलो। अट्ठसयंवारा परिजवेत्ता पाओ सिक्कगस्स छिज्जई। एवं बितिओ तइओ। चउत्थे च्छिण्णे आगासेण वच्चइ। तेण सा विज्जा गहिआ। कालचउद्दसिरत्तिं साहेइ। मसाणे चोरो य नगरारक्खगेहिं परद्धो परिब्भममाणो**

तत्थेव अइगओ। ताहे वेढेउं मसाणं ठिआ पभाए घेप्पिहिइ त्ति। सो भमंतो विज्जासाहगं पेच्छइ। तेण पुच्छिओ सो भणइ, विज्जं साहेमि। चोरो भणइ, केण दिण्णा?। सो भणइ, सावगेणं। चोरेण भणियं, इमं दव्वं गेण्हाहि विज्जं देहि। सो सड्ढो विगिच्छइ त्ति सिज्झेज्जा न व त्ति तेण दिण्णा। चोरो चिंतेइ, सावओ कीडिआए वि पीडं नेच्छइ, सच्चमेयं, सो साहेउमारद्धो। इयरो सलोत्तो गहिओ। तेणागासगएण लोगो भेसिओ, ताहे सो मुक्को, ते वि सड्ढगा जाय त्ति।।''

एवमिहापि निजाऽनुष्ठानफलं विचिकित्समानोऽसुमान् आमुष्मिकाऽपायभाग् भवति। तदुक्तम्-''तत्त्वे मूढ! मनागपि अ(प्य)रुचिर्जिनदृष्टभावविषयेयम्। विद्यागतेव तत्साधकस्य तत्फलविघाताय।।१।। [ ] इति। विद्वज्जुगुप्सायां श्रावकसुता च-

(२) एगो सड्ढो पच्चंते परिवसइ। तस्स धूआविवाहे कह वि साहुणो आगया। सा पिउणा भणिआ, पुत्तिग! पडिलाहेहि साहुणो। सा मंडिअपसाहिआ पडिलाहेइ, साहूणं जल्लगंधो तीए आगओ। सा चिंतेइ, अहो! अणवज्जो साहूण धम्मो देसिओ। जइ पुण फासुएण ण्हाएज्जा को दोसो होज्जा?। सा तस्स ट्ठाणस्स अणालोइयपडिक्कंता कालं किच्चा रायगिहे गणियाए पोट्टे आ(ग)या गब्भगया चेव अरइं जणेइ। गब्भपाडणेहिं पि न पडइ। जाया समाणी उज्झिआ। सा य गंधेण तं वणं वासेइ। सेणिओ तेण पएसेण निग्गच्छइ सामिणो वंदओ, सो खंधावारो तीए गंधमसहंतो परम्मुहो भग्गो। रण्णा पुच्छिअं, किं एयं?। तेण कहिअं, दारियाए गंधो। गंतूण दिट्ठा। भणइ, एसेव पढमपुच्छ त्ति। गओ वंदित्ता पुच्छइ। तओ भगवया तीए उट्ठाणपारियावणा कहिआ। भणइ राया, कहिं एसा पच्चणुभविस्सइ सुहं वा दुहं वा?। सामी भणइ, एएण कालेण वेइयं। सा ते चेव भज्जा भविस्सइ, अग्गमहिसी अट्ठ संवच्छराणि। जा य तुज्झं रममाणस्स पट्टीए हंहोलीलं काहिइ तं जाणेज्जासि। वंदित्ता गओ। सा य अवगयगंधा आभीरेण गहिआ, संवड्ढिआ जोअणत्था जाया। कोमुइचारं मायाए समं आगया। अभओ सेणिओ अ पच्छण्णा कोमुइवारं पेच्छंति। तीसे दारिआए अंगफासेण सेणिओ अज्झोववण्णो नाममुद्दं दसिआए तीए बंधइ। अभयस्स कहिअं। नाममुद्दा हारिआ मग्गाहि। तेण मणुस्सा दारेहिं बद्धेहिं ठविआ। एक्केक्कं माणुसं पलोएऊणं निणिज्जइ। सा दारिआ दिट्ठा, चोरि त्ति गहिआ परिणीआ। अण्णया य वस्सोकेण रमंति रा याणं राणियाओ पोत्तेण वाहिंति, इयरी पोत्तं देंतिया चेव विलग्गा, रण्णा सरियं मुक्का य, पव्वइया।।५७।।

**હવે બંને પ્રકારની વિચિકિત્સા આ લોકના પણ અનર્થનું કારણ છે એ વિગત દૃષ્ટાંતથી બતાવે છે :-**

વિચિકિત્સામાં વિદ્યાને સાધતા અને શ્રદ્ધાથી રહિત એવા શ્રાવકનું અને ચોરનું દૃષ્ટાંત છે. વિદ્વત્કુત્સામાં જ્યાં તેવા પ્રકારના સાધુઓનું આગમન ન થાય તેવા ગામમાં રહેનારા શ્રાવકની પુત્રીનું દૃષ્ટાંત છે. આ પ્રમાણે ગાથાનો અક્ષરાર્થ છે. ભાવાર્થ કથાનકોથી જાણવો. તે બે કથાનકો આ પ્રમાણે છે:-

### અશ્રદ્ધાળુ શ્રાવક અને ચોરનું દૃષ્ટાંત

જિનદત્ત નામનો શ્રાવક નંદીશ્વરદ્વીપમાં ગયો. ત્યાં દેવના સંસર્ગથી તેનું શરીર દિવ્યગંધવાળું થઈ ગયું. મહોત્સવપૂર્ણ થયા બાદ તે પોતાના નગરમાં આવ્યો. મહેશ્વરદત્ત નામના શ્રાવક મિત્રે તેને પૂછ્યું: તારા શરીરમાં દેવશરીરની જેવી સુગંધ કેમ છે? તેણે કહ્યું: હું નંદીશ્વરદ્વીપ ગયો હતો. ત્યાં દેવશરીરની સુગંધથી મારું શરીર વાસિત થયું છે. મિત્રે પૂછ્યું: ત્યાં તું કેવી રીતે ગયો? જિનદત્તે કહ્યું: આકાશગામિની વિદ્યાથી. મિત્રે તે વિદ્યાની માગણી કરી. આથી જિનદત્તે તે વિદ્યા તેને આપીને વિદ્યા સાધવાનો વિધિ કહ્યો. તે આ પ્રમાણે:- કૃષ્ણપક્ષની ચૌદશે રાત્રે શ્મશાનમાં જઈને ચાર દોરડાવાળું શીકું કરીને વૃક્ષ ઉપર બાંધવું. નીચે અંગારાથી ભરેલી ખાઈ કરવી. પછી શીકા ઉપર ચઢીને વિદ્યાનો ૧૦૮ વાર જાપ કરવો. પછી શીકાનું એક દોરડું છેદવું. આ પ્રમાણે વિદ્યાનો જાપ કરીને ક્રમશ: બધાં દોરડાં છેદવા. પછી આકાશથી જઈ શકાય.

મિત્રે તે વિદ્યા લીધી. કાળી ચૌદશની રાત્રે શ્મશાનમાં વિધિપ્રમાણે વિદ્યા સાધવા લાગ્યો. પણ વિદ્યા સિદ્ધ થશે કે નહિ એવી શંકાવાળો થયો. આ દરમિયાન એક ચોર ચોરી કરીને તે શ્મશાનમાં આવ્યો. તેની પાછળ પડેલા રાજપુરુષોએ સવારે તેને પકડીશું એમ વિચારીને તે શ્મશાનને ઘેરીને રહ્યા. ભમતા ચોરે વિદ્યાસાધકને જોયો. તેણે વિદ્યાસાધકને પૂછ્યું : તું આ શું કરે છે? શ્રાવકે કહ્યું: વિદ્યા સાધું છું. ચોરે પુછ્યું: વિદ્યા કોણે આપી છે? તેણે કહ્યું: શ્રાવકે આપી છે. ચોરે કહ્યું: આ ધન લે અને વિદ્યા આપ. તે શ્રાવકમિત્ર આ વિદ્યા મને સિદ્ધ થશે કે નહિ એવી વિચિકિત્સાવાળો હતો. આથી તેણે ચોરને વિદ્યા આપી. ચોરે વિચાર્યું કે શ્રાવક કીડીને પણ પીડા ન આપે, આથી આ વિદ્યા સત્ય છે. પછી તેણે વિદ્યા સાધવા માંડી. વિદ્યા સિદ્ધ થતાં તે આકાશમાં ઉપર ગયો. આ તરફ શ્મશાનને ઘેરીને રહેલા રાજપુરુષોએ ચોરીના માલ સાથે શ્રાવકને પકડ્યો. આ જોઈને આકાશમાં રહેલા ચોરે લોકોને ગભરાવ્યા. તેથી તેને મૂકી દીધો. લોકો પણ શ્રાવક બન્યા.

એ પ્રમાણે અહીં પણ પોતાના અનુષ્ઠાનના ફળની શંકા કરતો પ્રાણી પરલોકના અનર્થોનો ભાગી બને છે. કહ્યું છે કે - **"હે તત્ત્વમૂઢ! જેવી રીતે વિદ્યામાં થયેલી અરુચિ (= શંકા) વિદ્યાસાધકને વિદ્યાફલના નાશ માટે થઈ તેવી રીતે જિને જોયેલા ભાવોમાં (= અનુષ્ઠાનોમાં) થયેલી જરા પણ અરુચિ (= શંકા) અનુષ્ઠાનફલના નાશ માટે થાય."**

## શ્રાવકપુત્રીનું દૃષ્ટાંત

વિદ્વત્કુત્સામાં શ્રાવકપુત્રીનું દૃષ્ટાંત આ પ્રમાણે છે:- એક શ્રાવક દેશના છેડે રહેતો હતો. તેની પુત્રીના વિવાહ સમયે કોઈ પણ રીતે સાધુઓ તેના ઘરે વહોરવા આવ્યા. પિતાએ તેને કહ્યું: હે પુત્રી! સાધુઓને આહાર-પાણી આપ. અલંકારોથી અલંકૃત તે સાધુઓને વહોરાવતી હતી ત્યારે સાધુઓના શરીરમાં રહેલા મેલની ગંધ તેને આવી. તેણે વિચાર્યું: અહો! સાધુઓનો ધર્મ નિર્દોષ કહ્યો છે! જો પ્રાસુક (= અચિત્ત) પાણીથી સાધુઓ સ્નાન કરે તો શો દોષ થાય? તે શ્રાવકપુત્રી તે સ્થાનનું આલોચન-પ્રતિક્રમણ કર્યા વિના કાલ કરીને રાજગૃહીનગરીમાં ગણિકાના ઉદરમાં આવી. ગર્ભમાં રહેલીજ તે અરતિને ઉત્પન્ન કરવા લાગી. ગર્ભપાતના ઉપાયોથી પણ ગર્ભપાત ન થયો. જન્મી એટલે તેને જંગલમાં મૂકી દીધી. તે દુર્ગંધથી જંગલને વાસિત કરવા લાગી. શ્રીમહાવીરસ્વામીને વંદન કરવા માટે શ્રેણિક રાજા તે સ્થાનથી પસાર થયો. તેની દુર્ગંધને સહન નહિ કરતો રાજાનો સૈન્યપરિવાર વિમુખ થઈને ભાગ્યો. રાજાએ પૂછ્યું: આ શું છે? સૈન્યપરિવારે કહ્યું: બાલિકાની દુર્ગંધ છે. ત્યાં જઈને બાલિકાને જોઈને રાજા બોલ્યો: ભગવાનને સૌથી પહેલાં આ બાલિકા વિષે પૂછીશ. ભગવાન પાસે જઈને વંદન કરીને બાલિકા વિષે પૂછ્યું. આથી ભગવાને તેની ઉત્પત્તિની વિગત કહી. રાજાએ પૂછ્યું: આ બાલિકા સુખ કે દુઃખ ક્યાં અનુભવશે? ભગવાને કહ્યું: આટલા કાળ સુધીમાં તેણે તે કર્મ ભોગવી લીધું છે. તે તારી જ પત્ની થશે. આઠ વર્ષ સુધી તારી પટ્ટરાણી તરીકે રહેશે. તેની સાથે રમતા એવા તારી પીઠ ઉપર ગર્વભરી ચેષ્ટા કરશે, ત્યારે તું તે આ છે એમ જાણજે. શ્રેણિક રાજા વંદન કરીને ગયા. ગંધરહિત બનેલી એવી તેને ભરવાડે લીધી. તેને મોટી કરી. હવે તે યૌવનને પામી. કૌમુદી પર્વના દિવસે માતાની સાથે ઉદ્યાનમાં આવી. રાજા અને અભયકુમાર ગુપ્તવેશમાં કૌમુદીના નાટક વગેરે ઉત્સવને જોતા હતા. તે યુવતિના અંગસ્પર્શથી રાજા તેના ઉપર અત્યંત આસક્ત થયો. પોતાના નામવાળી વીંટી ગુપ્ત રીતે તેની સાડીના છેડામાં બાંધી દીધી. પછી રાજાએ અભયકુમારને કહ્યું: મારી વીંટી કોઈએ ચોરી છે, તેની શોધ કર. અભયકુમારે બહાર નીકળવાના દરવાજા બંધ કરીને બધા માણસોને રોક્યા. એક એક માણસને તપાસીને નિર્ણય કરવા લાગ્યો. તે યુવતિને તપાસી. ચોર છે એમ માનીને તેને પકડી. પછી રાજા

તેને પરણ્યો. એક વાર રાજા અને રાણીઓ પાસાની રમત રમતા હતા. તેમાં એવી શરત હતી કે જે જીતે તેને પીઠ ઉપર બેશાડવો. બીજી રાણીઓ રાજાને જીતતી હતી ત્યારે રાજાની પીઠ ઉપર વસ્ત્ર મૂકીને તે વસ્ત્ર ઉપર હાથ મૂકતી હતી. પણ દુર્ગંધા રાણી રાજાને જીતી ત્યારે રાજાની પીઠ ઉપર વસ્ત્ર મૂકીને પોતે તેના ઉપર બેશી ગઈ. રાજા ભગવાનનું વચન યાદ કરીને હસ્યો. વિલખી બનીને તેણે પૂછ્યું: તમે કેમ હસ્યા? રાજાએ ભગવાને કહેલી તેની પૂર્વભવની અને આ ભવની બધી વિગત કહી. તેથી સંવેગ પામેલી તે રાણીએ રાજાની પાસે દીક્ષાની રજા માગી. રાજાએ તેને દીક્ષાની રજા આપી. પછી તેણે દીક્ષા લીધી. [૫૭]

अधुनाऽमूढदृष्टिरूपं दर्शनाचारमाह-

**इड्डीओ णेगविहा, विज्जाजणिया तवोमयाओ य।**
**वेउव्वियलद्धिकया, नहगमणाई य दट्टूणं॥५८॥**

[ऋद्धीरनेकविधाः, विद्याजनितास्तपोमयीश्च।
वैक्रियलब्धिकृताः, नभोगमनादिकाश्च दृष्ट्वा॥५८॥]

**"इड्डीओ" गाहा व्याख्या-'ऋद्धीः' विभूतीः वक्ष्यमाणरूपा दृष्ट्वा यस्य दृष्टिर्न मुह्यतेऽमूढदृष्टिं तकं ब्रुवत इति संबन्धः। किंविधा ऋद्धीः? अनेकप्रकारा बहुविधाः। तथैवाह-'विद्याजनिताः' वशीकरणादिविद्यासम्पादिताः, 'तपोमयीश्च' विकृष्टोपवासादिप्रापिताश्चेत्यर्थः, 'वैक्रियलब्धिकृताः' काञ्चन-पद्मादिनिर्माणरूपाः, 'नभोगमनादिकाश्च' आकाशगमनादिकाः 'दृष्ट्वा' उपलभ्य। इति गाथार्थः॥५८॥ तथा-**

**पूयं च असणपाणाइवत्थपत्ताइएहिं विविहेहिं।**
**परपासंडत्थाणं, सक्कोलूयाइणं दट्ठुं॥५९॥**

[पूजां च अशनपानादि-वस्त्रपात्रादिभिर्विविधैः।
परपाषण्डस्थानां, शाक्योलूकादीनां दृष्ट्वा॥५९॥]

**"पूयं" गाहा व्याख्या-'पूजां' सपर्यां, चशब्दाः सर्वत्र समुच्चये, अशनपानाभ्यां-ओदनद्राक्षापानादिरूपाभ्याम्, आदिशब्दात्खादिमस्वादिमाभ्याम्, तथा वस्त्रपात्राभ्यां प्रतीताभ्याम्, आदिशब्दादासनादिपरिग्रहः, सर्वेषां पदानां चार्थसमासेन निर्देशः, तैः। 'विविधैः' अनेकप्रकारैः। केषाम्? इत्याह-'परपाषण्डस्थानां' परपाषण्डे-शाक्यादिलिङ्गे तिष्ठन्ति ये ते तथा तेषाम्।**

तथैवाह-'शाक्योलूकादीनां' बौद्धभौतप्रभृतीनां 'दृष्ट्वा' उपलभ्य। इति गाथार्थः।।५९।। तथा-

**धिज्जाईयगिहीणं, पासत्थाईण वावि दट्ठूणं।**
**जस्स न मुज्झइ दिट्ठी, अमूढदिट्ठिं तयं बिंति।।६०।।**

[धिग्जातीयगृहिणां, पार्श्वस्थादीनां वाऽपि दृष्ट्वा।
यस्य न मुह्यति दृष्टि-रमूढदृष्टिं तकं ब्रुवते।।६०।।].

''धिज्जाईय'' गाहा व्याख्या-धिग्जातीयाः-द्विजातयः ते एव गृहिणः, अन्ये वा गृहिणो धार्मिकंमन्यास्तेषाम्, तथा 'पार्श्वस्थादीनां' प्रागभिहित-स्वरूपाणामार्हतानामेव। वा-अपिशब्दौ समुच्चये। यस्य 'न मुह्यते(ति)' न भ्रान्तिमुपयाति 'दृष्टिः' दर्शनममूढदृष्टिं 'तकं' एवंविधं 'ब्रुवते' प्रतिपादयन्ति पूर्वाचार्याः। यो ह्यनेकप्रकारैरपि मोक्षमार्गविगुणैर्विभूतिविशेषैः परपाषण्डा-दिगतैर्नाविर्ज्यते तममूढदृष्टिमाहुः। इति गाथात्रयभावार्थः।।६०।।

**હવે અમૂઢદૃષ્ટિરૂપ દર્શનાચારને કહે છે :-**

અન્યલિંગમાં રહેલા બૌદ્ધ અને ભૌત વગેરેની વશીકરણ વગેરે વિદ્યાથી મેળવેલી, લગાતાર ત્રણ ઉપવાસ વગેરે વિકૃષ્ટતપથી પ્રાપ્ત કરેલી, વૈક્રિયલબ્ધિથી કરેલી સુવર્ણકમલ વગેરેના નિર્માણરૂપ, આકાશમાં જવું વગેરે અનેક પ્રકારની વિભૂતિઓને જોઈને, ઓદન અને દ્રાક્ષાપાન વગેરે વિવિધ પ્રકારના અશન-પાન-ખાદિમ-સ્વાદિમથી અને વિવિધ પ્રકારના વસ્ત્ર-પાત્ર-આસન વગેરેથી થતી પૂજા જોઈને, બ્રાહ્મણ જાતિના ગૃહસ્થોની અને જૈન પાર્શ્વસ્થ વગેરે લિંગધારીઓની પૂજા જોઈને, જેની દૃષ્ટિ ન મૂંઝાય = ભ્રાંતિને ન પામે તેને પૂર્વાચાર્યો અમૂઢદૃષ્ટિ કહે છે.

**તાત્પર્ય** :- અન્યલિંગધારીઓ વગેરેમાં રહેલી મોક્ષમાર્ગથી વિરુદ્ધ ગુણવાળી અનેક પ્રકારની પણ વિશેષ વિભૂતિઓથી જે આકર્ષાય નહિ તેને પૂર્વાચાર્યો અમૂઢદૃષ્ટિ કહે છે. [૫૮-૫૯-૬૦]

उपबृंहादर्शनाचारमाह-

**खवणे वेयावच्चे, विणए सज्झायमाइउज्जुत्तं।**
**जो तं पसंसए, एस होइ उववूहणा नाम।।६१।।**

[क्षपणे वैयावृत्त्ये, विनये स्वाध्यायाद्युद्युक्तम्।
यस्तं प्रशंसति एषा, भवति उपबृंहणा नाम।।६१।।]

**''खवणे'' गाहा व्याख्या-'क्षपणं' अविकृष्टविकृष्टरूपं षष्ठाष्टमादि तत्र, 'वैयावृत्त्ये' व्यावृत्तभावलक्षणे आचार्यादिगते, 'विनये' अभ्युत्थानादिरूपे, स्वाध्याये-वाचनादौ, आदिशब्दादन्यत्र च साधुकृत्ये चरणकरणरूपे उद्युक्तं-उद्योगवन्तं यस्तं 'प्रशंसति' स्तौति, 'एषा' इति कर्तृद्वारेण निर्दिष्टा प्रशंसाक्रिया भवति 'उपबृंहणा नाम' उपबृंहारूपो दर्शनाचारः। इति गाथार्थः॥६१॥**

**ઉપબૃંહણા દર્શનાચારને કહે છેઃ-**

છટ્ઠ-અટ્ઠમ વગેરે અવિકૃષ્ટ-વિકૃષ્ટ તપ, આચાર્યાદિની વૈયાવચ્ચ, અભ્યુત્થાન વગેરે વિનય, વાચના વગેરે સ્વાધ્યાય વગેરે ચરણ-કરણરૂપ સાધુકર્તવ્યોમાં ઉદ્યમવાળાની પ્રશંસા કરવી તે ઉપબૃંહણા દર્શનાચાર છે. [૬૧]

स्थिरीकरणदर्शनाचारमाह-

**एएसुं चिय खवणाइएसु, सीयंतु चोयणा जा उ।**
**बहुदोसे माणुस्से, मा सीय थिरीकरणमेयं॥६२॥**

**[एतेषु एव क्षपणादिषु, सीदतो नोदना या तु।**
**बहुदोषे मानुष्ये, मा सीद स्थिरीकरणमेतत्॥६२॥]**

**''एएसुं'' गाहा व्याख्या-'एतेष्वेव' प्राग्गाथाकथितेषु 'क्षपणादिषु' क्षपणवैयावृत्त्यविनयस्वाध्यायादिषु 'सीदतः' प्रमाद्यतः साध्वादेरिति गम्यते, 'चोदना' प्रोत्साहना तथाविधवचनादिभिः प्रवर्त्तनेत्यर्थः, 'या तु' या पुनरेवंविधा क्रिया तत् स्थिरीकरणमिति योगः। कथं चोदना? इत्याह-''बहुदोसे'' इत्यादि, बहवो दोषाः प्रस्तुतधर्मविघ्नभूता रोगादयो यस्मिंस्तत्तथा तत्र, 'मानुषे' मनुष्यत्वे 'मा सीद' मा प्रमादीः स्थिरीकरणं 'एतत्' एवंविधम्। इति गाथार्थः॥६२॥**

**સ્થિરીકરણ દર્શનાચારને કહે છે :-**

પૂર્વગાથામાં કહેલ તપ-વૈયાવચ્ચ-વિનય-સ્વાધ્યાય વગેરે કર્તવ્યોમાં પ્રમાદ કરતા સાધુ વગેરેને પ્રોત્સાહન આપવું = તેવા પ્રકારના વચન વગેરેથી તે તે કર્તવ્યોમાં તેને પ્રવર્તાવવો તે સ્થિરીકરણ છે. કેવી રીતે પ્રોત્સાહન આપવું તે કહે છેઃ- પ્રસ્તુત ધર્મમાં વિઘ્નરૂપ રોગ વગેરે ઘણા દોષો જેમાં રહેલા છે એવા મનુષ્યપણાને પામીને તું પ્રમાદ ન કર, એમ પ્રોત્સાહન આપવું. આવા પ્રકારનું પ્રોત્સાહન આપવું એ સ્થિરીકરણ છે. [૬૨]

वात्सल्यदर्शनाचारमाह-

**साहम्मियवच्छल्लं, आहाराईहिँ सव्वत्थ।**
**आएसगुरुगिलाणेतवस्सिबालाइसु विसेसा॥६३॥**

**[साधर्मिकवात्सल्यं, आहारादिभिर्भवति सर्वत्र।**
**आदेशगुरुग्लानतपस्विबालादिषु विशेषात्॥६३॥]**

**''साहम्मिय'' गाहा व्याख्या-साधर्मिकाणां-सधर्माणां साध्वादीनां यथासंभवं वात्सल्यं-वत्सलभावलक्षणं साधर्मिकवात्सल्यं 'आहारादिभिः' भक्तपान-वस्त्रपात्रादिभिः 'भवति' जायते कर्तव्यमिति शेषः, 'सर्वत्र' साधुवर्गे, विशेषमाह-'आदेशगुरुग्लानतपस्विबालादिषु विशेषात्' तत्र आदेशाः-प्राघूर्णकाः, गुरवः-आचार्याः, ग्लानाः-रोगादिपीडिताः, तपस्विनः-विकृष्टतपोयुक्ताः, बालाः-क्षुल्लकाः, आदिशब्दाच्छैक्षकमहोदरादिपरिग्रहः, तेष्वादेशादिषु 'विशेषात्' अतिशयेन वात्सल्यं कार्यम्। यदुक्तम्-''पाहुणाविसेसदाणे, निज्जर कित्ती य इहर विवरीयं।''[ओ० नि० भा० गा० १४१] इत्यादि। इति गाथार्थः॥६३॥**

**વાત્સલ્ય દર્શનાચારને કહે છે :-**

સાધુવર્ગમાં ભક્ત-પાન-વસ્ત્ર-પાત્ર વગેરેથી સાધર્મિક વાત્સલ્યરૂપ કર્તવ્ય થાય છે. પ્રાઘૂર્ણક (= વિહાર કરીને નવા આવેલા સાધુઓ), રોગ વગેરેથી પીડાતા ગ્લાન 卐 વિકૃષ્ટતપ કરનારા તપસ્વી, બાલમુનિ, નવદીક્ષિત અને મોટા ઉદરવાળા (= અધિક આહાર કરનારા) સાધુઓનું વિશેષથી વાત્સલ્ય કરવું જોઈએ. કહ્યું છે કે-**"પ્રાઘૂર્ણકોને વિશેષથી આપવાથી નિર્જરા અને આ લોકમાં કીર્તિ થાય છે. જો પ્રાઘૂર્ણકોને વિશેષથી ન આપવામાં આવે તો નિર્જરા અને કીર્તિ ન થાય."** (ઓઘ. નિ. ભા.ગા. ૧૪૧) સમાનધર્મવાળા સાધુ વગેરે સાધર્મિક છે. વાત્સલ્ય એટલે સ્નેહ-વહાલ. સાધર્મિકોનું વાત્સલ્ય તે સાધર્મિકવાત્સલ્ય. [૬૩]

सांप्रतं प्रभावनोच्यते, तत्र प्रकर्षेण भावना-जिनशासनस्य स्वशक्त्या दीपनेत्यर्थः। नन्वेवमसौ जिनशासनस्य स्वमहिम्नैव सिद्धा किं तत्राऽपर पुरुषव्यापारः? अत एवोच्यते-''सकलविषयज्ञानाऽऽधीनं प्रमाभिरबाधितं, सकलममलं सत्संवादं वदन्निति संपदा। भवति भगवन्! सर्वज्ञत्वं सदाऽभिदधद् दृढं, जयति भवतः सिद्धान्तोऽयं परैरपराजितः॥१॥'' सत्यमित्थमिति हृदि निधायाह-

卐 લગાતાર ત્રણ કે તેથી અધિક ઉપવાસ કરવા તે વિકૃષ્ટતપ છે.

**कामं सहावसिद्धं, तु पवयणं दिप्पए सयं चेव।**
**तहवि य जो जेणऽहिओ, सो तेण पयासए तं तु॥६४॥**

[काम स्वभावसिद्धं, तु प्रवचनं दीप्यते स्वयमेव।
तथापि च यो येनाधिकः, स तेन प्रकाशते तत्तु॥६४॥]

''कामं'' गाहा व्याख्या-'कामं' अनुमतमिदं 'स्वभावसिद्धं' निजप्रभाव-प्रतिष्ठितमित्यर्थः। 'तुः' अवधारणे, स्वभावसिद्धमेव, अतः 'दीप्यते' प्रकाशीभवति 'स्वयमेव' आत्मनैव; 'तर्हि कथं प्रभावनाकरणम्?' इत्याह-'तथापि' यद्यपि एवं 'यः' अवधिज्ञान्यादिः 'येन' अतिशयादिना 'अधिकः' अपरप्राणिभ्य उत्कलितः 'सः' अवधिज्ञान्यादिः 'तेन' आत्माऽतिशयेन 'प्रकाशते' प्रदीपयत्येव। 'तत्' प्रवचनम्, 'तुः' अवधारणे, प्रकाशत इत्यस्मात्परतो योजित एव। इदमत्र हृदयम्- यद्यपि जिप्रवचनमनेकाऽतिशयनिधानत्वेन प्रभावनाप्राप्तमेव तथापि यथा तत् तत्त्वेन भव्यानां मनस्सु विश्राम्यति तथा सम्यग्दृष्टिभिर्यतितव्यम्। इति गाथार्थः॥६४॥

હવે પ્રભાવના દર્શનાચાર કહેવાય છે :-

પ્રકર્ષથી (= ઉત્કૃષ્ટથી) ભાવના તે પ્રભાવના. અર્થાત્ પોતાની શક્તિથી જિનશાસનને દીપાવવું તે પ્રભાવના.

અહીં કોઈ પ્રશ્ન કરે છે કે- જિનશાસનના પોતાનાજ મહિમાથી જિનશાસન દીપી રહ્યું છે. આથી જિનશાસનને દીપાવમામાં બીજા પુરુષની પ્રવૃત્તિની શી જરૂર છે? આથી જ કોઈક કહે છે કે -

"હે ભગવંત? સર્વ પદાર્થોનું જ્ઞાન જિનશાસનને આધીન છે, અર્થાત્ જિનશાસનને જાણ્યા વિના સર્વ પદાર્થોનું જ્ઞાન ન થઈ શકે, જિનશાસન પ્રમાણોથી અબાધિત છે, પરિપૂર્ણ છે, નિર્મલ છે અને સત્સંવાદવાળું છે, આ પ્રમાણે બોલતો, ઉત્કૃષ્ટ ગુણોથી આપનામાં સર્વજ્ઞપણાને સદા દૃઢપણે કહેતો અને બીજાઓથી પરાભવ ન પામેલ આપનો સિદ્ધાંત જય પામે છે."

આ સાચું છે એમ હૃદયમાં રાખીને ગ્રંથકાર ઉત્તર કહે છે :-

જિનશાસન પોતાના પ્રભાવથી પ્રસિદ્ધ જ છે, એ અમને સંમત છે. જિનશાસન પોતાના જ પ્રભાવથી પ્રતિષ્ઠિત હોવાથી સ્વયમેવ દીપે છે. તો પછી પ્રભાવના કરવાની શી જરૂર છે? એ પ્રશ્નનો ઉત્તર આપે છે:- તો પણ અવધિજ્ઞાની વગેરે જે પુરુષ અવધિજ્ઞાન વગેરે જે વિશેષ શક્તિના કારણે બીજા જીવોથી મહાન છે તે અવધિજ્ઞાની વગેરે પુરુષ તે

અવધિજ્ઞાન વગેરે વિશેષ શક્તિથી જિનશાસનને દીપાવે જ છે.

અહીં તાત્પર્ય આ છે:- જો કે જિનશાસન અસાધારણ અતિશયોનો ખજાનો હોવાના કારણે પ્રભાવનાને પામેલું જ છે, તો પણ તે જિનશાસન ભવ્યોના મનમાં પરમાર્થથી વિશ્રામ પામે = સ્થિર બને તેમ સમ્યગ્દષ્ટિ જીવોએ પ્રયત્ન કરવો જોઈએ. [૬૪]

अमूढदृष्ट्यादावुदाहरणान्याह-

**सुलसा अमूढदिट्ठी, सेणिय उववूह थिरीकरण साढो।**
**वच्छल्लम्मि य वइरो, पभावगा अट्ठ पुण हुंति॥६५॥**

[सुलसा अमूढदृष्टौ, श्रेणिक उपबृंहायां स्थिरीकरणे आषाढः।
वात्सल्ये च वैरः, प्रभावका अष्टौ पुनर्भवन्ति॥६५॥]

''सुलसा'' गाहा व्याख्या- सुलसाश्राविकाऽमूढदृष्टावुदाहरणम्-, यथाऽसावम्मट(ऽसावम्बड)परिव्राट्कृतविद्यानिमित्ताद्भुतभावैर्न सम्यग्दृष्टौ मुमोह, एवममूढदृष्टिना भाव्यम्। श्रेणिको राजा उपबृंहायामुदारहणम्, यथाऽसौ किलसुरमायानिर्मितस्य मृतकस्य शुक्लदन्तादिप्रशंसाद्वारेणोपबृंहां चकार, यथा वा स एव सम्यक्त्वनिश्चलत्वादौ शक्रेणोपबृंहितः, एवं क्षपणादौ साधूनामुपबृंहा विधेया। 'थिरीकरण साढ' इति स्थिरीकरणे आर्याषाढाचार्यो ज्ञातम्, यथाऽसौ किल धर्मे चलाचलः सन् प्रव्रज्यां तित्यक्षुः क्षुल्लकजीवदेवेन स्थिरीकृतः, एवं स्थिरीकरणं कर्तव्यम्। 'वात्सल्ये वैरः' इति वात्सल्ये वैरस्वामी ज्ञातम्-यथाऽसौ श्रमणसंघं दुर्भिक्षोदधेर्विद्यानिर्मितपटपोतेनोत्तारणायोद्यतो दात्रलूनशिखेन शय्यातरेणाभिहितः, यथा-'भगवन्! मामपि साधर्मिकमेवावधार्योत्तारयातो विपदः' इति विज्ञप्तश्च तमपि साधर्मिकवात्सल्यं चिकीर्षुस्तथैवोत्तारितवान्, एवं साधर्मिकवात्सल्यं विधेयम्। एतत्संबद्धकथानकानि तु प्रायः प्रसिद्धत्वाद् ग्रन्थविस्तरभयाच्च न लिख्यन्ते। 'प्रभावकाः' प्रभावनायाः कर्तारः 'अष्टौ' वक्ष्यमाणरूपाः, 'पुनः' भिन्नवाक्यतायाम्, प्रभावकाः पुनः इति द्रष्टव्यम्। 'भवन्ति' सन्ति। इति गाथार्थः॥६५॥

**અમૂઢદૃષ્ટિ વગેરે દર્શનાચારોમાં દૃષ્ટાંતો કહે છે :-**

અમૂઢદૃષ્ટિમાં સુલસાનું, ઉપબૃંહણામાં શ્રેણિકનું, સ્થિરીકરણમાં આષાઢાચાર્યનું અને સાધર્મિક વાત્સલ્યમાં આર્યવજસ્વામીનું દૃષ્ટાંત છે. પ્રભાવકો આઠ છે. અંબડ પરિવ્રાજકે વિદ્યાથી વિકુર્વેલા (મહાદેવનું રૂપ વગેરે) આશ્ચર્યકારી ભાવોથી સુલસા સમ્યગ્દર્શનમાં, મુંઝાણી નહિ. તેવી રીતે બીજાઓએ પણ અમૂઢદૃષ્ટિ બનવું જોઈએ.

શ્રેણિકરાજાએ દૈવીમાયાથી વિકુર્વેલા મડદાના સફેદ દાંત વગેરેની પ્રશંસાદ્વારા ઉપબૃંહણા કરી. અથવા તેના સમ્યક્ત્વમાં નિશ્ચલતા વગેરે ગુણોમાં શક્રઈંદ્રે તેની ઉપબૃંહણા કરી. એ પ્રમાણે તપ વગેરેમાં સાધુની ઉપબૃંહણા કરવી જોઈએ.

આષાઢ આચાર્ય ધર્મમાં અસ્થિર બનીને દીક્ષાને છોડવાની ઈચ્છાવાળા થયા. આ દરમિયાન એક બાળ સાધુ કાળ કરીને દેવ થયા. તે દેવે આષાઢ આચાર્યને ધર્મમાં સ્થિર કર્યા. એ પ્રમાણે બીજાઓએ પણ સ્થિરીકરણ કરવું જોઈએ.

શ્રીવજ્રસ્વામી વિદ્યાથી વિકુર્વેલા પટરૂપ વહાણવડે શ્રમણ સંઘને દુર્ભિક્ષરૂપ સમુદ્રના પારને પમાડવા ઉદ્યત થયા ત્યારે શય્યાતરે દાતરડાથી પોતાના મસ્તકથી શિખાને કાપીને શ્રીવજ્રસ્વામીને કહ્યું: હે ભગવંત! મને પણ સાધર્મિક સમજીને આ વિપત્તિમાંથી ઉતારો. સાધર્મિક વાત્સલ્ય કરવાની ઈચ્છાવાળા શ્રીવજ્રસ્વામીએ તેને પણ તે જ પ્રમાણે પાર પમાડ્યો. એ પ્રમાણે બીજાએ પણ સાધર્મિકવાત્સલ્ય કરવું જોઈએ.

આ દર્શનાચાર સંબંધી કથાઓ તો પ્રાય: પ્રસિદ્ધ હોવાથી અને ગ્રંથવિસ્તારનો ભય હોવાથી અહીં લખવામાં આવતી નથી. આઠ પ્રભાવકોનું સ્વરૂપ ગ્રંથકાર હવે પછી કહેશે. [૬૫]

साम्प्रतं प्रभावनाया: कर्तव्यतामागमादाविष्कुर्वन्नपरमपि तत्सहचरिततया निर्दिष्टमाह- यद्वा यदार्यवैर: सूत्रं स्मरद्भि: साधर्मिकवात्सल्यमकारि तमाह-

**साहम्मियवच्छल्लम्मि, उज्जया उज्जया य सज्झाए।**
**चरणकरणम्मि य तहा, तित्थस्स पभावणाए य।।६६।।**

**[साधर्मिकवात्सल्ये, उद्यता उद्यताश्च स्वाध्याये।**
**चरणकरणे च तथा तीर्थस्य प्रभावनायां च।।६६।।]**

**''साहम्मिय'' गाहा व्याख्या-'साधर्मिकवात्सल्ये' कथितस्वरूपे 'उद्यता:' उद्योगवन्त:, 'उद्यताश्च स्वाध्याये' [स्वाध्याय] चोद्यता इति द्रष्टव्यम्, ''चरणकरणम्मि'' त्ति चर्यत इति चरणं-व्रतादि, तदुक्तम्-''वय ५ समणधम्म १०, संजम १७, वेयावच्चं १०, च बंभगुत्तीओ ९,। नाणाइतिगं ३ तव १२, कोहनिग्गहाई ४, चरणमेअं।।१।। [ओघनिर्युक्ति: भा०गा०२।''] क्रियत इति करणम्-पिण्डविशुद्ध्यादि, तदुक्तम्-''पिंडविसोही ४, समिई ५, भावण १२, पडिमा १२ य इंदियनिरोहो ५। पडिलेहण २५, गुत्तीओ ३, अभिग्गहा**

४, चेव करणं तु॥१॥'' [ओघनिर्युक्तिः भा.गा. ३] तत्र। चशब्द उद्यतक्रियानुकर्षणार्थः। 'तथा' आगमोक्तप्रकारेण 'तीर्थस्य प्रभावनायां' उक्तस्वरूपायाम्। चशब्दः प्राग्वत्। सुसाधवो हि साधर्मिकवात्सल्यादावुद्यता भवन्ति। इति गाथासमुदायार्थः॥६६॥

**હવે "પ્રભાવના કરવી જોઈએ" એમ આગમમાંથી પ્રગટ કરતા ગ્રંથકાર પ્રભાવનાની સાથે 卐 બીજું પણ જે આગમમાં કહ્યું છે તેને કહે છે :- અથવા આર્યવજસ્વામીએ જે સૂત્રને યાદ કરીને સાધર્મિકવાત્સલ્યને કર્યું તે સૂત્રને કહે છે:-**

સાધુઓ સાધર્મિક વાત્સલ્યમાં, સ્વાધ્યાયમાં, ચરણકરણમાં અને શાસનની પ્રભાવનામાં ઉદ્યમવાળા હોય. જે આચરવામાં આવે તે ચરણ. વ્રત વગેરે ચરણ છે. કહ્યું છે કે- **"મહાવ્રત-૫, શ્રમણધર્મ-૧૦, સંયમ-૧૭, વૈયાવચ્ચ-૧૦, બ્રહ્મચર્ય ગુપ્તિ-૯, જ્ઞાનાદિ ત્રિક-૩, તપ-૧૨, અને ક્રોધનિગ્રહાદિ-૪, આ ચરણ છે."**

જે કરાય તે કરણ. પિંડવિશુદ્ધિ વગેરે કરણ છે. કહ્યું છે કે-**"પિંડવિશુદ્ધિ-૪, સમિતિ-૫, ભાવના-૧૨, પ્રતિમા-૧૨, ઈંદ્રિયનિરોધ-૫, પડિલેહણ-૨૫, ગુપ્તિ-૩, અને અભિગ્રહો-૪ આ કરણ છે."**

સુસાધુઓ સાધર્મિક વાત્સલ્ય વગેરેમાં ઉદ્યમવાળા હોય છે. [૬૬]

प्रभावकानष्टावुद्दिष्टानाह-

**अइसेसइड्ढिधम्मकहिवाइआयरियखवगनेमित्ती।**
**विज्जारायागणसम्मया, य तित्थं पभावेंति॥६७॥**

[अतिशेषर्द्धिधर्मकथिवाद्याचार्यक्षपकनैमित्तिकाः।
विद्याराजगणसम्मताश्च तीर्थं प्रभावयन्ति॥६७॥]

''अइसेस'' गाहा व्याख्या-अतिशेषाः-अवधिज्ञानादयः ते, तैर्वा ऋद्धिर्यस्यासावतिशेषर्द्धिः; भिन्ने वा पदे तद्वन्तौ दृश्यौ १। धर्मकथी-धर्मकथालब्धियुक्तः२, वादी-वादलब्धिमान्३, आचार्यः-प्रावचनिकः४, क्षपकः-विकृष्ट-तपःकर्ता५, नैमित्तिकः-सुनिश्चितातीतादिनिमित्तवेदी६, सर्वेषा-मतिशेषद्ध्र्यादिपदानां चार्थेन निर्देशः। विद्येत्युपलक्षणाद्विद्यावान् ७, राजगणु-सम्मता पृथिवीपतिमहाजनादिबहुमताः ८, स्थानद्वयमिदमेकं वा, ह्रस्वदीर्घा

卐 तत्सहचरिततया એ પદનો અર્થ વાક્ય ક્લિષ્ટ ન થાય એ હેતુથી અનુવાદમાં લીધો નથી.

**मिथः' इति पूर्वपददीर्घत्वम्। 'चः' समुच्चये। 'तीर्थं' प्रवचनं स्वसमृद्ध्या 'प्रभावयन्ति' मध्यस्थप्राणिनां बहुमानगोचरीकुर्वन्ति। इति गाथार्थः॥६७॥**

**પૂર્વોક્ત આઠ પ્રભાવકોને કહે છે :-**

અતિશેષોથી ઋદ્ધિમાન, ધર્મકથી, વાદી, આચાર્ય, ક્ષપક, નૈમિત્તિક, વિદ્યાવાન અને રાજગણસંમત એ આઠ સ્વશક્તિથી પ્રવચનની પ્રભાવના કરે છે, અર્થાત્ મધ્યસ્થ પ્રાણીઓને પ્રવચન ઉપર બહુમાનવાળા કરે છે.

અવધિજ્ઞાન વગેરે અતિશેષ (= અતિશય) છે. અતિશેષોના કારણે જે ઋદ્ધિવાળા છે તે અતિશેષોથી ઋદ્ધિમાન છે. ધર્મકથી = ધર્મકથાની લબ્ધિવાળા. વાદી = વાદની લબ્ધિવાળા. આચાર્ય = પ્રાવચનિક.(સ્વ-પરના સિદ્ધાંતની પરૂપણા કરે તે પ્રાવચનિક.) ક્ષપક = વિકૃષ્ટ તપ કરનારા તપસ્વી. નૈમિત્તિક = નિશ્ચિત થયેલા ભૂતકાળ આદિના નિમિત્તોને (= શુભાશુભ લક્ષણોને) જાણનારા. (વિદ્યાવાન = વિદ્યાસિદ્ધ.) રાજાને અને મહાજનને જે બહુમાન્ય હોય તે રાજગણસંમત. [૬૭]

एवं हेयहानद्वारेण सम्यक्त्वमभिधायाऽधुना विधिद्वारेण तदेवाह-

**तत्तत्थसद्दहाणं, सम्मत्तमसग्गहो न एयम्मि।**
**मिच्छत्तखओवसमा, सुस्सूसाई उ होंति दढं॥६८॥**

**[तत्त्वार्थश्रद्धानं, सम्यक्त्वमसद्ग्रहो नैतस्मिन्।**
**मिथ्यात्वक्षयोपशमात् शुश्रूषादयस्तु भवन्ति दृढं॥६८॥]**

**"तत्तत्थ" गाहा व्याख्या-तत्त्वार्थानां-सर्वविदुपदिष्टजीवादिभावानां श्रद्धानं-एवमेवैतदिति प्रतीतिः तत्त्वार्थश्रद्धानं तत् सम्यक्त्वम्, यच्छ्रावकधर्ममूलतयोद्दिष्टम्। इदमेवेदानीं कार्यलिङ्गगम्यमेवाह-'असद्ग्रहः' अस्थाननिर्बन्धरूपो न 'एतस्मिन्' सम्यक्त्वे सति; 'मिथ्यात्वक्षयोपशमात्' उक्तस्वरूपात्, उपलक्षणत्वाच्चास्योपशमात्तत्क्षयाच्च हेतोः। 'शुश्रूषादयः' वक्ष्यमाणा गुणाः 'भवन्ति' जायन्ते 'दृढं' अतिशयेन। एभिः सम्यक्त्वं व्यक्तीभवति। इति गाथार्थः॥६८॥**

**આ પ્રમાણે હેયના ત્યાગ દ્વારા (= નિષેધદ્વારા) સમ્યક્ત્વને કહીને હવે વિધિદ્વારા સમ્યક્ત્વને જ કહે છે :-**

તાત્ત્વિક પદાર્થોની શ્રદ્ધા તે સમ્યક્ત્વ છે. અર્થાત્ સર્વજ્ઞોએ કહેલા જીવાદિ પદાર્થોમાં "આ આ પ્રમાણે જ છે" એવો વિશ્વાસ એ સમ્યક્ત્વ છે. આ સમ્યક્ત્વ શ્રાવકધર્મનું મૂળ છે

એમ પહેલાં જણાવ્યું છે.

**પ્રશ્ન :** શ્રદ્ધા-વિશ્વાસ માનસિક ભાવ છે. માનસિક ભાવો પ્રત્યક્ષ જાણી શકાય નહિ. આથી અમુક વ્યક્તિમાં સમ્યક્ત્વ છે કે નહિ તેની ખબર કેવી રીતે પડે? **ઉત્તર :** સમ્યક્ત્વના કાર્યથી સમ્યક્ત્વની ખબર પડે. જેનામાં સમ્યક્ત્વનું કાર્ય હોય તેનામાં સમ્યક્ત્વ છે એવો નિર્ણય કરી શકાય. આથી ગ્રંથકાર હવે સમ્યક્ત્વના કાર્યને (= ફળને) કહે છે:- 卐 સમ્યક્ત્વ હોય ત્યારે મિથ્યાત્વનો ક્ષયોપશમ, ક્ષય કે ઉપશમ થવાથી અસદ્ આગ્રહ = અસ્થાનમાં આગ્રહ ન હોય, તથા શુશ્રૂષા વગેરે ગુણો દઢ = વિશેષરૂપે હોય છે. શુશ્રૂષા વગેરેનું સ્વરૂપ હવે કહેશે. શુશ્રૂષા વગેરે ગુણોથી સમ્યક્ત્વ વ્યક્ત થાય છે, અર્થાત્ શુશ્રૂષા વગેરે ગુણો જેનામાં હોય તેનામાં સમ્યક્ત્વ છે એ એમ નિર્ણય કરી શકાય છે. [૬૮]

शुश्रूषादिगुणानेवाह

**सुस्सूस धम्मराओ, गुरुदेवाणं जहासमाहीए ।**
**वेयावच्चे नियमो, वयपडिवत्तीएँ भयणा उ ।। ६९।।**

**[शुश्रूषा धर्मरागो, गुरुदेवानां यथासमाधि ।**
**वैयावृत्त्ये नियमो, व्रतप्रतिपत्तौ भजना तु ।।६९।।]**

**''सुस्सूस'' गाहा व्याख्या - श्रोतुमिच्छा शुश्रूषा । ह्रस्वत्वं तु प्राग्वत् । सद्बोधाऽवन्ध्यनिबन्धनधर्मशास्त्रगता परमशुश्रूषेत्यर्थः । तदुक्तम् - ''शुश्रूषा चेहाद्यं, लिङ्गं खलु वर्णयन्ति विद्वांसः। तदभावेऽपि श्रावणमसिरावनिकूपखननसमम् ।।१।। शुश्रूषाऽपि द्विविधा, परमेतरभेदतो बुधैरुक्ता । परमा क्षयोपशमतः, परमा श्रवणादिसिद्धिफला ।।२।। यूनो वैदग्ध्यवतः, कान्तायुक्तस्य कामिनोऽपि दृढम् । किन्नरगेयश्रवणादधिको धर्मश्रुतौ रागः ।।३।। [षोडश.११, श्लो.१-३.''] इत्यादि । धर्मे - धर्मनिबन्धने सदनुष्ठाने रागः - कान्तारोत्तीर्णक्षुत्क्षामब्राह्मणहविःपूर्णाभिलाषातिरिक्ता कर्त्तव्यताप्रीतिरित्यर्थः। 'गुरुदेवानां ' इति गुरवः- धर्मोपदेशका आचार्यादयः, देवा- आराध्यतमा अर्हन्तः, गुरुपदपूर्वनिपातस्तु विवक्षया गुरूणां पूज्यतरत्वख्यापनार्थः, न हि सदा गुरूपदेशं विना सर्वविद्देवाऽवगम इति हृदयम्। तेषां गुरुदेवानां 'यथासमाधि' स्वसमाधेरनतिक्रमेण, प्राकृतत्वादसंख्यसमासादपि तृतीयाया अलुक्, समासाभावो वा। 'वैयावृत्त्ये'**

卐 આ પ્રશ્ન-ઉત્તર इदमेवेदानीं कार्यलिङ्गगम्यमेवाह એ પંક્તિને સમજાવવા લખ્યા છે. કેવલ શબ્દાર્થ લખવા જતાં વાક્યરચના ક્લિષ્ટ બને છે. આથી એ પંક્તિનો ભાવાર્થ સમજાવવા માટે આટલા લંબાણથી લખ્યું છે.

**तत्प्रतिपत्तिविश्रामणाऽभ्यर्चनादौ 'नियमः' अवश्यंकर्त्तव्यताऽङ्गीकारः । 'व्रतप्रतिपत्तौ' अणुव्रतादिग्रहणाऽङ्गीकारे 'भजना' विकल्पना, कदाचिद् भवत्यसौ कदाचिन्नेति । 'तुः' पुनरर्थे । व्रतप्रतिपत्तौ पुनर्भजनेति द्रष्टव्यम्। इति गाथार्थः॥६१॥**

**શુશ્રૂષા વગેરે ગુણોને જ કહે છે :-**

સમ્યક્ત્વ હોય ત્યારે શુશ્રૂષા, ધર્મરાગ, ગુરુ અને દેવની વૈયાવચ્ચમાં યથાસમાધિ નિયમ એ ત્રણ ગુણો હોય છે, પણ અણુવ્રત વગેરેના સ્વીકારમાં ભજના છે.

**શુશ્રૂષાઃ**- શુશ્રૂષા એટલે સાંભળવાની ઈચ્છા. સમ્યગ્દૃષ્ટિ જીવને ધર્મશાસ્ત્રોને સાંભળવાની સદ્બોધનું અવંધ્ય કારણ બને એવી ઉત્કૃષ્ટ ઈચ્છા હોય છે, અર્થાત્ સમ્યગ્દૃષ્ટિને ધર્મશાસ્ત્રોને સાંભળવાની ઉત્કૃષ્ટ ઈચ્છાથી (ધર્મશાસ્ત્રોના શ્રવણદ્વારા) અવશ્ય સદ્બોધ થાય છે. (ષોડશકમાં) કહ્યું છે કે- **"વિચક્ષણ પુરુષો શુશ્રૂષાને શ્રુતજ્ઞાનનું 卐 પહેલું લક્ષણ કહે છે. શુશ્રૂષા વિના પણ શ્રુત સંભળાવવું એ જેમાંથી પાણીની સેરો ન ફૂટતી હોય (= પાણીનો પ્રવાહ ન આવતો હોય) તેવી ભૂમિમાં કૂવો ખોદવા સમાન છે. પાણીની સેરોથી રહિત પૃથ્વીમાં કૂવો ખોદવો એ ન ખોદવા સમાન છે. કારણ કે જલની પ્રાપ્તિરૂપ ફળ મળતું નથી. જેમ કૂવો ખોદવાનું ફળ પાણીનો પ્રવાહ છે, એમ શ્રુત સંભળાવવાનું ફળ બોધનો પ્રવાહ છે. શુશ્રૂષારૂપ સિરાના અભાવમાં બોધનો પ્રવાહ ન થાય." (૧) "વિદ્વાનોએ શુશ્રૂષા પણ પરમ (= પ્રધાન) અને અપરમ એવા બે ભેદથી બે પ્રકારે કહી છે. તેમાં પરમશુશ્રૂષા પરમ (= પ્રધાન) ક્ષયોપશમથી થાય છે, અને શ્રવણ-ગ્રહણ-ધારણ આદિની સિદ્ધિરૂપ ફલવાળી છે, અર્થાત્ પરમશુશ્રૂષાથી શ્રવણ વગેરે થાય છે." (૨) "કોઈ પુરુષ યુવાન હોય, સર્વ કળામાં કુશળ હોય, સૌંદર્યપૂર્ણ પ્રિયતમાથી યુક્ત હોય, અને સંગીતમાં અત્યંત અનુરાગી પણ હોય, આવા પુરુષને કાન માટે અમૃત સમાન દિવ્ય ગીતને સાંભળવામાં જેટલો રાગ હોય તેનાથી અધિક રાગ પરમશુશ્રૂષાવાળા જીવને ધર્મશ્રવણમાં હોય."(૩)**

**ધર્મરાગ :-** અહીં ધર્મ એટલે ધર્મનું કારણ એવા સદ્ અનુષ્ઠાનો સમજવા. કોઈ બ્રાહ્મણ જંગલના પારને પામ્યો હોય અને ભૂખથી કૃશ થઈ ગયો હોય, આ વખતે તેને

卐 શ્રુતજ્ઞાન, ચિંતાજ્ઞાન અને ભાવનાજ્ઞાન એમ ત્રણ પ્રકારના જ્ઞાન છે. શ્રુતજ્ઞાનનું લક્ષણ શુશ્રૂષા છે. અર્થાત્ અમુક જીવને શ્રુતજ્ઞાન થયું છે કે નહિ તે શુશ્રૂષાથી જાણી શકાય. જેનામાં શુશ્રૂષા હોય તેનામાં શ્રુતજ્ઞાન છે એમ જાણી શકાય. અથવા અમુક જીવ શ્રુત (= શાસ્ત્રો) સંભળાવવાને (= આપવાને) લાયક છે કે નહિ તે શુશ્રૂષાથી જાણી શકાય. જેનામાં શુશ્રૂષા હોય તે શ્રુત સંભળાવવાને લાયક છે. શુશ્રૂષારહિત જીવ શ્રુત સંભળાવવાને લાયક નથી.

ઘેબર ખાવાની જેટલી અભિલાષા હોય, તેનાથી અધિક પ્રીતિ સમ્યગ્દૃષ્ટિ જીવને સદ્અનુષ્ઠાનો કરવામાં હોય.

**ગુરુ અને દેવની વૈયાવચ્ચમાં યથાસમાધિ નિયમ :-** ગુરુ = ધર્મનો ઉપદેશ આપનારા આચાર્ય વગેરે. દેવ = સર્વથી અધિક આરાધવા યોગ્ય અરિહંતો. અહીં દેવ અને ગુરુ એમ કહેવું જોઈએ, તેના બદલે ગુરુ અને દેવ એમ ગુરુ પદનો પહેલાં જે ઉલ્લેખ કર્યો તે "અપેક્ષાએ ગુરુઓ દેવથી અધિક પૂજ્ય છે" એ જણાવવા માટે છે. કારણ કે ગુરુના ઉપદેશ વિના સર્વજ્ઞદેવનું જ્ઞાન થતું નથી. વૈયાવચ્ચ એટલે ગુરુ અને દેવની ભક્તિ, વિશ્રામણા અને પૂજા વગેરે. યથાસમાધિ એટલે પોતાની સમાધિ જળવાઈ રહે તે રીતે. નિયમ એટલે મારે વૈયાવચ્ચ અવશ્ય કરવી એવો હાર્દિક સ્વીકાર. સમ્યક્ત્વની હાજરીમાં અણુવ્રત વગેરેના સ્વીકારમાં ભજના છે, એટલે કે સમ્યક્ત્વ હોય ત્યારે અણુવ્રત વગેરેનો સ્વીકાર ક્યારેક હોય અને ક્યારેક ન હોય. [૬૯]

भजनाकारणमेवाह-

## जं सा अहिगयराओ, कम्मखओवसमओ न य तओ वि।
## होइ परिणामभेया, लहुं ति तम्हा इहं भयणा ।। ७०।।

[यत् साऽधिकतरात्, कर्मक्षयोपशमतो न च सकस्तु ।
भवति परिणामभेदात्, लघ्विति तस्मादिह भजना ।।७० ।।]

**''जं सा'' गाहा व्याख्या- 'यत्' यस्मात् कारणात् 'सा' व्रतप्रतिपत्तिः 'अधिकतरात्' सम्यक्त्वसंप्राप्ति-निमित्तभूतादर्गलतरात् 'कर्मक्षयोपशमतः' इति कर्मणां- चारित्रमोहिनीयलक्षणानां क्षयोपशमस्ततः, उपलक्षणत्वाच्च अस्योपशमात् क्षयाच्च। स एव सम्यक्त्वलाभे किं न भवति ? इत्याह- 'न च ' नैव 'तओ' इति 'सकः' कर्मक्षयोपशमः, तुशब्दः पुनःशब्दार्थे, स पुनरिति च द्रष्टव्यम्, 'भवति' जायते 'परिणामभेदात्' तथाभव्यत्वनिदानकर्मक्षयोपशमाऽवन्ध्यनिबन्धनादात्माऽध्यवसायविशेषादित्यर्थः, 'लघु' झटित्येव 'इति' सम्यक्त्ववत्, 'तस्मात्' ततः कारणात्'इह' व्रतप्रतिपत्तौ भजना, शुश्रूषादिषु तु नियमः। इयमत्र भावना– यद्यपि कर्मग्रन्थिभेदादेव सम्यक्त्वमुदेति, तस्मिंश्च व्रतप्रतिपत्तिमेवोपादेयतरामध्यवस्यति तथाऽपि न यावत्यां कर्मस्थितौ सम्यक्त्वलाभः संपन्नस्तावत्यामेव व्रतप्रतिपत्तिरपि तत्त्वतो भवति । इति गाथार्थः।।७०।।**

**ભજનાનું કારણ જ કહે છે :-**

સમ્યક્ત્વ હોય ત્યારે અણુવ્રત વગેરેના સ્વીકારમાં ભજના છે, એનું કારણ એ છે કે સમ્યક્ત્વની પ્રાપ્તિમાં જેટલો કર્મક્ષયોપશમ જોઈએ તેના કરતાં અધિક કર્મક્ષયોપશમ અણુવ્રત વગેરેની પ્રાપ્તિમાં જોઈએ. સમ્યક્ત્વની પ્રાપ્તિ માત્ર દર્શનમોહનીયના ક્ષયોપશમથી થઈ શકે છે, જ્યારે અણુવ્રત વગેરેની પ્રાપ્તિ દર્શનમોહનીય અને ચારિત્ર મોહનીય એ બંને કર્મના ક્ષયોપશમથી થાય.

સમ્યક્ત્વની પ્રાપ્તિ વખતે ચારિત્રમોહનીય કર્મનો ક્ષયોપશમ કેમ થતો નથી તે કહે છે:- (न य तओ वि होइ लहुं ति =) તે ચારિત્ર મોહનીય કર્મનો ક્ષયોપશમ દર્શન મોહનીયની જેમ જલદી થતો નથી. કારણ કે (परिणामभेदात् =) ચારિત્રમોહનીયકર્મનો ક્ષયોપશમ તથાભવ્યત્વ પરિપાકના કારણે થનારા કર્મક્ષયોપશમનું અવંધ્ય કારણ એવા આત્માના અધ્યવસાયવિશેષથી થાય છે. (તેવો અધ્યવસાયવિશેષ જલદી થતો નથી.)

અહીં ભાવના આ પ્રમાણે છે:- જો કે કર્મગ્રંથિના ભેદથી જ સમ્યક્ત્વ પ્રગટે છે. સમ્યક્ત્વની હાજરીમાં વ્રતસ્વીકાર જ અતિશય ઉપાદેય છે, એવો નિશ્ચય કરે છે, તો પણ જેટલી કર્મસ્થિતિમાં સમ્યક્ત્વનો લાભ થાય તેટલીજ કર્મસ્થિતિમાં વ્રતસ્વીકાર પણ પરમાર્થથી થતો નથી. [૭૦]

इदमेवाह-

**सम्मा पलियपुहुत्तेऽवगए कम्माण भावओ हुंति।**
**वयपभिईणि भवण्णवतरंडतुल्लाणि नियमेण ।।७१।।**

**[सम्यक्त्वात् पल्योपमपृथक्त्वेऽवगते कर्मणां भावतो भवन्ति।**
**व्रतप्रभृतीनि भवार्णवतरण्डतुल्यानि नियमेन ।।७१।।]**

**''सम्मा'' गाहा व्याख्या -'सम्म' त्ति सूचनात् सूत्रमिति न्यायात्सम्यक्त्वात् प्राप्तात् सम्यक्त्वलाभकालसंभविकर्मस्थितेरिति हृदयम् । 'पल्योपमपृथक्त्वे' सिद्धान्तप्रसिद्धे । तदुक्तम्- ''एगाहिअबेहिअतेहिआण उक्कोस सत्तरत्ताणं। सम्मट्ठं सन्निचिअं, भरिअं वालग्गकोडीणं ।।१।। [प्रवचनसारो० गा०१०२०]. इत्यादि ।। द्विप्रभृतिरानवभ्य इति पृथक्त्वपरिभाषा। तस्मिन् पल्योपमपृथक्त्वे 'कर्मणां' तदावारकाणां 'अपगते' याते वेदिते इत्यर्थः, 'भावतः ' परमार्थगत्या, न तु बाह्यप्रवृत्तिमात्रमाश्रित्य, तथात्वेन मिथ्यादृष्टेरपि रजोहरणादिधारणक्रियाया**

**अपि संभवात्। यदुक्तम् ''सव्वजियाणं जम्हा, सुत्ते गेवेज्जगेसु उववाओ। भणिओ जिणेहिं , सो न य लिंगं मोत्तुं जओ भणिअं ॥१॥ जे दंसणवावण्णा, लिंगग्गहणं करेंति सामण्णे । तेसिं पि अ उववाओ, उक्कोसो जाव गेवेज्जा॥२॥'' इत्यादि। 'भवन्ति' जायन्ते 'व्रतप्रभृतीनि' अणुव्रतलाभादीनीत्यर्थः। किंविधानि? ' भवार्णवतरण्डतुल्यानि ' संसाराकूपारोत्तारणे तरण्यादिकल्पानि 'नियमेन' अवश्यंतया । तदुक्तम्- '' सम्मत्तम्मि उ लद्धे, पलिअपुहुत्तेण सावओ हुज्जा । चरणोवसमखयाणं सागरसंखंतरा होंति ॥१ ॥'' [आव० हारि० वृ० ७७ -१] स च तथाविधः कर्मस्थितिह्रासोऽनुक्रमवेदनाद्वा स्याद् वीर्योल्लासविशेषात्करणान्तरप्रवृत्तेरतिशीघ्रकालेन वा। तदुक्तम् - ''एवं अप्परिवडिए, सम्मत्ते देवमणुअजम्मेसु । अन्नयरसेढिवज्जं, एगभवेणं च सव्वाइं ॥१॥'' [विशेषाव० भा० गा० १२२२] तस्मात्सम्यक्त्वलाभेऽपि व्रतप्रतिपत्तौ भजनेति स्थितम्। इति गाथार्थः॥७१॥**

**આ જ વિષયને કહે છે :-**

સમ્યક્ત્વની પ્રાપ્તિ પછી આયુષ્ય સિવાય મોહનીય આદિ સાત કર્મોની બેથી નવ પલ્યોપમ જેટલી સ્થિતિ ઘટે ત્યારે સંસારસાગર તરવા નાવ સમાન અણુવ્રતો વગેરે અવશ્ય ભાવથી હોય છે. આ વિશે કહ્યું છે કે-**"સમ્યક્ત્વની પ્રાપ્તિ વખતે રહેલી (અંતઃકોડાકોડિ) કર્મસ્થિતિમાંથી બેથી નવ પલ્યોપમ જેટલી કર્મસ્થિતિનો ક્ષય થાય ત્યારે દેશવિરતિની પ્રાપ્તિ થાય છે. તેમાંથી પણ સંખ્યાતા સાગરોપમ જેટલી કર્મસ્થિતિ ઘટે ત્યારે સર્વવિરતિની પ્રાપ્તિ થાય છે. તેમાંથી પણ સંખ્યાતા સાગરોપમ જેટલી કર્મસ્થિતિ ઘટે છે ત્યારે ઉપશમશ્રેણિની પ્રાપ્તિ થાય છે. તેમાંથી પણ સંખ્યાતા સાગરોપમ જેટલી સ્થિતિ ઘટે ત્યારે ક્ષપક શ્રેણિની પ્રાપ્તિ થાય છે." (વિશેષા૦ ગા૦ ૧૨૨૨)**

**પ્રશ્ન :** બેથી નવ પલ્યોપમ વગેરે કર્મસ્થિતિ ક્રમશઃ જ ઘટે છે કે જલદી પણ ઘટે?
**ઉત્તર :** બંને રીતે ઘટે છે. કોઈ જીવની ક્રમશઃ વેદવાથી તેટલી સ્થિતિ ઘટે તો કોઈ જીવની વીર્યોલ્લાસથી અન્ય પરિણામ પ્રવર્તે તો જલદી પણ ઘટી જાય. 卐 કહ્યું છે કે **"સમ્યક્ત્વ ટકી રહે તો દેવ-મનુષ્યભવમાં ઉત્પત્તિ થાય છે. દેવ-મનુષ્ય ભવમાં ઉત્પન્ન થતા તે જીવને બીજા બીજા મનુષ્યભવમાં દેશ વિરતિ આદિનો લાભ થાય. અર્થાત્ મનુષ્યભવમાં સમ્યક્ત્વ પામેલો જીવ દેવલોકનો ભવ કરીને મનુષ્યભવમાં દેશવિરતિ પામે. પછી દેવલોકનો ભવ કરીને સર્વવિરતિ પામે. આમ ક્રમશઃ અન્ય અન્ય મનુષ્યભવમાં દેશવિરતિ આદિ પામે અથવા**

卐 ક્રમશઃ અને જલદી એમ બંને રીતે સ્થિતિ ઘટતી હોવા છતાં મોટા ભાગના જીવોની કર્મસ્થિતિ ક્રમશઃ ઘટે છે. બહુ જ ઓછા જીવોની જલદી ઘટે છે. આથી સામાન્યથી સમ્યક્ત્વપ્રાપ્તિ અને દેશવિરતિપ્રાપ્તિનો અંતરકાલ બેથી નવ પલ્યોપમ છે. ઉ. ૨, ગા. ૨૩ ની ટીકા.

**એકજ ભવમાં બે શ્રેણિમાંથી કોઈ એક શ્રેણિ સિવાય ◆દેશવિરતિ આદિ ત્રણે પામે."** (વિશેષા૦ ગા૦૧૨૨૩)

સમ્યક્ત્વની પ્રાપ્તિ પછી દેશવિરતિ આદિની પ્રાપ્તિ માટે અહીં જણાવેલ કર્મસ્થિતિના હ્રાસનો નિયમ ભાવથી દેશવિરતિ આદિ માટે છે. આથી જ મૂળ ગાથામાં ભાવઓ = ભાવથી એમ જણાવ્યું છે. દ્રવ્યથી દેશવિરતિ આદિ તેટલી સ્થિતિ ઘટ્યા વિના પણ હોઈ શકે છે. કહ્યું છે કે-**"પ્રજ્ઞાપના વગેરે શાસ્ત્રોમાં વ્યવહારરાશિમાં આવેલા સર્વ જીવોની નવે ગ્રૈવેયકમાં ઉત્પત્તિ જણાવી છે. જિનોક્ત સાધુવેશના સ્વીકાર વિના નવ ગ્રૈવેયકમાં ઉત્પત્તિ ન થાય." (વિશેષા. ગા. ૧૦૩૮) "કારણ કે આગમજ્ઞ પૂર્વાચાર્યોએ કહ્યું છે કે, જેઓ સાધુપણામાં રહીને સાધુપણાનું પાલન કરતા નથી, કિંતુ માત્ર બાહ્યવેશ ધારણ કરે છે તે સમ્યક્ત્વથી પતિત થયેલા નિહ્નવ વગેરે પણ ઉત્કૃષ્ટથી નવ ગ્રૈવેયક સુધી ઉત્પન્ન થાય છે." (વિશેષા૦ ગા૦૧૦૩૯)**

જો બેથી નવ પલ્યોપમ વગેરે સ્થિતિ ઘટી ગઈ હોય તો ભાવથીજ દેશવિરતિ આદિ પામે. અને ભાવથી દેશવિરતિ આદિની પ્રાપ્તિ અનંતીવાર થાય નહિ. જ્યારે ઉક્ત પાઠના આધારે અનંતીવાર દેશવિરતિ આદિની પ્રાપ્તિ થઈ છે. આથી અનંતીવાર થયેલી દેશવિરતિ આદિની પ્રાપ્તિ દ્રવ્યથી હતી એ સિદ્ધ થાય છે, એટલે સ્થિતિહ્રાસનો નિયમ દ્રવ્યથી દેશવિરતિ આદિ માટે નથી, કિંતુ ભાવથી દેશવિરતિ આદિ માટે છે. આથી સમ્યક્ત્વનો લાભ થાય ત્યારે વ્રતસ્વીકારમાં ભજના છે એ નિશ્ચિત થયું.

## પલ્યોપમનુ સ્વરૂપ

પલ્યોપમનું સ્વરૂપ આ પ્રમાણે છે:- પલ્યોપમના ઉદ્ધાર, અદ્ધા અને ક્ષેત્ર એમ ત્રણ ભેદ છે. તે દરેક ભેદના બાદર અને સૂક્ષ્મ એમ બે ભેદ છે. તેમાં બાદર પલ્યોપમ સૂક્ષ્મ પલ્યોપમનું સ્વરૂપ સમજાવવા માટે ઉપયોગી છે. તે સિવાય કશામાં ઉપયોગી નથી.

ઉત્સેધ અંગુલથી એક યોજન લાંબા-પહોળા-ઊંડા કૂવાને દેવકુરુ-ઉત્તરકુરુ ક્ષેત્રના એકથી સાત દિવસ સુધીના જન્મેલા યુગલિકના વાળના ખંડોથી ભરવો. તે ખંડોનું માપ આ પ્રમાણે છે:- એક વાળના આઠ ખંડ કરવાના. બીજી વાર દરેક ખંડના આઠ આઠ ખંડ કરતાં ચોસઠ ખંડ થયા. ત્રીજી વાર આઠ ખંડ કરતાં ૫૧૨ થયા. ચોથીવાર આઠ ખંડ કરતાં ૪૦૯૬ થયા. પાંચમી વાર આઠ ખંડ કરતાં ૩૨૭૬૮ થયા. છઠ્ઠી વાર આઠ ખંડ કરતાં ૨૬૧૧૪૪ થયા. સાતમીવાર આઠ ખંડ કરતાં ૨૦૯૭૧૫૨ થયા. આવા ખંડોથી પૂર્વોક્ત

◆ સૈદ્ધાંતિક મતે એકભવમાં બે શ્રેણિ ન હોય.

કૂવો એવી રીતે ઠાંસી ઠાંસીને ભરવાનો કે જેથી તે વાળ ખંડો અગ્નિથી બળે નહિ, વાયુથી ઉડે નહિ, તેમાં પાણી પ્રવેશે નહિ અને ચક્રવર્તીનું આખું સૈન્ય તેના ઉપર ચાલ્યું જાય તો પણ એક પણ વાળખંડ જરાય હાલે નહિ. હવે તે કૂવામાંથી સમયે સમયે એક વાળખંડ કાઢતાં તે બધા વાળખંડોને કાઢવામાં જેટલો કાળ થાય તેટલો કાળ **બાદર ઉદ્ધાર પલ્યોપમ છે.** આમાં સંખ્યાતા જ સમયો થાય. કારણ કે વાળખંડો સંખ્યાતા છે. એક એક સમયે એક એક વાળખંડ કાઢતાં સંખ્યાતા વાળખંડોને કાઢવામાં સંખ્યાતા જ સમયો થાય.

ઉક્ત દરેક વાળખંડના અસંખ્ય સૂક્ષ્મખંડ કરીને તે ખંડોને ઉક્ત કૂવામાં ઉક્ત રીતે ભરીને સમયે સમયે એક એક ખંડને કાઢતાં તે બધા ખંડોને કાઢવામાં જેટલો કાળ થાય તેટલો કાળ **સૂક્ષ્મ ઉદ્ધાર પલ્યોપમ છે.** આમાં સંખ્યાતા કોડ વર્ષ થાય. દશ કોડાકોડિ સૂક્ષ્મ ઉદ્ધાર પલ્યોપમનો એક સૂક્ષ્મ ઉદ્ધાર સાગરોપમ થાય. આવા અઢી સાગરોપમના જેટલા સમય થાય તેટલા અસંખ્યાત દ્વીપ-સમુદ્રો છે.

પૂર્વોક્ત કૂવાને પૂર્વોક્ત (=બા. ઉ. પલ્યો. માં કહ્યા તેવા) વાળખંડોથી પૂર્વોક્ત રીતે ભરીને સો સો વર્ષે એક વાળખંડ કાઢતાં બધા વાળખંડને કાઢવામાં જેટલો કાળ થાય તેટલો કાળ **બાદર અદ્ધા પલ્યોપમ છે.** આમાં સંખ્યાતા ક્રોડ વર્ષ થાય.

પૂર્વોક્ત કૂવાને પૂર્વોક્ત (=સૂ. ઉ. પલ્યો. માં કહ્યા તેવા) વાળ ખંડોથી ભરીને સો સો વર્ષે એક વાળખંડને કાઢતાં તે બધા વાળખંડોને કાઢવામાં જેટલો કાળ જાય તેટલો કાળ **સૂક્ષ્મ અદ્ધા પલ્યોપમ છે.** આમાં અસંખ્યાત ક્રોડ વર્ષ થાય.

દશ કોડાકોડિ સૂક્ષ્મ અદ્ધા પલ્યોપમનો એક સૂક્ષ્મ અદ્ધા સાગરોપમ થાય. આવા દશ કોડાકોડી સાગરોપમની એક ઉત્સર્પિણી, દશ કોડાકોડી સાગરોપમની એક અવસર્પિણી થાય. એ બંને મળીને ૨૦ કોડાકોડી સાગરોપમનો એક કાળચક્ર થાય. આ સાગરોપમથી ચારે ગતિના જીવોના આયુષ્યનું પ્રમાણ, કર્મસ્થિતિ પ્રમાણ, કાયસ્થિતિ પ્રમાણ અને ભવસ્થિતિ પ્રમાણ વગેરે માપવામાં આવે છે.

પૂર્વોક્તકૂવાને પૂર્વોક્ત (=બા. ઉ. પલ્યો.માં કહ્યા તેવા) વાળખંડોથી પૂર્વોક્ત રીતે ભરીને સમયે સમયે વાળખંડને સ્પર્શીને રહેલા એક આકાશ પ્રદેશને કાઢતાં વાળખંડને સ્પર્શીને રહેલા બધા આકાશપ્રદેશોને કાઢવામાં જેટલો કાળ થાય તેટલો કાળ **બાદર ક્ષેત્ર પલ્યોપમ છે.** આમાં અસંખ્ય ઉત્સર્પિણિ-અવસર્પિણી કાળ થાય. કારણ કે દ્રવ્ય કરતાં ક્ષેત્ર અધિક સૂક્ષ્મ છે. એથી ઉક્ત રીતે એક વાળના ખંડોને સ્પર્શીને રહેલા આકાશ પ્રદેશોને કાઢવામાં પણ અસંખ્ય ઉત્સર્પિણી-અવસર્પિણી જેટલો કાળ થાય, તો પછી સર્વ વાળખંડોને સ્પર્શીને રહેલા આકાશ પ્રદેશોને કાઢવામાં તેટલો કાળ થાય એમાં તો શું કહેવાનું હોય?

પૂર્વોક્ત કૂવાને પૂર્વોક્ત (=સૂ. ઉ. પલ્યો. માં કહ્યા તેવા) વાળખંડોથી ભરીને સમયે સમયે એક આકાશપ્રદેશને કાઢતાં વાળખંડોને સ્પર્શીને રહેલા અને વાળખંડોને નહિ સ્પર્શીને

રહેલા એ બધા જ આકાશ પ્રદેશોને કાઢવામાં જેટલો કાળ થાય તેટલો કાળ **સૂક્ષ્મ ક્ષેત્રપલ્યોપમ છે. આમાં પણ અસંખ્ય ઉત્સર્પિણી-અવસર્પિણી કાળ થાય. પણ પૂર્વોક્ત કાળથી અસંખ્યગુણ થાય**. કારણ કે વાળખંડોને સ્પર્શીને રહેલા આકાશપ્રદેશોથી વાળખંડોને નહિ સ્પર્શીને રહેલા આકાશપ્રદેશો અસંખ્યગુણા છે. દશ કોડાકોડિ સૂક્ષ્મ ક્ષેત્ર પલ્યોપમનું એક ક્ષેત્ર સાગરોપમ થાય. આ સાગરોપમથી દૃષ્ટિવાદમાં કહેલાં દ્રવ્યો અને એકેંદ્રિયથી પ્રારંભી પંચેંદ્રિય સુધીના જીવોનું પ્રમાણ નક્કી કરાય છે. [૭૧]

एवं 'सम्यक्त्वमूलानि पञ्चाणुव्रतानि' इत्यादि यदुपदिष्टमासीत्तत्र सम्यक्त्व-मुक्तम् । इदानीमणुव्रताद्याह-

**पंच उ अणुव्वयाइं, थूलगपाणवहविरमणाईणि ।**
**उत्तरगुणा व अण्णे, दिसिव्वयाइं इमेसिं तु॥७२॥**

**[पञ्च त्वणुव्रतानि, स्थूलकप्राणिवधविरमणादीनि।**
**उत्तरगुणास्तु अन्ये, दिग्व्रतादय एषां तु ॥७२॥]**

**''पंच'' गाहा व्याख्या- 'पञ्च' इति संख्या । 'तुः' अवधारणे। पञ्चैव, न तु चत्वारि षड् वा, अणूनि- लघूनि व्रतानि -नियमा अणुव्रतानि, अणुत्वं चामीषां महाव्रतापेक्षम् । तथाह- 'स्थूलकप्राणिवधविरमणादीनि' स्थूलक-प्राणिवधविरमणं वक्ष्यमाणमादिर्येषां तानि तथा, मूलगुणाश्च एतानि परिभाष्यन्ते, श्रावकधर्मतरोर्मूलकल्पत्वात्। गुणव्रतादीनि तु तदुपचयगुणनिबन्धनत्वेनात्मसत्तां बिभ्रति, ततस्तानि श्रावकधर्मकल्पफलिनस्य शाखाप्रख्यान्युत्तरगुणपरिभाषाभाञ्जि। तथा चाह- 'उत्तरगुणाः' इति उत्तररूपा गुणा उत्तरगुणाः, उपचयहेतव इत्यर्थः। 'तुः' पुनरर्थे भिन्नक्रमश्च, दिग्व्रतादयस्त्विति दृश्यम्। 'अन्ये' शेषा व्रतविशेषाः। 'दिग्व्रतादयः' गुणव्रतशिक्षाव्रतरूपाः, 'एषां' अणुव्रतानां मूलगुणत्वेन रूढानामुत्तरगुणा इति योगः । इति गाथार्थः ॥७२॥**

**પૂર્વે (૧૩ મી ગાથામાં) "સમ્યક્ત્વમૂળવાળા પાંચ અણુવ્રતો" ઈત્યાદિ જે કહ્યું હતું, તેમાં સમ્યક્ત્વ કહ્યું. હવે અણુવ્રત વગેરેને કહે છે :-**

સ્થૂલ પ્રાણાતિપાતવિરમણ વગેરે પાંચ અણુવ્રતો છે. દિગ્વ્રત વગેરે બીજાં વ્રતો પાંચ અણુવ્રતના ઉત્તરગુણો છે, અર્થાત્ પાંચ અણુવ્રતો મૂલગુણ છે તથા બાકીના ગુણવ્રતો અને શિક્ષાવ્રતો ઉત્તરગુણ છે.

સ્થૂલપ્રાણવધવિરમણ વગેરે પાંચ વ્રતો મહાવ્રતોની અપેક્ષાએ નાનાં હોવાથી અણુવ્રતો છે. અણુવ્રતો એટલે નાનાં વ્રતો. તથા આ પાંચ અણુવ્રતો શ્રાવકધર્મરૂપ વૃક્ષના મૂળિયા સમાન હોવાથી મૂલગુણ કહેવાય છે. ગુણવ્રત વગેરે તો મૂલગુણની વૃદ્ધિનું (= પુષ્ટિનું) કારણ હોવાથી તેમનો વ્રત તરીકે નિર્દેશ કરવામાં આવ્યો છે. તેથી શ્રાવકધર્મરૂપ વૃક્ષની શાખાઓ સમાન તે વ્રતો ઉત્તર ગુણો કહેવાય છે. ઉત્તરગુણ એટલે મૂલગુણની વૃદ્ધિનું કારણ. [૭૨]

सांप्रतमणुव्रतादीनामेव ग्रहणविधिमभिधातुकामो देशविरतेर्वैचित्र्यमाविष्कुर्वन् ग्रहणसंभविभङ्गान् प्रस्तावयति-

**भंगसयं सीयालं तु, विसयभेएण गिहिवयग्गहणे।**
**तं च विहिणा इमेणं, विन्नेयं अंकरयणाए ।।७३।।**

**[भङ्गकशतं सप्तचत्वारिंशं तु, विषयभेदेन गृहिव्रतग्रहणे।**
**तच्च विधिनाऽनेन, विज्ञेयमङ्करचनया ।।७३।।]**

**''भंगसयं'' गाहा व्याख्या- भङ्गानां- ग्रहणप्रकाररूपाणां शतं भङ्गकशतं 'सप्तचत्वारिंशं' सप्तचत्वारिंशताऽधिकम्, ''शतिशद्दशान्ताऽधिकाऽस्मिन् शतसहस्रे डः'' इति डप्रत्ययः ''उल्लादयो बहुलम्'' इति प्राकृतलक्षणात्तु सीयालादेशः। 'तुः' विशेषणे, किं विशिनष्टि ? विशेषविषयापेक्षमेवम् । तथा चाह- 'विषयभेदेन' गोचरविभागेन भणिष्यमाणरूपेण 'गृहिव्रतग्रहणे' अणुव्रताद्युपादाने। 'तच्च' भङ्गकशतं सप्तचत्वारिंशं 'विधिना' प्रकारेण 'अनेन' अनन्तरमेवाभिधित्सितेन 'विज्ञेयं' अवबोध्यं 'अङ्करचनया' त्रिकादिन्यासेन। इति गाथार्थः।।७३।।**

**હવે અણુવ્રત વગેરેની સ્વીકારવિધિને કહેવાની ઈચ્છાવાળા અને દેશવિરતિની વિચિત્રતાને પ્રગટ કરતા ગ્રંથકાર વ્રતસ્વીકારમાં થતા ભાંગાઓનો પ્રારંભ કરે છેઃ-**

ગૃહસ્થવ્રતોના સ્વીકારમાં વિષયભેદથી ૧૪૭ ભાંગા થાય છે. તે ભાંગા અંકની સ્થાપના કરીને આ (= હવે પછી તુરત કહેવાશે તે) વિધિથી જાણવા. [૭૩]

भङ्गरचनामेवाह-

**तिण्णि तिया तिण्णि दुया, तिण्णिक्किक्का य होंति जोगेसुं ।**
**ति दु एक्कं ति दु एक्कं, ति दु एक्कं चेव करणाइं ।।७४।।**

[त्रयस्त्रिकास्त्रयो द्विकास्त्रय एककाश्च भवन्ति योगेषु ।
त्रयो द्वावेकस्त्रयो द्वावेकस्त्रयो द्वावेकश्चैव करणानि ।।७४।।]

''तिण्णि तिया'' गाहा व्याख्या- त्रयस्त्रिकास्त्रयो द्विकास्त्रय एककाश्च भवन्ति 'योगेषु' योगविषया:। करणादयश्च योगास्त्रयो द्वावेकस्त्रयो द्वावेकस्त्रयो द्वावेकश्चैव 'करणानि' करणविषया अमी अङ्का इत्यर्थ:। करणानि तु मन:प्रभृतीनि। शेषं सुगमम्। केवलं 'ति दु' इति प्राकृतत्वाद्विभक्तिं विनापि निर्देश:, समाहारे चाऽर्थसमासाद्वा सुवचनम् । इति गाथार्थ: ।।७४।।

ભાંગાઓની સ્થાપનાને કહે છે :-

યોગોના ત્રણ ત્રિક, ત્રણ દ્વિક અને ત્રણ એક એક, તથા કરણના ત્રણ, બે, એક, ત્રણ, બે, એક, ત્રણ, બે, એક અંક છે. મન વગેરે કરણ છે. [૭૪]

प्रत्येकं नवानामपि भङ्गनामागतफलमाह-

**तिविहं तिविहेणिक्को, एगयरतिगेण भंगया तिन्नि ।**
**तिगरहिए नव भंगा, सव्वे उण अउणपन्नासा ।।७५।।**

[त्रिविधं त्रिविधेनैक: , एकतरत्रिकेण भङ्गकास्त्रय:।
त्रिकरहिते नव भङ्गा:, सर्वे पुनरेकोनपञ्चाशत् ।।७५।।]

''तिविहं'' गाहा व्याख्या- त्रिविधं त्रिविधेन प्रथमभङ्गके त्रिविधं योगं कृतं कारितमनुमतं प्रत्याचक्षाणस्यैक एवागतफलम्, सर्वप्रकारै: प्रत्याख्यातत्वाद्विकल्पान्तराभाव इत्यर्थ:। एकतरत्रिकेण सता त्रय एव भङ्गविकल्पा भवन्ति, ते च द्वितीयतृतीयचतुर्थसप्तमेषु द्रष्टव्या:। त्रिकविरहिते भङ्गकस्थाने नव भङ्गविकल्पा:, ते च पञ्चमषष्ठाष्टमनवमस्थानेषु । 'सर्वे' अनन्तरोद्दिष्टा: पुनरेकत्र मिलिता एकोनपञ्चाशदियं स्यात्। इति गाथाद्वयघटना ।। भावार्थस्तु स्थापनया दर्श्यते, सा चेयम्-

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ३ | ३ | ३ | २ | २ | २ | १ | १ | १ | योगा: |
| ३ | २ | १ | ३ | २ | १ | ३ | २ | १ | करणानि |
| १ | ३ | ३ | ३ | ९ | ९ | ३ | ९ | ९ | आगतम् |

भावना चात्र- ''न करेइ न कारवेइ करेंतं पि अण्णं न समणुजाणइ मणेणं वायाए काएणं। एक्को भेओ।।१।। <u>इयाणिं बीयओ-</u> न करेइ न कारवेइ करेंतं अण्णं न समणुजाणइ मणेणं वायाए एक्को। तहा मणेण काएण य बीओ । तहा वायाए काएण य तइओ। बीओ मूलभेओ गओ २।।

इयाणिं तइयओ- न करेइ न कारवेइ करेंतं पि अण्णं न समणुजाणइ मणेणं एक्को१,वायाए२, काएण य ३। गओ तइयओ मूलभेओ ३।। इयाणिं चउत्थो - न करेइ न कारवेइ मणेणं वायाए काएण य एक्को१। न करेइ करेंतं नाणुजाणइ बीओ-२। न कारवेइ करेंतं नाणुजाणइ ३। चउत्थो मूलभेओ ४। इयाणिं पंचमो - न करेइ न कारवेइ मणेणं वायाए एक्को१। न करेइ करेंतं नाणुजाणइ बीइयओ-२। न कारवेइ करेंतं नाणुजाणइ ३। एए तिण्णि भंगा मणेण वायाए य लद्धा। अण्णे वि तिण्णि मणेण काएण एवमेव लब्भंति। तहा अवरे वि वायाए काएण य लब्भंति तिण्णि। एवं एए सव्वे वि नव। पञ्चमोऽप्युक्तो मूलभेदः ५। इयाणिं छट्ठो- न करेइ न कारवेइ मणेणं एक्को१। तहा न करेइ करेंतं नाणुजाणइ मणेण बीओ-२। न कारवेइ करेंतं नाणुजाणइ तइओ ३। एवं वायाए काएण वि तिण्णि तिण्णि लब्भंति। उक्तः षष्ठो मूलभेदः ६।। सप्तमोऽभिधीयते- न करेइ मणेणं वायाए काएण य एक्को १। न कारवेइ मणाईहिं बीओ २। करेंतं नाणुजाणइ तइओ ३। सप्तमोऽप्युक्तः।। इदानीमष्टमः - न करेइ मणेणं वायाए य एक्को १। तहा मणेणं काएण य बिइओ२। तहा वायाए काएण य तइओ३। एवं न कारवेइ एत्थं पि तिण्णि भंगा एवमेव। करेंतं नाणुजाणइ एत्थं पि तिण्णि भंगा। उक्तोऽष्टमः ८।। इदानीं नवमः- न करेइ मणेणं एक्को १। न कारवेइ बीओ २। करेंतं नाणुजाणइ तइओ ३। एवं वायाए वि तियं, काएण वि होइ तिअमेव। नवमोऽप्युक्तः ९।'' [ ] एवं सर्वसंपिण्डने सत्येकोनपञ्चाशत् ।।७५।।

**નવેય ભાંગાઓમાં પ્રત્યેક ભાંગાઓનું આવેલું ફળ કહે છે :-**

ત્રિવિધ ત્રિવિધથી એક ભાંગો, કોઈ એક ત્રિકથી ત્રણ ભાંગા, અને ત્રિકરહિતમાં નવભાંગા એમ કુલ ૪૯ ભાંગા થાય. ત્રિવિધ ત્રિવિધથી એ પહેલા ભાંગામાં મન-વચન-કાયાથી કરવું-કરાવવું-અનુમોદવું નહિ એ રીતે પચ્ચક્ખાણ કરનારને આવેલું ફળ એક જ ભાંગો છે. કારણ કે સર્વ પ્રકારોથી પચ્ચક્ખાણ કર્યું હોવાથી બીજો વિકલ્પ નથી. કોઈ એક ત્રિકથી ભાંગાના વિકલ્પો ત્રણ જ થાય. તે ત્રણ વિકલ્પો બીજા, ત્રીજા, ચોથા અને સાતમા સ્થાનમાં જાણવા. ત્રિકથી રહિત ભાંગાના સ્થાનમાં ભંગવિકલ્પો નવ થાય. તે નવ વિકલ્પો પાંચમા, છઠ્ઠા, આઠમા અને નવમા સ્થાનમાં જાણવા. આ બધાય ભંગવિકલ્પોને ભેગા કરવાથી કુલ ૪૯ ભંગવિકલ્પો થાય. આ પ્રમાણે બે ગાથાઓની ઘટના કરી. એ બે ગાથાઓનો ભાવાર્થ તો સ્થાપનાથી બતાવવામાં આવે છે. તે સ્થાપના આ છે :-

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૩ | ૩ | ૩ | ૨ | ૨ | ૨ | ૧ | ૧ | ૧ | યોગ |
| ૩ | ૨ | ૧ | ૩ | ૨ | ૧ | ૩ | ૨ | ૧ | કરણ |
| ૧ | ૩ | ૩ | ૩ | ૯ | ૯ | ૩ | ૯ | ૯ | ફળ |

અહીં ભાવના આ પ્રમાણે છે:- **પહેલો ભાંગો**:- મન-વચન-કાયાથી ન કરે, ન કરાવે અને કરતા એવા બીજાની અનુમોદના ન

ન કરે. **બીજો ભાંગો**:- ન કરે-ન કરાવે -ન અનુમોદે મન-વચનથી પહેલો ભાંગો, તે પ્રમાણે મન-કાયાથી બીજો અને વચન-કાયાથી ત્રીજો. **ત્રીજો ભાંગો**:- ન કરે-ન કરાવે-ન અનુમોદે મનથી પહેલો, વચનથી બીજો અને કાયાથી ત્રીજો. **ચોથો ભાંગો**:- મન-વચન-કાયાથી ન કરે-ન કરાવે પહેલો, ન કરે-ન અનુમોદે બીજો, ન કરાવે-ન અનુમોદે ત્રીજો. **પાંચમો ભાંગો**:- મન-વચનથી ન કરે-ન કરાવે પહેલો, ન કરે-ન અનુમોદે બીજો, ન કરાવે-ન અનુમોદે ત્રીજો. આ પ્રમાણે મન-વચનથી ત્રણ ભાંગા થયા. એ જ પ્રમાણે બીજા પણ ત્રણ મન-કાયાથી થાય. એ જ પ્રમાણે અન્ય પણ ત્રણ વચન-કાયાથી થાય. આ પ્રમાણે આ બધાય મળીને નવ થાય. **છઠ્ઠો ભાંગો**:- મનથી ન કરે-ન કરાવે પહેલો, મનથી ન કરે-ન અનુમોદે બીજો, મનથી ન કરાવે-ન અનુમોદે ત્રીજો. આ પ્રમાણે વચનથી અને કાયાથી ત્રણ ત્રણ ભાંગા થાય. કુલ નવ થાય. **સાતમો ભાંગો**:- મન-વચન-કાયાથી ન કરે પહેલો, ન કરાવે બીજો અને ન અનુમોદે ત્રીજો. **આઠમો ભાંગો**:- ન કરે મન-વચનથી પહેલો, ન કરે મન-કાયાથી બીજો, ન કરે વચન-કાયાથી ત્રીજો. તે રીતે ન કરાવે એ સ્થાનની સાથે ત્રણ, અને ન અનુમોદે એ સ્થાનની સાથે ત્રણ, આમ કુલ નવ થાય. **નવમો ભાંગો**:- મનથી ન કરે પહેલો, ન કરાવે બીજો, ન અનુમોદે ત્રીજો. એ પ્રમાણે વચનથી ત્રણ અને કાયાથી ત્રણ, કુલ નવ થાય. આ પ્રમાણે બધા મળીને ૪૯ થાય. [૭૫]

ततश्च-

**कालतिएण य गुणिया, सीयालसयं तु होइ भंगाण।**
**विसयबहिं भंगतियं, चोयालसयं सविसयम्मि ।।७६।।**

**[कालत्रिकेण च गुणिताः, सप्तचत्वारिंशं तु भवति भङ्गानां ।**
**विषयाद्बहिर्भङ्गत्रिकं, चतुश्चत्वारिंशं स्वविषये ।।७६।।]**

**''काल'' गाहा व्याख्या- 'कालत्रिकेण' अतीतानागतवर्तमानलक्षणेन गुणितास्त एकोनपञ्चाशद्भङ्गाः 'सप्तचत्वारिंशं शतं तु भवति भङ्गानां' तिस्र एकोनपञ्चाशतो मिलिताः सप्तचत्वारिंशं शतं भवतीत्यर्थः। तदुक्तम्- लद्धफलमाणमेयं, भंगा उ भवंति अउणपण्णासं। तीयाणागयसंपइगुणिअं कालेण होइ इमं ।।१।। सीयालं भंगसयं, कह कालतिएण होइ गुणणाओ। तीयस्स पडिक्कमणं, पच्चुप्पण्णस्स संवरणं ।।२।। पच्चक्खाणं तु तहा, होइ एस्सस्स एव गुणणाओ। कालतिएणं भणिअं, जिणगणहरवायगेहिं च।।३।।'' [ ] नन्वेवं श्रावकस्य त्रिविधत्रिविधनिवृत्तौ सत्यां**

**संभवति, सा चास्यानुमतेरप्रतिषिद्धत्वादसंभविनी, अत एव निर्युक्तिकृतोक्तम्- ''दुविह तिविहेण'' इत्यादि इति हृद्याऽऽधायाह-'विषयाद्बहिः' भरत-मध्यमखण्डाद्बहिरित्यर्थः, 'भङ्गत्रिकं' अनुमतिनिषेधसहितम् । चतुश्चत्वारिंशं शतं स्वविषये, संभवद्व्यवहारगोचरे अनुमतिवर्जनस्य सामान्येनाऽसंभवात् । इदमत्र हृदयम्- यद्यपि श्रावकस्य सामान्येनानुमतिवर्जनं न संभवति, संभवत्संव्यवहारविषयेऽनुमतेरागतिसंभवात्; तथाऽपि विशेषविषयं गृह्णतोऽस्यानुमतिवर्जनमपि संभविपक्षमाश्रित्योक्तम् । तथा चोक्तम् -''केई भणंति गिहिणो, तिविहं तिविहेण नत्थि संवरणं। तं न जओ निद्दिट्ठं; पण्णत्तीए विसेसेउं ॥१॥ तो कह निज्जुत्तीएऽणुमइणिसेहो त्ति सो सविसयम्मि। सामण्णे वा तत्थ उ, तिविहं तिविहेण को दोसो ॥२॥'' [ ] इति गाथार्थः ॥७६॥**

૪૯ ભાંગાઓને ભૂત-ભવિષ્ય-વર્તમાન એ ત્રણ કાળથી ગુણવાથી ૧૪૭ ભાંગા થાય. કહ્યું છે કે-**"મૂળ નવ ભેદોમાં પ્રત્યેક ભેદના ભાંગાઓને ભેગા કરતા ૪૯ ભાંગા થાય. ૪૯ ભાંગાઓને ભૂત-ભવિષ્ય-વર્તમાન એ ત્રણ કાળથી ગુણતાં ૧૪૯ ભાંગા થાય. પ્રશ્ન: ત્રણ કાળથી શા માટે ગુણવામાં આવે છે? ઉત્તર: ભૂતકાળમાં થયેલ પ્રાણાતિપાત વગેરે પાપનું પ્રતિક્રમણ કરવામાં આવે છે, વર્તમાનમાં તેને રોકવામાં આવે છે અને ભવિષ્ય માટે તેનું પચ્ચક્ખાણ કરવામાં આવે છે. આમ ૪૯ ભાંગા ત્રણ કાળની સાથે સંબંધવાળા હોવાથી તેમને ત્રણકાળથી ગુણવામાં આવે છે. આ પ્રમાણે અરિહંતોએ, ગણધરોએ અને પૂર્વધરોએ કહ્યું છે."**

શ્રાવકને ત્રિવિધ-ત્રિવિધથી પાપનિવૃત્તિ થતી હોય તો આ પ્રમાણે ભાંગા થઈ શકે. શ્રાવકને અનુમતિનો નિષેધ ન કર્યો હોવાથી (= અનુમતિનો ત્યાગ ન થઈ શકતો હોવાથી) ત્રિવિધ-ત્રિવિધથી પાપનિવૃત્તિ અસંભવિત છે. આથી જ નિર્યુક્તિકારે (આવશ્યક સૂત્રના પચ્ચક્ખાણ અધ્યયનમાં આઠ પ્રકારના શ્રાવકના વર્ણનમાં ૧૫૫૮ મી ગાથામાં) પહેલો ભાંગો દ્વિવિધ-ત્રિવિધથી બતાવ્યો છે. આ બાબતને હૃદયમાં રાખીને ગ્રંથકાર કહે છે:- (विसयबहिं भंगतियं =) અનુમતિના નિષેધથી સહિત ત્રણ ભાંગા ભરત ક્ષેત્રના મધ્યમખંડથી બહારના ક્ષેત્રની અપેક્ષાએ છે. ( चोयालसयं सविसयम्मि =) ૧૪૪ ભાંગા પોતાના વિષયમાં છે, અર્થાત્ જ્યાં પોતાનો વ્યવહાર થવાની શક્યતા છે તે ક્ષેત્રની અપેક્ષાએ છે. જ્યાં પોતાનો વ્યવહાર થવાની શક્યતા હોય તે ક્ષેત્રમાં સામાન્યથી અનુમતિનો ત્યાગ અસંભવ છે.

અહીં તાત્પર્ય આ છે:- જો કે શ્રાવકને સામાન્યથી અનુમતિનો ત્યાગ સંભવતો નથી, કારણ કે જ્યાં પોતાનો વ્યવહાર થવાની શક્યતા હોય ત્યાં અનુમતિને આવવાનો સંભવ

છે, તો પણ વિશેષ વિષયનો નિયમ લેનાર શ્રાવકને અનુમતિનો ત્યાગ પણ સંભવે છે. આથી અહીં સંભવિત પક્ષને આશ્રયીને અનુમતિના નિષેધથી સહિત ત્રણ ભાંગા કહ્યા છે. (શ્રાવક પ્રજ્ઞપ્તિ ગા. ૩૩૩-૩૩૪ માં) કહ્યું છે કે- **"જૈનમતાનુયાયી કેટલાકો કહે છે કે - ગૃહસ્થને ત્રિવિધ-ત્રિવિધથી પચ્ચક્ખાણ ન હોય. આ તેમનું કહેવું યુક્ત નથી. કારણ કે ભગવતી સૂત્રમાં વિશેષથી કહેવામાં આવ્યું છે કે - ગૃહસ્થ પણ પોતાના ક્ષેત્રથી (= ભરતક્ષેત્રના મધ્યખંડથી) બહારના ક્ષેત્રની અપેક્ષાએ ત્રિવિધ-ત્રિવિધથી પચ્ચક્ખાણ કરી શકે છે." (૩૩૩)**

**પ્રશ્ન:-** જો ભગવતી સૂત્રમાં અનુમતિનો નિષેધ કર્યો નથી તો પછી (પ્રત્યાખ્યાન) નિર્યુક્તિમાં અનુમતિનો નિષેધ કેવી રીતે કર્યો? **ઉત્તર:-** નિર્યુક્તિમાં પોતાના ક્ષેત્રમાં નિષેધ કર્યો છે, એટલે કે જ્યાં પોતાનો વ્યવહાર થવાની શક્યતા છે તે ક્ષેત્રની અપેક્ષાએ નિષેધ કર્યો છે, અથવા સામાન્ય પ્રત્યાખ્યાનમાં નિષેધ કર્યો છે, સ્વયંભૂરમણ સમુદ્રના માછલાનું માંસ ન ખાવું ઈત્યાદિ વિશેષ પ્રત્યાખ્યાનમાં નિષેધ કર્યો નથી. આથી વિશેષ પ્રત્યાખ્યાન ત્રિવિધ-ત્રિવિધથી કરે તેમાં શો દોષ છે? અર્થાત્ કોઈ દોષ નથી. (૩૩૪) [૭૬]

नन्वेवमपि ''न करेइ न कारवेइ करेंतं नाणुजाणइ मणेणं वायाए'' इत्यादिषु भङ्गकेषु कायप्रवृत्तेरप्रत्याख्यातत्वात् तत्प्रवृत्तौ च मनःप्रवृत्तेरपि प्रसङ्गात् कथं प्रत्याख्यानपालनासंभवः?'' इत्याह-

**संभवमहिगिच्चेयं, नियविसओ भरह आरियं खंडं।**
**तस्स बहिं सव्ववया, साहुसरिच्छा सविगिहीणं।।७७।।**

**[संभवमधिकृत्यैवं, निजविषयो भरतमार्यं खण्डम्।**
**तस्माद् बहिः सर्वव्रतानि, साधुसदृक्षाणि सर्वगृहिणाम्।।७७।।]**

**''संभव'' गाहा व्याख्या-'संभवं' भङ्गकविरचनालक्षणं संभवमात्रमधिकृत्यैवं प्रदर्श्यते, न तु सर्वभङ्गेषु प्रत्याख्यातार इत्यर्थः। यद्वा संभवं-सामान्येन प्रत्याख्यातृगतां विचित्रां विवक्षामाऽऽश्रित्येत्यर्थः। कदाचित्संभवं स्वविषयं तद्बहिर्वेत्यनपेक्ष्य सामान्येनैवमभिधीयत इत्यर्थः। स्वविषयमुद्दिष्टं व्याचष्टे- 'निय' इत्यादि। 'निजविषयः' स्वविषयः, कोऽत्र? 'भरतं' भरतक्षेत्रं, तत्रापि 'आर्यखण्डं' मध्यखण्डं आर्याऽर्धषड्विंशतिजनपदैरुपलक्षितम्, तत्र किल संभवत्संव्यवहारवशेनाऽनुमतेराऽऽगतिसंभव इत्यर्थः। 'तस्मात्' भरतात् 'बहिः'**

**अपरक्षेत्रेष्वित्यर्थः, इह च सूत्रे ''क्वचित्पञ्चम्याः'' इति षष्ठी, संबन्धमात्रविवक्षया वा। 'सर्वव्रतानि' प्रागुद्दिष्टानि 'साधुसदृक्षाणि' यतितुल्यानि त्रिविधं त्रिविधेनेत्यर्थः, तत्राऽनुमतिवर्जनस्याऽपि संभवात् 'सर्वगृहिणां' समस्तश्रावकाणाम्। इति गाथार्थः॥७७॥**

**પ્રશ્નઃ આ પ્રમાણે પણ "ન કરે-ન કરાવે-ન અનુમોદે મનથી અને વચનથી" ઈત્યાદિ ભાંગાઓમાં કાયપ્રવૃત્તિનું પ્રત્યાખ્યાન ન કર્યું હોવાથી કાયાથી પ્રવૃત્ત થતાં મન પ્રવૃત્તિનો પણ પ્રસંગ આવે, આથી આવા ભાંગાઓમાં પ્રત્યાખ્યાનનું પાલન કેવી રીતે સંભવે?**

**ઉત્તરઃ** આવા પણ ભાંગા થઈ શકે છે એ પ્રમાણે માત્ર ભાંગાઓના સંભવની અપેક્ષાએ આવા ભાંગા બતાવ્યા છે, પણ બધા ભાંગાઓમાં પ્રત્યાખ્યાન કરનારા હોતા નથી. અથવા સામાન્યથી પ્રત્યાખ્યાન કરનારાઓના હૃદયમાં રહેલી વિવિધ પ્રકારની વિવક્ષાને આશ્રયીને આવા ભાંગા બતાવ્યા છે, અર્થાત્ જ્યાં અનુમતિનો ક્યારેક સંભવ છે એવા પોતાના ક્ષેત્રની અને પોતાના ક્ષેત્રથી બહારના ક્ષેત્રની અપેક્ષા વિના સામાન્યથીજ આ ભાંગાઓ કહેવાય છે.

૭૬ મી ગાથામાં चोयालसयं सविसयम्मि = ૧૪૪ ભાંગા "પોતાના વિષયમાં" છે એમ કહ્યું છે. આથી અહીં "પોતાના વિષયની" વ્યાખ્યા કરે છેઃ- ભરતક્ષેત્રનો સાડા પચીસ આર્યદેશોથી ઓળખાયેલો મધ્યખંડ પોતાનો વિષય છે, અર્થાત્ ભરત ક્ષેત્રના મધ્યખંડમાં આવેલા સાડા પચીસ આર્ય દેશો પોતાનો વિષય છે. ત્યાં વ્યવહારનો સંભવ હોવાથી અનુમતિ આવવાનો (=લાગવાનો) સંભવ છે. ભરત સિવાયનાં બીજાં ક્ષેત્રોમાં સર્વશ્રાવકોનાં સર્વવ્રતો સાધુતુલ્ય છે, અર્થાત્ ભરત સિવાયનાં બીજાં ક્ષેત્રોમાં શ્રાવકો પણ સર્વ વ્રતો ત્રિવિધ-ત્રિવિધથી લઈ શકે છે. કારણ કે ત્યાં અનુમતિત્યાગનો પણ સંભવ છે. [૭૭]

एवं व्रतग्रहणप्रकारं संभवत आविष्कृत्य व्रतस्वरूपमाह-

## थूलगपाणवहस्सा, विरई दुविहो य सो वहो होइ।
## संकप्पारंभेहिं, वज्जइ संकप्पओ विहिणा ॥७८॥

**[स्थूलकप्राणवधस्य, विरतिद्विविधश्चासौ वधो भवति।**
**सङ्कल्पारम्भाभ्याम्, वर्जयति सङ्कल्पतो विधिना ॥ ७८॥]**

**''थूलग'' गाहा व्याख्या - 'स्थूलकप्राणवधस्य विरतिः' स्थूरा एव स्थूरकाः -द्वीन्द्रियादयः तेषां प्राणाः- शरीरेन्द्रियोच्छ्वासायुर्लक्षणाः तेषां**

वधं जिघांसनं तस्य विरतिः निवृत्तिरित्यर्थः। द्विविधश्चासौ वधो भवति। कथम्? 'संकल्पारम्भाभ्यां' तत्र व्यापादनाऽभिसंधिः संकल्पः, कृष्यादिकस्त्वारम्भः। तत्र'वर्जयति संकल्पतः' परिहरत्यसौ श्रावकः प्राणवधं संकल्पेन, न त्वारम्भतोऽपि, तत्र नियमेन प्रवृत्तेः। 'विधिना' प्रवचनोक्तेन वर्जयति, न तु यथाकथञ्चित् । इति गाथार्थः॥७८॥

**આ પ્રમાણે સંભવની અપેક્ષાએ વ્રતસ્વીકારના પ્રકારોને પ્રગટ કરીને હવે વ્રતોના સ્વરૂપને કહે છે :- પહેલું અણુવ્રત**

બેઈંદ્રિય વગેરે સ્થૂલ જીવોના પ્રાણોના વધની વિરતિ એ પહેલું અણુવ્રત છે. સંકલ્પ અને આરંભ એવા બે ભેદોથી વધ બે પ્રકારે છે. તેમાં શ્રાવક સંકલ્પથી વધનો શાસ્ત્રોક્ત વિધિથી ત્યાગ કરે, ગમે તેમ નહિ.

પાંચ ઈંદ્રિય, ત્રણયોગ, શ્વાસોશ્વાસ અને આયુષ્ય એમ દશ પ્રાણો છે. વધ એટલે મારી નાખવું. વિરતિ એટલે નિવૃત્તિ. સંકલ્પ એટલે વધનો આશય. ખેતી વગેરે આરંભ છે. શ્રાવક આરંભથી પ્રાણવધનો ત્યાગ ન કરી શકે. કારણ કે શ્રાવક આરંભમાં અવશ્ય પ્રવૃત્તિ કરે છે. [૭૮]

स चायं विधिः-

**गुरुमूले सुयधम्मो, संविग्गो इत्तरं व इयरं वा।**
**वज्जित्तु तओ सम्मं, वज्जेइ इमे अईयारे ॥७९॥**

[गुरुमूले श्रुतधर्मा, संविग्न इत्वरं चेतरद्वा।
वर्जयित्वा ततः सम्यक्, वर्जयतीमानतिचारान् ॥७९॥ ]

''गुरुमूले'' गाहा व्याख्या - 'गुरुमूले' आचार्याद्यन्तिके 'श्रुतधर्मा' आकर्णिताऽणुव्रतादिः, 'संविग्नः' मोक्षसुखाभिलाषी, न तु ऋद्धिकामः, 'इत्वरं' चातुर्मास्याऽऽदिकालाऽवधिना 'इतरद्' यावत्कथिकमेव 'वर्जयित्वा' प्रत्याख्याय वधमिति प्रकृतम्। 'ततः' तदनन्तरं 'सम्यक्' अध्यवसायविशुद्ध्या 'वर्जयति' परिहरते, विरतिपरिणतौ प्रत्याख्याने सत्येवं प्रवृत्तिरेव नाऽस्य संभवतीत्यर्थः। 'इमान्' वक्ष्यमाणलक्षणान्, कान् ? अतिचरणान्यतीचाराः- प्रत्याख्यानमलिनताहेतवो व्यापारास्तान्। इति गाथार्थः॥७९॥

**વ્રતસ્વીકારનો વિધિ આ પ્રમાણે છેઃ-**

ગુરુની પાસે જેણે અણુવ્રત વગેરે ધર્મ સાંભળ્યો છે એવો સંવિગ્ન શ્રાવક ચારમાસ વગેરે થોડા કાળ સુધી કે જીવન પર્યંત વધનું પચ્ચક્ખાણ કરીને નીચેની ગાથામાં કહેવામાં આવશે તે અતિચારોનો સમ્યગ્ ત્યાગ કરે. સંવિગ્ન એટલે મોક્ષ સુખનો અભિલાષી, નહિ કે ઋદ્ધિની કામનાવાળો. સમ્યક્ એટલે અધ્યવસાયની વિશુદ્ધિથી. અતિચારોનો સમ્યક્ ત્યાગ કરે છે એનો તાત્પર્યાર્થ એ છે કે- વિરતિના પરિણામ પૂર્વક પ્રત્યાખ્યાન કરવામાં આવે તો પ્રત્યાખાન કરનાર જીવની અતિચારો થાય તેવી પ્રવૃત્તિજ થતી નથી. [૭૯]

तानेवाह-

**बंधवहछविच्छेयं, अइभारं भत्तपाणवोच्छेयं ।**
**कोहाइदूसियमणो, गोमणुयाईण नो कुज्जा ॥८०॥**

**[बन्धवधच्छविच्छेदानतिभारं भक्तपानव्यवच्छेदम्।**
**क्रोधादिदूषितमना, गोमनुष्यादीनां न कुर्यात् ॥८०॥]**

**''बंधवह'' गाहा व्याख्या- बन्धवधच्छविच्छेदान् अतिभारं भक्तपानव्यवच्छेदं क्रोधादिदूषितमना गोमनुष्यादीनां न कुर्यात्। तत्र बन्धनं बन्धः - संयमनं रज्जुदामकादिभिः १। हननं- वधस्ताडनं कषादिभिः२। छविः - शरीरं तस्य च्छेदः-पाटनं करपत्रादिभिः३। भरणं भारः अतीव भरणमतिभारः प्रभूतस्य पूगफलादेः स्कन्धपृष्ठ्यादिष्वारोपणमित्यर्थः४। भक्तं - अशनमोदकादि, पानं- पेयमुदकादि, तस्य व्यवच्छेदः- निरोधोऽदानमित्यर्थः५। एतान् समाचरन् अतिचरति प्रथमाणुव्रतम्। एतान् क्रोधादिदूषितमना न कुर्यादिति। अनेनाऽपवादमाह- अन्यथाकरणाप्रतिषेधावगमात्। तत्र चायं पूर्वाचार्योक्तो विधिः - ''बंधो दुपयाणं चउप्पयाणं च अट्ठाए अणट्ठाए अ। अणट्ठाए न वट्टइ बंधिउं। अट्ठाए दुविहो सावेक्खो निरवेक्खो य। णिरवेक्खो निच्चलं धणियं जं बंधइ। सावेक्खो दामगंठिणा, जं च सक्कइ पलीवणाइसुं मुंचिउं छिंदिउं वा, ण संसरपासएण बंधिअव्वं। एवं ताव चउप्पयाणं । दुपयाणं पि दासो दासी वा चोरो वा पुत्तो वाऽणपढंतगाइ जइ बज्झंति तो सविक्कमाणि बंधिअव्वाणि रक्खिअव्वाणि य, जहा अग्गिभयाइसु न विणस्संति। ताणि किर दुपयचउप्पयाणि सावगेण गिण्हिअव्वाणि जाणि अबद्धाणि चेव [1]अच्छंति। वहो वि तह चेव। वधो नाम ताडणा। अणट्ठाए निरवेक्खो निद्दयं तालेइ। सावेक्खो पुण**

१ '' चिट्ठंति'' ब।

पुव्वामेव भीअपरिसेण होअव्वं। जइ न करेज्जा तो मम्मं मोत्तूण ताहे लयाए दोरेण वा एक्कं वा दोण्णि वा वारे। छविच्छेओ अणट्ठाए तहेव। निरवेक्खो हत्थपायकण्णनक्काइ निद्दओ छिंदइ। सावेक्खो गंडं वा अरसं वा छिंदेज्जा वा डहेज्ज वा । अइभारो न आरोएअव्वो। पुव्विं चेव जा वाहणाए जीविआ सा मोत्तव्वा। न होज्जा अण्णा जीविआ ताहे दुपयं जं सयं उक्खिवइ ओआरेइ वा भारं एवं वहाविज्जइ। बइल्लाणं जहासाभाविआओ वि भाराओ ऊणओ कीरइ, हलसगडेसु वि वेलाए चेव मुअइ। आसहत्थीसु वि एसेव विही। भत्तपाणवोच्छेओ न कस्स वि कायव्वो, तिक्खछुहो मा मरेज्जा। तहेव अणट्ठाए दोसा परिहरेज्जा। सावेक्खो पुण रोगनिमित्तं वा वायाए वा भणेज्जा, अज्ज ते न देमि त्ति। संतिनिमित्तं वा उववासं कारवेज्जा। सव्वत्थ वि जयणा, जहा थूलगपाणाइवायस्स अइयारो न हवइ तहा पयइअव्वं।''
[ ] इति गाथार्थः ॥८०॥

**પહેલા અણુવ્રતના અતિચારોને કહે છેઃ-**

સ્થૂલ પ્રાણિવધનો ત્યાગ કરનાર શ્રાવક ક્રોધ, લોભ આદિ દુષ્ટભાવથી બંધ, વધ છવિચ્છેદ, અતિભાર અને ભક્તપાનવિચ્છેદ ન કરે. આ દોષોને આચરનારો જીવ પહેલા અણુવ્રતને દૂષિત કરે છે. બંધ એટલે દોરડા આદિથી બાંધવું. વધ એટલે ચાબુક આદિથી મારવું. છવિચ્છેદ એટલે કરવત આદિથી હાથ વગેરે અંગોનો છેદ કરવો = અંગોને કાપવા. અતિભાર એટલે પશુ વગેરે પાસે તેની શક્તિથી અધિક સોપારી વગેરેનો ભાર ખાંધ-પીઠ આદિ ઉપર મૂકવો. ભક્તપાન વિચ્છેદ એટલે આહાર-પાણી ન આપવાં.

ક્રોધ, લોભ આદિ દુષ્ટભાવથી બંધ આદિ કરવાથી અતિચાર લાગે છે. પણ પુત્રાદિના અવિનય, રોગ આદિ અનર્થો દૂર કરવાના શુભ આશયથી બંધ આદિ કરવામાં આવે તો અતિચાર લાગે નહિ, અર્થાત્ નિરપેક્ષપણે એટલે કે પ્રાણનાશની દરકાર વિના નિર્દયપણે બંધ આદિ કરવાથી અતિચાર લાગે છે, પણ સાપેક્ષપણે, એટલે કે દયાર્દ્ર હૃદયથી બંધ આદિ કરવાથી અતિચાર ન લાગે.

અહીં પૂર્વાચાર્યોએ કહેલ વિધિ આ પ્રમાણે છેઃ- **બંધઃ-** બેપગા કે ચારપગા પ્રાણીઓનો બંધ સકારણ અને નિષ્કારણ એમ બે પ્રકારે છે. તેમાં નિષ્કારણ બંધ કરવો યોગ્ય નથી. સકારણ બંધ સાપેક્ષ અને નિરપેક્ષ એમ બે પ્રકારે છે. નિર્દય બનીને અતિશય મજબૂત બાંધવામાં આવે તે નિરપેક્ષ બંધ. આગ વગેરેના પ્રસંગે છોડી શકાય કે છેદી શકાય તેવી

રીતે દોરીની ગાંઠ આદિથી બાંધવું તે સાપેક્ષબંધ. ચોપગા પ્રાણીના બંધની હકીકત કહી. બે પગા (મનુષ્ય) પ્રાણીના બંધની હકીકત પણ એ પ્રમાણે જાણવી. અર્થાત્ દાસ-દાસી, ચોર કે ભણવામાં પ્રમાદી પુત્ર વગેરેને જો બાંધવાની જરૂર પડે તો તે ચાલી શકે-ખસી શકે કે અવસરે છૂટી શકે તે રીતે (ઢીલા બંધનથી) બાંધવું કે જેથી આગ વગેરેના પ્રસંગે તેનું મૃત્યુ ન થાય. શ્રાવકે બાંધ્યા વિના જ રાખી શકાય તેવા જ બેપગા અને ચોપગા પ્રાણી રાખવા જોઈએ.

**વધ:**- વધમાં પણ બંધની જેમ જાણવું. તેમાં નિષ્કારણ નિરપેક્ષ વધ એટલે કારણ વિના નિર્દયપણે મારવું. સાપેક્ષ વધ અંગે એવો વિધિ છે કે શ્રાવકે ભીતપર્ષદ્ બનવું જોઈએ. જેથી પુત્રાદિ પરિવાર અવિનય વગેરે ન કરે, અને મારવાનો પ્રસંગ જ ન આવે. છતાં કોઈ અવિનય વગેરે કરે એથી મારવાનો પ્રસંગ આવે તો મર્મસ્થાનોને છોડીને લાત કે દોરીથી એક બે વાર મારવું.

**છવિચ્છેદ:**- છવિચ્છેદ અંગે પણ બંધની જેમ જાણવું. નિર્દયપણે હાથ, પગ, કાન, નાક વગેરેનો છેદ કરવો એ નિરપેક્ષ છવિચ્છેદ છે. શરીરમાં થયેલ ગુમડું, ઘા-ચાંદી વગેરેને કાપી નાખવું કે બાળી નાખવું વગેરે સાપેક્ષ છવિચ્છેદ છે.

**અતિભાર:**- શ્રાવકે પશુ આદિ ઉપર તે ન ઉપાડી શકે તેટલો ભાર ન મૂકવો જોઈએ. શ્રાવકે પ્રાણી ઉપર ભાર ઊંચકાવીને આજીવિકા ચાલે તેવો ધંધો ન કરવો જોઈએ. તેમ ન બની શકે તો મનુષ્ય પાસે તે સ્વયં ઊંચકી શકે અને નીચે ઉતારી શકે તેટલો જ ભાર ઊંચકાવવો જોઈએ. બળદો પાસે ઉચિતભારથી કંઈક ઓછો ભાર ઉપડાવવો જોઈએ. હળ, ગાડા વગેરેમાં જોડેલા પશુઓને સમયસર છોડી દેવા જોઈએ. અશ્વ અને હાથી વગેરેને આશ્રયીને પણ આ જ વિધિ છે.

**ભક્તપાન વિચ્છેદ:**- આહાર-પાણીનો વિચ્છેદ કોઈને ન કરવો જોઈએ. અન્યથા અતિશય ભૂખથી મૃત્યુ થાય. ભક્તપાનવિચ્છેદના પણ સકારણ નિષ્કારણ વગેરે પ્રકારો બંધની જેમ જાણવા. રોગના વિનાશ માટે ભક્તપાનનો વિચ્છેદ સાપેક્ષ છે. અપરાધ કરનારને "આજે તને આહાર આદિ નહિ આપું" એમ કહેવું. (પણ સમય થતાં આહારપાણી આપવા.) શાંતિ નિમિત્તે ઉપવાસ કરાવવો. સર્વત્ર યતના કરવી, અર્થાત્ વ્રતમાં અતિચાર ન લાગે તેમ કાળજીથી વર્તવું. [૮૦]

उक्तं सातिचारं प्रथमाणुव्रतम्, सांप्रतं द्वितीयमुच्यते-

**थूलमूसावायस्स य, विरई सो पंचहा समासेण।**
**कण्णागोभूमालियनासहरणकूडसक्खिवज्जे ॥८१॥**

[स्थूलमृषावादस्य च, विरतिः स पञ्चधा समासेन।
कन्यागौभूम्यलीकन्यासहरणकूटसाक्षित्वे ॥८१॥]

''थूल'' गाहा व्याख्या- स्थूलमृषावादस्य च, विरतिर्द्वितीयमणुव्रतं भवतीति गम्यते। तत्र द्विविधो मृषावादः-स्थूलः सूक्ष्मश्च। तत्र परिस्थूरवस्तु-विषयोऽतिदुष्टविवक्षासमुद्भवः स्थूलः, विपरीतस्त्वितरः, न च तेनेह प्रयोजनम्, श्रावकधर्माधिकारात् स्थूलस्य प्रक्रान्तत्वात्। तथा चाह- 'स पञ्चधा मृषावादः' पञ्चधा- पञ्चप्रकारः, 'समासेन' संक्षेपेण, शेषभेदानां कुमारानृतादीनां सजातीयत्वेनात्रैवान्तर्भाव इति हृदयम् । पञ्चविधत्वमाह 'कन्याभूम्यलीकन्या-सहरणकूटसाक्षित्वे' इति, अलीकशब्दः प्रत्येकं कन्यादिपदेषु योजनीयः, तद्यथा- कन्यालीकमित्यादि, ''इत् पानीयादिषु'' इत्यलीकशब्द-ईत इदादेशः। तत्र कन्याविषयमलीकमभिन्नकन्यामितरां वक्ति विपर्ययं वा १। एवं गवालीकमपि, अल्पक्षीरां बहुक्षीरां विपर्ययं वा वक्ति २। भूम्यलीकं तु परसत्कामेवात्मसत्कां वक्ति। व्यवहारे वा नियुक्तोऽनाभवद्व्यवहारेणैव कस्यचिदेकस्य रागाद्यभिभूतो वक्ति, अस्यैवेदमाभवतीति ३। न्यस्यत इति न्यासः- रूपकाद्यर्पणं तस्य हरणं, येन वचनेन न्यासमपलपति स मृषावादः, तद्ग्रहणं त्वदत्तादानमेवेति भावः४। कूटसाक्षित्वं तूत्कोचामत्सराद्यभिभूतः प्रमाणीकृतः सन् कूटं वक्ति, यथाऽस्म्यहमत्र साक्षी ५।२ इति गाथार्थः॥८१॥

**અતિચાર સહિત પહેલું અણુવ્રત કહ્યું. હવે બીજું અણુવ્રત કહેવામાં આવે છેઃ- બીજું અણુવ્રત :**

સ્થૂલ મૃષાવાદની વિરતિ એ બીજું અણુવ્રત છે. મૃષાવાદના સ્થૂલ અને સૂક્ષ્મ એમ બે ભેદ છે. તેમાં અતિદુષ્ટવિવક્ષાથી ઉત્પન્ન થયેલું મોટી વસ્તુઓ સંબંધી અસત્ય સ્થૂલ છે. તેનાથી ઉલટું અસત્ય સૂક્ષ્મ છે. સૂક્ષ્મ અસત્યનું અહીં પ્રયોજન નથી. કારણ કે શ્રાવકનો અધિકાર હોવાથી સ્થૂલનીજ વિરતિ કહેવાનું શરૂ કર્યું છે. સ્થૂલ મૃષાવાદના સંક્ષેપથી કન્યા-અસત્ય, ગાય-અસત્ય, ભૂમિ-અસત્ય, ન્યાસ-અપહરણ અને કૂટસાક્ષી એમ પાંચ પ્રકાર છે. કુમાર અસત્ય વગેરે બાકીના ભેદો અહીં કહેલા ભેદોના સમાનજાતિવાળા હોવાથી તે ભેદોનો અહીં કહેલા ભેદોમાં સમાવેશ થઈ જાય છે.

**કન્યા - અસત્ય**:- ખંડિતશીલવાળી કન્યાને અખંડિત શીલવાળી અને અખંડિત શીલવાળી કન્યાને ખંડિતશીલવાળી કહેવી વગેરે કન્યા સંબંધી અસત્ય બોલવું. (કન્યા અસત્યના ઉપલક્ષણથી બે પગવાળા બધા પ્રાણી સંબંધી અસત્યનો ત્યાગ થઈ જાય છે.)

(૨) **ગાય-અસત્ય**:- ઘણું દૂધ આપતી ગાયને અલ્પ દૂધ આપનારી અને ઓછું દૂધ આપતી ગાયને ઘણું દૂધ આપનારી કહેવી વગેરે ગાય અસત્ય છે. (ગાય અસત્યના ઉપલક્ષણથી ચાર પગવાળા સર્વપ્રાણી સંબંધી અસત્યનો પણ ત્યાગ થઈ જાય છે.)

(૩) **ભૂમિ-અસત્ય**:- પોતાની જમીનને પારકી કહેવી, પરની જમીનને પોતાની કહેવી વગેરે ભૂમિ અસત્ય છે. અથવા ન્યાય આપવા માટે નિમાયેલ કોઈ જેની માલિકી ન થતી હોય તેને જ ન્યાય આપવા માટે રાગાદિને વશ બનીને કોઈ એકનો પક્ષ લે, અર્થાત્ માલિક ન હોવા છતાં આ વસ્તુ આની જ છે એમ કહેવું તે ભૂમિ અસત્ય છે. (ભૂમિ અસત્યના ઉપલક્ષણથી પગ વિનાના સર્વ દ્રવ્યો સંબંધી અસત્યનો પણ ત્યાગ થઈ જાય છે.)

(**પ્રશ્ન**:- કન્યા અસત્યથી બે પગવાળા પ્રાણી સંબંધી, ગાય અસત્યથી ચાર પગવાળા પ્રાણી સંબંધી, અને ભૂમિ અસત્યથી પગ વિનાના દ્રવ્ય સંબંધી અસત્યનો ત્યાગ થાય છે. તો બે પગવાળા પ્રાણી, ચાર પગવાળા પ્રાણી અને પગ વિનાના દ્રવ્ય સંબંધી અસત્યનો ત્યાગ એમ ન કહેતાં કન્યા, ગાય અને ભૂમિસંબંધી અસત્યનો ત્યાગ એમ કેમ કહ્યું?

**ઉત્તર**:- કન્યા અસત્ય વગેરે ત્રણ અસત્યો લોકમાં અતિનિંદિત હોવાથી ઘણા પ્રસિદ્ધ બની ગયા છે. આથી અહીં એ ત્રણનો સાક્ષાત્ નિર્દેશ કર્યો છે.)

(૪) **ન્યાસ-અપહરણ**:- ન્યાસ એટલે મૂકવું. બીજાએ વિશ્વાસથી મૂકેલી રૂપિયા વગેરે વસ્તુનું અપહરણ કરવું. જે વચનથી ન્યાસનો અપલાપ કરે તે વચન મૃષાવાદ છે. આમાં પારકી વસ્તુ પાછી ન આપવી-લઈ લેવી એ ચોરી જ છે. તેમાં જે જુઠું બોલવામાં આવે તે અસત્ય છે. (આમાં ચોરી અને અસત્ય બંને હોવાથી આનો જુદો ઉલ્લેખ કર્યો છે.)

(૫) **કૂટ સાક્ષી**:- વિવાદમાં પ્રમાણ કરાયેલ કોઈ માનવ લાંચ અને ઈર્ષ્યા આદિને વશ બનીને "આમાં હું સાક્ષી છું" એમ જુઠું બોલે તે કૂટસાક્ષી. [૮૧]

अतिचारानाह-

**इह सहसब्भक्खाणं, रहसा य सदारमंतभेयं च।**
**मोसोवएसयं कूडलेहकरणं च वज्जेज्जा ।।८२।।**

**[इह सहसाभ्याख्यानं, रहस्येन च स्वदारमन्त्रभेदे च।**
**मृषोपदेश- कूटलेखकरणं च वर्जयेत् ।।८२।।]**

''इह'' गाहा व्याख्या- 'इह' मृषावादविरतो सहसा अनालोच्याऽभ्याख्यानं 'सहसाभ्याख्यानं' असदध्यारोपणम्। तद्यथा- ''चौरस्त्वं पारदारिको वा'' इत्यादि १। रहः-एकान्तः तत्र भवं रहस्यं, तेन तस्मिन् वाऽभ्याख्यानं रहस्याभ्याख्यानाम्, एतदुक्तं भवति- एकान्ते मन्त्रयमाणानभिधत्ते, एते हीदं चेदं च राजविरुद्धादिकं मन्त्रयन्त इति २। 'स्वदारमन्त्रभेदं च' स्वकलत्र-विश्रब्धभाषिताऽन्यकथनं चेत्यर्थः३। 'मृषोपदेशं' असत्योपदेशम्, इदमेवं चैवं च ब्रूहीत्यादिलक्षणम् ४। 'कूटलेखकरणं च' अन्यनाममुद्राक्षरबिम्बस्वरूप-लेखकरणं च वर्जयेत् ५। यत एतानि समाचरन्नतिचरति द्वितीयाणुव्रतम् । इति गाथार्थः ॥८२॥

**બીજા અણુવ્રતના અતિચારોને કહે છે :-**

સ્થૂલમૃષાવાદ વિરમણવ્રતમાં સહસા-અભ્યાખ્યાન, રહસ્ય-અભ્યાખ્યાન, સ્વદારમંત્રભેદ, અસત્ય-ઉપદેશ, કૂટલેખ એ પાંચ અતિચારોનો ત્યાગ કરે.

**(૧) સહસા-અભ્યાખ્યાન:-** સહસા એટલે વિચાર્યા વિના. અભ્યાખ્યાન એટલે અવિદ્યમાન દોષોનો આરોપ મૂકવો. વિચાર્યા વિના ખોટો આરોપ મૂકવો એ સહસા અભ્યાખ્યાન છે. જેમકે-વિચાર્યા વિના કોઈને તું ચોર છે, તું પરસ્ત્રીગમન કરનાર છે, વગેરે કહેવું.

**(૨) રહસ્ય-અભ્યાખ્યાન:-** રહસ્ય એટલે એકાંતમાં થયેલ. અભ્યાખ્યાન એટલે કહેવું. એકાંતમાં બનેલું કહેવું તે રહસ્ય-અભ્યાખ્યાન. કોઈને એકાંતમાં મસલત કરતા જોઈને કે સાંભળીને બીજાને કહે કે આ લોકો અમુક અમુક રાજ્ય વિરુદ્ધ વગેરે મસલત કરે છે.

**(૩) સ્વદારમંત્રભેદ:-** દાર એટલે સ્ત્રી. મંત્ર એટલે ગુપ્ત વાત. ભેદ એટલે પ્રકાશન કરવું. પોતાની પત્નીએ મારી વાત બીજા પાસે નહિ જાય એવા વિશ્વાસથી કરેલી ગુપ્ત વાત બીજાને કહેવી એ સ્વદારમંત્રભેદ છે. (પત્નીના ઉપલક્ષણથી મિત્ર આદિ માટે પણ તેમ સમજવું. અર્થાત્ કોઈ પણ વ્યક્તિએ મારી વાત બીજા પાસે નહિ જાય એવા વિશ્વાસથી કરેલી ગુપ્ત વાત બીજાને કહેવી તે સ્વદારમંત્રભેદ છે.)

**(૪) અસત્ય ઉપદેશ:-** બીજાને ''આ આમ આમ કહે'' ઈત્યાદિ જૂઠું બોલવાની સલાહ આપવી.

**(૫) કૂટ લેખકરણ:-** કૂટ એટલે ખોટું લેખકરણ એટલે લખવું. ખોટું લખવું તે કૂટ લેખકરણ. કૂટલેખકરણના અન્યનામ, અન્યમુદ્રા, અન્ય અક્ષર, અન્ય બિંબ, અને અન્ય સ્વરૂપ એ પાંચ ભેદો છે. **અન્યનામ:-** સહી વગેરેમાં પોતાનું નામ લખવાના બદલે બીજાનું

નામ લખવું. અથવા અમુક વિગત લખે પોતે અને બીજાના નામે પ્રસિદ્ધ કરે. **અન્યમુદ્રાઃ-** જે મહોરછાપ કરવાની હોય તેના બદલે બીજી મહોરછાપ કરે. **અન્યઅક્ષરઃ-** પોતાના હસ્તાક્ષરોથી લખવાના બદલે બીજાના હસ્તાક્ષરોથી લખે. **અન્યબિંબઃ-** પોતાના જેવા અક્ષરો હોય તેનાથી જુદી જાતના અક્ષરોથી લખે. **અન્યસ્વરૂપઃ-** જે વિગત લખવી જોઈએ તે ન લખતાં બીજી જ વિગત લખે, અર્થાત્ સત્ય લખવાના બદલે અસત્ય લખે. આ દોષોને આચરતો જીવ વ્રતને દૂષિત કરે છે, માટે આ પાંચ દોષોનો ત્યાગ કરે. [૮૨]

उक्तं सातिचारं द्वितीयमणुव्रतम्, अधुना तृतीयमाह-

**थूलादत्तादाणे, विरई तं दुविह मो उ निद्दिट्ठं।**
**सच्चित्ताचित्तेसुं, लवणहिरण्णाइवत्थुगयं।।८३।।**

**[स्थूलादत्तादाने, विरतिस्तत्तु द्विविधं निर्दिष्टम्।**
**सचित्ताचित्तेषु, लवणहिरण्यादिवस्तुगतम्।।८३।।]**

**''थूलादत्तादाणे'' गाहा व्याख्या-इहादत्तादानं द्विविधं, स्थूलं सूक्ष्मं च। तत्र परिस्थूलवस्तुविषयं चौर्याऽरोपणहेतुत्वेन प्रतीतं स्थूलम्, तद्विपरीतं तु सूक्ष्मम्। तत्र 'स्थूलादत्तादाने' तद्विषया 'विरतिः' निवृत्तिस्तृतीयमणुव्रतमिति प्रक्रमः। तत्तु 'द्विविधं' द्विप्रकारम्, 'मो' इति निपातः पादपूरणे, 'तुः' पुनरर्थे भिन्नक्रमश्च, तत्त्विति योजित एव। 'निर्दिष्टं' कथितमागम इति गम्यते। तदेव द्वैविध्यमाह-'सचित्ताचित्तेषु' सच्चित्तविषयमचित्तविषयं चेत्यर्थः। तदेवाह-लवणहिरण्यादिवस्तुगतम् इति, जीवाऽजीवरूपत्वात् तस्य, आदिशब्दा-दश्ववस्त्रादिपरिग्रहः। मिश्रादत्तादानं त्वनयोरेवान्तर्भूतत्वान्न पृथग्विवक्षितम्, संक्षेपस्यैव प्रस्तुतत्वात्३। इति गाथार्थः।।८३।।**

**અતિચાર સહિત બીજું અણુવ્રત કહ્યું. હવે ત્રીજું અણુવ્રત કહે છે :-**

**ત્રીજું અણુવ્રત :**

અદત્તાદાન એટલે ચોરી. આગમમાં અદત્તાદાનના સ્થૂલ અને સૂક્ષ્મ એમ બે ભેદ કહ્યા છે. ચોરીના આરોપનો હેતુ હોવાના કારણે લોકવ્યવહારમાં ચોરી તરીકે પ્રસિદ્ધ થયેલ મોટી વસ્તુઓની ચોરી એ સ્થૂલ અદત્તાદાન છે. તેનાથી ઉલટી ચોરી સૂક્ષ્મ અદત્તાદાન છે. સ્થૂલ અદત્તાદાનનો ત્યાગ તે ત્રીજું સ્થૂલ અદત્તાદાનવિરમણ વ્રત છે. ચોરીના સચિત્ત વસ્તુ સંબંધી અને અચિત્તવસ્તુ સંબંધી એમ બે પ્રકાર છે. મીઠા આદિની ચોરી સચિત્ત વસ્તુ સંબંધી ચોરી છે. કારણ કે મીઠું વગેરે જીવરૂપ છે. સુવર્ણ વગેરેની ચોરી અચિત્ત વસ્તુ

સંબંધી ચોરી છે. કારણ કે સુવર્ણ વગેરે અજીવ સ્વરૂપ છે. મિશ્ર અદત્તાદાનનો તો સચિત્ત અને અચિત્ત એ બેમાં જ સમાવેશ થઈ જતો હોવાથી તેની અલગ વિવક્ષા કરી નથી. કારણ કે અહીં સંક્ષેપથી જ કહેવાનો અધિકાર છે.[૮૩]

इहातिचारानाह-

**वज्जइ इह तेनाहड, तक्करजोगं विरुद्धरज्जं च।**
**कूडतुलकूडमाणं, तप्पडिरूवं च ववहारं।।८४।।**

**[वर्जयतीह स्तेनाहृतं, तस्करयोगं विरुद्धराज्यं च।**
**कूटतुलाकूटमानं तत्प्रतिरूपं, च व्यवहारम्।।८४।।]**

**''वज्जइ'' गाहा व्याख्या-'वर्जयति' परिहरते 'इह' अदत्तादानविरतौ 'स्तेनाहृतम्' तत्र स्तेना:-चौरास्तैराहृतम्- आनीतं किञ्चित् कुङ्कुमादि देशान्तरात् तत् समर्घमिति लोभान्न गृहणीयात् १। तथा 'तस्करयोगं' तस्करा:-चौरास्तेषां योग:-हरणक्रियायां प्रेरणम्- अभ्यनुज्ञा ''हरत यूयम्'' इति तस्करप्रयोगस्तं च वर्जयेत् २। 'विरुद्धराज्यं' इति च सूचनात् सूत्रमिति विरुद्धराज्यातिक्रमं च वर्जयेत्, विरुद्धनृपयो राज्यं तत्रातिक्रम:, न हि ताभ्यां तत्र तदागमनमनुज्ञातमिति ३। तथा 'कूटतुलाकूटमानं' तुला-प्रतीता, मानं कुडवादि, कूटत्वं-न्यूनाधिकत्वं, न्यूनया ददाति अधिकया गृहणाति ४। तथा 'तत्प्रतिरूपं च व्यवहारम्' तेन-अधिकृतेन प्रतिरूपं-सदृशं तत्प्रतिरूपं तेन व्यवहारम्, यद् यत्र घटते व्रीह्यादिघृतादिषु पलञ्ज्यादिवसादि तस्य तत्र प्रक्षेपेण विक्रयस्तं वर्जयेत्५। यत एतानि समाचरन्नतिचरति तृतीयाणुव्रतम्। इति गाथार्थ:।।८४।।**

**ત્રીજા વ્રતમાં અતિચારો કહે છે :-**

શ્રાવક ત્રીજા અણુવ્રતમાં સ્તેનાહૃત, તસ્કર પ્રયોગ, વિરુદ્ધ રાજ્યાતિક્રમ, કૂટતુલ-કૂટમાન અને તત્પ્રતિરૂપ વ્યવહાર એ પાંચ અતિચારોનો ત્યાગ કરે છે.

(૧) **સ્તેનાહૃત:-** સ્તેન એટલે ચોર. આહૃત એટલે ચોરી લાવેલું. ચોરોએ બીજા દેશમાંથી ચોરી લાવેલ કોઈક કેશર વગેરે વસ્તુ મૂલ્યવાન (= ઊંચી) છે એમ વિચારીને લોભથી લેવી તે સ્તેનાહૃત છે. શ્રાવકે આવી વસ્તુ ન લેવી.

(૨) **તસ્કર પ્રયોગ:-** તસ્કર એટલે ચોર. પ્રયોગ એટલે ચોરી કરવામાં પ્રેરણા કરવી. ચોરને ચોરી કરવાની "તમે ચોરી કરો" એ પ્રમાણે પ્રેરણા કરવી તે તસ્કર પ્રયોગ છે. તેનો ત્યાગ કરવો.

(૩) **વિરુદ્ધ રાજ્યાતિક્રમ:-** વિરુદ્ધ બે રાજાઓનું રાજ્ય તે વિરુદ્ધ રાજ્ય. વિરુદ્ધ રાજ્યમાં જવું તે વિરુદ્ધ રાજ્યાતિક્રમ. વિરુદ્ધ બે રાજાઓએ તે વખતે (= વિરોધ હોય ત્યારે) ત્યાં આવવાની રજા આપી નથી.

(૪) **કૂટતુલા કૂટમાન:-** કૂટ એટલે ખોટું, અર્થાત્ વધારે - ઓછું. તુલા એટલે જોખવાના (કિલો વગેરે) માપ. માન એટલે તલ વગેરે માપવાના કુડવ વગેરે માપાં. ઓછું આપે અને વધારે લે તે કૂટતુલા કૂટમાન છે.

(૫) **તત્પ્રતિરૂપ વ્યવહાર:-** તત્ એટલે શુદ્ધ વસ્તુ. પ્રતિરૂપ એટલે સમાન. વ્યવહાર એટલે વેચવું. ડાંગર અને ઘી વગેરે શુદ્ધ વસ્તુમાં ફોતરા અને ચરબી વગેરે અશુદ્ધ (= નકલી) વસ્તુ નાખીને વેચે, અર્થાત્ જે શુદ્ધ વસ્તુમાં જે અશુદ્ધ વસ્તુ ભેળવી શકાય તેમાં તે વસ્તુ ભેળવીને વેચે તે તત્પ્રતિરૂપ વ્યવહાર છે. આનો ત્યાગ કરે. કારણ કે આ દોષોને આચરતો જીવ ત્રીજા વ્રતને દૂષિત કરે છે. [૮૪]

उक्तं सातिचारं तृतीयाणुव्रतम् । सांप्रतं चतुर्थमाह-

## परदारस्स य विरई, ओरालविउव्वभेयओ दुविहं ।
## एयमिह मुणेयव्वं, सदारसंतोस मो इत्थ ॥८५॥

**[परदाराणां च विरति, रौदारिकवैक्रियभेदतो द्विविधम्।**
**एतदिह ज्ञातव्यं स्वदारसंतोषोऽत्र ॥८५॥]**

**''परदारा'' गाहा व्याख्या- परे -आत्मव्यतिरिक्तास्तेषां दाराः- कलत्राणि परदारास्तेभ्यस्तेषां वेति, प्राग्वत् षष्ठी। एकवचनान्तता तु प्राकृतत्वात्। परकलत्रस्यैव विरतिः, न वेश्याया अपीत्यर्थः। चतुर्थमणुव्रतमिति प्रक्रमः। चशब्दः समुच्चये। स्वदारसंतोषश्चेत्यत्र द्रष्टव्यः। 'औदारिकवैक्रियभेदतो द्विविधमेतद् ज्ञातव्यं' इति, एतदिति प्राकृतत्वेन नपुंसकनिर्देशः, 'एते' परदारा इति द्रष्टव्यम्, औदारिकवैक्रियभेदत 'द्विविधाः' द्विप्रकाराः तत्रौदारिका नार्यः तिरश्च्यश्च। वैक्रिया विद्याधर्यो देव्यश्च। स्वस्य दाराः स्वदाराः- स्वकलत्रं तैः संतोषः स्वदारसंतोषः, मैथुनाऽसेवनं प्रति वेश्यादेरपि वर्जनमिति हृदयम्। स्वदारसंतोषश्चतुर्थाऽणुव्रतमिति योजितमेव। अत्र चतुर्थाऽणुव्रते वर्जयतीत्युत्तरेण योगः। इति गाथार्थः॥८५॥**

**અતિચાર સહિત ત્રીજું વ્રત કહ્યું. હવે ચોથું અણુવ્રત કહે છેઃ-**

**ચોથું અણુવ્રત :**

પરસ્ત્રીનો ત્યાગ અથવા સ્વસ્ત્રીમાં સંતોષ એ ચોથું અણુવ્રત છે. પરસ્ત્રીના ઔદારિક અને વૈક્રિય એમ બે ભેદ જાણવા. પોતાનાથી બીજાની સ્ત્રી તે પરસ્ત્રી. મનુષ્ય સ્ત્રીઓ અને પશુજાતિની સ્ત્રીઓ ઔદારિક પરસ્ત્રી છે. દેવીઓ અને વિદ્યાધરીઓ વૈક્રિય પરસ્ત્રી છે. પરસ્ત્રીના ત્યાગમાં વેશ્યા આદિનો ત્યાગ થતો નથી. સ્વસ્ત્રીસંતોષમાં વેશ્યા આદિનો ત્યાગ થઈ જાય છે. [૮૫]

अतिचारानाह-

**वज्जइ इत्तरिअपरिग्गहियागमणं अणंगकीडं च।**
**परवीवाहक्करणं, कामे तिव्वाभिलासं च ॥८६॥**

**[वर्जयतीत्वर्यपरिगृहीतागमनमनङ्गक्रीडां च ।**
**परवीवाहकरणं, कामे तीव्राभिलासं च ॥८६॥]**

**''वज्जइ'' गाहा व्याख्या- 'वर्जयति' परिहरति, किम्? इत्वरीति, अटनशीला इत्वरी ''एतेः शीले त्वरत्''- ''आदीतौ बहुलं'' इत्यादन्तता स्तोककालगृहीता, तस्यां गमनमिति संबध्यते; भाटिप्रदानेन कियन्तमपि कालं स्ववशीकृतवेश्यामैथुनाऽसेवनमित्यर्थः १। 'अपरिगृहितागमनं' अपरिगृहीता नाम वेश्या अन्यसत्कागृहीतभाटीः, कुलाङ्गना वाऽनाथेति तद्गमनम् २। यथाक्रमं स्वदारसंतोषवत्परदारवर्जिनोरतिचारौ। अनङ्गक्रीडा नाम कुचकुक्षोरुनाभिवदनान्तरक्रीडा, तीव्रकामाभिलाषेण वा परिसमाप्तरतस्याप्याहार्यैः स्थालकादिभिर्योषितोऽवाच्यप्रदेशासेवनमिति३। 'परविवाहकरणं' अन्याऽपत्यस्य कन्याफललिप्सया स्नेहसंबन्धेन वा विवाहकरणम्, स्वापत्येष्वपि संख्याभिग्रहो न्याय्य इति४। 'कामे तीव्राभिलाषं च' इति सूचनात् 'कामभोगतीव्राभिलाषः' कामाः- शब्दादयो भोगाः- रसादय एतेषु तीव्राभिलाषः- अत्यन्ततदध्यवसायित्वम् ५। एतानि समाचरन्नतिचरति चतुर्थाणुव्रतम्४। इति गाथार्थः॥८६॥**

**ચોથા વ્રતના અતિચારોને કહે છે :-**

શ્રાવક ચોથા અણુવ્રતમાં ઈત્વરીગમન, અપરિગૃહીતાગમન, અનંગક્રીડા, પરવિવાહકરણ અને કામભોગતીવ્રાભિલાષ એ પાંચ અતિચારોનો ત્યાગ કરે છે.

(૧) **ઈત્વરીગમનઃ-** ઈત્વરી એટલે ભ્રમણ કરવાના સ્વભાવવાળી, અર્થાત્ (મૂલ્ય આપીને) થોડા સમય માટે સ્વીકારેલી વેશ્યા. (ગમન એટલે વિષયસેવન.) ભાડું આપીને

કેટલોક કાળ પોતાને આધીન કરેલી વેશ્યાની સાથે વિષયસેવન કરવું તે ઈત્વરી ગમન.

(૨) **અપરિગૃહીતાગમનઃ-** અપરિગૃહીતા એટલે જેણે અન્યનું ભાડું નથી લીધું તેવી વેશ્યા, અથવા પતિ વિનાની કુલાંગના. અપરિગૃહીતા સાથે વિષયસેવન કરવું તે અપરિગૃહીતાગમન.

ઈત્વરીગમન સ્વસ્ત્રીસંતોષની અપેક્ષાએ અને અપરિગૃહીતાગમન પરસ્ત્રી ત્યાગની અપેક્ષાએ અતિચાર છે.

(૩) **અનંગક્રીડાઃ-** (અહીં મૈથુનની અપેક્ષાએ સ્ત્રીયોનિ અને પુરુષચિહ્ન અંગ છે. તે સિવાયના સ્તન વગેરે અવયવો અનંગ છે.) સ્ત્રીના સ્તન, બગલ, છાતિ, નાભિ અને મુખ વગેરે અનંગોમાં તેવી ક્રીડા = વિષયચેષ્ટા કરવી તે અનંગક્રીડા છે. અથવા (અનંગ એટલે કામ = વિષયવાસના. કામની ક્રીડા તે અનંગક્રીડા.) સંભોગની ક્રિયા પૂર્ણ થવા છતાં તીવ્ર કામાભિલાષાના કારણે ચામડી વગેરેથી બનાવેલા પુરુષલિંગ જેવા સ્થાલક વગેરે કૃત્રિમ સાધનોથી સ્ત્રીના યોનિપ્રદેશને સેવે તે અનંગક્રિડા.

(૪) **પરવિવાહકરણઃ-** કન્યાફળ મેળવવાની ઈચ્છાથી કે સ્નેહના સંબંધથી બીજાઓના સંતાનોનો વિવાહ કરવો તે પરવિવાહકરણ. શ્રાવક માટે તો પોતાના સંતાનોમાં પણ આટલાથી વધારે સંતાનોનો વિવાહ નહિ કરું એમ સંખ્યાનો અભિગ્રહ કરવો એ વ્યાજબી છે.

(૫) **કામભોગતીવ્રાભિલાષઃ-** શબ્દ અને રૂપ કામ છે. ગંધ, રસ અને સ્પર્શ ભોગ છે. કામભોગોમાં તીવ્રાભિલાષ = અત્યંત કામ-ભોગના અધ્યવસાયવાળા બનવું તે કામભોગતીવ્રાભિલાષ. આ દોષોને આચરતો જીવ ચોથા વ્રતને દૂષિત કરે છે. [૮૬]

उक्तं सातिचारं चतुर्थमणुव्रतम्। सांप्रतं पञ्चममुच्यते-

**इच्छापरिमाणं खलु, असयारंभविणिवित्तिसंजणयं।**
**खित्ताइवत्थुविसयं, चित्तादविरोहओ चित्तं ॥८७॥**

**[इच्छापरिमाणं खलु, असदारम्भविनिवृत्तिसंजनकम्।**
**क्षेत्रादिवस्तुविषयं, चित्ताद्यविरोधाच्चित्रं ॥८७॥]**

**''इच्छा'' गाहा व्याख्या- इच्छाया इच्छया वा परिमाणं इच्छापरिमाणं पञ्चममणुव्रतमिति प्रक्रमगम्यम्। तच्चेच्छापरिमाणं किंफलम्? इत्याह- 'असदारम्भविनिवृत्तिसंजनकं' असुन्दरारम्भप्रत्याख्याननिबन्धनम्। तच्च 'क्षेत्रादिवस्तुविषयं' क्षेत्रादीनि वस्तूनि विषयोऽस्येति समासः। तदुक्तम् - ''धणं**

धण्णं खेत्तं वत्थुं रुप्पं सुवण्णं कुविअं दुपयं चउप्पयं च '' [ ] इत्यादि। अत्र चादिशब्द: प्रकारवचन:। क्षेत्रादय: क्षेत्रप्रकारा धनादय इत्यर्थ:। 'चित्ताद्यविरोधात्' चित्तवित्तदेशवंशाद्याश्रयेण ' चित्रम्' [१] अनेकाकारम् ५। इति गाथार्थ:।।८७।।

**અતિચારસહિત ચોથું અણુવ્રત કહ્યું. હવે પાંચમું અણુવ્રત કહેવામાં આવે છે :- પાંચમું અણુવ્રત :**

ધન, ધાન્ય, ક્ષેત્ર, વાસ્તુ, રૂપ્ય, સુવર્ણ, કુપ્ય, દ્વિપદ અને ચતુષ્પદ એ નવ પ્રકારના પરિગ્રહનું આટલી સંખ્યાથી વધારેનો ત્યાગ એમ પરિમાણ કરવું એ પાંચમું ઈચ્છાપરિમાણ (સ્થૂલ પરિગ્રહ પરિમાણ) અણુવ્રત છે. આ વ્રતથી અશુભ આરંભોની નિવૃત્તિ થાય છે. આ વ્રત ચિત્ત, વિત્ત, દેશ, વંશ આદિને અનુરૂપ લેવાતું હોવાથી અનેક પ્રકારનું છે.

(**અશુભ આરંભોની નિવૃત્તિ** :- પરિગ્રહનું પરિમાણ કરવાથી જરૂરી થોડું ધન અલ્પ પાપવાળા વ્યાપારથી મળી જાય. આથી અશુભ આરંભો = બહુ પાપવાળા વ્યાપારો બંધ થઈ જાય. જીવો ઘણું ધન મેળવવા માટે જ પ્રાય: જીવહિંસાદિ થાય તેવા પાપ વ્યાપારો કરે છે. ઘણું ધન મેળવ્યા પછી પણ ધનનો ઉપયોગ કરવામાં ઘણા અશુભ આરંભો કરે છે. આથી ધનનું પરિમાણ થવાથી બહુ પાપવાળા વ્યાપારો બંધ થઈ જાય છે.

**વ્રતના અનેક પ્રકારો** :- આ વ્રત લેનાર દરેકનું મન =મનની ભાવના સમાન ન હોય. કોઈની પાસે ધન ઘણું હોય પણ મૂર્ચ્છા ઓછી હોય. જ્યારે કોઈની પાસે ધન ઓછું હોય પણ મૂર્ચ્છા ઘણી હોય. આથી દરેક પોતાની ભાવના પ્રમાણે પરિગ્રહનું પરિમાણ કરે. તેથી આ વ્રત બધાનું સમાન હોતું નથી. ધન પણ બધા પાસે સમાન ન હોય. કોઈ ગરીબ હોય તો કોઈ ધનવાન હોય. આથી પણ બધાનું પરિગ્રહનું પરિમાણ સમાન ન હોય. કોઈ દેશમાં લોકો ધાન્ય-પશુ વગેરેનો અધિક સંગ્રહ કરે, તો કોઈ દેશમાં ઓછો સંગ્રહ કરે. કોઈ રાજકુલમાં જન્મેલો હોય તો કોઈ બ્રાહ્મણ કુલમાં જન્મેલો હોય. આમ પરિગ્રહપરિમાણ લેનારાઓનાં ચિત્ત આદિ ભિન્નભિન્ન હોવાથી આ વ્રત અનેક પ્રકારનું છે.) [૮૭]

अत्राऽतिचारानाह-

**खेत्ताइहिरण्णाईधणाइदुपयाइकुप्पमाणकमे।**
**जोयणपयाणबंधणकारणभावेहिं नो कुणइ ।।८८।**

[क्षेत्रादिहिरण्यादिधनादिद्विपदादिकुप्यमानक्रमान्।
योजनप्रदानबन्धनकारणभावैर्न करोति ।।८८।।]

१ ''अनेकप्रकारं'' ब।

''खेत्ताइ'' गाहा व्याख्या - 'क्षेत्रादिहिरण्यादिधनादिद्विपदादिकुप्यमानक्रमान्' क्षेत्रादिगृहीतपरिमाणातिक्रमानित्यर्थः। 'योजनप्रदानबन्धनकारणभावैः' एभिर्योजनादिभिर्यथासंख्यं 'न करोति' न विधत्ते इति समुदायार्थः। तत्र क्षेत्रवास्तूनां योजनेन द्वित्रादीनां गृहीतपरिमाणभङ्गभयाद् वृत्याद्यपनयनादिनैकत्वाद्यापादनेनेत्यर्थः १। एवं हिरण्यसुवर्णयोः प्रदानेन गृहीतपरिमाणावधिकालात्परत उद्ग्राहणीययोर्वृद्धिप्रयुक्त्या २। धनधान्ययोर्बन्धनेन- सत्यङ्कारादिना नियन्त्रणेन ३। द्विपदचतुष्पदयोः कारणेन - गर्भाधानप्रयोजनेन ४। कुप्यस्य च भावेन - अध्यवसायेन तदर्थित्वरूपेण ४। एतत्तु सर्वमपि प्रदानादि परिमाणावधीकृतचतुर्मासकादिकालादर्वागेवं करोति- किल ममैतदवधीकृतकालात्परत एव परिग्रहविषयीभविष्यतीत्यध्यवसायेन। अत्र चादिशब्दा आगमपाठप्रसिद्धवास्त्वादिग्राहकाः। तथा चागमः - ''धणधण्णप्पमाणाइक्कमे खेत्तवत्थुपमाणातिक्कमे हिरण्णसुवण्णप्पमाणाइक्कमे दुपयचउप्पयप्पमाणाइक्कमे कुविअपमाणाइक्कमे।'' [ ] पञ्चसंख्याविषयत्वं च सजातीयत्वेन शेषभेदानामत्रैवाऽन्तर्भावाच्छिष्यहितत्वेन च प्रायः सर्वत्र मध्यमगतेर्विवक्षितत्वात् पञ्चकसंख्ययैवातिचारपरिगणनम्, अतश्चतुष्षडादिसंख्ययाऽतिचाराणामऽगणनमुपपन्नम्। इति गाथार्थः।।८८।।

**પાંચમાં વ્રતમાં અતિચારો કહે છેઃ-**

પાંચમું અણુવ્રત લેનાર શ્રાવક યોજન, પ્રદાન, બંધન, કારણ અને ભાવથી અનુક્રમે ક્ષેત્ર-વાસ્તુ, હિરણ્ય-સુવર્ણ, ધન-ધાન્ય, દ્વિપદ-ચતુષ્પદ અને કુપ્ય એ પાંચના પરિમાણનો અતિક્રમ (= ઉલ્લંઘન) કરતો નથી, અર્થાત્ ધારેલા પરિમાણથી વધારે રાખતો નથી.

(યોજન એટલે જોડવું. પ્રદાન એટલે આપવું. બંધન એટલે બાંધવું. કારણ એટલે પેટમાં રહેલ ગર્ભ. ભાવ એટલે વસ્તુનું અર્થિપણું, વસ્તુની ઈચ્છા. આ પાંચ શબ્દોનો ભાવાર્થ અતિચારોની ઘટનાથી ખ્યાલમાં આવી જશે.)

(૧) **ક્ષેત્ર-વાસ્તુ પરિમાણાતિક્રમઃ-** (જેમાં અનાજ વગેરે ઉત્પન્ન થાય તેવી ભૂમિ ક્ષેત્ર છે. વાસ્તુ એટલે વસવા લાયક ઘર, ગામ, નગર વગેરે પ્રદેશ.) એક ક્ષેત્રને બીજા ક્ષેત્રની સાથે અને એક વાસ્તુને બીજા વાસ્તુ સાથે જોડીને પરિમાણનું ઉલ્લંઘન કરવાથી અતિચાર લાગે છે. જેમકે- લીધેલા પરિમાણથી વધારે ખેતરની કે ઘરની જરૂર પડતાં કે ઈચ્છા થતાં વ્રતભંગના ભયથી જુના ખેતરની કે જુના ઘરની બાજુમાં જ નવું ખેતર કે નવું ઘર લે. પછી ખેતરની વાડ દૂર કરીને બે ત્રણ ખેતરને જોડીને એક ખેતર કરે. તે પ્રમાણે ઘરની ભીંત દૂર કરીને બે ત્રણ ઘરને જોડીને એક ઘર કરે. આ રીતે કરવાથી ક્ષેત્ર-વાસ્તુ પરિમાણાતિક્રમ અતિચાર લાગે.

(૨) **હિરણ્ય-સુવર્ણાતિક્રમ:-** (હિરણ્ય એટલે ચાંદી.) પરિમાણથી અધિક ચાંદી★ અને સુવર્ણ બીજાને આપીને પરિમાણનું ઉલ્લંઘન કરવાથી અતિચાર લાગે. તે આ પ્રમાણે:- કોઈએ ચાર મહિના વગેરે અવધિ સુધી અમુક પરિમાણથી વધારે ચાંદી-સોનું નહિ રાખું એવો નિયમ કર્યો. નિયમ દરમિયાન કરેલા પરિમાણથી અધિક ચાંદી-સોનું કોઈ પણ રીતે મળ્યું. વ્રતભંગના ભયથી તેણે ચાંદી-સુવર્ણની વૃદ્ધિ થાય એ માટે સારી યુક્તિ કરીને ચાર મહિના વગેરે પછી લઈશ એમ કહીને તે ચાંદી-સોનું બીજાને આપી દીધું. આમ કરવાથી હિરણ્ય-સુવર્ણાતિક્રમ અતિચાર લાગે.

(3) **ધન-ધાન્ય પરિમાણાતિક્રમ:-** (રત્ન, વસ્ત્ર વગેરે ધન છે. ચોખા વગેરે ધાન્ય છે.) ધન, ધાન્ય બાંધીને રાખી મૂકવા દ્વારા ધન-ધાન્યના પરિમાણનું ઉલ્લંઘન કરવાથી અતિચાર લાગે. તે આ પ્રમાણે:- કોઈએ ધન આદિનું પરિમાણ કર્યું. પછી કોઈ લેણાનું કે બીજું ધન વગેરે આપવા આવ્યો. મારો નિયમ પૂરો થશે ત્યારે લઈ જઈશ એવી ખાતરી આપીને આપનારને ત્યાંજ દોરી આદિથી બાંધીને રાખી મૂકે. અથવા અમુક સમય પછીજ હું આ લઈ જઈશ એમ ખાતરી આપીને આપનારને ત્યાં જ રાખી મૂકે. 卐 આમ કરવાથી ધન-ધાન્ય પરિમાણાતિક્રમ અતિચાર લાગે.

(૪) **દ્વિપદ-ચતુષ્પદ પરિમાણાતિક્રમ:-** પુત્ર વગેરે દ્વિપદના અને ગાય વગેરે ચતુષ્પદના પરિમાણનું કારણથી = ગર્ભાધાનથી ઉલ્લંઘન કરવાથી અતિચાર લાગે છે. તે આ પ્રમાણે:- કોઈ બાર માસ વગેરે સમય સુધી દ્વિપદ-ચતુષ્પદનું પરિમાણ કરે. હવે બાર માસ વગેરે કાળમાં કોઈનો જન્મ થાય તો પરિમાણથી સંખ્યા વધી જાય. આથી અમુક સમય ગયા બાદ ગાય વગેરેને ગર્ભાધાન કરાવે. જેથી ૧૨ માસ વગેરે સમય પછી જન્મ થાય. આમ કરવાથી દ્વિપદ-ચતુષ્પદ પરિમાણાતિક્રમ અતિચાર લાગે.

(૫) **કુપ્ય પરિમાણાતિક્રમ:-** કુપ્ય એટલે ઘરમાં ઉપયોગી ગાદલાં, ગોદડાં, થાળી, વાટકા, કથરોટ, કબાટ વગેરે સામગ્રી. કુપ્યના પરિમાણનું ભાવથી ઉલ્લંઘન કરવાથી અતિચાર લાગે. અહીં ભાવ એટલે વસ્તુનું અર્થિપણું, અર્થાત્ વસ્તુની ઈચ્છા. કુપ્યના પરિમાણનું બાર માસ વગેરે કાળ સુધી નિયમ કર્યા પછી કબાટ વગેરે કોઈ આપે અગર તો પોતાને જરૂર પડે તો બીજાને કહી દે કે અમુક સમય પછી હું એ વસ્તુ લઈશ. આથી એ

★ उद्ग्रहणीययो: = ઉઘરાણી કરવા યોગ્ય, માગવા યોગ્ય.

卐 અહીં પ્રથમ વિકલ્પમાં જાતે જ બાંધીને આપનારને ત્યાં રહેવા દે છે. બીજા વિકલ્પમાં બાંધવું વગેરે કશું કરતો નથી, માત્ર હું પછી લઈ જઈશ એવી ખાતરી આપે છે.

વસ્તુ તમારે બીજા કોઈને આપવી નહિ. આમ બીજાને નહિ આપવાની શરતે રાખી મૂકે. આમ કરવાથી કુપ્ય પરિમાણાતિક્રમ અતિચાર લાગે.

મારું આ અવધિ કરેલા કાળ પછીજ પરિગ્રહનો વિષય બનશે, અર્થાત્ અવધિ કરેલા કાળ પછીજ આ મારી માલિકીનું થશે, એવા અધ્યવસાયથી આ પ્રદાન વગેરે બધુંય પરિમાણની અવધિ કરેલા ચાર માસ વગેરે કાળ પૂર્ણ થયા પહેલાંજ કરે છે. (આમ કરવામાં બાહ્ય દૃષ્ટિએ સંખ્યામાં વધારો થયો નથી, પણ પરમાર્થથી નિયમથી વધારે લેવાના ભાવ = પરિણામ થયા હોવાથી સંખ્યાનો વધારો થયો છે. આથી અતિચાર લાગે.)

મૂળગાથામાં રહેલા આદિ એવા શબ્દો આગમ પાઠથી પ્રસિદ્ધ વાસ્તુ વગેરે વસ્તુને પકડનારા છે. આગમપાઠ આ પ્રમાણે છે:- ધન-ધાન્ય પ્રમાણાતિક્રમ, ક્ષેત્ર-વાસ્તુ પ્રમાણાતિક્રમ, હિરણ્ય-સુવર્ણ પ્રમાણાતિક્રમ, દ્વિપદ-ચતુષ્પદપ્રમાણાતિક્રમ, કુપ્યપ્રમાણાતિક્રમ.

**પ્રશ્ન:**- પરિગ્રહના નવ પ્રકાર હોવાથી અતિચાર નવ થાય, જ્યારે અહીં પાંચ જ કહ્યા છે તેનું શું કારણ? **ઉત્તર:**- સમાન જાતિવાળા હોવાથી ચાર ભેદોનો પાંચ ભેદોમાં સમાવેશ થઈ ગયો છે. તથા શિષ્યહિત માટે પ્રાય: બધા સ્થળે મધ્યમ પદ્ધતિથી જ વિવક્ષા કરી હોવાથી બધા વ્રતોમાં અતિચારોની પાંચ સંખ્યા જ ગણી છે. આથી અતિચારોની ચાર કે છ સંખ્યા નહિ ગણવી એ યુક્તિયુક્ત છે. [૮૮]

उक्तान्यणुव्रतानि, सांप्रतं गुणव्रतान्याह- तत्रापि प्रथमं दिग्व्रतम्, तदाह-

**उड्ढाहोतिरियदिसिं, चाउम्मासाइकालमाणेणं।**
**गमणपरिमाणकरणं, गुणव्वयं होइ विण्णेयं ॥८९॥**

**[ऊर्ध्वाधस्तिर्यग्दिशम् चातुर्मास्यादिकालमानेन।**
**गमनपरिमाणकरणं गुणव्रतं, भवति विज्ञेयम् ॥८९॥]**

**''उड्ढाहो'' गाहा व्याख्या-'ऊर्ध्वाधस्तिर्यग्दिशम्' इति ऊर्ध्व-पर्वतारोहणादौ, अध:-कूपप्रवेशादौ, तिर्यग्-पूर्वाद्यासु दिक्षु, दिक् शब्द: प्रत्येकमभिसंबध्यते; ऊर्ध्वादिदिशमङ्गीकृत्य 'चातुर्मास्यादिकालमानेन' चतुरो मासान्, अष्टौ वा यावत् इत्यादि । 'गमनपरिमाणकरणम्' अभिप्रेतक्षेत्रात् परतो गमननिवृत्तिरित्यर्थ:। 'गुणव्रतम्' अणुव्रतानामेव गुणकरमित्यर्थ:, भवति विज्ञेयं प्रथममिति गम्यते। इति गाथार्थ:॥८९॥**

**અણુવ્રતો કહ્યાં. હવે ગુણવ્રતોને કહે છે. તેમાં પણ પહેલું દિગ્વ્રત છે. આથી દિગ્વ્રતને કહે છે :- પહેલું ગુણવ્રત :**

ચાર મહિના કે આઠ મહિના વગેરે કાળ સુધી ઊર્ધ્વદિશામાં પર્વત વગેરેની ઉપર ચડવામાં, અધો દિશામાં કૂવા વગેરેમાં ઉતરવામાં અને પૂર્વ વગેરે તિર્યગ્ દિશાઓમાં આટલી હદથી વધારે ન જવું એમ ગતિનું પરિમાણ કરવું તે (દિશા પરિમાણરૂપ) પહેલું ગુણવ્રત છે. અણુવ્રતોને જ ગુણ કરે = લાભ કરે તે ગુણવ્રત.

(જવાની મર્યાદા કરવાથી બાકીના સ્થળે હિંસા આદિના પાપો અટકી જાય છે. આ વિષે નવપદ પ્રકરણમાં ૬૬ મી ગાથાની ટીકામાં કહ્યું છે કે - પ્રમાદના કારણે જેમ તેમ વર્તતો જીવ હિંસાનો હેતુ હોવાથી તપેલા લોઢાના ગોળા સમાન છે. અથવા "અનિવૃત્તિ (= વિરતિ ન કરવી) એ જ પ્રવૃત્તિ છે." એવા વચનથી (વિરતિ રહિત જીવ) જીવહિંસાનો હેતુ હોવાથી તપેલા લોઢાના ગોળા સમાન છે. (વિરતિ કર્યા વિના કર્મબંધથી મુક્ત થવાતું નથી.) આથી કર્મબંધને નહિ ઈચ્છતા જીવે સાવદ્યયોગની વિશેષરૂપે નિવૃત્તિ કરવી જોઈએ. જ્યાં જવાની કોઈ સંભાવના નથી તેવા સ્વયંભૂરમણ સમુદ્ર વગેરેની પણ વિરતિ ન કરવાથી ક્લિષ્ટ અધ્યવસાયના કારણે દઢતર કર્મબંધ થાય.) [૮૯]

अत्रातिचारानाह—

**वज्जइ उड्ढाइक्कममाणयणप्पेसणोभयविसुद्धं ।**
**तह चेव खेत्तवुड्ढिं, कहिंचि सइअंतरद्धं च ॥९०॥**

**[वर्जयति ऊर्ध्वादिक्रममानयनप्रेषणोभयविशुद्धम् ।**
**तथैव क्षेत्रवृद्धिं, कथञ्चित्स्मृत्यन्तर्धानं च ॥९०॥]**

**''वज्जइ'' गाहा व्याख्या- 'वर्जयति'परिहरते 'ऊर्ध्वादिक्रमम्' इति, ऊर्ध्वादिषु दिक्षु क्रमः- क्रमणं विवक्षितक्षेत्रात्परत इति गम्यते, अतिक्रमो वा क्रमोऽभिप्रेतः तम् ३। अनेन त्रयोऽतिचाराः प्रतिपादिताः। तद्यथा-''उड्ढदिसिपमाणाइक्कमे १, अहोदिसिपमाणाइक्कमे २, तिरिअदिसिपमाणाइक्कमे ३।'' एवं चोर्ध्वादिदिगतिक्रमं द्विविधं त्रिविधेन ग्रहणे 'आनयनप्रेषणोभयविशुद्धं' वर्जयति, तत्र आनयनं- परेण विवक्षितक्षेत्रात्परतः स्थितस्य, प्रेषणं ततः परेण नयनम्, उभयम्-उक्तद्वयमप्येकदैव तैः विशुद्धं - निर्दोषम् ४। 'तथैव' तेनैव प्रकारेण 'क्षेत्रवृद्धिं' पूर्वादिदिक्परिमाणस्य दक्षिणादिदिशि प्रक्षेपलक्षणां वर्जयतीत्यनुवर्तते। 'कथञ्चित्' केन प्रकारेण 'स्मृत्यन्तर्धानं च स्मृतेः-**

गमनपरिमाणयोजनादिसंख्योपयोगस्यान्तर्धानं- तिरोधानं भ्रंशनमित्यर्थः५। स्मृतिमूलं हि नियमानुष्ठानम्, तद्भ्रंशे हि नियमत एव तद्भ्रंश इत्यतिचारता। इति गाथार्थः।

तत्र वृद्धसंप्रदायः- उड्ढं जं पमाणं गहिअं तस्स उवरिं पव्वयसिहरे रुक्खे वा मक्कडो पक्खी वा सावयस्स वत्थं आभरणं वा गिण्हिउं पमाणाइरेगं भूमिं वच्चेज्जा तत्थ से न कप्पइ गंतुं, जाहे तं पडिअं अण्णेण वा आणिअ ताहे कप्पइ, एअं पुण अट्ठावयउज्जेंताइसु हवेज्जा। एवं अहे कूविआइसु विभासा। तिरिअं जं पमाणं गहिअं तं तिविहेण वि करणेण नाइक्कमिअव्वं। खेत्तवुड्ढी न कायव्वा, कहं? सो पुव्वेणं भंडं गहाय गओ जाव तं परिमाणं, तओ परेणं भंडं अग्घइ त्ति काउं अवरेण जाणि जोअणाणि ताणि पुव्वदिसाए न छुभेज्जा। सिअ वोलीणो होज्जा निअत्तिअव्वं ति, जाणिए वा ण गंतव्वं। अण्णो न विसज्जिअव्वो। अणाणाए कोई गओ होज्जा जं विसुमरिअखेत्तगएण लद्धं अणाणा ति गएण वा तं न गेण्हेज्ज'' [ ] त्ति ॥९०॥

**દિગ્વ્રતમાં અતિચારોને કહે છે :-**

શ્રાવક છઠ્ઠાવ્રતમાં ઊર્ધ્વદિશા પ્રમાણાતિક્રમ, અધોદિશા પ્રમાણાતિક્રમ, તિર્યગ્દિશા પ્રમાણાતિક્રમ, ક્ષેત્રવૃદ્ધિ અને સ્મૃતિ-અંતર્ધાન એમ પાંચ અતિચારોનો ત્યાગ કરે છે.

જેણે ઊર્ધ્વ વગેરે દિશાઓમાં અમુક હદથી વધારે ન જવું એવું વ્રત દ્વિવિધ ત્રિવિધથી લીધું હોય તે ત્યાગ કરેલા ક્ષેત્રમાં બીજા દ્વારા કોઈ વસ્તુ મોકલવાનો અને એ ક્ષેત્રમાંથી મંગાવવાનો ત્યાગ કરે છે.

**ઊર્ધ્વદિશા પ્રમાણાતિક્રમ:-** ઊર્ધ્વદિશામાં ત્યાગ કરેલા ક્ષેત્રથી આગળ સહસા કે અનુપયોગ આદિથી જાય કે જવાની ઈચ્છા વગેરે દ્વારા અતિક્રમ લગાડે તો ઊર્ધ્વદિશા પ્રમાણાતિક્રમ અતિચાર લાગે. એ જ રીતે અધોદિશા પ્રમાણાતિક્રમ અને તિર્યગ્દિશા પ્રમાણાતિક્રમમાં પણ સમજી લેવું.

**ક્ષેત્રવૃદ્ધિ:-** જવા-આવવા માટે ત્યાગ કરેલા ક્ષેત્રમાં વધારો કરવો તે ક્ષેત્રવૃદ્ધિ અતિચાર છે. તે આ પ્રમાણે:- પૂર્વ દિશામાં અને દક્ષિણ દિશામાં સો સો માઈલથી આગળ ન જવું એવો નિયમ લીધા પછી દક્ષિણ દિશામાં સો માઈલથી આગળ જવાની જરૂરિયાત ઊભી થતાં પૂર્વ દિશાના ૯૦ માઈલ કરીને તેના દશ માઈલ દક્ષિણ દિશામાં ઉમેરીને ૧૧૦ માઈલ કરે.

**સ્મૃતિ-અંતર્ધાન:-** કરેલું દિશાનું પરિમાણ ભૂલી જવું તે સ્મૃતિ-અંતર્ધાન અતિચાર છે. નિયમના પાલનનું મૂળ નિયમની સ્મૃતિ છે. આથી નિયમની સ્મૃતિનો નાશ થતાં અવશ્ય નિયમનો નાશ થાય. આથી સ્મૃતિ-અંતર્ધાન અતિચાર છે.

**અહીં વૃદ્ધસંપ્રદાય આ પ્રમાણે છે:-** ઉપરની દિશામાં જે પ્રમાણ કર્યું હોય તેનાથી વધારે દૂર પર્વતના શિખર કે વૃક્ષ ઉપર વાંદરો કે પક્ષી વસ્ત્ર કે આભૂષણ લઈને જાય તો ત્યાં ન જઈ શકાય. જો કે તે વસ્તુ (વસ્ત્ર કે આભૂષણ) પડી જાય કે બીજો કોઈ લઈ આવે તો લઈ શકાય. અષ્ટાપદ, ગિરનાર વગેરે પર્વતોમાં આવું બને. એ જ પ્રમાણે નીચે કૂવા વગેરેમાં પણ સમજવું. તથા તિર્છી દિશામાં જે પ્રમાણ લીધું હોય તેનું મન-વચન-કાયાથી ઉલ્લંઘન નહિ કરવું, તથા એક દિશામાંથી બીજી દિશામાં ઉમેરીને ક્ષેત્રવૃદ્ધિ નહિ કરવી જોઈએ. તે આ પ્રમાણે:- કરિયાણું લઈને પૂર્વદિશા તરફ પરિમાણ લીધું હોય ત્યાં સુધી જાય. પણ ત્યાં સુધીમાં કરિયાણું વેચાયું નહિ, આગળ જાય તો કરિયાણું વેચાય. આથી પશ્ચિમ દિશામાં જેટલા ગાઉ છૂટા હોય તે પૂર્વ દિશામાં ઉમેરી દે. પણ આમ ન કરવું જોઈએ. આમ કરવાથી અતિચાર લાગે. જો અજાણતાં પરિમાણનું ઉલ્લંઘન થઈ જાય તો ખ્યાલ આવે એટલે તુરત ત્યાંથી પાછા ફરવું જોઈએ, અથવા આગળ ન વધવું જોઈએ, અને બીજાને પણ નહિ મોકલવો જોઈએ. મોકલ્યા વિના બીજો કોઈ ગયો હોય તો તે વસ્તુ લાવ્યો હોય તે વસ્તુ નહિ લેવી જોઈએ. અથવા ક્ષેત્રનું પ્રમાણ ભૂલી જવાથી કે અનુપયોગથી સ્વયં જાય તો ત્યાંથી કોઈ વસ્તુ નહિ લેવી જોઈએ. (ખ્યાલ આવ્યા પછી પણ આગળ જાય કે બીજાને મોકલે તો નિયમનો ભંગ થાય.) [૯૦]

उक्तं सातिचारं प्रथमं गुणव्रतम्, अधुना द्वितीयमाह-

**वज्जणमणंतगुंबरिअच्चंगाणं च भोगओ माणं ।**
**कम्माओ खरकम्माइयाण अवरं इमं भणियं ॥९१॥**

**[वर्जनमनन्तकोदुम्बराऽत्यङ्गानां च भोगतो मानम्।**
**कर्मतः खरकर्मादीनामपरमिदं भणितम् ॥९१॥]**

**''वज्जण''. गाहा व्याख्या-' वर्जनं' परिहारः 'अणंतगुंबरि ' त्ति अनन्तकायस्य-आर्द्रकादेरागमप्रसिद्धस्य, यदुक्तं — ''चक्कागं भंजमाणस्स, गंठी चुण्णघणो भवे। पुढविसरिसेण भेएण, अणंतजीवं वियाणाहि ॥१॥ गूढसिरागं पत्तं, सच्छीरं जं च होइ निच्छीरं। जं पि अ पणट्ठसंधि, अणंतजीवं वियाणाहि ॥२॥ सव्वा वि कंदजाई, सूरणकंदो अ वज्जकंदो अ। अल्लहरिद्दा य तहा, अल्लं तह अल्लकच्चूरो ॥३॥ सत्तावरी बिराली, थुहरि गिलोई च होइ नायव्वो। गज्जर लोणा लोढा, विरुहं तह लालवंतं च ॥४॥ [ ] इत्यादि ।एवं प्रसिद्धस्यानन्तकस्य वर्जनमिति योगः। तथा उदुम्बरीति- सिद्धान्तप्रसिद्धानां वटपिप्पलोदुम्बरप्लक्षकदुम्बरफलानामत्यङ्गानाम्-**

अतिभोगाङ्गानां मद्यमधुमांसादीनाम्, चस्य तूत्तरत्र योगः, 'भोगतः' भोगमाश्रित्य 'मानं च' -परिमाणं च। इदं हि किल द्वितीयं गुणव्रतं उपभोगपरिभोग-गुणव्रताभिधानं द्विधा भवति भोजनतः कर्मतश्च। तत्रोपभुज्यत इत्युपभोगः-अशनादिः, सकृदर्थत्वादुपशब्दस्य, अन्तरर्थत्वादन्तर्भोगो वा । परिभुज्यत इति परिभोगः वस्त्रादेः, आवृत्त्यर्थत्वात् परिशब्दस्य, बहिरर्थत्वाद्वा बहिर्भोगः। एष चात्मक्रियारूपोऽपि विषयविषयिणोरभेदाद्विषय एवोपचरितः, अत एव तन्निबन्धनकर्मण्यप्ययमत्रोपचर्यत इत्याह-'कर्मतः' कर्माश्रित्य 'खरकर्मादीनां' कोट्टपालकर्मादीनां वर्जनमिति प्रकृतम् । 'अपरम्' अन्यद् द्वितीयं गुणव्रतमिदं 'भणितं' प्रतिपादितं पूर्वाचार्यैरिति गम्यते।।

तथा च वृद्धसंप्रदायः- '' भोअणओ सावगो उस्सग्गेण फासुअं एसणीअं आहारं आहारेज्जा। तस्सासइ अणेसणीयमवि सच्चित्तवज्जं। तस्सासइ अणंतकायबहुबीयगाणि परिहरेज्जा। असणे अल्लयमूलगमंसादि, पाणे मंसरसमज्जाई, खाइमे पंचुंबराई, साइमे महुमाई। एवं परिभोगे वि वत्थादी-थुल्लधवलप्पमुल्लाणि परिमिआणि परिभुंजेज्जा। सासणगोरवत्थमुवरि विभासा, जाव देवदूसाइपरिभोगे वि परिमाणं करेज्जा। कम्मओ वि अकम्मा न तरइ जीविउं ताहे अच्चंतसावज्जाणि परिहरेज्जा। एत्थं पि एक्कसिं चेव जं कीरइ कम्मं पहरववहरणाइ विवक्खाए तमुवभोगो, पुणो पुणो य जं तं पुण परिभोगो त्ति । अण्णे पुण कम्मपक्खे उवभोगपरिभोगजोयणं न करेंति। उवन्नासो अ एअस्सुवभोगपरिभोगकारणभावेणं ।''[ ] इति ।।११।।

**અતિચાર સહિત પહેલું ગુણવ્રત કહ્યું. હવે બીજુ ગુણવ્રત કહે છે :-**

**બીજું ગુણવ્રત :**

ઉપભોગ પરિભોગ (પરિમાણ) નામનું ગુણવ્રત ભોજન સંબંધી અને કર્મસંબંધી એમ બે પ્રકારે છે. તેમાં જે એકવાર ભોગવાય અથવા શરીરની અંદર ભોગવાય તે ઉપભોગ. અહીં ઉપ શબ્દનો એકવાર કે અંદર એવો અર્થ છે. વારંવાર (= અનેક વાર) ભોગવાય કે શરીરની બહાર ભોગવાય તે પરિભોગ. અહીં પરિ શબ્દનો વારંવાર (= અનેકવાર) કે બહાર એવો અર્થ છે. અશન વગેરે ઉપભોગ છે અને વસ્ત્ર વગેરે પરિભોગ છે.

**પ્રશ્ન:** ઉપભોગ અને પરિભોગ જીવની ક્રિયા રૂપ છે. તો અહીં અશન અને વસ્ત્ર વગેરે વસ્તુને ઉપભોગ-પરિભોગ કેમ કહેવામાં આવેલ છે? **ઉત્તર:** વિષય અને વિષયીનો અભેદ હોવાથી વિષયમાં જ વિષયીનો ઉપચાર કરવામાં આવ્યો છે. (ઉપભોગ-પરિભોગરૂપ ક્રિયા એ વિષયી છે, તેનો વિષય અશન અને વસ્ત્ર વગેરે વસ્તુઓ છે. વિષયી એવી

ઉપભોગ-પરિભોગરૂપ ક્રિયાનો વિષય એવા અશન અને વસ્ત્ર વગેરેમાં ઉપચાર કરવાથી અશન અને વસ્ત્ર વગેરે પણ ઉપભોગ-પરિભોગ કહેવાય. ઘી આયુષ્ય છે. અહીં પરમાર્થથી ઘી આયુષ્ય નથી પણ આયુષ્યનું કારણ છે. એટલે ઘી કારણ છે અને આયુષ્ય કાર્ય છે. કાર્ય એવા આયુષ્યનો કારણ એવા ઘીમાં ઉપચાર કરવાથી ઘીને પણ આયુષ્ય કહેવાય. તેવી રીતે અહીં ઉપભોગ-પરિભોગરૂપ ક્રિયાનો ક્રિયાના વિષય અશન, વસ્ત્ર વગેરે વગેરેમાં ઉપચાર કરવાથી અશન, વસ્ત્ર વગેરે પણ ઉપભોગ-પરિભોગ કહેવાય.)

આથી જ અહીં ઉપભોગ-પરિભોગનું કારણ જે કર્મ (= ધંધો) તેમાં પણ ઉપભોગ-પરિભોગનો ઉપચાર કરવામાં આવ્યો છે. આથી જ ઉપભોગ-પરિભોગ (પરિમાણ) વ્રતના ભોજન સંબંધી અને કર્મસંબંધી (= ધંધા સંબંધી) એમ બે ભેદ છે. તેમાં ઉપભોગ-પરિભોગની વસ્તુઓનું પરિમાણ તે ભોજન સંબંધી ઉપભોગ-પરિભોગવ્રત છે. અને ઉપભોગ-પરિભોગની વસ્તુઓને મેળવવાના ઉપાયનું = ધંધાનું પરિમાણ તે કર્મસંબંધી ઉપભોગ-પરિભોગવ્રત છે.

અનંતકાય, ઉદુંબર પંચક, 卐 મદ્ય, મધ, માંસ વગેરે વિશિષ્ટ ભોગસામગ્રીનો ત્યાગ કરવો કે તેનું પરિમાણ કરવું તે ભોજન સંબંધી ઉપભોગ-પરિભોગ (પરિમાણ) વ્રત છે. ક્રૂર માણસો કરી શકે તેવા કોટવાલપણું વગેરે આજીવિકાના ઉપાયોનો ત્યાગ તે કર્મસંબંધી ઉપભોગ-પરિભોગ (પરિમાણ) વ્રત છે. આ બીજું ગુણવ્રત છે એમ પૂર્વાચાર્યોએ કહ્યું છે.

આદુ વગેરે અનંતકાય આગમમાં પ્રસિદ્ધ છે. કહ્યું છે કે -**"જે મૂળિયાં વગેરેને ભાંગતાં કુંભારના ચક્ર જેવો ભંગ થાય, તથા જેની ગાંઠને ભાંગતાં ગાંઠનો ઘન ચૂર્ણ ઉડતો દેખાય, ભાંગતાં જેનો ક્યારા વગેરેની ઉપર રહેલી શુકી પોપડી જેવો અથવા કોમળ ખડીથી બનાવેલી વાટ જેવો સમાન ભેદ થાય, અર્થાત્ શુકી પોપડીને કે વાટને ભાંગતાં જેમ સમાન ભેદ થાય છે, તેમ જેને ભાંગતાં સમાન ભેદ થાય, તે મૂળિયાં વગેરેને તું અનંતકાય જાણ."** (બૃ. ક. ગા. ૯૬૮)

**"ક્ષીરવાળું કે ક્ષીરવિનાનું જે પત્ર ગુપ્તનસોવાળું હોય, અને જે પત્રની પત્રના બે ભાગની વચ્ચે રહેલી સંધિ બિલકુલ ન દેખાય તે પત્રને તું અનંતકાય જાણ."** (બૃ.ક.ગા. ૯૬૭)

સર્વ પ્રકારના કંદો અનંતકાય છે. કંદ એટલે જમીનમાં રહેલો વૃક્ષનો અવયવ. તે કંદો અહીં લીલાજ સમજવા. શુકા કંદો તો નિર્જીવ હોવાથી અનંતકાય નથી. તે કંદોમાંથી કેટલાક કંદો ઉપયોગમાં આવતા હોવાથી અહીં કેટલાક કંદોને નામ જણાવવા પૂર્વક કહે છે:-

(૧) **સુરણકંદ:-** જેનાથી હરસના જીવોનો નાશ થાય તે. (૨) **વજ્રકંદ:-** એક કંદ

卐 ઉદુંબર, વડ, પ્લક્ષ, ઉંબર અને પીપળો એ પાંચ વૃક્ષનાં ફળો ઉદુંબર પંચક છે. તેનાં ફળો કૃમિઓથી ભરેલાં હોય છે.

વિશેષ છે. યોગશાસ્ત્રની ટીકામાં તેનું વજ્રતરુ નામ કહ્યું છે. (૩) **લીલીહળદર** (૪) **આદુ:-** લીલીસુંઠ (૫) **લીલો કચુરો:-** સ્વાદમાં તીખો હોય છે. (૬) **શતાવરી:-** વેલડી વિશેષ છે. (૭) **વિરાલી:-** વેલડી વિશેષ છે. (૮) **કુંઆર:-** તેનાં પત્રો પુષ્ટ, બે ધારોમાં કાંટાવાળાં, લાંબાં અને પરનાળના આકારના હોય છે. (૯) **થોર:-** થોરિયા. તેને સ્નૂહીવૃક્ષ પણ કહે છે. (૧૦) **ગળો:-** આના વેલા લીમડા વગેરે વૃક્ષો ઉપર હોય છે. (૧૧) **લસણ** (૧૨) **વંશકારેલ:-** કોમળ નવા વાંસનો અવયવ વિશેષ. (૧૩) **ગાજર** (૧૪) **લૂણી:-** વનસ્પતિ વિશેષ છે. તેને બાળવાથી સાજીખાર બને છે. (૧૫) **લોઢક:-** પદ્મિની નામની વનસ્પતિનો કંદ. (પાણીમાં પોયણા થાય તે.) (૧૬) **ગિરિકર્ણિકા:-** એક જાતની વેલડી. કચ્છમાં પ્રસિદ્ધ છે. તેને ગરમર પણ કહે છે. (૧૭) **કિસલય પત્રો:-** દરેક વનસ્પતિના પ્રૌઢ પાંદડાની પૂર્વ અવસ્થાનાં કોમળ પાંદડાં. (ઉપલક્ષણથી દરેક બીજમાંથી નીકળતા અંકુરા પણ અનંતકાય છે.) (૧૮) **ખરસઈઓ:-** કંદ વિશેષ. તેને કસેરૂ - ખીરિશુક પણ કહે છે. (૧૯) **થેગ:-** કંદ વિશેષ જ છે. (૨૦) **લીલીમોથ :-** જળાશયોમાં કાંઠે કાંઠે થાય છે અને પાકે ત્યારે કાળી થાય છે. (૨૧ ) **લવણ નામના વૃક્ષની છાલ:-** તેને ભ્રમર વૃક્ષ પણ કહે છે. છાલ સિવાય તેના બાકીના અંગો પ્રત્યેક વનસ્પતિ છે. (૨૨) **ખલ્લૂડક:-** કંદ વિશેષ છે. (૨૩) **અમૃતવેલ:-** તે નામનો વેલો. (૨૪) **મૂળાનો કંદ:-** (મૂળાના કંદ સિવાયનાં ડાળી, ફૂલ, પત્ર, મોગરા અને દાણા એ બધાય અંગો પ્રત્યેક વનસ્પતિ હોવા છતાં વર્તમાનમાં અભક્ષ્ય ગણાય છે. તથા કંદ તો ધોળો અને રાતો એ બંને પ્રકારનો અનંતકાય છે.) (૨૫) **ભૂમિરુહ:-** આનું લોકમાં ભૂમિફોડા નામ છે, તે ચોમાસામાં થાય છે અને છત્રના આકારે હોય છે. તેને બિલાડીનો ટોપ પણ કહે છે. (૨૬) **વિરૂઢ:-** અંકુરાવાળા દ્વિદલ ધાન્ય. (૨૭) **ઢક્કવત્થુલ:-** શાક વિશેષ છે. તે પહેલીવાર ઉગેલો જ અનંતકાય છે. પણ કાપ્યા પછી વધેલો અનંતકાય નથી. (૨૮) **શૂકરવેલી:-** તેને શૂકરવાલ-શૂકરવેલી પણ કહે છે. (તેની જંગલમાં મોટી વેલડીઓ થાય છે.) ધાન્યમાં જે વાલ ગણેલા છે તે અનંતકાય નથી. (૨૯) **પલ્યંક:-** તે શાક વિશેષ છે. (પાલખની ભાજી તરીકે પ્રસિદ્ધ છે.) (૩૦) **કુણી આંબલી:-** જેમાં ઠળીયા-બીજ ન થયા હોય તેવા કુણા આંબલીના કાતરા. (૩૧) **આલુ:-** કંદવિશેષ (રતાળુ કંદ તરીકે પ્રસિદ્ધ છે). (૩૨) **પિંડાલુ:-** કંદ વિશેષ (ડુંગળી નામથી પ્રસિદ્ધ છે.) 卐

**અહીં વૃદ્ધસંપ્રદાય આ પ્રમાણે છે:-** (ભોજન સંબંધી વૃદ્ધ સંપ્રદાય:-) શ્રાવકે મુખ્યતયા એષણીય (=પોતાના માટે અલગ આરંભ કરીને ન બનાવેલ) અને અચિત્ત આહાર

卐 અહીં ટીકાકારે અનંતકાયને જણાવવા માટે સવ્વા હુ કંદજાઈ ઈત્યાદિ બે શ્લોક આપ્યા છે. પણ તેમાં સંપૂર્ણ ૩૨ અનંતકાય આવતા નથી. આથી ભાવાનુવાદમાં પ્રવચન સારોદ્ધારની ૨૩૬ થી ૨૪૦ સુધીની ગાથાઓના આધારે સંપૂર્ણ ૩૨ અનંતકાયનું વર્ણન કર્યું છે.

કરવો જોઈએ. અનેષણીય (= પોતાના માટે અલગ આરંભ કરીને બનાવેલ) આહાર લેવો પડે તો પણ સચિત્તનો ત્યાગ કરવો જોઈએ. સચિત્તનો પણ સર્વથા ત્યાગ ન થઈ શકે તો અનંતકાય, બહુબીજ વગેરેનો ત્યાગ કરવો જોઈએ. તેમાં અશનમાં આદુ, મૂળા, માંસ વગેરેનો, પાણીમાં માંસરસ, દારૂ વગેરેનો, ખાદિમમાં ઉદુંબરપંચક વગેરેનો, સ્વાદિમમાં મધ વગેરેનો ત્યાગ કરવો જોઈએ. એ પ્રમાણે વસ્ત્ર વગેરે પરિભોગમાં પણ સમજવું. શ્રાવકે જાડાં, સફેદ, અલ્પમૂલ્ય અને પરિમિત વસ્ત્રો પહેરવાં જોઈએ. શાસનના ગૌરવ માટે ઉપરનાં વસ્ત્રો વિષે વિકલ્પ છે, અર્થાત્ શાસનની પ્રભાવના માટે શરીરની ઉપરનાં વસ્ત્રો સૂક્ષ્મ, રંગીન અને બહુમૂલ્ય પણ પહેરે, યાવત્ દેવદૂષ્ય વગેરે વસ્ત્રો પણ પહેરે. પણ તેનું આટલાથી વધારે ન વાપરવાં એમ પરિમાણ કરવું જોઈએ.

**(કર્મસંબંધી વૃદ્ધસંપ્રદાય:-)** શ્રાવકે જો ધંધા વિના આજીવિકા ન ચાલી શકે તો અતિશય પાપવાળા ધંધાનો ત્યાગ કરવો જોઈએ. અહીં ઉપભોગ-પરિભોગ શબ્દની વ્યાખ્યા આ પ્રમાણે છે:- એક પ્રહર સુધી વેપાર થાય તે એકવાર ગણાય ઈત્યાદિ વિવક્ષાથી જે કર્મ એકવાર કરાય તે ઉપભોગ કહેવાય છે. જે કર્મ વારંવાર કરાય તે પરિભોગ છે. કેટલાકો કર્મમાં ઉપભોગ-પરિભોગ શબ્દનો અર્થ ઘટાવતા નથી.

**પ્રશ્ન:-** ઉપભોગ-પરિભોગ પરિમાણ વ્રતમાં ઉપભોગ-પરિભોગની વસ્તુઓનું પરિમાણ આવે. જ્યારે અહીં કર્મનું પરિમાણ પણ જણાવ્યું છે, આનું શું કારણ? **ઉત્તર:-** કર્મ ઉપભોગ-પરિભોગની વસ્તુઓનું કારણ છે. વેપાર આદિ કર્મ વિના ઉપભોગ-પરિભોગની વસ્તુઓ પ્રાપ્ત ન થાય. પાપભીરુએ ઉપભોગ-પરિભોગની વસ્તુઓના પરિમાણની જેમ તેના કારણ કર્મનું પણ પરિમાણ કરવું જોઈએ. આથી ઉપભોગ-પરિભોગ પરિમાણ વ્રતમાં કર્મના પરિમાણનો પણ સમાવેશ છે.[૯૧]

उभयरूपेऽप्यत्रातिचारानाह-

**सचित्तं पडिबद्धं, अपउलदुप्पउलतुच्छभक्खणयं।**
**वज्जइ कम्मयओ वि हु,एत्थं इंगालकम्माई।।९२।।**

**[सचित्तं प्रतिबद्धमपक्वदुष्पक्वतुच्छभक्षणम् ।**
**वर्जयति कर्मतोऽपि चात्राङ्गारकर्मादि ।।९२।।]**

**''सच्चित्तं'' गाहा व्याख्या- श्रावकेण हि भोजनत: किल उत्सर्गतो निरवद्याहारभोजिना भाव्यम्; कर्मतश्च प्रायो निरवद्यकर्मानुष्ठानेन भवितव्यम्। अतस्तदपेक्षया यथासंभवममी अतिचारा दृश्या:, तत्र च भोजनतस्तावदाह- 'सच्चित्तम्' इत्यादि। 'सच्चित्तं' कन्दादि, इह च सर्वत्र निवृत्तिविषयी- कृतप्रवृत्तावप्यतिचाराभिधानं व्रतसापेक्षप्रवृत्तानाभोगादिनिबन्धप्रवृत्त्या दृश्यम्,**

अन्यथा भङ्ग एव स्यात् । तथा तन्निवृत्तिविषयीकृतं सचित्तं वर्जयतीति योगः १। प्रतिबद्धमिति सचित्तप्रतिबद्धं - वृक्षस्थगोन्दादि पक्वफलादि वा २ । 'अपउलिअ(अपउल) ' इति 'अपक्वं' कणिकादि संभवत्सचित्तावयम् ३। 'दुप्पउलिअ (दुप्पउल)' इति 'दुष्पक्वं अर्धस्विन्नप्रायं यवावपूलकादि ४। तुच्छं-यत्र बहुनाऽपि भक्षितेन न किञ्चित् तथाविधमाहारकार्यम्, संभवदवद्यं वाऽनिष्पन्नमुद्गफलादि ५। भक्षणशब्दः प्रत्येकमभिसंबध्यते, सचित्तभक्षणमित्यादि। 'वर्जयति' परिहरते 'कर्मतोऽपि च' कर्माश्रित्य पुनः 'अत्र' द्वितीयगुणव्रतेऽङ्गारकर्मादि वर्जयतीति योगः। कर्मतो हि द्वितीयगुणव्रते पञ्चदशातिचारा भवन्ति । तदुक्तम्- ''इंगाले १ वण २ साडी ३ भाडी४ फोडीसु ५ वज्जए कम्मं। वाणिज्जं चेव य दंत १ लक्ख २ रस३ केस ४ विसविसयं ५ ॥१॥ एवं खु जंतपीलणकम्मं १ निल्लंछणं २ च दवदाणं ३ सरदहतलायसोसं ४ असईपोसं च वज्जेज्जा ॥२॥ [श्राद्धप्रति० गा०२१-२२]'' भावार्थस्तु वृद्धसंप्रदायादवसेयः, स चायम्-

''इंगालकम्मं ति इंगाले डहिउं विक्किणइ, तत्थ छण्हं कायाण वहो, तं न कप्पइ। वणकम्मं जो वणं किणइ, पच्छा रुक्खे छिंदिउं मोल्लेण जीवइ, एवं पत्तगाइ पडिसिद्धा होंति। सागडिकम्मं सागडिअत्तणेण जीवइ, तत्थ बंधवहाइ दोसा। भाडीकम्मं सएणं भंडोवक्खरेणं भाडएणं वहइ, परायगं न कप्पइ, अण्णेस्सिं वा सगडं बलद्दे अ देइ, एवमाइ काउं न कप्पइ।फोडीकम्मं उडत्तणं हलेण वा भूमीए फोडणं । दंतवाणिज्जं पुव्विं चेव पुलिंदाणं मुल्लं देइ, दंते देज्जाह त्ति, पच्छा पुलिंदा हत्थिं घाएंति, अचिरा सो वाणिअओ एइ त्ति काउं, एवं कम्मगराणं संखमुल्लं देइ, पुव्वाणिअं किणइ। लक्खवाणिज्जं लक्ख-वाणिज्जे वि एए चेव दोसा, तत्थ किमिआ होंति। रसवाणिज्जं कल्लवालत्तणं, तत्थ सुराइ अणेगे दोसा मारणआक्कोसवहाइ जम्हा तम्हा न कप्पइ । केसवाणिज्जं दासीओ गहाय अण्णत्थ विक्किणइ जत्थ अग्घंति, एत्थ वि अणेगे दोसा परवसत्तादओ। विसवाणिज्जं विसविक्कओ सो न कप्पइ, तेण बहूण जीवाण विराहणा। जंतपीलणकम्मं तेल्लिअजंतं उच्छुजंतं च, तक्कम्माई य न कप्पइ। निल्लंछणकम्मं वद्धेउं गोणाइ न कप्पइ। दवग्गिदावणयाकम्मं वणदवं देइ खेत्तरक्खणनिमित्तं जहा उत्तरावहे, पच्छा दड्ढे तरुणगं तणं उट्ठेइ, तत्थ सत्ताणं सयसहस्साण वहो। सरदहतलागपरिसोसणया सरदहतलागाईणि सोसेइ, पच्छा वाविज्जइ, एवं न कप्पइ । असईपोस त्ति जहा गोल्लविसए जोणीपोसणगा दासीण तणिअं भाडिं गेण्हंति।'' [ ] प्रदर्शनं चैतद् बहुसावद्यानां कर्मणामेवंजातीयानाम्, न पुनः परिगणनमिति ॥ इह चैवं विंशतिसंख्यातिचाराभिधानमन्यत्रापि पञ्चातिचार-संख्यया तज्जातीयानां व्रतपरिणामकालुष्यनिबन्धनविधीनामपरेषां संग्रहो द्रष्टव्य इति ज्ञापनार्थम्, तेन स्मृत्यन्तर्धानादयो यथासंभवं सर्वव्रतेष्वतिचारा दृश्याः। कृतं प्रसङ्गेन। इति गाथार्थः ॥९२॥

**બંને પ્રકારના ઉપભોગ-પરિભોગવ્રતમાં અતિચારો કહે છે :-**

શ્રાવક ઉપભોગ-પરિભોગવ્રતમાં જે સચિત્તનો ત્યાગ કર્યો હોય તે સચિત્ત, સચિત્તપ્રતિબદ્ધ, અપક્વ, દુષ્પક્વ અને તુચ્છ એ પાંચના ભક્ષણનો ત્યાગ કરે છે, તથા કર્મસંબંધી અંગારકર્મ આદિ પંદર અતિચારોનો ત્યાગ કરે છે.

શ્રાવકે મુખ્યતયા ભોજનમાં અચિત્ત આહાર લેવો જોઈએ અને કર્મમાં (= ધંધામાં) અલ્પપાપવાળો ધંધો કરવો જોઈએ. આ દૃષ્ટિએ ભોજનમાં પાંચ અને કર્મમાં પંદર અતિચારો છે.

(૧) **સચિત્ત આહાર:**- સચિત્ત એટલે જીવ સહિત. કંદ વગેરે સચિત્ત વસ્તુ વાપરવાથી અતિચાર લાગે.

**પ્રશ્ન:** સચિત્તત્યાગી સચિત્ત આહાર કરે તો નિયમ ભંગજ થાય. તો અહીં તેને અતિચાર કેમ કહ્યો? **ઉત્તર:**- સહસા, અનુપયોગ કે અતિક્રમ આદિથી સચિત્ત આહાર કરે તો વ્રતસાપેક્ષ હોવાથી અતિચાર ગણાય. જો જાણી જોઈને સચિત્ત આહાર કરે તો વ્રતનો ભંગજ થાય. આ સમાધાન, હવે કહેવામાં આવશે તે સચિત્ત સંબદ્ધ આદિ ચાર અતિચારો વિષે પણ સમજવું.

(૨) **સચિત્તસંબદ્ધ આહાર :**- સચિત્ત વસ્તુ સાથે જોડાયેલી અચિત્ત વસ્તુ સચિત્ત સંબદ્ધ કહેવાય. જેમ કે- સચિત્ત વૃક્ષમાં રહેલ અચિત્ત ગુંદર, પાકાં ફળો વગેરે. (પાકાં ફળોમાં બીજ સચિત્ત છે, અને ગર્ભ વગેરે અચિત્ત છે.) આવી વસ્તુ અનાભોગ આદિથી વાપરે તો અતિચાર લાગે.

(૩) **અપક્વ:**- સચિત્ત અવયવોનો સંભવ હોવા છતાં આ તો પીલાઈ ગયેલું કે ખંડાઈ ગયેલું હોવાથી અચિત્ત છે એમ માનીને કાચી કણિક વગેરે વાપરે તો અતિચાર લાગે.

(૪) **દુષ્પક્વ:**- બરોબર નહિ પકાવેલો આહાર દુષ્પક્વ કહેવાય. અર્ધા રંધાયેલા જેવા જવ 卐 વગેરે દુષ્પક્વ છે.

(૫) **તુચ્છ:**- ઘણું ખાવા છતાં તેવા પ્રકારનું આહારકાર્ય જરાય ન થાય, અર્થાત્ પેટ ન ભરાય, તેવો આહાર તુચ્છ છે. અથવા જેમાં દોષની સંભાવના છે એવી અને જેમાં દાણા બરોબર બંધાયા નથી તેવી કોમળ મગની શિંગો વગેરે તુચ્છ આહાર છે.

બીજા ગુણવ્રતમાં કર્મસંબંધી પંદર અતિચારો થાય છે. કહ્યું છે કે- અંગારકર્મ, વનકર્મ, શકટકર્મ, ભાટકકર્મ, સ્ફોટકકર્મ, (૧-૫), દંતવાણિજ્ય, લાક્ષાવાણિજ્ય, રસવાણિજ્ય, વિષવાણિજ્ય, કેશવાણિજ્ય (૬-૧૦), યંત્રપીલ્લણ, નિર્લાંછન, દવદાન, જલશોષણ અને

卐 जवावपूलकादि એ સ્થળે अवपूलक એટલે એક પ્રકારનું તુચ્છ ધાન્ય.

અસતી પોષણ (૧૧-૧૫) નો શ્રાવક ત્યાગ કરે. આ અતિચારોનો ભાવાર્થ વૃદ્ધસંપ્રદાયથી જાણવો. તે ભાવાર્થ આ પ્રમાણે છે:-

(૧) **અંગારકર્મ:-** લાકડા બાળીને કોલસા બનાવવા અને વેચવા તે અંગારકર્મ. તથા અગ્નિની અને અગ્નિદ્વારા બીજા જીવોની પણ જેમાં વિરાધના થાય તે ભઠ્ઠી વગેરે પણ અંગારકર્મ છે. તેમાં છ નિકાયના જીવોની હિંસા થતી હોવાથી શ્રાવકને ન કલ્પે.

(૨) **વનકર્મ:-** વનને વેચાતું લઈને તેમાં રહેલાં વૃક્ષો, પાંદડાં, ફળ વગેરે કાપીને વેચવા દ્વારા આજીવિકા ચલાવવી તે વનકર્મ. હિંસાનું કારણ હોવાથી આ વ્યવસાય પણ શ્રાવકને ન કલ્પે.

(૩) **શકટકર્મ:-** ગાડું વગેરે ચલાવીને જીવન નિર્વાહ કરવો તે શકટકર્મ. આમાં બળદ આદિને બાંધવા પડે, મારવા પડે વગેરે અનેક દોષો લાગે. ગાડું વગેરે તથા તેના પૈડા વગેરે અવયવો સ્વયં તૈયાર કરવા કે વેચવા એ પણ શકટકર્મ છે.

(૪) **ભાટક કર્મ:-** પોતાના ગાડા વગેરેમાં બીજાનો માલ ભાડાથી લઈ જવો અથવા ગાડું અને બળદો બીજાને ભાડે આપવાં તે ભાટકકર્મ. શ્રાવકને બીજાઓના માલ સામાનની હેરા-ફેરી કરીને ભાડાથી કમાણી કરવી ઉચિત નથી.

(૫) **સ્ફોટક કર્મ:-** વાવ, તળાવ વગેરે બનાવવા પૃથ્વીને ખોદવી-ફોડવી, અથવા હળથી ભૂમિ ખેડવી તે સ્ફોટકકર્મ. જેમાં પૃથ્વીકાયની અને તેના દ્વારા વનસ્પતિકાય વગેરે જીવોની હિંસા થાય તેવા પથ્થરો ફોડવા વગેરે કાર્યો પણ સ્ફોટક કર્મ છે.

(૬) **દંતવાણિજ્ય:-** પ્રાણીના દાંત વગેરે અંગોનો વેપાર કરવો તે દંતવાણિજ્ય. જે લોકો (-ભીલ વગેરે) પ્રાણીઓના દાંત વગેરે અંગો એકઠાં કરતા હોય તેમની પાસેથી દાંત વગેરે ખરીદવાથી અતિચાર લાગે. દાંત વગેરે અંગોને એકઠાં કરનારા ભીલ વગેરેને પહેલેથીજ પૈસા આપીને અમુક સમયે હું માલ લેવા આવીશ એમ કહેવાથી વેપારી જલદી માલ લેવા આવશે એમ વિચારીને તે લોકો હાથી વગેરે પ્રાણીઓને મારીને દાંત વગેરે તૈયાર રાખે તથા તૈયાર રાખેલા માલને લેવાથી તેઓ જીવોનો વધ કરીને નવો માલ મેળવવા મહેનત કરે. આથી દાંત વગેરેના મૂળ ઉત્પાદકો-સંગ્રાહકો પાસેથી માલ લેવાથી આ અતિચાર લાગે. (પણ વેપારી પાસેથી લેવાથી અતિચાર ન લાગે.) એવી રીતે શંખ લાવવાનું કામ કરનારાઓને પહેલેથી શંખનું મૂલ્ય આપે વગેરેમાં પણ દોષ લાગે.

(૭) **લાક્ષાવાણિજ્ય:-** લાક્ષા એટલે લાખ. લાખના રસમાં કીડા ઉત્પન્ન થતા હોવાથી શ્રાવકે તેનો વેપાર નહિ કરવો જોઈએ. લાખના ઉપલક્ષણથી જેમાં બહુ હિંસા થાય તેવી મનઃશીલ, ગળી, ધાવડી, ટંકણખાર વગેરેનો વ્યાપાર પણ ન કરવો જોઈએ. ટંકણખાર

અને મન:શીલ ત્રસજીવોના ઘાતક છે. ગળી બનાવવામાં અનેક જીવોની હિંસા થાય છે. ધાવડીના પાંદડાં, ફૂલો વગેરેમાંથી દારૂ બને છે, તેના રસમાં કીડા ઉત્પન્ન થાય છે. આથી આ વસ્તુઓનો વેપાર પાપનું ઘર છે.

(૮) **રસવાણિજ્ય:-** માખણ, ચરબી, મધ, દારૂ વગેરે રસોનો વેપાર રસવાણિજ્ય છે. માખણ છાશથી છૂટું પડતાં તેમાં અંતર્મુહૂર્તમાં જ અસંખ્ય સંમૂર્છિમ જીવો ઉત્પન્ન થાય છે. મધ અને ચરબી જીવહિંસાથી ઉત્પન્ન થાય છે. દારૂ નશો કરે છે. આથી દારૂ પીધેલા લોકો બીજાને મારી નાખે છે કે બીજાઓ સાથે મારામારી, ક્લેશ-કંકાસ આદિ કરે છે. આથી દારૂથી અનેક અનર્થો થાય છે.

(૯) **કેશવાણિજ્ય:-** અહીં કેશ શબ્દથી કેશવાળા જીવો સમજવા. કેશવાળા દાસ, દાસી, ગુલામ, ગાય, બળદ, હાથી, ઘોડા વગેરે જીવોનો વેપાર તે કેશવાણિજ્ય છે. આનાથી તે તે જીવોને પરાધીનતા, માર, બંધન, ક્ષુધા, તૃષા, પરિશ્રમ વગેરે અનેક દુ:ખો થતા હોવાથી કેશવાણિજ્ય ત્યાજ્ય છે.

(૧૦) **વિષવાણિજ્ય:-** કોઈ પણ જાતના ઝેરનો વેપાર વિષવાણિજ્ય છે. ઝેર અનેક જીવોના પ્રાણનાશનું કારણ છે. ઝેરના ઉપલક્ષણથી હિંસક શસ્ત્રોનો વેપાર પણ વિષવાણિજ્ય છે.

(૧૧) **યંત્રપીલન :-** તલ, શેલડી આંદિ પીલવાનાં યંત્રોથી તલ, શેલડી આદિ પીલવું. તલ આદિ પીલવાથી તલ આદિના જીવોનો અને તેમાં પડેલા ત્રસ જીવોનો ઘાત થાય છે.

(૧૨) **નિર્લાંછન કર્મ :-** ગાય વગેરે પ્રાણીઓના શરીરનાં અંગો છેદવાનો ધંધો તે નિર્લાંછન કર્મ. જેમકે કાન વીંધવા, શરીરે ચિહ્નો કરવાં, ખસી કરવી, ડામ દેવો વગેરે. આમ કરવાથી તે તે જીવોને દુ:ખ થાય છે એ સ્પષ્ટ જોવામાં આવે છે.

(૧૩) **દવદાન:-** ખેતરની રક્ષા માટે વનને બાળવું તે દવદાન. ઉત્તરાપથમાં લોકો ખેતરની રક્ષા માટે દવદાન કરે છે. જૂનું ઘાસ બાળી નાખવાથી ત્યાં નવું ઘાસ ઊગે એ બુદ્ધિથી કે ધર્મબુદ્ધિથી★ (કે બીજા કોઈ કારણથી) દવદાન કરવું એ પાપ છે. તેમ કરવાથી અગ્નિના જીવોની વિરાધના થાય અને બીજા લાખો જીવો અગ્નિમાં બળીને મરી જાય છે.

(૧૪) **જલશોષણ:-** ધાન્ય વાવવા માટે (કે બીજા કોઈ કારણથી) તળાવ વગેરેનું પાણી સૂકવી દેવું તે જલશોષણ. આમ કરવાથી પાણીના જીવોનો અને પાણીમાં રહેલા જીવોનો નાશ થાય.

★ કેટલાક અજ્ઞાન જીવો દવદાનથી પુણ્ય થાય એવું માનનારા હોય છે.

(૧૫) **અસતીપોષણ:**- પૈસા કમાવવા માટે દુરાચારિણી દાસી, વેશ્યા વગેરેનું પોષણ કરવું. જેમકે- ગોલ્લદેશમાં યોનિપોષકો (= દુરાચાર કરાવવા દ્વારા પોતાની આજીવિકા ચલાવનારાઓ) દાસીઓનું ઘણું ભાડું લે છે. તથા હિંસક મેના, પોપટ, બિલાડી, શ્વાન, કુકડો, મોર વગેરે પ્રાણીઓનું પોષણ કરવું તે પણ અસતીપોષણ છે. આમ કરવાથી દુરાચાર અને હિંસાદિ પાપોનું પોષણ થાય છે.卐

કર્મસંબંધી અતિચારો પંદર જ છે એવું નથી. અહીં બતાવેલા પંદર અતિચારો દિશાસૂચનમાત્ર છે. આથી બીજાં પણ આવાં બહુ પાપવાળાં કાર્યો અતિચાર તરીકે સમજી લેવા.

**પ્રશ્ન:**- દરેક વ્રતમાં પાંચ પાંચ અતિચાર કહ્યા છે. જ્યારે આ વ્રતમાં વીસ અતિચાર કહ્યા છે. આનું શું કારણ? **ઉત્તર:**- દરેક વ્રતમાં જણાવેલ અતિચારોની પાંચ સંખ્યાથી બીજા પણ વ્રતના પરિણામને મલિન બનાવનારા દોષો અતિચાર રૂપ છે, એમ સમજી લેવું એ સૂચન કરવા અહીં વીશ અતિચારો જણાવ્યા છે. આથી દરેક વ્રતમાં સ્મૃતિ અંતર્ધાન (લીધેલું વ્રત ભૂલી જવું) વગેરે અતિચારો પણ યથાસંભવ જાણી લેવા. [૯૨]

उक्तं सातिचारं द्वितीयं गुणव्रतम्। इदानीं तृतीयमाह-

**तहऽणत्थदंडविरई, अन्नं स चउव्विहो अवज्झाणे।**
**पमयायरिए हिंसप्पयाण पावोवएसे य ॥९३॥**

**[तथाऽनर्थदण्डविरतिरन्यत् स चतुर्विधोऽपध्याने।**
**प्रमादाचरिते हिंसाप्रदाने पापोपदेशे च ॥९३॥]**

**"तह" गाहा व्याख्या-'तथा' तेनैव प्रकारेण "गुरुमूले" इत्यादिना निर्दिष्टेन 'अनर्थदण्डविरतिः' इति अर्थः- प्रयोजनम्, न विद्यतेऽर्थो यस्मिन् सोऽनर्थः, दण्ड्यते आत्माऽनेनेति दण्डः- निग्रहः, अनर्थश्चासौ दण्डश्चानर्थदण्डः- इहलोकप्रयोजनमप्यङ्गीकृत्य निष्प्रयोजनभूतोपमर्देनाऽत्मनो निग्रह इत्यर्थः,तस्य विरतिः- उपरमः 'अन्यत्' अपरं तृतीयं गुणव्रतमिति हृदयम् । स चानर्थदण्डः 'चतुर्विधः' चतुष्प्रकारः । तदाह-"अपध्याने" निष्प्रयोजनदुष्टध्यानविषय इत्यर्थः। तदुक्तम्- "कइया वच्चइ सत्थो ?, किं भंडं ? कत्थ केत्तीआ भूमी ? । को कयविक्कयकालो?, निव्विसई किं कहिं केण?॥१॥"[ ] इत्यादि। प्रमादाचरिते' इति मद्यादिः प्रमादः तदाचरितविषयः। अनर्थदण्डत्व चास्योक्त-**

卐 અહીં પંદર કર્માદાનના વર્ણનમાં યોગશાસ્ત્રના આધારે કંઈક વિસ્તૃત લખ્યું છે.

शब्दार्थद्वारेण स्वबुद्ध्या दृश्यम्। हिंसेति- हिंसाहेतुत्वादायुधानलविषादयो हिंसेत्युच्यन्ते, कारणे कार्योपचारात्; तेषां प्रदाने- अन्यस्मै तत्समर्पणे। 'पापोपदेशे च' सूचनात्सूत्रमिति 'पापकर्मोपदेशे' कृष्याद्युपदिशने । तदुक्तम्- ''खेत्ते खडेह गोणे, दमेह एमाइ सावयजणस्स। 卐 उवदिसिउं णो कप्पइ, जाणिअजिणवयणसारस्स।।१।।'' [ ] 'च' समुच्चये। एवं चतुर्विधोऽनर्थदण्डः। इति गाथार्थः।।९३।।

**અતિચાર સહિત બીજું ગુણવ્રત કહ્યું. હવે ત્રીજું ગુણવ્રત કહે છેઃ-**

**ત્રીજું ગુણવ્રત :-**

ત્રીજું ગુણવ્રત અનર્થદંડ વિરતિ છે. અનર્થદંડના અપધ્યાન, પ્રમાદાચરણ, હિંસાપ્રદાન અને પાપોપદેશ એમ ચાર ભેદ છે.

જેનાથી આત્મા દંડાય તે દંડ. જીવહિંસાદિ પાપથી આત્મા દંડાય છે માટે જીવહિંસાદિ પાપ દંડ છે. દંડના અર્થદંડ અને અનર્થદંડ એમ બે પ્રકાર છે. અર્થ એટલે કારણ. અનર્થ એટલે કારણ વિના. કુટુંબપોષણ તથા સ્વજીવન નિર્વાહ આદિ કારણથી જે પાપો કરવા પડે તે અર્થદંડ. કારણ વિના જે પાપો થાય તે અનર્થદંડ. અહીં બતાવેલા અશુભધ્યાન વગેરે ચાર પાપોની જીવનનિર્વાહમાં જરૂર પડતી નથી, એ પાપો વિના જીવનનિર્વાહ થઈ શકે છે. આથી અશુભધ્યાન વગેરે અનર્થ દંડ છે. અપધ્યાન આદિનો અર્થ આ પ્રમાણે છેઃ-

(૧) **અપધ્યાનઃ**- નિરર્થક અશુભ વિચારો કરવા તે અપધ્યાન. જેમ કે -''સાર્થ ક્યારે જાય છે? ક્યાં કયું કરિયાણું છે? અમુક જમીન કેટલી છે? ખરીદ-વેચાણનો કાળ ક્યો છે? આમ નિરર્થક કોણે ક્યાં શું કર્યું? એવી વિચારણા અપધ્યાન છે."

(૨) **પ્રમાદાચરણઃ**- પ્રમાદના મદ્ય, વિષય, કષાય, નિદ્રા અને વિકથા એમ પાંચ ભેદ છે. પ્રમાદને આધીન બની જે કાર્ય કરવામાં આવે તે પ્રમદાચરણ કહેવાય. (આળસથી બરોબર કામ ન કરવું એ પ્રમાદાચરણ છે. જેમકે - તેલ અને ઘીનાં વાસણો ઉઘાડાં રાખવાં. આવા પ્રમાદથી નિરર્થક જીવહિંસા વગેરે પાપ બંધાય છે.)

(૩) **હિંસાપ્રદાનઃ**- જેનાથી હિંસા થાય તેવી હથિયાર, અગ્નિ,વિષ વગેરે વસ્તુ બીજાને આપવી. હથિયાર વગેરે હિંસા નથી, હિંસાનાં સાધનો છે. આમ છતાં અહીં કારણમાં કાર્યના ઉપચારથી હથિયાર વગેરેને પણ હિંસા કહેલ છે.

(૪) **પાપોપદેશ :**- ખેતીનો સમય થઈ ગયો છે માટે તમે ખેતી શરૂ કરો વગેરે રીતે બીજાને પાપકાર્યનો ઉપદેશ આપીને પાપમાં પ્રવર્તાવવો. કહ્યું છે કે- ''**જેણે**

卐 '' उद्दिसिउं '' ब।

જિનવચનનો સાર જાણ્યો છે એવા શ્રાવકને ખેતરોને ખેડો, બળદોનું દમન કરો ઈત્યાદિ ઉપદેશ આપવો ન કલ્પે." [૯૩]

अत्रातिचारानाह-

**कंदप्पं कुक्कुइयं, मोहरियं संजुयाहिगरणं च ।**
**उवभोगपरीभोगाइरेगयं चेत्थ वज्जेइ ।।९४।।**

[कन्दर्पं कौकुच्यं मौखर्यं संयुताधिकरणं च ।
उपभोगपरिभोगातिरेकतां चात्र वर्जयति ।।९४।।]

''कंदप्पं'' गाहा व्याख्या- कन्दर्पं कौकुच्यं मौखर्यं संयुताधिकरणं चोपभोगपरिभोगातिरेकतां चाऽत्र वर्जयतीति पदघटना। कन्दर्पः- कामः तद्धेतुर्विशिष्टो वाक्प्रयोगोऽपि कन्दर्प उच्यते, मोहोद्दीपकं वा नर्मेति भावः१। इह च सामायारी- ''सावगस्स अट्टट्टहासो न वट्टइ । जइ नाम हसिअव्वं तो ईसिं चेव विहसिअव्वं '' [ ] इति।

कौकुच्यं - कुत्सितसंकोचनादिक्रियायुक्तः कुकुचः, तद्भावः कौकुच्यम्; अनेकप्रकारा मुखनयनौष्ठकरचरणभ्रूविकारपूर्विका परिहासादिजनिता भाण्डानामिव विडम्बनक्रियेत्यर्थ २। एत्थ सामायारी -''तारिसाणि भणिउं न कप्पंति जारिसेहिं लोगस्स हासो उप्पज्जइ। एवं गईए ठाणेण वा ठाइउं ''[ ] इति । मौखर्यं- धाष्टर्यप्रायमसंबद्धप्रलापित्वमुच्यते ३। ''मुहेण वा अरिमाणेइ, जहा कुमारामच्चेण सो चारभडो विसज्जिओ, रण्णो निवेइयं, ताए जीवियाए वित्ती दिण्णा, अण्णया रुट्ठेण मारिओ कुमारामच्चे ।'' [ ]'संजुत्ताहिगरणं' अधिक्रियते नरकादिष्वनेनेत्यधिकरणं वास्युदूखलशिलापुत्रगोधूमयन्त्रकादि, संयुक्तं- अर्थक्रियाकरणयोग्यम्, संयुक्तं च तदधिकरणं चेति समासः ४। तत्थ सामायारी- ''सावगेण न संजुत्ताणि चेव सगडाईणि धरेअव्वाणि, एवं वासीपरसुमाईविभासा । ''[ ] 'उवभोगपरिभोगाइरेगयं ' ति उपभोगपरिभोगशब्दार्थो निरूपित एव, तदतिरेकता-तदाधिक्यम् ५, एत्थ वि सामायारी-''उवभोगाइरित्तं जइ तेल्लामलए बहु गिण्हइ तो बहुगा ण्हायगा वच्चंति, तस्स लोलिआए अण्णे वि ण्हायगा वच्चंति, पच्छा पूतरआउक्कायवहो । एवं पुप्फतंबोलमाइविभासा। एवं नवट्टइ। का विही सावगस्स उवभोगे ण्हाणे? घरे ण्हाइयव्वं, नत्थि ताहे तेल्लामलएहिं सीसं घंसित्ता सव्वे साडिऊणं तलागादीणं तडे निविट्ठो अंजलिहिं ण्हाइ। एवं जेसु अ पुप्फेसु कुंथुमाइ ताणि य परिहरति''।।९४।।

**ત્રીજાં ગુણવ્રતમાં અતિચારો કહે છે:-**

શ્રાવક ત્રીજા ગુણવ્રતમાં કંદર્પ, કૌકુચ્ય, મૌખર્ય, સંયુક્તાધિકરણ અને ઉપભોગ-પરિભોગાતિરેકતા એ પાંચ અતિચારોનો ત્યાગ કરે છે.

(૧) **કંદર્પ:-** કંદર્પ એટલે કામ. કામનો હેતુ બને એવો વિશિષ્ટ વાણીનો પ્રયોગ પણ કંદર્પ કહેવાય છે. અથવા મોહને પ્રદીપ્ત કરે એવી હાંસી-મશ્કરી કંદર્પ છે. અહીં સામાચારી આ પ્રમાણે છે:- **"શ્રાવકે અટ્ટહાસ્ય ન કરવું જોઈએ = જોરથી ખડખડાટ હસવું ન જોઈએ. હસવું હોય (= હસવું આવી જાય) તો સામાન્યથી મોઢું મલકે તેમ હસવું જોઈએ."**

(૨) **કૌકુચ્ય:-** શરીરના અંગોને અનુચિત રીતે સંકોચવા વગેરે ક્રિયાથી યુક્ત જીવ કુકુચ છે. કુકુચનો ભાવ તે કૌકુચ્ય. અર્થાત્ મુખ, આંખો, હોઠ, હાથ, પગ અને ભવાંના વિકારવાળી અને હાંસી-મશ્કરી આદિથી કરેલી ભાંડના જેવી નિરર્થક ચેષ્ટા તે કૌકુચ્ય છે. અહીં સામાચારી આ પ્રમાણે છે- **"જેનાથી લોકોને હસવું આવે તેવાં વચનો બોલવા કે તેવી બેસવા ઊઠવાની અને ચાલવાની ક્રિયા કરવી એ શ્રાવકને ન કલ્પે."**

(૩) **મૌખર્ય:-** ધિઠાઈ સમાન સંબંધરહિત પ્રલાપ કરવો તે મૌખર્ય.卐

(૪) **સંયુક્તાધિકરણ:-** જેનાથી આત્મા નરકાદિમાં જોડાય તે અધિકરણ. કુહાડો, ખાંડણિયું, વાટવાનો પથ્થર અને ઘંટી વગેરે (હિંસાદ્વારા દુર્ગતિનું કારણ હોવાથી) અધિકરણ છે. સંયુક્ત એટલે જોડેલું. 卐 હિંસક સાધનોને ગોઠવીને (જોડેલાં) તૈયાર રાખવા તે સંયુક્ત અધિકરણ છે. અહીં સામચારી આ પ્રમાણે છે :- **શ્રાવકે ગાડું વગેરે સાધનોને જોડેલાં તૈયાર ન રાખવા જોઈએ.** એ પ્રમાણે કુહાડો, વાંસલો વગેરેમાં પણ જાણવું.

**ઉપભોગ - પરિભોગાતિરેકતા:-** ઉપભોગ અને પરિભોગ શબ્દનો અર્થ પહેલાં કહેલો જ છે. ઉપભોગ-પરિભોગની અધિકતા તે ઉપભોગ-પરિભોગાતિરેકતા. **અહીં પણ સામાચારી આ પ્રમાણે છે:-** શ્રાવક તેલ-આમળાં (-સાબુ) ઘણાં લે તો તેના લોભથી ઘણા સ્નાન કરવા

---

卐 અહીં ટીકામાં मुहेण वा......... ઈત્યાદિથી મૌખર્યના કારણે થતા અનર્થને જણાવતો એક પ્રસંગ ટૂંકમાં જણાવ્યો છે. તે પ્રસંગ ખ્યાલમાં ન હોવાથી ભાવાનુવાદમાં તેનો અર્થ લખ્યો નથી.

卐 સાધનો ગોઠવીને (= જોડેલાં) તૈયાર હોય તો પોતાનું કાર્ય કરી શકે, છૂટા નહિ. જેમકે ગાડા સાથે ધોંસરી જોડેલી હોય તો જ ગાડું સ્વકાર્ય કરી શકે. આથી ટીકામાં 'अर्थक्रियाकरणयोग्यं'નો તાત્પર્યાર્થ જોડેલું એવો છે. અર્થ એટલે પદાર્થ-વસ્તુ. ક્રિયા એટલે કાર્ય, દા.ત. ઘટરૂપ પદાર્થની ક્રિયા = કાર્ય જલાનયન છે. કરણયોગ્ય એટલે કરવા માટે યોગ્ય. ગાડાનું જે કાર્ય છે તે કાર્ય કરવા ગાડું ત્યારે જ યોગ્ય બને કે જ્યારે ગાડું ધોંસરી વગેરેથી યુક્ત હોય. આમ अर्थक्रिया-करणयोग्यं નો ભાવાર્થ જોડેલું થાય.

તળાવ આદિ સ્થળે જાય. તેથી પાણીના જીવોની અને તેમાં રહેલા પોરા વગેરે જીવોની અધિક વિરાધના થાય. એ પ્રમાણે પુષ્પ, તંબોલપાન આદિ વિષે પણ સમજવું. આથી શ્રાવકે તેવી સામગ્રી જરૂરીયાત કરતાં વધારે નહિ લેવી જોઈએ.

**પ્રશ્નઃ-** શ્રાવકને સ્નાન કરવાનો વિધિ શો છે? **ઉત્તરઃ-** મુખ્યતયા શ્રાવકે ઘરે જ સ્નાન કરવું જોઈએ. ઘરે સ્નાન કરવાની અનુકૂળતા ન હોય તો ઘરે તેલ-આમળાથી માથું ઘસીને માથા ઉપરથી તેલ-આમળાં ખંખેરીને તળાવ વગેરે સ્થળે જાય ત્યાં તળાવ આદિના કિનારે બેસીને અંજલિથી (ખોબા ભરીને) સ્નાન કરે. (અર્થાત્ તળાવ આદિમાં પ્રવેશીને સ્નાન ન કરે તથા બહુ પાણી ન વાપરે.) તથા જેમાં કુંથુંઆ વગેરે જીવો હોય તેવાં પુષ્પો વગેરેનો ઉપયોગ નહિ કરવો જોઈએ. [૯૪]

उक्तं सातिचारं तृतीयं गुणव्रतम्। तदुक्तौ चोक्तानि गुणव्रतानि। अधुना शिक्षाव्रतान्युच्यन्ते, तत्र शिक्षा-अभ्यासस्तत्प्रधानानि व्रतानि शिक्षाव्रतानि पुनः पुनरासेवनार्हाणीत्यर्थः। तानि च सामायिकादीनि चत्वारि, तत्र तावत् सामायिकमाह-

**सिक्कवयं तु एत्थं, सामाइय मो तयं तु विण्णेयं।**
**सावज्जेयरजोगाण, वज्जणासेवणारूवं ॥९५॥**

**[शिक्षाव्रतं त्वत्र, सामायिकं तत्तु विज्ञेयम्।**
**सावद्येतरयोगानां, वर्जनासेवनारूपम्॥९५॥]**

**''सिक्खा'' गाहा व्याख्या- शिक्षा-परमपदप्रापिका क्रिया, तत्प्रधानं व्रतं शिक्षाव्रतं 'अत्र' श्रावकधर्मे 'सामायिकम्' इति समः- रागद्वेषवियुक्तः, आयः - लाभः, समस्यायः समायः, समो हि प्रतिक्षणमपूर्वैर्ज्ञानदर्शनचारित्रपर्यायैर्निरुपमसुखहेतुभिरधःकृतचिन्तामणिकल्पद्रुमैर्युज्यते, स एव समायः प्रयोजनमस्य क्रियानुष्ठानस्येति प्रयोजन इति, किम्? सामायिकम्, प्राकृतत्वात्सुप्लुका निर्देशः 'मो' निपातः पादपूरणे। 'तत्तु' सामायिकं पुनः 'सावद्येतरयोगानां' सपापधर्मव्यापाराणां यथासंख्यं वर्जनासेवनास्वरूपं कालावधिनेति गम्यते। तस्मिन् गृहीते आरम्भादिपरिहारः स्वाध्यायादिविधिश्च विधेयः। इह सावद्ययोगवर्जनवदनवद्ययोगाऽऽसेवनमप्यहनिशं कर्तव्यमिति ज्ञापनार्थमुभयोपादानम्। एत्थ पुण सामायारी-''सामाइयं सावएण कहिं कायव्वं ति?, इह सावगो दुविहो, इड्ढीपत्तो अ अणिड्ढिपत्तो अ। जो सो अणिड्ढिपत्तो**

सो चेइयघरे साहुसमीवे करेइ, घरे वा पोसहसालाए वा । जत्थ वा वीसमइ अच्छइ वा निव्वावारो सव्वत्थ करेइ । सव्वं चउसु वि ठाणेसु नियमा कायव्वं-चेइयघरे साहुसमीवे पोसहसालाए घरे आवासगं करेंति त्ति । तत्थ जइ साहुसगासे करेइ तत्थ का विहि ? जइ परंपरभयं नत्थि, जइ वि अ केणइ समं विवाओ नत्थि, जइ कस्सइ न धरेइ, मा तेण अंछवियंछी कज्जिहि, जइ धारणगं दट्ठूणं न गिण्हइ मा भज्जिहि, जइ य वावारं न करेइ ताहे घरे चेव सामाइयं काऊणं वच्चइ । पंचसमिओ तिगुत्तो इरियादुवउत्तो, जहा साहू, भासाए सावज्जं परिहरेंतो, एसणाए कट्ठं वा लेट्ठुगं वा पडिलेहिउं पमज्जिउं, एवं आयाणे निक्खेवे ए खेलसिंघाणए न विगिंचइ, विगिंचतो वा पडिलेहेइ पमज्जइ य, जत्थ चिट्ठति तत्थ वि गुत्तिनिरोहं करेइ। एयाए विहीए गंता तिविहेणं नमिऊण साहुणो पच्छा सामाइयं करेइ, करेमि भंते! सामाइयं सावज्जं जोगं पच्चक्खामि जाव साहू पज्जुवासामि दुविहं तिविहेणं ति काउं, पच्छा इरियावहियाए पडिक्कमइ । पच्छा आलोएत्ता वंदइ आयरिआइ जहारायणियाए, पुणो वि गुरुं वंदित्ता पडिलेहित्ता निविट्ठो पुच्छइ पढइ वा, एवं चेइएसु वि। जया सगिहे पोसहसालाए वा तत्थ नवरि गमणं नत्थि। जो इड्ढिपत्तो सो सव्विड्ढीए एइ, तेण जणस्स अत्था होइ, आढिआ साहुणो सुपुरिसपरिग्गहेणं । जइ सो कयसामाइओ एइ ताहे आसहत्थिमाई जणेण अहिगरणं न वट्टइ ताहे न करेइ, कयसामाइएण य पाएहिं आगंतव्वं तेण न करेइ। जइ सो सावओ तो न कोइ उट्ठेइ। अह अहाभद्दओ पूआ कया होउ त्ति भणंति ताहे पुव्वरइयं आसणं कीरइ, आयरिआ य उट्ठिआ अच्छंति, तत्थ उट्ठेंत -अणुट्ठेंते दोसा विभासियव्वा । पच्छा सो इड्ढिपत्तो सामाइयं करेइ अणेण विहिणा करेमि भंते ! सामाइयं सावज्जं जोगं पच्चक्खामि दुविहं तिविहेणं जाव नियमं पज्जुवासामि, इति । एवं सामाइयं काउं पडिक्कंतो वंदित्ता पुच्छइ। सो अ किर सामाइयं करेंतो मउडं अवणेइ, कुंडलाइं नाममुद्दं पुप्फं तंबोलं पावारगमाई वोसिरइ। एसो विही सामाइयस्स''[ ] ॥९५॥

અતિચાર સહિત ત્રીજું ગુણવ્રત કહ્યું. ત્રીજું ગુણવ્રત કહેવાઈ જતાં ત્રણે ગુણવ્રતો કહેવાઈ ગયાં. હવે શિક્ષાવ્રતો કહેવામાં આવે છે. તેમાં શિક્ષા એટલે અભ્યાસ (ઇં પ્રેક્ટીસ). અભ્યાસની પ્રધાનતાવાળા વ્રતો તે શિક્ષાવ્રતો, અર્થાત્ વારંવાર કરવા લાયક વ્રતો તે શિક્ષાવ્રતો. શિક્ષાવ્રતો સામાયિક વગેરે ચાર છે.

**તેમાં પહેલાં સામાયિક કહે છે :-**

**(૧) સામાયિક શિક્ષાવ્રતઃ** અમુક કાળ સુધી સાવદ્ય (= પાપવાળાં) કાર્યોનો ત્યાગ કરવો અને નિરવદ્ય (= ધર્મ) કાર્યો કરવાં તે અહીં સામાયિક શિક્ષાવ્રત છે. આથી સામાયિક લીધા પછી આરંભ વગેરેનો ત્યાગ કરવો જોઈએ અને સ્વાધ્યાય વગેરે કરવું જોઈએ. સાવદ્ય યોગના ત્યાગની જેમ નિરવદ્યયોગનું સેવન પણ દરરોજ કરવું જોઈએ એ જણાવવા માટે મૂળગાથામાં સાવદ્યયોગનો ત્યાગ અને નિરવદ્યયોગનું સેવન એ બંનેનો ઉલ્લેખ કર્યો છે. શિક્ષા એટલે પરમપદને પ્રાપ્ત કરાવનારી ક્રિયા. પરમપદને પ્રાપ્ત કરાવનારી ક્રિયાની પ્રધાનતાવાળું વ્રત તે શિક્ષાવ્રત. સમ એટલે રાગ-દ્વેષથી રહિત જીવ. સમને (= રાગ-દ્વેષથી રહિત જીવને) આય એટલે લાભ તે સમાય. સમ (= રાગ-દ્વેષથી રહિત) જીવને અનુપમ સુખના હેતુ, ચિંતામણી અને કલ્પવૃક્ષનો તિરસ્કાર કરનારા અને અપૂર્વ એવા જ્ઞાન-દર્શન-ચારિત્રના પર્યાયોનો પ્રતિક્ષણ યોગ (= લાભ) થાય છે. અર્થાત્ સમભાવવાળા જીવને ઉક્ત પ્રકારના જ્ઞાન-દર્શન-ચારિત્રના પર્યાયનો લાભ થાય તે સમાય છે. જે ક્રિયા કરવાનું પ્રયોજન સમાય છે તે સામાયિક. અહી પ્રયોજન અર્થમાં इकण् પ્રત્યય આવ્યો છે. समाय+इक = સામાયિક. અહીં ભાવાર્થ એ છે કે જ્ઞાન-દર્શન-ચારિત્રના લાભ માટે જે ક્રિયા કરવામાં આવે તે સામાયિક.

**અહીં સામાચારી આ પ્રમાણે છે:-** શ્રાવકના ધનાઢ્ય અને અલ્પધનવાળા એવા બે ભેદ છે. અલ્પ ધનવાળો શ્રાવક જિનમંદિરમાં, 卐 સાધુની પાસે, ઘરમાં, પૌષધશાળામાં કે પોતે જ્યાં શાંતિથી બેસતો હોય કે આરામ કરતો હોય તે બધા સ્થાનમાં સામાયિક કરે, પણ મુખ્યતયા જિનમંદિર, સાધુની પાસે, પૌષધશાળા અને ઘર એ ચાર સ્થાનોમાં સામાયિક કરે. તેમાં જો સાધુની પાસે સામાયિક કરે તો તેનો વિધિ આ પ્રમાણે છે:- જો શત્રુ આદિથી ભય ન હોય, કોઈની સાથે તકરાર ન હોય, કોઈનો દેવાદાર ન હોય જેથી તેની સાથે ખેંચતાણ ન કરે, દેવાદાર હોય પણ લેણદાર સામાયિકનો ભંગ ન થાય એટલા માટે પકડે તેવો ન હોય, રસ્તામાં વેપાર ન કરે, તો શ્રાવક ઘરે સામાયિક લઈને ગુરુની પાસે જાય. ગુરુની પાસે જતાં રસ્તામાં સાધુની જેમ ઈર્યાસમિતિનું પાલન કરે, સાવદ્યભાષાનો ત્યાગ કરે, કાષ્ઠ અને ઢેફાં વગેરે જરૂર પડે તો જોઈને પૂંજીને અને યાચીને લે, કોઈ વસ્તુ લેવા-મૂકવામાં નિરીક્ષણ કરીને પ્રમાર્જન કરે, રસ્તામાં શ્લેષ્મ, થૂંક વગેરે ન કાઢે. કાઢે તો

卐 પૂર્વકાળમાં જિનમંદિરની તદ્દન પાસે વ્યાખ્યાન આદિ માટે સભામંડપ રહેતો હતો. ત્યાં સામાયિક કરવાનો વિધિ છે. હાલ સભામંડપની પ્રથા ન હોવાથી તે વિધિ નથી.

જગ્યાને જોઈને-પ્રમાર્જીને કાઢે. જ્યાં ઊભો રહે ત્યાં પણ ગુપ્તિનું પાલન કરે.

આ રીતે સમિતિ-ગુપ્તિના પાલનપૂર્વક ગુરુની પાસે જઈને મન-વચન-કાયાથી સાધુઓને નમસ્કાર કરીને કરેમિ ભંતે સૂત્રનો પાઠ બોલીને સામાયિક કરે. પછી ઈરિયાવહી કરી ગમણાગમણે આલોવીને (= રસ્તામાં લાગેલા દોષોની આલોચના કરીને) આચાર્ય વગેરે બધા સાધુઓને દીક્ષાપર્યાયથી મોટાના ક્રમથી વંદન કરે. પછી ફરી ગુરુને વંદન કરીને બેસવાની જગ્યા પૂંજીને બેસે અને ગુરુને પ્રશ્નો પૂછે કે પાઠ કરે. જિનમંદિરમાં સામાયિક કરે તો પણ આ વિધિ સમજવો. પૌષધશાળામાં કે ઘરમાં સામાયિક કરે તો બીજે જવાનું ન હોય. (આથી ઘરેથી જવા વગેરેનો વિધિ પણ ન હોય.)

ધનાઢ્ય શ્રાવક સર્વ ઋદ્ધિ સાથે (આડંબરથી) ગુરુની પાસે સામાયિક કરવા જાય. તેથી લોકોને લાભ થાય. આ સાધુઓનો સારા પુરુષે સ્વીકાર કર્યો છે એમ સાધુઓનો આદર થાય. જો સામાયિક કરીને સાધુની પાસે જાય તો અશ્વ, હાથી, લોક વગેરે અધિકરણ બને, આથી આડંબર પૂર્વક ન જઈ શકાય. તથા પગે ચાલીને જવું પડે. આથી ધનાઢ્ય શ્રાવક ઘરેથી સામાયિક કરીને ન જાય.

આ રીતે આડંબરથી સામાયિક લેવા આવનાર જો શ્રાવક હોય તો કોઈ સાધુ ઊભા થઈને તેનો આદર ન કરે, પણ જો ભદ્રક (રાજા વગેરે) હોય તો તેનો સત્કાર થાય એ માટે પહેલેથી આસન ગોઠવી રાખે અને આચાર્ય એના આવ્યા પહેલાં ઊભા થઈ જાય. જો આવે ત્યારે ઊભા થાય તો ગૃહસ્થોનો આદર કરવાથી દોષ લાગે, અને જો ઊભા ન થાય તો તેને ખોટું લાગે. આ દોષ ન લાગે એટલા માટે આવે એ પહેલાં જ આસન ગોઠવી રાખે અને આચાર્ય મહારાજ ઊભા થઈ જાય. ધનાઢ્ય શ્રાવક આ પ્રમાણે આડંબરથી સાધુ પાસે આવીને 'કરેમિ ભંતે' સૂત્રનું ઉચ્ચારણ કરીને સામાયિક કરે. પછી ઈરિયાવહિયા કરીને પૂર્વની જેમ (સામાન્ય શ્રાવક સંબંધી સામાયિકવિધિમાં કહ્યું તેમ) વંદનવિધિ કરીને ગુરુને પ્રશ્ન પૂછે કે પાઠ કરે. રાજા સામાયિક કરતી વખતે મુકુટ, કુંડલ અને નામમુદ્રા (= નામવાળી વીંટી) થોડે દૂર રાખે અને પુષ્પ, તાંબુલ, ઉત્તરીય વસ્ત્ર આદિનો પણ ત્યાગ કરે. આ સામાયિકનો વિધિ છે. [૯૫]

अस्यैवातिचारानाह-

**मणवयणकायदुप्पणिहाणं इह जत्तओ विवज्जेइ।**
**सइअकरणयं अणवट्ठियस्स तह करणयं चेव ॥९६**

[मनवचनकायदुष्प्रणिध्यानमिह यत्नतो विवर्जयति।

स्मृत्यकरणनवस्थितस्य तथाऽकरणं चैव ।।९६।।]

''मण'' गाहा व्याख्या- 'मनोवचनकायदुष्प्रणिधानं' मन:प्रभृतीनां सावद्यानां प्रवर्तनमित्यर्थ:, 'इह' सामायिके 'यत्नत:' आदरेण 'विवर्जयति' परिहरते। त्रयोऽमी अतिचारा:- ' स्मृत्यकरणं' स्मृते:-सामायिकविषयाया अनासेवनम्, एतदुक्तं भवति - प्रबलप्रमादान्नैवं स्मरति, अस्यां वेलायां सामायिकं कर्तव्यं कृतं न कृतमिति वा, स्मृतिमूलं हि मोक्षानुष्ठानम् ४।अनवस्थितकरणं - करणानन्तरमेव त्यजति, यथाकथाञ्चिद्वाऽनवस्थितं करोतीत्यनवस्थितकरणं वर्जयतीति ५। 'च:' समुच्चयार्थ:। 'एव:' अवधारणे। अयमत्र भावार्थ:- ''सामाइयं ति काउं, घरचिंतं जो उ चिंतए सड्ढो। अट्टवसट्टोवगओ, निरत्थयं तस्स सामइयं ।।१।। कयसामइओ पुव्विं, बुद्धिए पेहिऊण भासिज्जा। सइ निरवज्जं वयणं, अण्णह सामाइयं भवे ।।२।। अनिरिक्खियापमज्जिअथंडिल्ले ठाणमाइ सेवेंतो। हिंसाऽभावे वि न सो, कडसामइओ पमायाओ।।३।। न सरइ पमायजुत्तो, जो सामइयं कया हु कायव्वं। कयमकयं वा तस्स हु, कयं पि विफलं तयं नेयं ।।४।। काऊण तक्खणं चिअ, पारेइ करेइ वा जहिच्छाए। अणवट्ठिअसामइयं, अणायराओ न तं सुद्धं ।।५।।'' [ ]।।९६।।

**સામાયિકના જ અતિચારોને કહે છે :-**

શ્રાવક સામાયિકમાં મન-વચન-કાયાનું દુષ્પ્રણિધાન, સ્મૃતિ-અકરણ, અને અનવસ્થિતિ કરણ એ પાંચ અતિચારોનો કાળજી પૂર્વક ત્યાગ કરે છે. (૧) **મનોદુષ્પ્રણિધાન:-** સામાયિકમાં પાપના વિચારો કરવા. (૨) **વચનદુષ્પ્રણિધાન:-** સામાયિકમાં પાપનાં વચનો બોલવાં. (૩) **કાયદુષ્પ્રણિધાન:-** સામાયિકમાં પાપનાં કાર્યો કરવા. (૪) **સ્મૃતિ અકરણ:-** સામાયિકને યાદ ન કરવું. આનો ભાવાર્થ આ પ્રમાણે છે- અતિશય પ્રમાદના કારણે અત્યારે મારે સામાયિક કરવાનું છે, મેં સામાયિક કર્યું કે નહિ વગેરે ભૂલી જાય. મોક્ષના અનુષ્ઠાનોનું મૂળ સ્મૃતિ છે. (જે અનુષ્ઠાન યાદ જ ન હોય તેનું આચરણ શી રીતે થાય? ) (૫) **અનવસ્થિતિકરણ:-** સામાયિક લીધા પછી તરત જ પારે. અથવા ગમે તેમ (= ચિત્તની સ્થિરતા વિના) સામાયિક કરે.અહીં (શ્રાવકપ્રજ્ઞપ્તિમાં જણાવેલ) ભાવાર્થ આ પ્રમાણે છે :- **"જે શ્રાવક સામાયિક કરીને ઘરની ચિંતા કરે છે, તે આર્તધ્યાનથી દુ:ખી બને છે, અને સંસારની નજીક જાય છે, આથી તેનું સામાયિક નિરર્થક છે. (૩૧૩) શ્રાવકે સામાયિકમાં સદા પહેલાં બુદ્ધિથી વિચારીને પાપરહિત વચન બોલવું જોઈએ, અન્યથા (= પાપવાળું વચન બોલે**

તો) વાસ્તવિક સામાયિક ન થાય. (૩૧૪) નિર્દોષ ભૂમિમાં આંખોથી જોયા વિના અને ચરવળા આદિથી પ્રમાર્જન કર્યા વિના (કાયોત્સર્ગ આદિ માટે) ભૂમિ આદિનો ઉપયોગ કરવાથી (જીવો ન હોવાથી કે તેના પુણ્યથી બચી જવાથી) હિંસા ન થાય તો પણ પ્રમાદથી (ઇં જીવરક્ષાની કાળજી ન હોવાથી ભાવથી હિંસા થવાથી) વાસ્તવિક સામાયિક કર્યું ન કહેવાય. (૩૧૫) જે પ્રમાદી બનીને મારે સામાયિક ક્યારે કરવાનું છે- સામાયિકનો કાળ કયો છે, મેં સામાયિક કર્યું કે નહિ તે યાદ ન રાખે, તેનું કરેલું સામાયિક નિષ્ફળ જાણવું. (કારણ કે ધર્મના અનુષ્ઠાનોનું મૂળ સ્મૃતિ છે. જેમ મૂળ વિના વૃક્ષ ન હોય તેમ સ્મરણ વિના ધર્માનુષ્ઠાન પણ ન હોય.) (૩૧૬) સામાયિક કરીને તુરત પારે કે (વ્યાકુલચિત્તથી) ગમે તેમ અસ્થિરપણે કરે તો સામાયિક ઉપર બહુમાન ન હોવાથી સામાયિક શુદ્ધ થતું નથી.” (૩૧૭) [૯૬]

उक्तं सातिचारं प्रथमं शिक्षाव्रतम्। *सांप्रतं द्वितीयमाह-

**दिसिवयगहियस्स दिसापरिमाणस्सेह पइदिणं जं तु ।**
**परिमाणकरणमेयं, अवरं खलु होइ विन्नेयं ।।९७।।**

[दिग्व्रतगृहीतस्य दिक्परिमाणस्येह प्रतिदिनं यत्तु।
परिमाणकरणमेतदपरं खलु भवति विज्ञेयम्।।९७।।]

**''दिसिवय'' गाहा व्याख्या- दिग्व्रतमुक्तस्वरूपम्, तत्र गृहीतस्य दिक्परिमाणस्य दीर्घकालिकस्येति गम्यते, 'इह' श्रावकधर्मे 'प्रतिदिनं' अनुदिवसम्, एतच्चोपलक्षणं प्रतिप्रहरादेः, 'यत्तु' यत्पुनः 'परिमाणकरणं' संक्षिप्ततरदिक्प्रमाणग्रहणमित्यर्थः, 'एतत्' एवंविधं परिमाणकरणं 'अपरं' अन्यद्-द्वितीयं शिक्षाव्रतं देशावकाशिकं देशे- दिग्व्रतगृहीतपरिमाणविभागेऽवकाशो देशावकाशः, तेन निर्वृत्तं देशावकाशिकं भवति विज्ञेयम्। इति गाथार्थः।।९७।।**

**અતિચાર સહિત પહેલું શિક્ષાવ્રત કહ્યું. હવે બીજું શિક્ષાવ્રત કહે છે:-**

**(૨) દેશાવગાશિક શિક્ષાવ્રતઃ-** છઠ્ઠા દિગ્વ્રતમાં લાંબા કાળ સુધી લીધેલા દિશાપરિમાણનું પ્રતિદિન પરિમાણ કરવું (= સંક્ષેપ કરવો) તે દેશાવગાશિક નામનું બીજું શિક્ષાવ્રત જાણવું.(દેશાવગાશિક શબ્દની વ્યુત્પત્તિ આ પ્રમાણે છે:-) દેશમાં = દિગ્વ્રતમાં

* ''अधुना'' अ।

લીધેલા પરિમાણના વિભાગમાં અવકાશ=સ્થાન તે દેશાવગાશ. દેશાવગાશથી થયેલું વ્રત તે દેશાવગાશિક. અહીં પ્રતિદિનના ઉપલક્ષણથી પ્રતિપ્રહર વગેરે પણ સમજવું. (જેમકે દિશાપરિમાણ વ્રતમાં ભારતથી બહાર ન જવું એવો નિયમ લીધો હોય તો આ વ્રતમાં આજે મુંબઇ વગેરેથી આગળ નહિ જાઉં, અથવા ૧૦ માઈલથી આગળ નહિ જાઉં એમ નિયમ કરવો જોઈએ. દિશાપરિમાણવ્રત યાવજ્જીવ, ૧૨ માસ કે ચાતુર્માસ આદિ સુધી લેવાનુ હોય છે. જ્યારે દેશાવગાશિક અહોરાત્ર, દિવસ, રાત્રિ, પ્રહર આદિ સુધી લેવાનું હોય છે.) [૯૭]

अत्राऽतिचारानाह-

**वज्जइ इह आणयणप्पओगपेसप्पओगयं चेव।**
**सद्दाणुरूववायं, तह बहियापोग्गलक्खेवं ॥९८॥**

[वर्जयतीह आनयनप्रयोगप्रेष्यप्रयोगतां चैव।
शब्दानुरूपपातं, तथा बहि:पुद्गलप्रक्षेपम्॥९८॥]

''वज्जइ'' गाहा व्याख्या- वर्जयति 'इह' द्वितीयशिक्षाव्रते आनयनप्रयोगप्रेष्यप्रयोगतां चैव शब्दानुपातं रूपानुपातं तथा बहि:पुद्गलप्रक्षेपम् इति सूत्रानुवृत्तेः प्राकृतत्वाच्च पदघटना। भावार्थस्तु- इह विशिष्टावधिके भूदेशाभिग्रहे परत: स्वयं गमनाऽयोगाद् यदन्य: सचित्तादिद्रव्यानयने प्रयुज्यते संदेशकप्रदानादिना त्वयेदमानेयम् इत्ययमानयनप्रयोग: १। यथा प्रेष्यप्रयोग: तथा- अभिगृहीतप्रविचारदेशव्यतिक्रमभयादवश्यमेव गत्वा त्वया मम गवाद्यानेयम्, इदं वा तत्र कर्तव्यम् इत्येवंभूत: २। तथा शब्दानुपात:- स्वगृहवृतिप्राकारादिव्यवच्छिन्नभूदेशाऽभिग्रहे बहि: प्रयोजनोत्पत्तौ तत्र स्वयं गमनाऽयोगात् वृतिप्राकारप्रत्यासन्नवर्तिनो बुद्धिपूर्वकं क्षुत्काशिकादिशब्दकरणेन समवसितकान् बोधयत: शब्दानुपात:- शब्दस्यानुपातनं- उच्चारणं शब्दानुपात: तादृग् येन परकीयश्रवणविवरमनुपतत्यसाविति ३। तथा रूपानुपात:- अभिगृहीतदेशाद् बहि: प्रयोजनभावे शब्दमनुच्चारयत एव परेषां समीपानयनार्थं स्वशरीररूपप्रदर्शनं रूपानुपात:४। तथा बहि:पुदलप्रक्षेप:- अभिगृहीतदेशाद्बहि: प्रयोजनभावे परेषां प्रबोधनाय लोष्ट्वादिक्षेप: पुद्गलप्रक्षेप: इति भावना ५। देशावकाशिकमेतदर्थमभिगृह्यते- मा भूद्बहिर्गमनाऽऽगमनादिव्यापारजनित:

**प्राण्युपमर्द इति, स च स्वयंकृतोऽन्येन वा कारित इति न कश्चित् फले विशेष:, प्रत्युत गुण: स्वयंगमने, ईर्यापथविशुद्धे:, परस्य पुनरनिपुणत्वात् तदशुद्धि:। इति गाथार्थ: ॥९८॥**

**દેશાવગાશિકવ્રતમાં અતિચારો કહે છે :-**

શ્રાવક દેશાવગાશિક વ્રતમાં આનયન પ્રયોગ, પ્રેષ્યપ્રયોગ શબ્દાનુપાત, રૂપાનુપાત અને બહિ: પુદ્ગલ પ્રક્ષેપ એ પાંચ અતિચારોનો ત્યાગ કરે છે.

(૧) **આનયન પ્રયોગ:-** (લાવવા માટે (બીજાને) જોડવો તે આનયન પ્રયોગ. આનયન શબ્દનો આ શબ્દાર્થ છે. ભાવાર્થ આ પ્રમાણે છે:-) મારે આજે અમુક પ્રદેશથી બહાર ન જવું એમ વિશિષ્ટ મર્યાદાવાળા પૃથ્વીપ્રદેશનો અભિગ્રહ કર્યા પછી અભિગ્રહવાળા સ્થાનથી આગળ પોતે ન જઈ શકવાથી સચિત્ત વગેરે દ્રવ્ય લાવવા માટે તારે આ વસ્તુ લાવવી એમ 卐 સંદેશો આપીને બીજા પાસેથી વસ્તુ મંગાવવી તે આનયન પ્રયોગ.

(૨) **પ્રેષ્ય પ્રયોગ:-** (પ્રેષ્ય એટલે નોકર. નોકરની જેમ બીજાને પોતાના કામમાં જોડવો તે પ્રેષ્ય પ્રયોગ. પ્રેષ્ય પ્રયોગ શબ્દનો આ શબ્દાર્થ છે. ભાવાર્થ આ પ્રમાણે છે:-) જવા-આવવાના અભિગ્રહવાળા સ્થાનનું ઉલ્લંઘન થવાના ભયથી "અમુક સ્થળે અવશ્ય જઈને તારે મારી ગાયો વગેરે વસ્તુ લાવવી, અથવા ત્યાં આ કામ કરવું" એમ વસ્તુ લાવવા માટે કે કામ કરવા માટે બીજાને મોકલવો તે પ્રેષ્ય પ્રયોગ.

(૩) **શબ્દાનુપાત:-** અનુપાત એટલે ઉચ્ચાર. શબ્દનો ઉચ્ચાર કરવો તો શબ્દાનુપાત. પોતાના ઘરની વાડના પૃથ્વીપ્રદેશથી આગળ ન જવું અથવા પોતાના ઘરના કિલ્લાથી આગળ ન જવું એ પ્રમાણે અભિગ્રહ લીધા પછી અભિગ્રહવાળા સ્થાનથી બહારના સ્થાનમાં કોઈ કામ પડતાં ત્યાં પોતે ન જઈ શકવાથી વાડ કે કિલ્લાની નજીક રહીને બીજાઓ સાંભળે તે રીતે બુદ્ધિ પૂર્વક (સમજ પૂર્વક) છીંક, ખાંસી આદિ શબ્દ કરીને પરિચિતોને જણાવનારને શબ્દાનુપાત અતિચાર લાગે.

(૪) **રૂપાનુપાત:-** અનુપાત એટલે બતાવવું. પોતાના શરીરનું રૂપ બતાવવું તે રૂપાનુપાત. (અર્થાત્ પોતાનું શરીર બતાવવું તે રૂપાનુપાત.) અભિગ્રહ કરેલા સ્થાનથી બહાર કોઈ કામ પડતાં શબ્દનો ઉચ્ચાર કર્યા વિના જ બીજાને પોતાની નજીક લાવવા માટે પોતાનું શરીર બતાવવું તે રૂપાનુપાત અતિચાર છે.

卐 ટીકામાં રહેલા आनाय શબ્દથી "હુકમ કરીને" એમ પણ સમજવું.

(૫) **બહિ:પુદ્ગલ પ્રક્ષેપ:-** અભિગ્રહવાળા સ્થાનથી બહાર કામ પડતાં બીજાઓને જણાવવા માટે ઢેફું વગેરે ફેંકવું તે બહિ: પુદ્ગલ પ્રક્ષેપ.

જવા-આવવાથી જીવહિંસા ન થાય તે માટે દેશાવગાશિકવ્રત છે. જીવહિંસા પોતે કરે કે બીજા પાસે કરાવે તેમાં ફલમાં કોઈ ફેર પડતો નથી. બલ્કે બીજાને મોકલે તેના કરતાં પોતે જાય તેમાં દોષો ઓછા લાગે. કારણ કે પોતે ઈર્યાસમિતિપૂર્વક જાય, જ્યારે બીજો નિપુણ ન હોવાથી ઈર્યાસમિતિ વિના જાય. [૯૮]

उक्तं सातिचारं द्वितीयं शिक्षाव्रतम्। *सांप्रतं तृतीयमुच्यते-

**आहारदेहसक्कारबंभवावारपोसहो अन्नं ।**
**देसे सव्वे य इमं, चरमे सामाइयं नियमा।।९९।।**

**[आहारदेहसत्कारब्रह्माऽव्यापारपौषधोऽन्यत् ।**
**देशे सर्वस्मिंश्चेदं, चरमे सामायिकं नियमा ।।९९।।]**

**''आहार'' गाहा व्याख्या- 'आहार- देहसत्कार -ब्रह्म- अव्यापारपौषध': इति इह पौषधशब्दो रूढ्या पर्वसु वर्तते, पर्वाणि चाष्टम्यादितिथय:, पूरणात्पर्व धर्मोपचयहेतुत्वादित्यर्थ:। पौषधशब्दश्चायं प्रत्येकमभिसंबध्यते, आहारपौषध इत्यादि। 'अन्यत्' अपरं तृतीयं पौषधोपवासशिक्षाव्रतमित्यर्थ:। 'देशे' देशविषयं 'सर्वस्मिन्' सर्वविषयम्, 'च:' समुच्चये, 'इदं' पौषधोपवासशिक्षाव्रतं 'चरमे' सर्वतोऽव्यापारपौषधेऽङ्गीकृते 'सामायिकं' उक्तस्वरूपं करणीयमिति गम्यते, 'नियमात्' अवश्यंतया, अन्यथा सामायिकगुणाऽभाव इति पदघटना। तत्राहार:- प्रतीत:, तद्विषयस्तन्निमित्तो वा पौषध आहारपौषध:, आहारादिनिवृत्तिनिमित्तं धर्मपूरणं पर्वेति भावना। एवं शरीरसत्कारपौषध:। ब्रह्मचर्यपौषध:, अत्र चरणीयं चर्यम्, ''अचो यत्'' इत्यस्मादधिकारात्, ''गदमदचरयमश्चानुपसर्गे'' (पा० -३-१-१००) इति यत्। ब्रह्म कुशलानुष्ठानम्। यथोक्तम्-''ब्रह्म देवो, ब्रह्म तपो, ब्रह्म ज्ञानं च शाश्वतम्।'' [ ] ब्रह्म च तच्चर्यं चेति समास:, शेषं पूर्ववत्। तथाऽव्यापारपौषध इति, एत्थ भावत्थो पुण इमो- आहारपोसहो दुविहो, देसे सव्वे य । देसे अमुगा विगई आयंबिलं वा एक्कसिं वा दो वा। सव्वे चउव्विहो आहारो आहोरत्तं पच्चक्खाओ। सरीरपोसहोण्हाणुव्वट्टण-वण्णगविलेवणपुप्फगंधतंबोलाणं वत्थाभरणपरिच्चागो य, सो वि देसे सव्वे य। देसे अमुगं सरीरसक्कारं न करेमि सव्वे सव्वं न करेमि त्ति। बंभचेरपोसहो वि देसे सव्वे अ। देसे दिवा रत्तिं वा एक्कसिं वा दो वा वारे त्ति। सव्वे**

* ''अथ'' अ।

**अहोरत्तं बंभयारी हवइ। अव्वावारपोसहो वि देसे सव्वे य। देसे अमुगं वावारं न करेमि ।सव्वे सव्वं वा वावारं चेव हलसगडघरपरिकम्माईयं न करेमि। एत्थ जो देसे पोसहं करेइ सामाइयं करेइ वा न वा। जो सव्वपोसहं करेइ सो नियमा कयसामइओ । जइ न करेइ ता नियमा वंचिज्जइ । तं कहिं करेइ? चेइयघरे वा साहुमूले वा घरे वा पोसहसालाए वा उम्मुक्कमणिसुवण्णो पढंतो पोत्थयं वा वायंतो धम्मज्झाणं झायइ। जहा एए साहुगुणे अहं न समत्थो मंदभग्गो धारेउं विभासा'' [ ]॥९९॥**

**અતિચાર સહિત બીજું શિક્ષાવ્રત કહ્યું. હવે ત્રીજું શિક્ષાવ્રત કહેવામાં આવે છે:-**

**(૩) પૌષધ શિક્ષાવ્રત**

આહાર પૌષધ, શરીર સત્કાર પૌષધ, બ્રહ્મચર્ય પૌષધ, અને અવ્યાપાર પૌષધ એમ ચાર પ્રકારે ત્રીજું શિક્ષાવ્રત છે. આહાર પૌષધ આદિ ચારેના દેશથી અને સર્વથી એમ બે ભેદ છે. પહેલા ત્રણ પૌષધમાં સામાયિક હોય કે ન પણ હોય, પણ ચોથા સર્વથી અવ્યાપાર પૌષધમાં નિયમા સામાયિક હોય. સર્વથી અવ્યાપાર પૌષધમાં સામાયિક ન કરે તો સામાયિકનો લાભ ન મળે.

અહીં પૌષધ શબ્દ રૂઢિથી પર્વ અર્થમાં છે. આઠમ વગેરે તિથિઓ પર્વ છે. જે પૂરે = પુષ્ટ કરે તે પર્વ. આઠમ વગેરે તિથિઓ ધર્મની પુષ્ટિના હેતુ હોવાથી પર્વ છે.

**આહાર પૌષધ:-** આહારનો અર્થ પ્રસિદ્ધ છે. આહાર સંબંધી પૌષધ અથવા આહાર નિમિત્તે પૌષધ તે આહાર પૌષધ. અર્થાત્ આહારની નિવૃત્તિના નિમિત્તથી ધર્મની પુષ્ટિને કરનારું પર્વ તે આહાર પૌષધ.

**શરીર સત્કાર પૌષધ:-** શરીરસત્કારની નિવૃત્તિના નિમિત્તથી ધર્મની પુષ્ટિને કરનારું પર્વ તે શરીરસત્કાર પૌષધ.

**બ્રહ્મચર્ય પૌષધ:-** બ્રહ્મ એટલે કુશલ અનુષ્ઠાન. કહ્યું છે કે-**"બ્રહ્મ દેવ છે, બ્રહ્મ તપ છે, બ્રહ્મ શાશ્વત જ્ઞાન છે."** ચર્ય એટલે આચરણ. કુશલ અનુષ્ઠાન રૂપ આચરણના નિમિત્તથી ધર્મની પુષ્ટિને કરનારું પર્વ તે બ્રહ્મચર્ય પૌષધ.

**અવ્યાપાર પૌષધ:-** પાપ વ્યાપારની નિવૃત્તિના નિમિત્તથી ધર્મની પુષ્ટિને કરનારું પર્વ તે શરીર સત્કાર પૌષધ.

**અહીં ભાવાર્થ આ પ્રમાણે છે:-** આહાર પૌષધના દેશથી અને સર્વથી એમ બે ભેદ છે. અમુક વિગઈનો કે બધી વિગઈઓનો ત્યાગ, આયંબિલ, એકાસણું, બેસણું તિવિહાર ઉપવાસ વગેરે દેશથી આહાર પૌષધ છે. દિવસ-રાત સુધી ચારે પ્રકારના આહારનો ત્યાગ તે સર્વથી આહાર પૌષધ છે. સ્નાન કરવું, તેલ ચોળવું, મેંદી વગેરે લગાડવું, ચંદન આદિનું

વિલેપન કરવું, મસ્તકમાં પુષ્પો નાખવાં, અત્તર આદિ સુગંધી પદાર્થો લગાડવા, તાંબૂલ-પાન ચાવીને હોઠને તાંબૂલ-પાનથી રંગવા, સુંદર કિંમતી રંગીન વસ્ત્રો પહેરવાં, આભૂષણો પહેરવાં વગેરે શરીર સત્કાર છે. શરીરસત્કારનો ત્યાગ તે શરીરસત્કાર પૌષધ છે. તેના દેશથી અને સર્વથી એમ બે ભેદ છે. કોઈ અમુક શરીરસત્કારનો ત્યાગ તે દેશથી શરીરસત્કાર પૌષધ છે. સર્વ પ્રકારના શરીરસત્કારનો ત્યાગ તે સર્વથી શરીરસત્કાર પૌષધ છે. બ્રહ્મચર્ય પૌષધના દેશથી અને શરીરથી એમ બે ભેદ છે. દિવસે કે રાત્રે મૈથુનનો ત્યાગ, અથવા એક કે બે વખતથી વધારે મૈથુનનો ત્યાગ તે દેશથી બ્રહ્મચર્ય પૌષધ છે. સંપૂર્ણ અહોરાત્ર સુધી મૈથુનનો ત્યાગ તે સર્વથી બ્રહ્મચર્ય પૌષધ છે. અવ્યાપાર પૌષધના દેશથી અને સર્વથી એમ બે ભેદ છે. કોઈ અમુક (રસોઈ કરવી નહિ, વેપાર નહિ કરવો, કપડા નહિ ધોવાં વગેરે રીતે) પાપવ્યાપારનો ત્યાગ તે દેશથી અવ્યાપાર પૌષધ છે. હળ ચલાવવું, ગાડું ચલાવવું, ઘર સમારવું વગેરે સર્વ પાપવ્યાપારોનો ત્યાગ તે સર્વથી અવ્યાપાર પૌષધ છે.

જે દેશથી અવ્યાપાર પૌષધ કરે તે સામાયિક કરે અથવા ન પણ કરે. પણ જે સર્વથી અવ્યાપાર પૌષધ કરે તે નિયમા સામાયિક કરે, જો ન કરે તો અવશ્ય તેના ફળથી વંચિત રહે.

પૌષધ જિનમંદિરમાં, સાધુ પાસે, ઘરમાં કે પૌષધશાલામાં કરવો. પૌષધમાં મણિ, સુવર્ણ આદિના અલંકારોનો ત્યાગ કરવો જોઈએ. પૌષધ લીધા પછી સૂત્ર વગેરેનો પાઠ કરે, પુસ્તક વાંચે અથવા હું સાધુના ગુણોને ધારણ કરવા અસમર્થ છું, આથી મંદભાગી છું વગેરે શુભ ભાવના ભાવવા રૂપ ધર્મધ્યાન કરે. [૯૯]

अत्रातिचारानाह-

**अप्पडिदुप्पडिलेहियपमज्जसेज्जाइ वज्जई इत्थं।**
**संमं च अणणुपालणमाहाराईसु सव्वेसु।।१००।।**

[अप्रतिदुष्प्रतिलेखितप्रमार्जितशय्यादि वर्जयत्यत्र।
सम्यग्वाऽननुपालनमाहारादिषु सर्वेषु।।१००।।]

**''अप्पडि''गाहा व्याख्या-''अप्पडिदुप्पडिलेहिअपमज्जसेज्जा''इति, सूचनात् सूत्रमिति न्यायात् प्राकृतानुरोधाच्चायमर्थः-अप्रत्युपेक्षितदुष्प्रत्युपेक्षितशय्यासंस्तारकौ तथाऽप्रमार्जितदुष्प्रमार्जितशय्यासंस्तारकौ वर्जयतीतियोगः। इह च शय्या प्रतीता, संस्तीर्यत इति संस्तारकः-पौषधव्रत उपयोगी दर्भकुशकम्बलीवस्त्रादिः,**

**तयोश्चाप्रत्युपेक्षणं-गोचरापन्नयोश्चक्षुषाऽनिरीक्षणं दुष्टं-उद्भ्रान्तचेतसः प्रत्युपेक्षणम्, ततश्चाप्रत्युपेक्षितदुष्प्रत्युपेक्षितौ च तौ शय्यासंस्तारकौ चेति समासः, शय्यैव वा संस्तारक इति। एवमन्यत्राप्यक्षरगमनिका कार्येति। उपलक्षणं च शय्यासंस्तारकौ उपयोगिनः पीठकादेरपि। एत्थ पुण सामाचारी-''कडपोसहिओ नो अप्पडिलेहिअ सेज्जं दुरूहइ, संथारगं वा दुरूहइ, पोसहसालं वा सेवइ, दब्भवत्थं वा सुद्धवत्थं वा भूमीए संथरइ, काइयभूमीओ वा आगओ पुणरवि पडिलेहेइ, अण्णहा अइयारो। एवं पीढगाइसु वि विभासा।।'' तथा प्रमार्जनं-शय्यादेर्वस्त्रोपान्तादिना तदकरणमप्रमार्जनम्, 'सम्यग् चाऽननुपालनम्' यथावदविधानं 'आहारादिषु सर्वेषु' प्रागुद्दिष्टेषु। इति गाथार्थः।।**

**एत्थ भावणा- कयपोसहो अथिरचित्तो आहारे ताव सव्वं देसं वा पत्थेइ, बीयदिवसे पारणगस्स वा अप्पणो अट्ठाए आढत्तिं करेइ कारवेइ वा, इमं इमं व त्ति करेह न वट्टइ। सरीरसक्कारे सरीरं उव्वट्टेइ, दाढिआओ केसे वा रोमाई वा सिंगाराहिप्पाएणं संठवेइ, दाहे वा सरीरं सिंचइ, एवं सव्वाणि सरीरभूसाकारणाणि परिहरइ। बंभचेरे इहलोइए पारलोइए वा भोगे पत्थेइ संवाहेइ वा, अहवा सद्दफरिसरसरूवगंधा अभिलसइ, बंभचेरपोसहो कया पूरिही, चइयामो बंभचेरेणं ति। अव्वावारे सावज्जाणि वावारेइ, कयमकयं वा चिंतेइ, एवं पंचइयारसुद्धो अणुपालिअव्वो इति [ ]।।१००।।**

**ત્રીજા શિક્ષાવ્રતમાં અતિચારો કહે છે :-**

શ્રાવક પૌષધમાં અપ્રત્યુપેક્ષિતશય્યાસંસ્તારક, દુષ્પ્રત્યુપેક્ષિત શય્યાસંસ્તારક, અપ્રમાર્જિતશય્યાસંસ્તારક, દુષ્પ્રમાર્જિતશય્યાસંસ્તારક અને સમ્યગ્ અનનુપાલન એ પાંચ અતિચારોનો ત્યાગ કરે છે.

(૧) **અપ્રત્યુપેક્ષિતશય્યાસંસ્તારકઃ-** શય્યા એટલે શરીર પ્રમાણ સંથારો. સંસ્તારક એટલે પૌષધમાં સૂવા માટે ઉપયોગી ડાભનું ઘાસ, કામળી, (ગરમ) વસ્ત્ર વગેરે. અથવા શય્યા અને સંસ્તારક એમ બે વસ્તુ ન સમજતાં શય્યા એ જ સંસ્તારક એમ એક જ વસ્તુ સમજવી. અપ્રત્યુપ્રેક્ષિત એટલે આંખોથી નહિ જોયેલું. શય્યા સંસ્તારકના ઉપલક્ષણથી પીઠ વગેરે વસ્તુઓ પણ સમજી લેવી. આંખોથી નિરીક્ષણ કર્યા વિના સંથારો પાથરવો, સંથારામાં સૂવું, બીજી પણ પીઠ આદિ કોઈ વસ્તુ લેવી-મૂકવી તે અપ્રત્યુપેક્ષિતશય્યાસંસ્તારક અતિચાર છે.

(૨) **દુષ્પ્રત્યુપેક્ષિત શય્યાસંસ્તારકઃ-** દુષ્પ્રત્યુપેક્ષિત એટલે ભટકતા ચિત્તથી જોયેલું, અર્થાત્ ઉપયોગ વિના જોયેલું. બરોબર નિરીક્ષણ કર્યા વિના સંથારો પાથરવો વગેરે દુષ્પ્રત્યુપેક્ષિત શય્યાસંસ્તારક અતિચાર છે.

(૩) **અપ્રમાર્જિત શય્યાસંસ્તારક:-** અપ્રમાર્જિત એટલે વસ્ત્રના છેડા વગેરેથી નહિ પૂંજેલું. પૂંજ્યા વિના સંથારો પાથરવો વગેરે અપ્રમાર્જિત શય્યાસંસ્તારક અતિચાર છે.

(૪) **દુષ્પ્રમાર્જિત શય્યાસંસ્તારક:-** દુષ્પ્રમાર્જિત એટલે ઉપયોગ વિના પૂંજેલું, બરોબર ન પૂંજેલું. બરોબર પૂંજ્યા વિના સંથારો પાથરવો વગેરે દુષ્પ્રમાર્જિત શય્યાસંસ્તારક અતિચાર છે.

**અહીં સામાચારી આ પ્રમાણે છે:-** પૌષધવાળો શ્રાવક પડિલેહણ કર્યા વિના શય્યા, સંથારો અને પૌષધશાલાનો ઉપયોગ કરે નહિ, પડિલેહણ કર્યા વિના ડાભઘાસનું વસ્ત્ર કે શુદ્ધવસ્ત્ર ભૂમિ ઉપર પાથરે નહિ, પેશાબની ભૂમિથી આવીને ફરી સંથારાનું પડિલેહણ કરે. અન્યથા અતિચાર લાગે. એ પ્રમાણે પીઠ આદિ માટે પણ સમજવું.

(૫) **સમ્યગ્ અનનુપાલન:-** આહાર પૌષધ આદિ ચાર પૌષધનું શાસ્ત્રોક્ત વિધિ મુજબ પાલન ન કરવું. અહીં ભાવના આ પ્રમાણે છે:- પૌષધ લીધા પછી અસ્થિર ચિત્તવાળો બનીને આહારમાં દેશથી કે સર્વથી આહારની અભિલાષા કરે, અથવા પૌષધના બીજા દિવસે પોતાના પારણા માટે આ વસ્તુ બનાવું, તે વસ્તુ બનાવું એમ આદર કરે, અથવા બીજા પાસે આ કરો, તે કરો એમ આદર કરાવે. આમ ન કરવું જોઈએ. શરીર સત્કારમાં શરીરે તેલ વગેરે ચોળે, દાઢી, મસ્તક અને રૂંવાટાઓના વાળને સૌંદર્યની અભિલાષાથી વ્યવસ્થિત રાખે. દાહ થતાં શરીરે પાણી નાખે. આ પ્રમાણે શરીરવિભૂષાનાં સર્વ કારણોનો પૌષધમાં ત્યાગ કરે. બ્રહ્મચર્યમાં આ લોક અને પરલોકના ભોગોની માગણી કરે, અથવા અંગમર્દન કરે, અથવા શબ્દ, રૂપ, રસ, ગંધ અને સ્પર્શ એ પાંચ વિષયોની અભિલાષા રાખે, બ્રહ્મચર્ય પૌષધ ક્યારે પૂર્ણ થશે એવી આતુરતા રાખે, બ્રહ્મચર્ય વડે અમે ભોગોથી વંચિત કરાયા એ પ્રમાણે વિચારે. અવ્યાપાર પૌષધમાં સાવદ્ય કાર્યો કરે, મેં અમુક અનુષ્ઠાન કર્યું કે નહિ એ પ્રમાણે વિચારે, અર્થાત્ મેં અમુક અનુષ્ઠાન કર્યું કે નહિ એ યાદ ન હોય. આ પ્રમાણે પાંચ અતિચારોથી વિશુદ્ધ પૌષધનું પાલન કરવું જોઈએ. [૧૦૦]

उक्तं सातिचारं तृतीयं शिक्षाव्रतम् , अधुना चतुर्थमुच्यते-

**अण्णाईणं सुद्धाण, कप्पणिज्जाण देसकालजुअं।**
**दाणं जईणमुचियं, गिहीण सिक्खावयं भणियं।।१०१।।**

**|अन्नादीनां शुद्धानां, कल्पनीयानां देशकालयुतम्।**
**दानं यतिभ्य उचितं, गृहिणां शिक्षाव्रतं भणितम्।।१०१।।|**

''अण्णाईणं''गाहा व्याख्या'अन्नादीनां'भोजनादीनाम्,आदिशब्दात्पान-वस्त्रौषधादिपरिग्रहः, अनेन च हिरण्यादिव्यवच्छेदमाह। 'शुद्धानां' न्यायागतानाम्, न्यायश्च द्विजक्षत्रियवैश्यशूद्राणां स्ववृत्त्यनुष्ठानम्; अनेनाप्यन्यायाऽऽगतानां निषेधमाह। 'कल्पनीयानाम्' उद्गमादिदोषवर्जितानाम्, अनेन त्वकल्पनीयानां प्रतिषेधमाह। 'देशकालयुतं' प्रस्तावोचितं 'दानं' वितरणं 'यतिभ्यः' मुनिभ्यः 'उचितं' संगतं गृहिणां शिक्षाव्रतं 'भणितं' उक्तमतिथिसंविभागव्रतमित्यर्थः। इह भोजनार्थं भोजनकालोपस्थायी अतिथिरुच्यते, तत्रात्मार्थनिष्पादिताहारस्य गृहिणः साधुरेवातिथिः। तदुक्तम्-तिथिपर्वोत्सवाः सर्वे, त्यक्ता येन महात्मना। अतिथिं तं विजानीयाच्छेषमभ्यागतं विदुः॥१॥'' तस्यातिथेः संविभागो-ऽतिथिसंविभागः, संविभागग्रहणात्पश्चात्कर्मादिपरिहारमाह। इति गाथार्थः॥

'एत्थ सामायारी- सावगेण पोसहं पारेंतेण नियमा साहूण दाउं पारेअव्वं, अण्णदा पुण अनियमो- दाउं वा पारेइ पारिए वा देइ त्ति। तम्हा पुव्वं साहूणं दाउं पच्छा पारेअव्वं, कहं? जाहे देसकालो ताहे अप्पणो सरीरस्स विभूसं काउं साहुपडिस्सयं गंतुं निमंतेइ भिक्खं गेण्हह त्ति। साहूणं का पडिवत्ती? ताहे अण्णो पडलं अण्णो मुहणंतयं अण्णो भायणं पडिलेहेइ, मा अंतराइयदोसा ठवणादोसा भविस्संति, सो जइ पढमाए पोरसीए निमंतेइ अत्थि अ नमोक्कारसहिअइत्तगो गेज्झइ, अह नत्थि न गेज्झइ, तं वहिअव्वं होइ, जइ घणं लगेज्जा ताहे गेज्झइ संचिक्खाविज्जइ। जो वा उग्घाडाए पोरसीए पारेइ पारणइत्तो अण्णो वा तस्स दिज्जइ, पच्छा तेण सावगेण समगं संघाडगो वच्चइ, एगो न वट्टए पेसिउं, साहू पुरओ सावगो मग्गओ घरं नेऊणं आसणेण उवनिमंतइ, जइ निविट्ठा लट्ठयं, अह न निविसंति तहावि विणओ पउत्तो होइ त्ति, ताहे भत्तपाणं सयं चेव देइ त्ति, अहवा भाणं धरेइ भज्जा देइ, अहवा ठितओ अच्छइ जाव दिण्णं, साहू वि सावसेसयं दव्वं गेण्हंति पच्छाकम्मपरिहरणट्ठा, दाऊण वंदिउं विसज्जेइ, विसज्जेत्ता अणुगच्छइ, पच्छा सयं भुंजइ। जं च किर साहूण न दिण्णं तं सावगेण न भोत्तव्वं। जइ पुण साहू नत्थि ताहे देसकालवेलाए दिसालोओ कायव्वो, विसुद्धभावेण चिंतेअव्वं जइ साहूणो होंता तो म्हि नित्थारिओ होंतो त्ति विभासा॥ [ ]॥ १०१ ॥

અતિચાર સહિત ત્રીજું શિક્ષાવ્રત કહ્યું. હવે ચોથું શિક્ષાવ્રત કહે છે :-

(૪) અતિથિસંવિભાગ શિક્ષાવ્રત

સાધુઓને શુદ્ધ અને કલ્પનીય અન્નાદિનું દેશ-કાલયુક્ત ઉચિત દાન કરવું એ શ્રાવકનું ચોથું શિક્ષાવ્રત છે.

અન્નાદિ શબ્દમાં રહેલા આદિ શબ્દથી પાણી, વસ્ત્ર, ઔષધ વગેરે સમજવું. આનાથી સુવર્ણ વગેરેના દાનનો નિષેધ કર્યો છે. શુદ્ધ એટલે ન્યાયથી મેળવેલ. બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય

અને શૂદ્રોનો પોતપોતાની જાતિને ઉચિત શુદ્ધ વ્યવસાય ન્યાય છે. આનાથી અન્યાયથી મેળવેલ અન્નાદિના દાનનો નિષેધ કર્યો છે. કલ્પનીય એટલે ઉદ્ગમ આદિ દોષોથી રહિત. આનાથી (કારણ વિના) અકલ્પનીય દાનનો નિષેધ કર્યો છે. દેશકાલયુક્ત એટલે પ્રસંગને યોગ્ય. ઉચિત એટલે સંગત, અર્થાત્ સાધુ માટે યોગ્ય હોય તેવું.

આ વ્રતનું **અતિથિસંવિભાગ** નામ છે. ભોજનકાળે ભોજન માટે ઘર આંગણે આવે તે અતિથિ. જેણે પોતાના માટે આહાર બનાવ્યો છે એવા શ્રાવકના અતિથિ સાધુ જ છે. કારણ કે તેમણે તિથિ, પર્વ વગેરે લૌકિક સઘળા વ્યવહારોનો ત્યાગ કર્યો છે. કહ્યું છે કે- **"(લૌકિક) તિથિઓ, પર્વો અને ઉત્સવો જે મહાત્માએ છોડી દીધા છે, તે અતિથિ જાણવો. બાકીના અભ્યાગત જાણવા."**

સંવિભાગ શબ્દમાં સં અને વિભાગ એમ બે શબ્દો છે. સં એટલે સંગત, અર્થાત્ પશ્ચાત્ કર્મ આદિ દોષો ન લાગે તે રીતે. વિભાગ એટલે પોતાની વસ્તુનો અંશ. પશ્ચાત્ કર્મ આદિ દોષો ન લાગે તે રીતે પોતાની નિર્દોષ વસ્તુનો અંશ આપવો તે સંવિભાગ. અતિથિનો સંવિભાગ કરવો તે અતિથિસંવિભાગ.

**અહીં સામાચારી આ પ્રમાણે છે:-** શ્રાવકે પૌષધના પારણે અવશ્ય સાધુઓને દાન દઈને પારણું કરવું જોઈએ. તે સિવાય (- પૌષધના પારણા સિવાય) નિયમ નથી. અર્થાત્ પૌષધના પારણા સિવાય સાધુઓને વહોરાવીને પ્રત્યાખાન પારે કે પ્રત્યાખ્યાન પાર્યા પછી વહોરાવે. આથી પૌષધના પારણે સાધુઓને દાન આપીને જ પારણું કરવું જોઈએ.

તેનો વિધિ એવો છે કે જો તેવો દેશ-કાળ હોય તો પોતાના શરીરને સુંદર વસ્ત્ર, અલંકાર આદિથી વિભૂષિત બનાવીને સાધુના ઉપાશ્રયે જઈને "ભિક્ષા લેવા માટે પધારો" એમ નિમંત્રણ કરે. આ વખતે સાધુ માટે એવો વિધિ છે કે એક સાધુ પડલાનું પડિલેહણ કરે, એક સાધુ મુહપત્તિનું પડિલેહણ કરે, એક સાધુ પાત્રાનું પડિલેહણ કરે. જેથી જલદી જઈ શકાય. જો જલદી ન જાય તો શ્રાવકને પારણામાં મોડું થવાથી અંતરાય થાય. અથવા સાધુઓ પછી આવશે એમ વિચારીને વહોરાવવા કોઈ વસ્તુ રાખે તો સ્થાપના દોષ લાગે. શ્રાવક પહેલી પોરિસીમાં આમંત્રણ કરે તો જો નવકારશીના પ્રત્યાખ્યાનવાળો કોઈ સાધુ વાપરનાર હોય તો વહોરવા જાય, જો વાપરનાર ન હોય તો ન જાય-ગૃહસ્થને ના પાડે. કોઇ સાધુ વાપરનાર ન હોય અને વહોરવા જાય તો વહોરેલું રાખી મૂકવું પડે. (રાખી મૂકવાથી તેમાં કીડીઓ આવે વગેરે દોષોનો સંભવ છે.) પણ જો ગૃહસ્થ ઘણો આગ્રહ કરે તો વહોરવા જાય અને રાખી મૂકે. પછી પાત્રપડિલેહણ કરવાની પોરિસી વખતે જે પ્રત્યાખ્યાન પારે તેને આપે, અથવા બીજા કોઈ સાધુને પારણું હોય તો તેને આપે.

વહોરવા જવાનો વિધિ એવો છે કે શ્રાવક સાથે બે સાધુઓ જાય. (એકલા જવામાં અનેક દોષોનો સંભવ હોવાથી) એક સાધુને ન મોકલવો જોઈએ. રસ્તામાં સાધુ આગળ ચાલે અને શ્રાવક પાછળ ચાલે. સાધુઓને ઘરે લઈ જઈને શ્રાવક બેસવા માટે સાધુઓને આસનનું નિમંત્રણ કરે. સાધુઓ બેસે તો સારું, ન બેસે તો પણ વિનંતિ કરવાથી વિનયનો લાભ થાય છે. પછી આહાર-પાણી જાતે જ વહોરાવે, અથવા આહારનું વાસણ પોતે પકડી રાખે અને પત્ની વગેરે બીજા વહોરાવે. અથવા જ્યાં સુધી વહોરે ત્યાં સુધી બેસી રહે. સાધુઓ પશ્ચાત્કર્મ આદિ દોષો ન લાગે એટલા માટે વાસણમાં થોડું બાકી રહે તે રીતે વહોરે. વહોરાવ્યા પછી સાધુઓને વંદન કરીને વિદાય આપે.

પછી થોડાં પગલાં સુધી વળાવવા તેમની પાછળ જાય. પછી પોતે ભોજન કરે. સાધુઓને જે ન વહોરાવ્યું હોય તે વસ્તુ શ્રાવકે નહિ વાપરવી જોઈએ. જો ગામડા વગેરેમાં સાધુઓ ન હોય તો ભોજન વખતે દિશા - અવલોકન કરે = બારણા આગળ ઊભા રહીને સાધુઓને આવવાના રસ્તા તરફ જુએ અને વિશુદ્ધભાવથી વિચારે કે જો સાધુઓ હોત તો મારો ઉદ્ધાર થાત. 卐 (त्ति विभासा =) આમ અહીં બે વિકલ્પ છે. (૧) સાધુઓ હોય તો વહોરાવીને પારણું કરે. (૨) સાધુઓ ન હોય તો દિશાવલોકન કરીને પારણું કરે. [૧૦૧]

अत्रातिचारानाह-

**सच्चित्तनिक्खिवणयं, वज्जइ सच्चित्तपिहणयं चेव।**
**कालाइक्कमपरववएसं मच्छरिययं चेव।।१०२।।**

**[सचित्तनिक्षेपणं, वर्जयेत् सचित्तपिधानं चैव।**
**कालातिक्रमपरव्यपदेशं मात्सर्यं चैव।।१०२।।]**

**''सच्चित्त'' गाहा व्याख्या- सच्चित्तनिक्षेपणं वर्जयेत् सचित्तपिधानं चैव कालातिक्रमपरव्यपदेशं मात्सर्यं चैव वर्जयेदिति पदघटना। तत्र 'सच्चित्तनिक्षेपणं' सच्चित्तेषु-व्रीह्यादिषु निक्षेपणमन्नादेरदानबुद्ध्या मातृस्थानत एव१। 'सच्चित्तपिधानं' सच्चित्तेन-फलादिना पिधानं-स्थगनमिति समासः, भावना प्राग्वत्२। 'कालातिक्रमः' इति कालस्यातिक्रमः कालातिक्रमः-इत्युचितो यो भिक्षाकालः साधूनां तमतिक्रम्य-अतिलङ्घ्यानागतं वा भुङ्क्ते, तदा च किं तेन लब्धेनापि? कालातिक्रान्तत्वात्३। तदुक्तम्-''काले दिण्णस्स पहेणयस्स अग्घो न तीरए**

卐 ઉપ. મા. ગા. ૨૩૮ ૨૩૯

**काउं। तस्सेव अथक्कपणामिअस्स मिण्हंतया नत्थि।। [ ]'परव्यपदेश:' इति आत्मव्यतिरिक्त: पर: तस्य व्यपदेश: परव्यपदेश इति समास:। साधो: पौषधोपवासपारणकाले भिक्षायै समुपस्थितस्य प्रकटमन्नादि पश्यत: श्रावकोऽभिधत्ते परकीयमिदमिति नास्माकीनमतो न ददामि किञ्चित्; याचितो वाऽभिधत्ते विद्यमान एवामुकस्येदमस्ति तत्र गत्वा मार्गत यूयमिति४। मात्सर्यमिति-याचित: कुप्यति, परोन्नतिवैमनस्यं वा मात्सर्यमिति तेन तावद् द्रमकेण याचितेन दत्तं किमहं ततोऽपि न्यून इति मात्सर्याद्ददाति, कषायकलुषितेन वा चित्तेन ददतो मात्सर्यम्५। इति गाथार्थ:।।१०२।।**

## અતિથિ સંવિભાગ વ્રતમાં અતિચારો કહે છે :-

શ્રાવક અતિથિસંવિભાગ વ્રતમાં સચિત્તનિક્ષેપ, સચિત્તપિધાન, કાલાતિક્રમ, પરવ્યપદેશ અને માત્સર્ય એ પાંચ અતિચારોનો ત્યાગ કરે છે.

(૧) **સચિત્તનિક્ષેપ:**- નહિ આપવાની બુદ્ધિથી માયા કરીને જ સાધુને આપવા લાયક વસ્તુ સચિત્ત ડાંગર આદિ ઉપર મૂકી દેવી.

(૨) **સચિત્તપિધાન:**- નહિ આપવાની બુદ્ધિથી માયા કરીને જ સાધુને આપવા લાયક વસ્તુને ફળ આદિથી ઢાંકી દેવી.

(૩) **કાલાતિક્રમ:**- ભિક્ષાનો સમય વીતી ગયા પછી કે ભિક્ષા સમય થયા પહેલાં નિમંત્રણ કરવું. અવસર વિના ભોજન મળે તો પણ તેનાથી શો લાભ? કહ્યું છે કે- "**કાલે આપેલા મિષ્ટાન્નની કિંમત થઈ શકતી નથી. તે જ મિષ્ટાન્ન અનવસરે (= ધરાઈ ગયા પછી કે ભિક્ષા પૂરી થઈ ગયા પછી) કોઈ ન લે.**"

(૪) **પરવ્યપદેશ:**- આ વસ્તુ પરની = બીજાની છે એમ વ્યપદેશ કરવો = કહેવું તે પરવ્યપદેશ. પૌષધમાં કરેલા ઉપવાસના પારણે સાધુ ભિક્ષા માટે ઘરે પધાર્યા હોય અને અન્ન વગેરેને પ્રત્યક્ષ જોતા હોય ત્યારે શ્રાવક સાધુને કહે કે આ વસ્તુ બીજાની છે, અમારી નથી. આથી હું કંઈ આપતો નથી. અથવા સાધુએ કોઈ વસ્તુ માગી હોય અને એ વસ્તુ હોય તો પણ આ વસ્તુ અમુકની છે, તમે ત્યાં જઈને માગો, એમ કહેવું એ પરવ્યપદેશ છે.

(૫) **માત્સર્ય:**- માત્સર્ય એટલે સહન ન કરવું. સાધુ કોઈ વસ્તુ માગે તો ગુસ્સો કરવો. અથવા માત્સર્ય એટલે પરની ઉન્નતિની ઈર્ષ્યા કરવી. પેલા રંકે સાધુની માંગણીથી આપ્યું તો શું હું તેનાથી ઊતરતો છું? એમ ઈર્ષ્યાથી સાધુને વહોરાવવું. અથવા કષાયથી કલુષિત થયેલા ચિત્તથી આપવું તે માત્સર્ય. [૧૦૨]

उक्तं सातिचारं चतुर्थं शिक्षाव्रतम्। तदुक्तौ चोक्तानि द्वादशापि श्रावकव्रतानि। सांप्रतं तत्रातिचारोक्तिमेव शोधयति। ननु यद्यतिचारा अपि परिहारविषयीभावेनाऽत्राभिधीयन्ते किमिति तेषामपि व्रतानामिव प्रत्याख्यानं त्रिधात्रिधादिविभागेन न प्रदर्शितमिति मनस्याधायाह-

**एत्थं पुण अइयारा, नो परिसुद्धेसु हुंति सव्वेसु।**
**अक्खंडविरइभावा, वज्जइ सव्वत्थओ भणियं ॥१०३॥**

**[ अत्र पुनरतिचारा, नो परिशुद्धेषु भवन्ति सर्वेषु ।**
**अखण्डविरतिभावात्, वर्जयति सर्वत्राऽतो भणितम् ॥१०३॥ ].**

**''एत्थं'' गाहा व्याख्या- 'अत्र' एतेषु प्राणातिपातादिव्रतेषु, पुनःशब्दो विशेषणे, अतिचारगतमेतदत्र विशेषितमभिधातव्यमित्यर्थः। 'नो' निषेधे, 'परिशुद्धेषु' विबन्धककर्मानुदयागततात्त्विकविरतिपरिणामप्रतिपन्नेषु 'भवन्ति' जायन्ते 'सर्वेषु' द्वादशस्वपि । हेतुमाह- 'अखण्डविरतिभावात्' परिपूर्णदेशविरतिसद्भावतः, नहि परिपूर्णदेशविरतिसद्भावे वधादिप्रतिपत्तिर्भवतीति भावः। वर्जयति, अत्र इतिशब्दाऽध्याहारो दृश्यः, वर्जयतीत्येवं 'सर्वत्र' सूत्रे। 'अतः'यतोऽखण्डविरतिभावाद् वधादिप्रवृत्तिर्न भवत्येव अस्माद्धेतोः 'भणितं' उक्तम्। इदमुक्तं भवति- यद्यप्यतिचाराणां पृथक् प्रत्याख्यानं नोक्तं तथापि प्राणिवधादिप्रत्याख्यान एव शुद्धिप्राप्ते प्रत्याख्यातुर्वधबन्धाद्यतिचारपरिहारप्रवणैव प्रायः प्रवृत्तिः स्यादतो व्रतप्रत्याख्यानमेवंविधविषयव्यापीति नातिचारा अत्र पृथक् प्रत्याख्येयतयोच्यन्ते, किन्त्वेवंविधविरतौ वधादिरूपा प्रवृत्तिर्न भवतीति ज्ञापनाय सर्वत्राऽतिचारान् वर्जयतीत्युच्यते। इति गाथार्थः॥१०३॥**

અતિચાર સહિત ચોથું શિક્ષાવ્રત કહ્યું. ચોથું શિક્ષાવ્રત કહેવાઈ જતાં શ્રાવકનાં બારે ય વ્રતો કહેવાઈ ગયાં. હવે વ્રતોમાં અતિચારોના કથનને જ શુદ્ધ કરે છે, અર્થાત્ અતિચારો જે રીતે કહ્યા છે તે રીતે બરોબર કહ્યા છે, એમ સિદ્ધ કરે છે. જો અહીં અતિચારો ત્યાગ કરવા યોગ્ય છે એમ કહેવામાં આવે તો જેવી રીતે વ્રતોનું ત્રિવિધ-ત્રિવિધ આદિ વિભાગથી પ્રત્યાખ્યાન જણાવ્યું, તેમ અતિચારોનું પણ ત્રિવિધ-ત્રિવિધ આદિ વિભાગથી પ્રત્યાખ્યાન કેમ ન જણાવ્યું? આવી શંકા મનમાં રાખીને તેનું સમાધાન કહે છે :-

દેશવિરતિ પરિણામના પ્રતિબંધક કર્મોના ઉદયના અભાવથી થયેલા દેશવિરતિના તાત્ત્વિક પરિણામથી સ્વીકારેલા બારેય વ્રતોમાં પરિપૂર્ણ દેશવિરતિનો સદ્ભાવ હોવાથી અતિચારો થતા નથી, આથી મૂળગાથામાં "અતિચારોનો ત્યાગ કરે છે" એમ કહ્યું છે.

અહીં તાત્પર્યાર્થ આ પ્રમાણે છે:- ૧. જ્યારે દેશવિરતિ પરિણામના પ્રતિબંધક કર્મોનો ઉદય ન હોય ત્યારે દેશવિરતિના તાત્ત્વિક પરિણામ હોય છે. ૨. જ્યારે દેશવિરતિના તાત્ત્વિક પરિણામ હોય ત્યારે સ્વીકારેલાં વ્રતોમાં પરિપૂર્ણ દેશ વિરતિ હોય છે. ૩. જ્યારે પરિપૂર્ણ દેશવિરતિ હોય ત્યારે વધ આદિ રૂપ પ્રવૃત્તિ થતી નથી. ૪. જ્યારે પરિપૂર્ણ દેશવિરતિ હોય ત્યારે વધ આદિ રૂપ પ્રવૃત્તિ ન થતી હોવાથી જ અહીં અતિચારદર્શક ગાથાઓમાં "અતિચારોનો ત્યાગ કરે છે" એમ કહ્યું છે.

જો કે અતિચારોનું અલગ પચ્ચક્ખાણ કહ્યું નથી, તો પણ પ્રાણિવધ આદિનું પ્રત્યાખ્યાનજ શુદ્ધિને પામે છે ત્યારે પ્રત્યાખ્યાન કરનારની પ્રાય: વધ અને બંધ વગેરે અતિચારોનો ત્યાગ કરવામાં તત્પર એવી પ્રવૃત્તિ થાય, અર્થાત્ પચ્ચક્ખાણ કરનાર અતિચાર ન લાગે તે પ્રમાણે પ્રવૃત્તિ કરે છે. આથી (જેવી રીતે તેલ પાણીમાં વ્યાપીને રહે છે તેવી રીતે) અતિચારત્યાગ વ્રતપ્રત્યાખ્યાનમાં વ્યાપીને રહેલું છે. આથી અહીં અતિચારોનું અલગ પચ્ચક્ખાણ કહેવામાં આવતું નથી. પણ આવા પ્રકારની (= પરિપૂર્ણ) દેશવિરતિ હોય ત્યારે વધાદિરૂપ પ્રવૃત્તિ થતી નથી એમ જણાવવા માટે અતિચાર દર્શક ગાથાઓમાં "અતિચારોનો ત્યાગ કરે છે" એમ કહેવામાં આવે છે. [૧૦૩]

''ननु यद्येवं विरतिविबन्धककर्मह्रासवशागतविरतिपरिणामे स्वरसत एव वधादिपरिहारप्रवणैव प्रवृत्तिर्विरतिमतस्तर्हि तस्येदं विरतिविषयादिनिरूपकसूत्रं किंफलं देशविरतिं प्रति स्यात्?'' इत्याह-

**सुत्ता उवायरक्खणगहणपयत्तविसया मुणेयव्वा ।**
**कुंभारचक्कभामगदंडाहरणेण धीरेहिं ॥१०४॥**

[सुत्रादुपायरक्षणग्रहणप्रयत्नविषया ज्ञातव्या:।
कुम्भकारचक्रभ्रामकदण्डोदाहरणेन धीरै: ॥१०४॥]

**''सुत्ता'' गाहा व्याख्या- 'सूत्रात्' आगमात् उपायरक्षणादय: कुम्भकारचक्रभ्रामकदण्डोदाहरणेन धीरैर्ज्ञातव्या इति योग:। तत्रोपायेन रक्षणमुपायरक्षणम्, परिशुद्धजलग्रहणादिग्रहणे प्रयत्नो ग्रहणप्रयत्न:, व्रतग्रहणार्थं चतुर्मासकादौ पुन: पुन: श्रवणादिविषय: आदरविषय:। संकल्पविषयीकृत**

प्राण्यादिरूप उपायरक्षणादीनां चार्थस्ते उपायरक्षणादयः सूत्राद् ज्ञातव्याः। कथम्? कुम्भकारचक्रभ्रामकदण्डोदाहरणेन । इदमत्र हृदयम् -यथा किल कुम्भकारचक्रस्याभ्रमतो भ्रमतो वा दण्डो भ्रमणतत्स्थैर्यनिबन्धनमेव भवति, एवमिहापि सूत्रेणोपायरक्षणादयो निरूप्यमाणा विरतिपरिणामेऽसति सति च संभवद्विरतेरसुमतो गुणकरा एव। इह केचिद् विषयादिपदानि पश्चानुपूर्व्या विभागेनान्यथाऽपि व्याचक्षते, इह तु प्रतिपत्तिलाघवायेत्थमेव व्याख्यातानि । इति गाथार्थः ॥१०४॥

**જો વિરતિપ્રતિબંધક કર્મોના હ્રાસથી થયેલા વિરતિના પરિણામ હોય ત્યારે વિરતિવાળાની સ્વાભાવિક રીતે જ વધ આદિ અતિચારોનો ત્યાગ કરવામાં તત્પર હોય તેવી જ પ્રવૃત્તિ થાય છે તો વિરતિના વિષય 卐 આદિને જણાવનારું આ સૂત્ર (= ગ્રંથ) વિરતિવાળાને દેશવિરતિને આશ્રયીને ક્યા ફળવાળું થાય? અર્થાત્ દેશવિરતિવાળાને દેશવિરતિમાં આ સૂત્રથી શો લાભ થાય? આવી શંકા કરીને તેનું સમાધાન કહે છેઃ-**

બુદ્ધિમાન શ્રાવકે ઉપાયરક્ષણ, ગ્રહણપ્રયત્ન તથા ઉપાયરક્ષણનો અને ગ્રહણપ્રયત્નનો વિષય કુંભારના ચક્રને ફેરવનાર દંડના ઉદાહરણથી આગમમાંથી જાણી લેવા.

(૧) **ઉપાયરક્ષણઃ-** ઉપાયથી રક્ષણ કરવું તે ઉપાયરક્ષણ. સ્વીકારેલ સમ્યક્ત્વ અને દેશવિરતિ વગેરેનું ક્યા ક્યા ઉપાયથી રક્ષણ કરવું તે આગમથી જાણી લેવું. (જેમકે આયતનનું સેવન કરવું, કારણ વિના બીજાના ઘરમાં પ્રવેશ ન કરવો, જેમાં અજ્ઞાન માણસોને વિનોદ થાય તેવી જુગાર આદિ ક્રીડાનો ત્યાગ કરવો. વિકારી વચનોનો ત્યાગ કરવો વગેરે સમ્યક્ત્વ વગેરેના રક્ષણના ઉપાયો છે)卐.

**ગ્રહણપ્રયત્નઃ-** ગ્રહણમાં (= સ્વીકારવામાં) પ્રયત્ન કરવો તે ગ્રહણપ્રયત્ન. (અર્થાત્ નવાં નવાં વ્રતો વગેરે લેવામાં પ્રયત્ન કરવો જોઈએ.) જેમ કે- પાણી ગાળીને પીવું, ગાળ્યા વિનાનું પાણી ન પીવું ઈત્યાદિ નિયમો લેવા જોઈએ.

**ગ્રહણપ્રયત્નનો વિષયઃ** જે ઉપાયથી ગ્રહણમાં (= વ્રતોને સ્વીકારવામાં) પ્રયત્ન થાય તે ગ્રહણપ્રયત્નનો વિષય કહેવાય. અર્થાત્ જે જે ઉપાયથી વ્રતોનો સ્વીકાર થઈ શકે તે તે ઉપાય ગ્રહણપ્રયત્નનો વિષય કહેવાય. જેમકે- વ્રતનો સ્વીકાર કરવા માટે ચાતુર્માસ વગેરેમાં વ્રતોની વિશેષ માહિતી મળે તેવું વારંવાર શ્રવણ કરવું તે ગ્રહણપ્રયત્નનો વિષય છે.

卐 જેની વિરતિ કરવાની હોય તે વિરતિનો વિષય કહેવાય.

卐. ધ. ર. પ્ર. ગા. ૩૭-૩૮

**ઉપાયરક્ષણનો વિષય:-** જેનું ઉપાયથી રક્ષણ કરવાનું છે તે ઉપાયરક્ષણનો વિષય કહેવાય. જેમકે- પહેલા અણુવ્રતમાં મારે નિરપરાધી ત્રસ જીવોને સંકલ્પ પૂર્વક મારવા નહિ એવો નિયમ છે. આથી સંકલ્પિત નિરપરાધી ત્રસ જીવો ઉપાયરક્ષણનો વિષય છે. અર્થાત્ પહેલા અણુવ્રતમાં સંકલ્પિત નિરપરાધી ત્રસજીવોનું ઉપાયથી રક્ષણ કરવાનું છે.

**કુંભારચક્રના દંડની ઘટના:-** અહીં કુંભારના ચક્રને ફેરવનાર દંડના દૃષ્ટાંતનો ભાવાર્થ આ પ્રમાણે છે:- જેમ કુંભારનું ચક્ર ન ફરતું હોય તો દંડ તેને ફેરવે છે અને જો ફરતું હોય તો પરિભ્રમણને સ્થિર રાખે છે, ધીમું પડવા દેતું નથી. આમ દંડ પરિભ્રમણનું અને સ્થિરતાનું કારણ બને જ છે, અર્થાત્ દંડ નિષ્ફળ જતું નથી. તેમ પ્રસ્તુતમાં પણ સૂત્રમાં બતાવાતા ઉપાયરક્ષણ વગેરે વિરતિવાળા જીવમાં વિરતિપરિણામ ન હોય તો ઉત્પન્ન કરે છે અને હોય તો સ્થિર કરે છે, અર્થાત્ વિરતિના પરિણામને પડવા દેતા નથી. આથી સૂત્રમાં બતાવાતા ઉપાયરક્ષણ વગેરે લાભકારી જ છે.

અહીં કેટલાક વિષય વગેરે પદોનું પશ્ચાનુપૂર્વીથી અને વિભાગથી બીજી રીતે પણ વ્યાખ્યાન કરે છે, અર્થાત્ વિષય, ઉપાય, રક્ષણ, ગ્રહણ અને પ્રયત્ન એ ક્રમથી વ્યાખ્યાન કરે છે, અને અહીં જેમ ઉપાયરક્ષણ, ગ્રહણપ્રયત્ન એમ સમાસથી વ્યાખ્યાન કરવામાં આવે છે તેમ વ્યાખ્યાન ન કરતાં 卐 ઉપાય, રક્ષણ, ગ્રહણ, પ્રયત્ન એમ વિભાગથી વ્યાખ્યાન કરે છે. અહીં તો જલદી બોધ થાય એટલા માટે આ પ્રમાણે (= ટીકામાં બતાવ્યું છે તે પ્રમાણે) જ વ્યાખ્યાન કર્યું છે. [૧૦૪]

प्रदर्शितोदाहरणमेव समर्थयति-

## गहणा उवरि पयत्ता, होइ असंतो वि विरइपरिणामो।
## अकुसलकम्मोदयओ, पडइ अवन्नाइ लिंगमिह।।१०५।।

**[ ग्रहणादुपरि प्रयत्नात्, भवति असन्नपि विरतिपरिणामः।**
**अकुशलकर्मोदयतः, पतत्यवर्णादि लिङ्गमिह ।।१०५।। .]**

**''गहणा''गाहा व्याख्या- 'ग्रहणादुपरि'''गुरुमूले'' त्यादिसूत्र-निर्दशितव्रतोपादानोत्तरकालमित्यर्थः, 'प्रयत्नात्' पुनः पुनःश्रवणाद्यादरात्, किम्? 'भवति' जायते 'असन्नपि विरतिपरिणामः'अविद्यमानोऽपि कर्मह्रासनिबन्धनस्तात्त्विको विरत्यध्यवसायः, अनेन च सूत्रादुपायरक्षणादयो निरूप्यमाणा विरतिपरिणामेऽसति तदुत्पादका भवन्तीत्याऽवेदितं भवति ।**

卐 જુઓ શ્રાવકધર્મ પંચાશક ગાથા - ૩૪

**सति तु तत्र फलमाह- 'अकुशलकर्मोदयतः' अशुभकषायादिकर्माऽनुभावात् 'पतति' अपयाति विरतिपरिणाम इति प्रकृतम्,अतः सूत्रादुपायरक्षणादयस्तत्स्थिरतानिबन्धना भवन्तीत्यभिप्रायः। तत्र प्रतिपतिते चिह्नमाह- अवर्णः- अश्लाघा अवज्ञा वा- अनादर आदिर्यस्य तत्तथा, आदिशब्दात्तद्रक्षणोपायाप्रवृत्त्यादि च 'लिङ्गं' चिह्नं 'इह' व्रतपरिणामपरिपाते । इति गाथार्थः।।१०५।।**

**બતાવેલા દૃષ્ટાંતનું જ સમર્થન કરે છે :-**

આ ગ્રંથમાં ૭૯ મી ગાથામાં જણાવ્યા પ્રમાણે વ્રતોનો સ્વીકાર કર્યા પછી જેનાથી વ્રતોની વિશેષ માહિતી મળે તેવું વારંવાર સાંભળવામાં પ્રયત્ન કરવાથી નહિ થયેલો પણ ◆તાત્ત્વિક વિરતિપરિણામ થાય છે. આનાથી એ જણાવ્યું કે આગમના આધારે બતાવાતા ઉપાયરક્ષણ વગેરે નહિ થયેલા વિરતિપરિણામને ઉત્પન્ન કરે છે.

વિરતિપરિણામ થયા હોય તો ઉપાયરક્ષણ વગેરેનું ફલ જણાવે છેઃ- કષાય વગેરે અશુભ કર્મોના ઉદયથી વિરતિપરિણામ પડી રહ્યા હોય ત્યારે આ ઉપાયરક્ષણ વગેરે વિરતિપરિણામની સ્થિરતાના કારણ બને છે એવો આ સૂત્રનો (ગાથાનો) અભિપ્રાય છે. **પ્રશ્નઃ-** વ્રતનો પરિણામ નાશ પામ્યો છે એ શી રીતે જાણી શકાય? **ઉત્તરઃ-** પ્રશંસાનો અભાવ કે અનાદર વગેરે ચિહ્નોથી જાણી શકાય. વ્રતોની, વ્રતોનો ઉપદેશ આપનારાઓની અને વ્રતીઓની પ્રશંસા ન કરવી, તેમનો અનાદર કરવો, વ્રતરક્ષણના ઉપાયો ન કરવા વગેરેથી વ્રતપરિણામ નાશ પામ્યો છે એમ જાણી શકાય છે. [૧૦૫]

अतस्तस्यासत उत्पादनाय सतः स्थैर्याय यद्विधेयं तन्निगमनद्वारेणाह-

**तम्हा निच्चसईए, बहुमाणेणं च अहिगयगुणम्मि।**
**पडिवक्खदुगुंछाए, परिणइआलोयणेणं च ।।१०६।।**

**[तस्मान्नित्यं स्मृत्या, बहुमानेन च अधिकृतगुणे।**
**प्रतिपक्षजुगुप्सया, परिणत्यालोचनेन च ।।१०६।।]**

**''तम्हा'' गाहा व्याख्या- यस्मादेवमसन् भवति संश्च प्रमादात् परिपतति विरतिपरिणामस्तस्मात् नित्यं - सदा स्मृत्या- अधिकृताऽविस्मरणेन, 'बहुमानेन च' भावप्रतिबन्धेन च 'अधिकृतगुणे' सम्यक्त्वाणुव्रतादौ, 'प्रतिपक्षजुगुप्सया' मिथ्यात्वप्राणिवधाद्युद्वेगेन, 'परिणत्यालोचनेन च ' मिथ्यात्वप्राणिवधादीनां ''दारुणफला एते'' इति विपाकाऽऽलोचनेन। इति गाथार्थः ।।१०६।।**

◆कर्मह्रासनिबन्धनः એ પરિણામનું વિશેષણ છે. તેનો અર્થ આ પ્રમાણે છેઃ- કર્મનો હ્રાસ કારણ છે જેનું એવો વિરતિપરિણામ. અર્થાત્ કર્મહ્રાસથી થનારો વિરતિપરિણામ.

तथा-

**तित्थंकरभत्तीए, सुसाहुजणपज्जुवासणाए य।**
**उत्तरगुणसध्धाए, एत्थ सया होइ जइयव्वं।।१०७।।**

**[तीर्थंकरभक्त्या सुसाधुजनपर्युपासनया च।**
**उत्तरगुणश्रद्धया अत्र सदा भवति यतितव्यम्।।१०७।।]**

**''तित्थंकर'' गाहा व्याख्या- 'तीर्थकरभक्त्या' परमगुरुविनयेन 'सुसाधुजनपर्युपासनया च' भावयतिसेवनया च 'उत्तरगुणश्रद्धया च' सम्यक्त्वे सत्यणुव्रताभिलाषेण तेषु सत्सु महाव्रताभिलाषेण च 'अत्र' विरतिव्यतिकरे 'सदा' सर्वदा भवति 'यतितव्यं' उद्यमः करणीयः। इति गाथार्थः।।१०७।।**

**આથી નહિ થયેલા વિરતિપરિણામને ઉત્પન્ન કરવા માટે અને ઉત્પન્ન થયેલા વિરતિપરિણામની સ્થિરતા માટે જે કરવું જોઈએ તે ઉપસંહાર કરવા પૂર્વક કહે છેઃ-**

આ પ્રમાણે ઉપાયરક્ષણ વગેરેથી વિરતિનો પરિણામો થતો હોવાથી અને પ્રમાદથી વિરતિનો પરિણામ નાશ પામતો હોવાથી અહીં સદા નીચે મુજબ પ્રયત્ન કરવો જોઈએ.

(૧) લીધેલાં સમ્યક્ત્વ અને અણુવ્રત વગેરેનું સદા સ્મરણ કરવું જોઈએ. (૨) લીધેલાં સમ્યક્ત્વ અને અણુવ્રતો વગેરે ઉપર બહુમાન રાખવું જોઈએ. (૩) સમ્યક્ત્વ અને વ્રતોના પ્રતિપક્ષ મિથ્યાત્વ, પ્રાણિવધ આદિ ઉપર જુગુપ્સાભાવ જોઈએ. (૪) મિથ્યાત્વ અને પ્રાણિવધ વગેરે દોષોના પરિણામની વિચારણા કરવી જોઈએ, અર્થાત્ આ દોષોથી ભયંકર ફળ મળે છે એવી વિચારણા કરવી. (૫) તીર્થંકરની ભક્તિ કરવી જોઈએ. (૬) સુસાધુઓની સેવા કરવી જોઈએ. (૭) જે ગુણોનો સ્વીકાર કર્યો હોય તેનાથી અધિક ગુણની ઈચ્છા રાખવી જોઈએ. જેમકે- સમ્યક્ત્વનો સ્વીકાર કર્યો હોય તો દેશવિરતિની ઈચ્છા રાખવી જોઈએ. દેશવિરતિનો સ્વીકાર કર્યો હોય તો સર્વવિરતિની ઈચ્છા રાખવી જોઈએ. [૧૦૬-૧૦૭]

**एवमसंतो वि इमो, जायइ जाओ वि न पडइ कयाई।**
**ता इत्थं बुद्धिमया, अपमाओ होइ कायव्वो ।।१०८।।**

**[ एवमसन्नप्ययं जायते, जातोऽपि न पतति कदाचित्।**
**तदत्र बुद्धिमता, अप्रमादो भवति कर्तव्यः।।१०८।।]**

''एवं'' गाहा व्याख्या - 'एवम्' उक्तन्यायेन प्रवृत्तौ 'असन्नपि' अविद्यमानोऽपि 'अयं' विरतिपरिणामः 'जायते' भवति, 'जातश्च' संपन्नश्च 'न पतति कदाचित्' नापैति कदाचिदपि, 'तत्' तस्मात् 'अत्र' नित्यस्मरणादौ 'बुद्धिमता' धीमता 'अप्रमादः' उद्यमो भवति कर्तव्यः। इति गाथार्थः।। १०८।।

આ રીતે પ્રયત્ન કરવાથી નહિ થયેલો પણ વિરતિપરિણામ થાય છે, અને થયેલો પરિણામ ક્યારે પણ જતો નથી. આથી બુદ્ધિમાન પુરુષે લીધેલાં વ્રતોનું સદા સ્મરણ કરવા વગેરેમાં ઉદ્યમ કરવો જોઈએ. [૧૦૮]

उक्तव्रतानामेवाऽवधिविशेषं निदर्शयन्नाह-

**एत्थ उ सावगधम्मे, पायमणुव्वयगुणव्वयाइं च।**
**आवकहियाइँ सिक्खावयाइँ पुण इत्तराइं ति ।।१०९।।**

[अत्र तु श्रावकधर्मे, प्रायोऽणुव्रतगुणव्रतानि च ।
यावत्कथितानि शिक्षाव्रतानि पुनरित्वराणीति।।१०९।।]

''एत्थ'' गाहा व्याख्या- अत्र 'एतस्मिन् प्रस्तुते श्रावकधर्म इति योगः, 'तुः' अवधारणे,अत्रैव न शाक्यादिधर्मे, 'प्रायः' बाहुल्येन, प्रायोग्रहणेन परिग्रहव्रतादौ चतुर्मासकादिरूपमप्यवधिमाह। ' अणुव्रतगुणव्रतानि च' इति पञ्चाणुव्रतानि प्रतिपादितस्वरूपाणि त्रीणि गुणव्रतानि उक्तलक्षणान्येव ' यावत्कथिकानि' इति सकृद् गृहीतानि यावज्जीवमपि धारणीयानि, ''न तु नियोगतो यावज्जीवमेव'' इति गुरवो व्याचक्षते; प्रतिचतुर्मासकमपि तद्ग्रहः, वृद्धपरंपरायाततथासामाचार्युपलब्धेः। 'शिक्षाव्रतानि पुनरित्वराणि' इति शिक्षा- अभ्यासस्तस्यां व्रतानि शिक्षाव्रतानि इत्वराणीति- इत्वरकालानि। तत्र प्रतिदिवसानुष्ठेये सामायिकदेशावकाशिके पुनः पुनरुच्चार्येते इति भावना, पौषधोपवासातिथिसंविभागौ तु प्रतिनियतदिवसानुष्ठेयौ, न प्रतिदिवसाचरणीयौ। इति गाथार्थः।।१०९।।

અહીં શ્રાવકધર્મમાં પાંચ અણુવ્રતો અને ત્રણ ગુણવ્રતો પ્રાય: યાવજ્જીવ સુધી સ્વીકારાય છે, અર્થાત્ એકવાર સ્વીકારેલાં તે વ્રતો જીવનપર્યંત પણ પાળવાના હોય છે. અહીં પ્રાય: કહ્યું હોવાથી પરિગ્રહવ્રત વગેરેમાં ચાર માસ વગેરે પણ મર્યાદા હોય એમ જણાવ્યું છે.

આથી જીવનપર્યંત જ સ્વીકારવાનો નિયમ નથી એમ ગુરુઓ કહે છે. દરેક ચોમાસા સુધી પણ આ વ્રતોનો સ્વીકાર થાય છે, કારણ કે વૃદ્ધપુરુષોની પરંપરાથી આવેલી તેવી સામાચારી જોવામાં આવે છે.

પણ શિક્ષાવ્રતો થોડા કાળ સુધી હોય છે. તેમાં સામાયિક અને દેશાવગાશિક દરરોજ કરવાનાં હોય છે, અને એ બેનું પ્રત્યાખ્યાન વારંવાર કરાય છે. પૌષધ અને અતિથિ સંવિભાગ નિયત દિવસે કરવાના હોય છે, દરરોજ નહિ. શિક્ષા એટલે અભ્યાસ. શિક્ષામાં 卐 વ્રતો તે શિક્ષાવ્રતો, અર્થાત્ વિરતિની શિક્ષા (= અભ્યાસ) કરવા માટેનાં વ્રતો તે શિક્ષાવ્રતો. [૧૦૯]

**एवं द्वादशविधेऽपि श्रावकधर्मेऽभिहिते संलेखनाभिधानावसरस्तत्राह-**

## संलेहणा य अंते, न निओगा जेण पव्वयह कोई।
## तम्हा नो इह भणिया, विहिसेसमिमस्स वोच्छामि॥११०॥

[संलेखना चान्ते, न नियोगात्, येन प्रव्रजति कोऽपि ।
तस्मान्नो इह भणिता , विधिशेषमस्य वक्ष्ये ॥११०॥]

**''संलेहणा'' गाहा व्याख्या- ' संलेखना' चरमानशनपूर्वक्रियारूपा आगमप्रसिद्धा 'अन्ते' जीवितपर्यवसाने संभविनी, न 'नियोगात्' अवश्यंतया सा गृहिणः संभविनी । कारणमाह– येन कारणेन 'प्रव्रजति' यतिर्भवति 'कोऽपि'तथाविधविरतिपरिणामवान् गृही ' तस्मात्' अतो हेतोः 'नो' नैव 'इह' अत्रावसरे 'भणिता' प्रतिपादिता। 'विधिशेषं' श्रावककर्तव्यमेवानुक्तं 'अस्य' श्रावकस्य 'वक्ष्ये' अभिधास्ये। इति गाथार्थः ॥११०॥**

**આ પ્રમાણે બારે પ્રકારનો શ્રાવકધર્મ કહેવાઈ જતાં સંલેખના કહેવાનો અવસર છે. આથી સંલેખના અંગે કહે છેઃ-**

જીવનના અંતે થનારી સંલેખના શ્રાવકને અવશ્ય હોય એવો નિયમ નથી. કારણ કે તેવા પ્રકારના પરિણામવાળો કોઈક શ્રાવક દીક્ષા લે. આથી અહીં સંલેખનાનું વર્ણન કર્યું નથી. સંલેખના એટલે અંતિમ અનશન કરવાની પૂર્વે કરવાની ક્રિયા. આ ક્રિયા આગમમાં પ્રસિદ્ધ છે. હવે નહિ કહેલાં શ્રાવકનાં કર્તવ્યોને (૧૧૧ મી ગાથાથી) કહીશ. [૧૧૦]

---

卐 અહીં હેતુ અર્થમાં સપ્તમી વિભક્તિ છે.

तमेवाह-

**निवसेज्ज तत्थ सड्ढो, साहूणं जत्थ होइ संपाओ।**
**चेइयहराइँ य जम्मि , तयन्नसाहम्मिया चेव ।।१११।।**

[ निवसेत्तत्र श्राद्धः साधूनां यत्र भवति संपातः।
चैत्यगृहाणि च यस्मिन्, तदन्यसाधर्मिकाश्चैव ।।१११।।]

**''निवसेज्ज'' गाहा व्याख्या- 'निवसेत्' आवसेत् 'तत्र' नगरादौ 'श्राद्धः' श्रावकः 'साधूनां यत्र भवति संपातः' संपतनं संपातः - आगमनमित्यर्थः। चैत्यगृहाणि च यस्मिन्, तदन्यसमानधार्मिकाश्चैव श्रावकादयः, इति गाथार्थः एवंविधस्थाने निवसने किं फलम्? [ इति चेदुच्यते- गुणांना वृद्धिः। तथा ] चेदमभिहितमन्यत्र -'' साहूण वंदणेणं , नासइ पावं असंकिआ भावा । फासुअदाणे निज्जर, उवग्गहो नाणमाईणं ।।१।। मिच्छद्दंसणमहणं, सम्मद्दंसणविसुद्धिहेउं च। चिइवंदणाइविहिणा, पण्णत्तं वीयरागेहिं ।।२।। साहम्मिअथिरकरणे, वच्छल्लं सासणस्स सारो त्ति । मग्गसहाय्यत्तणओ, तहा अनासो अ धम्माओ ।।३।।'' ।।१११।।**

**તેને જ કહે છેઃ-**

• જ્યાં સાધુઓનું આગમન થતું હોય, જ્યાં જિનમંદિરો હોય, જ્યાં બીજા સાધર્મિકો હોય તે નગર વગેરેમાં શ્રાવક રહે.

**પ્રશ્નઃ**- આવા સ્થાનમાં રહેવાથી શો લાભ થાય? **ઉત્તરઃ**- ગુણોની વૃદ્ધિ થાય. સાધુઓના આગમન આદિની મહત્તા બતાવવા બીજા સ્થળે (શ્રા. પ્ર. માં). કહ્યું છે કે-**"સાધુઓને વંદન કરવાથી ગુણબહુમાન દ્વારા પાપ નાશ પામે છે. તેમની પાસે ધર્મશ્રવણ કરવાથી જીવાદિ તત્ત્વોમાં શંકા રહેતી નથી. તેમને નિર્દોષ દાન કરવાથી નિર્જરા થાય છે. કારણ કે દાનથી સાધુઓના જ્ઞાનાદિનું પોષણ થાય છે. (૩૪૦) વિધિપૂર્વક કરેલા ચૈત્યવંદન અને જિનપૂજન આદિથી મિથ્યાત્વનો નાશ થાય છે, અને સમ્યક્ત્વની વિશુદ્ધિ થાય છે, એમ અરિહંતોએ કહ્યું છે. (૩૪૧) સાધર્મિક સાથે રહેવાથી સાધર્મિક સ્થિર કરે, સાધર્મિક વાત્સલ્ય કરે, સાધર્મિકવાત્સલ્ય શાસનનો સાર છે, પ્રશંસા આદિ દ્વારા સમ્યગ્દર્શનાદિ મોક્ષમાર્ગમાં સહાય કરવાથી સાધર્મિક જિનધર્મથી ભ્રષ્ટ બને નહિ.** (૩૪૨) [૧૧૧]

तत्रापि प्रतिदिनकर्तव्यमाह-

**नवकारेण विबोहो, [१]अणुसरणं सावगो वयाइम्मि।**
**जोगो चिइवंदण मो, पच्चक्खाणं च विहिपुव्वं ।।११२।।**

[नमस्कारेण विबोधोऽनुस्मरणं श्रावको व्रतादौ ।
योगश्चैत्यवन्दनं प्रत्याख्यानं च विधिपूर्वकम् ।।११२।।]

''नवकार'' गाहा व्याख्या- 'नमस्कारेण विबोधः' इति सुप्तोत्थितेन नमस्कारः पठितव्यः। तथाऽनुस्मरणं कर्तव्यं श्रावकोऽहमिति, व्रतादौ विषये स्मरणम् । व्रतानि च मे इति पाठः। ततो योगः कायिकादिः।'चैत्यवन्दनम्' इति प्रयत्नेन चैत्यवन्दनं कर्तव्यम्। ततो गुर्वादीनि अभिवन्द्य प्रत्याख्यानं च 'विधिपूर्वकं' सम्यगाकारशुद्धं ग्राह्यम्। इति गाथार्थः ११२।।

**આવા સ્થાનમાં પણ દરરોજનાં કર્તવ્યોને કહે છે :-**

(૧) પ્રાતઃકાલે ઊંઘમાંથી ઊઠીને (સાત-આઠ) નવકાર ગણે. (૨) ત્યાર બાદ હું શ્રાવક છું, મારે અણુવ્રતો વગેરે વ્રતો છે ઇત્યાદિ વિચારે. (૩) ત્યાર બાદ પેશાબ વગેરેની હાજત ટાળે. (૪) ત્યારબાદ પ્રયત્નપૂર્વક (જિનપૂજા કરીને) ચૈત્યવંદન કરે. (૫) પછી ગુરુ વગેરેને વંદન કરીને સારી રીતે આગારોથી શુદ્ધ એવું પચ્ચક્ખાણ લે. [૧૧૨]

ततः-

**तह चेईहरगमणं, सक्कारो वंदणं गुरुसगासे।**
**पच्चक्खाणं सवणं, जइपुच्छा उचियकरणिज्जं ।।११३।।**

[तथा चैत्यगृहगमनं सत्कारो वन्दनं गुरुसकाशे।
प्रत्याख्यानं श्रवणं, यतिपृच्छा उचितकरणीयम्।।११३।।].

''तह''गाहा व्याख्या- 'तथा चैत्यगृहगमनं' तथाविधिनैव पञ्चविधाऽभिगमाऽऽराधनेन चैत्यगृहगमनं -जिनबिम्बसदनप्रवेशः। तदुक्तम् - ''सचित्ताणं दव्वाणं विउस्सग्गयाए, अचित्ताणं दव्वाणं अविउस्सग्गयाए, एगल्लसाडिएणं उत्तरासंगेणं, चक्खुप्फासे अंजलिपग्गहेणं, मणसो एगत्तीभावेणं ।'' [औपपातिक०

१ ''अणुग्गहो'' अ।

३२]. तत्र च 'सत्कारः' माल्यादिभिरभ्यर्चनमर्हत्प्रतिमाया इति गम्यते, 'वन्दनं' प्रतीतं चैत्यवन्दनाविधानेन, ततो गुरुसकाशे 'प्रत्याख्यानं' स्वयं गृहादिगृहीतप्रत्याख्यानस्य गुरुसाक्षिकत्वविधानमित्यर्थः, तत्रैव श्रवणमागमस्येति गम्यते, तदनन्तरं 'यतिपृच्छा' साधुशरीरसंयमवार्ताप्रच्छनम्, तत्र च 'उचितकरणीयं' यतेर्ग्लानत्वादावौषधप्रदानोपदिशनादि विधेयम् । इति गाथार्थः।।११३।।

(૬) પછી પાંચ પ્રકારના અભિગમને સાચવીને જિનમંદિરે જાય. પાંચ અભિગમ વિષે કહ્યું છે કે- ૧ (શરીરની શોભા આદિ માટે રાખેલાં પુષ્પ વગેરે) સચિત્તદ્રવ્યનો ત્યાગ કરવો. ૨ (શરીરની શોભા આદિ માટે પહેરેલાં સોનાનો હાર વગેરે) અચિત્ત દ્રવ્યોનો ત્યાગ ન કરવો. ૩ પહોળા એક વસ્ત્રનો ઉત્તરાસંગ કરવો. ૪ જિનમૂર્તિનાં દર્શન થતાં જ બે હાથ જોડી લલાટે લગાડીને અંજલી કરવી. ૫ ચિત્તની એકાગ્રતા રાખવી, અર્થાત્ જિનદર્શનમાં જ ચિત્ત રાખવું. આ વિધિથી જિનમંદિરમાં પ્રવેશ કરે. (૭) પછી પુષ્પો વગેરેથી જિનપ્રતિમાની પૂજા કરે. (૮) પછી ચૈત્યવંદન કરવા વડે જિનપ્રતિમાને વંદન કરવું. (૯) પછી ઘર વગેરે સ્થાનમાં જાતે લીધેલું પચ્ચક્ખાણ (ગુરુને વંદન કરીને) ગુરુ સાક્ષીએ લે. (૧૦) પછી ગુરુ મહારાજની પાસે આગમનું શ્રવણ કરે. (૧૧) પછી સાધુના શરીરની અને સંયમની ખબર પૂછે. (૧૨) પછી સાધુના શરીર અંગે અને સંયમ અંગે જે ઉચિત કરવા જેવું હોય તે કરે, અર્થાત્ ઔષધ આદિ જે વસ્તુની જરૂર હોય તે આપે, અથવા બીજાને ભલામણ કરીને તેની વ્યવસ્થા કરે. [૧૧૩]

ततः-

**अविरुद्धो ववहारो, काले तह भोयणं च संवरणं ।**
**चेइहरागमसवणं, सक्कारो वंदणाई य ।।११४।।**

[अविरुद्धो व्यवहारः, काले तथा भोजनं च संवरणम्।
चैत्यगृहगमनश्रवणं, सत्कारो वन्दनादिश्च ।।११४।।]

''अविरुद्धो''गाहा व्याख्या- 'अविरुद्धो व्यवहारः' प्राक्प्रदर्शित-पञ्चदशकर्मादानपरिहारेणाऽल्पाऽवद्यप्रवृत्तिरित्यर्थः। 'काले' अवसरे देहारोग्यानुगुणे प्रत्याख्यानतीरितसमयस्वरूपे 'तथा' भणितविधिना। यदुक्तम् -''उचिया य दाण-किरिया, भावनिओगो अ होइ कायव्वो। नायं पिवीलिगाणं,

**परिग्गहेऽक्खायं ।।१।। उचिअत्तेण पवित्ती, ठाणुववेसो अ नियमसरणं च। तदहिगकिरिया विहिणा, वणलेवुवमाण उवभोगो ।।२।। '' [ ] इत्येवम्। 'भोजनम्' आहाराभ्यवहारः। 'च' समुच्चये। 'संवरणं' तदनन्तरं संभवतो ग्रन्थिसहितादेः प्रत्याख्यानस्य ग्रहणमित्यर्थः । ततोऽवसरे 'चैत्यगृहगमनं' स्वगृहादर्हदायतने यानम्, श्रवणं सिद्धान्तोपदेशादेः साधुसमीप इति गम्यते। सत्कारो वन्दनदिश्चार्हचैत्यानां प्रस्ताव इति गम्यते। श्रवणविषयीकृतसाधूनां वा, यतस्तेषामपि वन्दनावसरे प्राक्प्रदर्शिताभिगमोऽभिहित एव, यद्वा श्रवणपदात् प्रागेव सत्कारवन्दनादिपदयोगोऽर्थतो दृश्यः, तेनार्हद्बिम्बविषयमेव सत्कारादि। इति गाथार्थः ।।११४।।**

(૧૩) પછી અવિરુદ્ધ વ્યવહાર કરે, અર્થાત્ પૂર્વે બતાવેલ કર્માદાનનો (તથા અનીતિ આદિનો) ત્યાગ કરીને બહુજ અલ્પ પાપ લાગે તે રીતે ધન મેળવવાનો પ્રયત્ન કરે. (૧૪) પછી શારીરિક આરોગ્યને અનુકૂળ હોય અને પચ્ચક્ખાણ પૂર્ણ થતું હોય તે સમયે શાસ્ત્રોક્ત વિધિથી ભોજન કરે. આ વિષે કહ્યું છે કે- (૧) "શ્રાવકે (ભોજનની પહેલાં) ઉચિત દાનક્રિયા કરવી જોઈએ. (૨) (દાન ન થઈ શકે તો પણ) દાનનો ભાવ અવશ્ય રાખવો જોઈએ. (જેમકે સાધુઓનો યોગ ન હોય તો સાધુઓ જ્યાં વિચરતા હોય તે દિશા તરફ જોતો વિચારે કે ગુરુનો યોગ થાય તો કૃતાર્થ બનું.) (૩) અહીં પરિગ્રહ વિષે કીડીઓનું દૃષ્ટાંત પ્રસિદ્ધ છે. જેમ કીડીઓએ એકઠા કરેલા ધાન્યનો બીજાઓ જ ઉપયોગ કરે છે, તેમ જો ધનનો દાનમાં ઉપયોગ ન કરવામાં આવે તો એ ધન બીજાઓના જ કામમાં આવે એમ વિચારીને દાન કરવું જોઈએ. (૪) ભોજનસમયે ઔચિત્યથી પ્રવૃત્તિ કરવી જોઈએ, અર્થાત્ પરિવારની સંભાળ લેવી, બિમાર-વૃદ્ધ વગેરેએ ભોજન કર્યું કે નહિ ઈત્યાદિ સંભાળ લેવી વગેરે ઉચિત પ્રવૃત્તિ કરવી જોઈએ. (૫) ભોજન કરવા માટે યોગ્ય સ્થાને બેસવું જોઈએ. (૬) નિયમનું સ્મરણ કરવું. (૭) વિધિપૂર્વક તેનાથી અધિક ક્રિયા કરવી, અર્થાત્ પચ્ચક્ખાણ પારવાની ક્રિયા કરવી. (૮) વ્રણલેપની ઉપમાથી ભોજન કરવું, આનો ભાવાર્થ આ પ્રમાણે છે:- કોઈ વ્રણ (= શરીરમાં પડેલું ચાંદું) લીમડાના તેલથી રુઝાય, કોઈ વ્રણ ગાયના ઘી વગેરેથી રુઝાય, તેમ કોઈના શરીરનું સ્નિગ્ધ આહારથી પોષણ થાય, કોઈના શરીરનું રૂક્ષ આહારથી પોષણ થાય, એમ શરીરને જેવા આહારની જરૂર હોય તેવા આહારથી શરીરનું પોષણ કરવું, અથવા જેમ વ્રણમાં જરૂર પૂરતો જ લેપ લગાડાય તેમ જરૂર પૂરતો આહાર કરવો.

(૧૫) ત્યારબાદ સંભવ પ્રમાણે 'ગંઠિસહિઅ' વગેરે પચ્ચક્ખાણ લે. (૧૬) પછી પોતાના ઘરેથી જિનમંદિરે જાય અને ત્યાં સાધુઓની પાસે આગમનો ઉપદેશ વગેરે સાંભળે.

(૧૭) પછી અવસરે જિનપૂજા કરે. (૧૮) પછી ચૈત્યવંદન વગેરે કરે. અથવા જેમની પાસે ઉપદેશ સાંભળવાનો છે તે સાધુઓનો સત્કાર અને વંદન વગેરે કરે. કારણ કે સાધુઓને પણ વંદન કરવાનું હોય ત્યારે પૂર્વે બતાવેલા પાંચ અભિગમોનું પાલન કરવાનું કહ્યું જ છે. અથવા મૂળગાથામાં રહેલા શ્રવણ પદથી જ સત્કાર અને વંદન આદિ પદોનો યોગ અર્થથી જાણવો. તેથી અહીં કહેલ સત્કાર વગેરે જિનબિંબ સંબંધી જ છે એમ જાણવું. [૧૧૪]

तत्र-

**जइविस्सामणमुचिओ, जोगो नवकारचिंतणाईओ।**
**गिहिगमणं विहिसुवणं सरणं गुरुदेवयाईणं ।।११५।।**

**[यतिविश्रमणमुचितो योगो नमस्कारचिन्तनादिकः।**
**गृहगमनं विधिस्वपनं, स्मरणं गुरुदेवतादीनाम् ।।११५।।]**

**''जइ'' गाहा व्याख्या- 'यतिविश्रमणं' साधूनां वैयावृत्त्यस्वाध्यायादिश्रान्तानां पुष्टकारणात्तथाविधश्रावकादपि देहखेदापनोदनमिच्छतां तदपनयनं करणीयमिति गम्यते, प्राकृतत्वाच्च श्राम्यतेरुपान्तदीर्घत्वम् । यद्वा विश्राम्यतः प्रयोग इति शत्रन्तस्य णिचि ल्युटि च विश्रामणमिति च भवति । 'उचितः' स्वभूमिकायोग्यः 'योगः' व्यापारः। तमेवाह- नमस्कारचिन्तनादिकः, आदिशब्दात् परिपठित-प्रकरणगुणनादिपरिग्रहः। ततो 'गृहगमनं' निजवेश्मगमनम् । तत्र च 'विधिस्वपनं' विधिना शयनक्रिया । तमेवाह - 'स्मरणं' मनसि धारणम्, उपलक्षणत्वादस्य गुणवर्णनादि च 'गुरुदेवतादीनाम्' गुरूणां - धर्मदायकानां देवतानां च अर्हताम्, आदिशब्दादन्येषां च धर्मोपकारकाणां प्रत्याख्यानादीनां च स्मरणम्। इति गाथार्थः।।११५।।**

(૧૯) વૈયાવચ્ચ અને સ્વાધ્યાય વગેરેથી થાકી ગયેલા સાધુઓ પુષ્ટકારણથી તેવા પ્રકારના શ્રાવક પાસેથી પણ શરીરનો થાક દૂર કરવાની ઈચ્છા રાખતા હોય તો તેમનો થાક દૂર કરે. (૨૦) પછી પોતાની ભૂમિકાને યોગ્ય ધર્મપ્રવૃત્તિ કરે. જેમ કે- નમસ્કાર મહામંત્રનું ચિંતન, કંઠસ્થ કરેલા પ્રકરણની આવૃત્તિ વગેરે કરે. (૨૧) પછી પોતાના ઘરે જાય. (૨૨) ત્યાં વિધિપૂર્વક શયન કરે. (૨૩) શયનની વિધિ કહે છે:- સૂતાં પહેલાં ધર્મદાતા ગુરુ અને અરિહંતનું સ્મરણ કરવું, તેમના ગુણોને યાદ કરવા, બીજા પણ ધર્મમાં ઉપકારીઓનું સ્મરણ કરવું, પ્રત્યાખ્યાનનું સ્મરણ કરવું. [૧૧૫]

तत्र च -

## अब्बंभे पुण विरई, मोहदुगंछा सतत्तचिंता य । इत्थीकडेवराणं, तव्विरएसुं च बहुमाणो ।।११६।।

[अब्रह्मणि पुनर्विरतिर्मोहजुगुप्सा स्वतत्त्वचिन्ता च।

स्त्रीकडेवराणां, तद्विरतेषु च बहुमानः ।।११६।।]

''अब्बंभे'' गाहा व्याख्या - 'अब्रह्मणि' स्त्रीपरिभोगलक्षणे, पुनःशब्दो विशेषणे, मुख्यमार्गं विशिनष्टि। तदुक्तम् - ''उत्सर्गब्रह्मचारित्वमसेवा-पारिणामिकम् । अवश्यं तेन कर्तव्यं, दुरन्तः कामविड्वरः ।।१।।''[ ]इति। 'मोहजुगुप्सा' स्त्रीपरिभोगहेतुवेदादिमोहनीयनिन्दनम् ।यथा- ''यल्लज्जनीयमति गोप्यमदर्शनीयं, बीभत्समुल्बणमलाविलपूतिगन्धि । तद् याचतेऽङ्गमिह कामकृमिस्तदेवं, किं वा दुनोति न मनोभववामता सा।।१।।'' इत्यादि। 'स्वतत्त्वचिन्ता च' स्त्रीकडेवराणां वस्तुतत्त्वपर्यालोचनं वा योषिदङ्गानाम्। तदुक्तम् -''का श्रीः श्रोण्यामजस्रं श्रवदुदरदरीपूतिसान्द्रद्रवायां?, का शोभा भूरिमांसोद्भवगडुषु निपातोन्मुखेषु स्तनेषु?। का वा लीला सुलीला-चलितजललवालोलकेष्वीक्षणेषु ?, स्त्रीणां किं चास्ति रम्यं वदत बुधजनाः ! यत्र सक्तिं विदध्मः? ।।१।। शुक्रशोणितसंभूतं, नवच्छिद्रं मलोल्बणम् । अस्थिश्रृङ्खलिकामात्रं, हन्त योषिच्छरीरकम् ।।२।। [ ]इत्यादि। 'तद्विरतेषु च ' अब्रह्मविरतेषु च यतिषु बहुमानः अन्तरङ्गप्रीतिरूपः। यथोक्तम् -''तीरात्तीरमुपैति रौति करुणं चिन्तां समालम्बते, किंचिद् ध्यायति निश्चलेन मनसा योगीव युक्तेक्षणः। स्वां छायामवलोक्य कूजति पुनः कान्तेति मुग्धः खगो, धन्यास्ते भुवि ये निवृत्तमदना धिग् दुःखिताः कामिनः ।।१।। [ ] तणसंथारनिसण्णो, वि मुणिवरो भट्ठरागमयमोहो। जं पावइ मुत्तिसुहं, कत्तो तं चक्कवट्टी वि? ।।२।। जं विसयविरत्ताणं, सोक्खं सज्झायभावियमईणं । तं मुणइ मुणिवरो चिय, अणुहवओ न उण अण्णो त्ति ।।२।।''[ ]इत्यादि। इति गाथार्थः।।११६।।

(૨૪) શયનમાં સ્ત્રીપરિભોગરૂપ અબ્રહ્મનો ત્યાગ કરવો. ગાથામાં પુનઃ શબ્દ વિશેષ કહેવા માટે છે, અર્થાત્ પુનઃ શબ્દ ઉત્સર્ગમાર્ગને કહે છે. શ્રાવકે ઉત્સર્ગથી અબ્રહ્મનો ત્યાગ કરવો જોઈએ. કહ્યું છે કે - ''શ્રાવકે ઉત્સર્ગથી અબ્રહ્મને નહિ સેવવાના પરિણામથી અવશ્ય બ્રહ્મચર્યનું પાલન કરવું જોઈએ. કામરૂપી ભુંડનો બહુ મુશ્કેલીથી નાશ કરી શકાય છે''. (૨૫) સ્ત્રીપરિભોગનું કારણ પુરુષવેદ વગેરે મોહની નિંદા કરવી. જેમકે- ''કામીપુરુષરૂપ

કીડો જે અંગની માગણી કરે છે (= વિષયસેવન માટે જે અંગની ઈચ્છા કરે છે) તે અંગ શરમ પમાડે તેવું છે, અતિશય ગુપ્ત રાખવા લાયક છે, જોવા લાયક નથી, બિભત્સ છે, મલથી અતિશય મલિન છે, અતિશય દુર્ગંધી છે. આમ છતાં કામી પુરુષનું મન તેનાથી કંટાળતું નથી તે જ સંસારની અસારતા છે." (૨૬) સ્ત્રીના શરીરનું સ્વરૂપ વિચારવું. જેમકે-"જેમાં ઉદરરૂપી ગુફામાંથી દુર્ગન્ધિ અને ચીકણો રસ ઝરી રહ્યો છે એવી સ્ત્રીની કમરમાં શી શોભા છે? ઘણા માંસથી ઉત્પન્ન થયેલ નિરર્થક ગાંઠ સમાન અને પુરુષોને નીચે પાડવામાં તત્પર એવા સ્ત્રીના સ્તનોમાં શી શોભા છે? સારી રીતે રમતથી ચલિત કરાયેલા જલબિંદુઓની જેમ ચંચળ આંખોમાં શો વિલાસ છે? હે વિચક્ષણ લોકો! સ્ત્રીઓનું શું મનોહર છે કે જેમાં આપણે આસક્તિ કરીએ છીએ તે કહો." (૧) "સ્ત્રીનું શરીર વીર્ય-લોહીથી ઉત્પન્ન થયેલું છે, તેમાં નવ છિદ્રોમાંથી મલિન પદાર્થો બહાર નીકળ્યા કરે છે, મલથી અપવિત્ર છે, કેવળ હાડકાંઓની સાંકળરૂપ છે." (૨૭) અબ્રહ્મનો ત્યાગ કરનારા સાધુઓ ઉપર આંતરિક પ્રેમ રાખવો. કહ્યું છે કે-"મુગ્ધ પક્ષી (પત્નીનો વિયોગ થતાં) એક કાંઠા ઉપરથી બીજા કાંઠા ઉપર જાય છે, કરુણ રુદન કરે છે, ચિંતા કરે છે, યોગીની જેમ આંખો બંધ કરીને સ્થિર મનથી કાંઈક વિચારે છે, પોતાની છાયાને જોઈને "કાંતા ફરીથી (= પાછી) આવે છે" એમ બોલે છે. પૃથ્વી ઉપર તેઓ ધન્ય છે કે જેઓ કામથી નિવૃત્ત થયા છે. દુઃખી એવા કામી જીવોને ધિક્કાર થાઓ!" (૧) "જેના રાગ, ગર્વ અને મોહ નાશ પામ્યા છે તેવા શ્રેષ્ઠ મુનિ ઘાસના સંથારા ઉપર બેઠેલા હોવા છતાં સંતોષનું જે સુખ પામે છે તેને ચક્રવર્તી પણ ક્યાંથી પામે?" (૨) "સ્વાધ્યાયથી ભાવિત બુદ્ધિવાળા અને વિષયોથી વિરક્ત બનેલાઓને જે સુખ હોય છે તે સુખને શ્રેષ્ઠમુનિ જ જાણે છે = અનુભવે છે, પણ બીજો કોઈ અનુભવતો નથી." (૩) [૧૧૬]

**सुत्तविउद्धस्स पुणो, सुहुमपयत्थेसु चित्तविन्नासो ।**
**भवठिइनिरूवणे वा, अहिगरणोवसमचित्ते वा ॥११७॥**

[सुप्तविबुद्धस्य पुनः, सूक्ष्मपदार्थेषु चित्तविन्यासः ।
भवस्थितिनिरूपणे वा, अधिकरणोपशमचित्ते वा ॥११७॥]

''सुत्त'' गाहा व्याख्या - 'सुप्तविबुद्धस्य पुनः' निद्रापगमेन जाग्रतस्तु श्रावकस्य 'सुक्ष्मपदार्थेषु' कर्मात्मपरिणामादिषु 'चित्तविन्यासः'मानसावेशनं करणीय इति गम्यते। 'भवस्थितिनिरूपणे' 'संसारसंभवद्भावपर्यालोचने चित्तविन्यास इति प्रकृतम् । यथोक्तम्-''पिता दासो दासो भवति जनको

बन्धुरहितो, रिपुर्बन्धुर्माता भवति दुहिता साऽपि जननी। अनिष्टः स्यादिष्टः परिणमति शर्माऽसुखतया, जनो धिक् संसारे तदपि रमति नो विरमति ॥१॥'' [ ] इत्यादि। वाशब्दः पूर्वाऽपेक्षया पक्षान्तरद्योतकः। 'अधिकरणोपशमचित्ते वा ' प्रवृत्तकलह- क्षामणापर्यालोचने वा, कृष्यादीनि वाऽधिकरणानि। शेषं सुगमम् । इति गाथार्थः॥११७॥

(૨૮) ઊંઘ ઊડી જવાથી જાગી ગયેલા શ્રાવકોએ નીચે જણાવ્યા મુજબ કર્મપરિણામ અને આત્મપરિણામ વગેરે સૂક્ષ્મ પદાર્થોની વિચારણા કરવી જોઈએ. (૨૯) સંસારમાં થનારા ભાવોની વિચારણા કરવી. જેમકે -''સંસારમાં પિતા દાસ થાય છે, દાસ પિતા થાય છે, બંધુ શત્રુ થાય છે, શત્રુ બંધુ થાય છે, માતા પુત્રી થાય છે, પુત્રી માતા થાય છે, જે અનિષ્ટ હોય તે ઈષ્ટ થાય છે, જે ઈષ્ટ હોય તે અનિષ્ટ થાય છે, સુખ દુઃખ રૂપે પરિણમે છે, તો પણ મનુષ્ય સંસારમાં આસક્તિ કરે છે, આસક્તિને છોડતો નથી. ધિક્કાર થાઓ આવા મનુષ્યને!'' (૩૦) થયેલા કલહની ક્ષમાપના કરવાની વિચારણા કરવી, અથવા ખેતી વગેરે અધિકરણને છોડવાની વિચારણા કરવી. [૧૧૭]

तथा-

## आउयपरिहाणीए, असमंजसचेट्ठियाण व विवागे ।
## खणलाभदीवणाए, धम्मगुणेसु च विविहेसुं ॥११८॥

[आयुःपरिहाणौ, असमञ्जसचेष्टितानां वा विपाके ।

क्षणलाभदीपनायां, धर्मगुणेषु च विविधेषु ॥११८॥]

''आउय'' गाहा व्याख्या- 'आयुःपरिहाणौ' प्रतिक्षणायुष्कक्षयलक्षणायां चित्तन्यास इति योगः। यथोक्तम्- ''आयुर्रपूर्वापूर्वः, पूर्वोपात्तैरुपात्तमिदमनिशम् । क्षपतितरां तीव्रातपपरिशोषितशेषमम्भ इव ॥१॥ अविहतगतिः समन्तात्, प्रतिदिनमासन्नतां समभ्येति । मृत्युस्तथापि जानन्, विश्रब्धः स्वपिषि रजनीषु ॥२॥'' [ ] इत्यादि। 'असमञ्जसचेष्टितानां वा विपाके ' इति असदाचारितानां - प्राणिवधादीनाम्, वाशब्दः प्राग्वत्, विपाके - नरकादिद्वारेण फलदायकत्वे चित्तन्यास इति प्रतिपदमस्य योगः । यथोक्तम् - ''वहमारणअब्भक्खाणदाणपरधणविलोवणाईणं। सव्वजहण्णो उदओ, दसगुणिओ इक्कसिकयाणं ॥१॥ तिव्वयरे उ पओसे, सयगुणिओ सयसहस्सकोडिगुणो । कोडाकोडिगुणो वा, हुज्ज विवागो बहुतरो वा॥२॥'' [ उपदेशमाला १७८ ] 'क्षणलाभदीपनायां ' क्षणे - कालविशेषे स्तोकेऽपि काले इत्यर्थः, लाभस्य- कर्मनिर्जरापुण्योपार्जनादेर्दीपना - प्रकाशना

क्षणलाभदीपना तस्याम् । यथोक्तम् -''जं अण्णाणी कम्मं, खवेइ बहुआहिं वासकोडीहिं । तं णाणी तिहिं गुत्तो, खवेइ ऊसासमित्तेणं ।।१।। जह चिरसंचिअमिंधणमनलो पवणसहिओ दुअं डहइ । तह कम्मिंधणममिअं, खणेण झाणानलो डहइ।।२।। '' [ ] तथा - ''नरएसु सुरवरेसु अ, जो बंधइ सागरोवमं एक्कं। पलिओवमाण बंधइ, कोडिसहस्साणि दिवसेणं ।।१।। एस कमो नरएसु वि, बुहेण नाऊण नाम एअं पि । धम्मम्मि कह पमाओ, निमेसमित्तं पि कायव्वो? ।।२।।''[उपदेशमाला २७४-२७६]'धर्मगुणेषु च विविधेषु ' धर्मगुणेषु- ज्ञानादिगुणेष्विहलोकपरलोकार्थसाधनेषु विविधेषु - बहुविधेषु। यथोक्तम् - ''जीवंतस्स इह जसो, कित्ती य मयस्स परभवे धम्मो । सगुणस्स निग्गुणस्स य, अयसोऽकित्ती अहम्मो अ ।।१।।'' [ ] तथा - निर्जितमदमदनानां, वाक्कायमनोविकाररहितानाम् । विनिवृत्तपराशानामिहैव मोक्षः सुविहितानाम् ।।१।। स्वशरीरेऽपि न रज्यति, शत्रावपि न प्रदोषमुपयाति । रोगजरामरणभयैरव्यथितो यः स नित्यसुखी ।।२।। '' [ प्रशमरति-२३८-२४० ] इत्यादि। इति गाथार्थः ।।११८।।

(૩૧) પ્રતિક્ષણ થતી આયુષ્યની હાનિનો વિચાર કરવો. કહ્યું છે કે-“પૂર્વે ઉપાર્જન કરેલા અપૂર્વ ભાગ્યથી મેળવેલું આ આયુષ્ય તીવ્ર તડકાથી સુકાઈ ગયેલા પાણીથી બાકી રહેલા પાણીની જેમ સદા અત્યંત ક્ષય પામ્યા કરે છે, અર્થાત્ તીવ્ર તડકાથી ઘણું પાણી સુકાઈ ગયું હોય, થોડુંક જ બાકી રહ્યું હોય ત્યારે બાકી રહેલું પાણી જેમ દરરોજ નાશ પામ્યા કરે છે, એમ આયુષ્ય પણ સદા નાશ પામ્યા કરે છે.” (૧) “સર્વત્ર નહિ રોકાયેલી ગતિવાળો મૃત્યુ નજીક આવે છે એમ જાણે છે તો પણ મનુષ્ય રાત્રે નિર્ભય બનીને સુવે છે.” (૩૨) અથવા પ્રાણિવધ વગેરે અસદ્ આચરણ નરકાદિદ્વારા કટુ ફલ આપે છે એમ વિચારવું. કહ્યું છે કે-“**એકવાર કરેલા વધ (= લાકડી આદિથી મારવું), મારણ (= પ્રાણનાશ કરવો), અભ્યાખ્યાનદાન (= અછતા દોષનો આરોપ કરવો), ચોરી આદિથી પરધન લેવું વગેરે પાપોનો ઓછામાં ઓછો દશગણો ઉદય થાય છે, અર્થાત દશગણું ફળ મળે છે.” (૧) “અતિશય તીવ્ર દ્વેષથી કરેલા વધ વગેરે પાપોનો વિપાક સો ગણો, લાખગણો, ક્રોડગણો, કોડાકોડિગણો કે તેનાથી પણ વધારે થાય.” (ઉપ. મા. ગા. ૧૭૮)**

(૩૩) ક્ષણલાભદીપનાની એટલે કે ક્ષણવારમાં થતાં લાભની વિચારણા કરવી જોઈએ, અર્થાત્ જીવને ક્ષણવારમાં થતા કર્મનિર્જરા અને પુણ્યોપાર્જન આદિના લાભની વિચારણા કરવી જોઈએ. કહ્યું છે કે-“**અજ્ઞાની સંવેગથી (= વૈરાગ્યથી) રહિત હોવાના કારણે (નરકાદિભવોમાં) ઘણાં ક્રોડ વર્ષો સુધી જેટલાં કર્મોની નિર્જરા કરે છે, તેટલા કર્મોની નિર્જરા ત્રણ ગુપ્તિઓથી ગુપ્ત (= મન-વચન-કાયાથી વિશુદ્ધ) જ્ઞાની શ્વાસોશ્વાસ માત્રમાં કરે**

છે." (પં. વ.ગા. ૫૬૪) "જેવી રીતે ઘણા કાળથી એકઠાં કરેલાં કાષ્ઠોને પવનસહિત અગ્નિ જલદી બાળી નાખે છે તેવી રીતે ઘણાં કર્મો રૂપી કાષ્ઠોનો ધ્યાનરૂપ અગ્નિ ક્ષણવારમાં બાળી નાખે છે." તથા "સો વર્ષના આયુષ્યવાળો મનુષ્ય પાપ કરીને નરકનું એક સાગરોપમ દુઃખ અને પુણ્ય કરીને દેવલોકનું એક સાગરોપમનું સુખ અને એક સાગરોપમનું આયુષ્ય બાંધે તો દરરોજનું કેટલું દુઃખ, સુખ અને આયુષ્ય બાંધે? આના જવાબમાં ઉત્તરાર્ધમાં કહ્યું કે- તે મનુષ્ય એક દિવસમાં હજારો ક્રોડ પલ્યોપમ વર્ષ જેટલું દુઃખ, સુખ અને આયુષ્ય બાંધે, અર્થાત્ એક સાગરોપમના વર્ષોને સો વર્ષના દિવસોથી ભાંગવામાં આવે તો હજારો ક્રોડ પલ્યોપમ વર્ષ થાય. એટલે એક દિવસમાં હજારો ક્રોડ પલ્યોપમ વર્ષ જેટલું દુઃખ, સુખ અને આયુષ્ય બાંધે." (ઉપ. મા. ગા. ૨૭૪)

卐 "સો વર્ષના આયુષ્યવાળો મનુષ્ય પુણ્ય કરીને દેવલોકનું પલ્યોપમના સંખ્યાતમા ભાગનું આયુષ્ય બાંધે તો દરરોજનું કેટલું આયુષ્ય બાંધે? આના જવાબમાં ઉત્તરાર્ધમાં કહ્યું કે તે મનુષ્ય એક દિવસમાં અસંખ્યાતા ક્રોડો વર્ષ દેવલોકનું આયુષ્ય બાંધે, અર્થાત્ પલ્યોપમના સંખ્યાતમા ભાગના વર્ષોને સો વર્ષના દિવસોથી ભાંગવામાં આવે તો અસંખ્યાત ક્રોડો વર્ષ થાય. આથી પુણ્ય કરનારો જીવ એક દિવસમાં અસંખ્યાતા ક્રોડો વર્ષનું દેવલોકનું આયુષ્ય બાંધે." (૨૭૫) "નરકને આશ્રયીને પણ આ જ ક્રમ છે, એટલે કે પાપ કરનારો સો વર્ષના આયુષ્યવાળો જીવ નરકગતિનું પલ્યોપમના સંખ્યાતમા ભાગ જેટલું આયુષ્ય બાંધે તો એક દિવસમાં અસંખ્યાત ક્રોડો વર્ષ નરકનું આયુષ્ય બાંધે. અહીં કહેવાનો અભિપ્રાય એ છે કે- જે મનુષ્ય સમ્યક્ત્વાદિ ધર્મમાં પ્રધાન બુદ્ધિવાળો હોય, તે સૌધર્મ વગેરે દેવલોકમાં મધ્યમવૃત્તિથી એક સાગરોપમનું આયુષ્ય બાંધે. અસત્કલ્પનાથી પુરુષના આયુષ્યના (૩૬૦૦૦) દિવસોથી ભાગાકાર કરીએ ત્યારે એક ન્યૂન ત્રણહજાર ક્રોડ પલ્યોપમ ભાગ પ્રાપ્ત થાય. દિવસના પલકારા જેટલા વિભાગ કરીને પલાકારાની સંખ્યાથી એક સાગરોપમને ભાગવામાં આવે તો પણ ક્રોડો પલ્યોપમ થાય. તેથી જો અહીં મનુષ્ય પ્રમાદ કરે તો મોટા લાભથી આત્માને વંચિત કરે છે. દિવસના પલકારા જેટલા ભાગમાં પ્રમાદ કરીને પાપાચરણ સેવનાર તેટલુંજ અશાતા વેદનીય કર્મ ઉપાર્જન કરે છે. તેથી તે આત્મઘાતક કેમ ન ગણાય? (૨૭૬)

(૩૪) વિવિધ ધર્મગુણોની વિચારણા કરવી, અર્થાત્ આલોક અને પરલોકનાં કાર્યોનાં સાધન એવા ઘણા પ્રકારના જ્ઞાનાદિગુણોની વિચારણા કરવી. કહ્યું છે કે-"ગુણી જીવ જીવતો હોય તો તેને આ લોકમાં જશ અને કીર્તિ મળે છે, અને મૃત્યુ પામે તો પરભવમાં ધર્મ

卐 ટીકામાં ઉપદેશમાલાની ૨૭૫ મી ગાથા ન હોવા છતાં ૨૭૬ મી ગાથાનો ૨૭૫ મી ગાથા સાથે સંબંધ હોવાથી ૨૭૫ મી ગાથાનો પણ અનુવાદ લખ્યો છે.

થાય છે. નિર્ગુણ જીવ જીવતો હોય તો તેને આ લોકમાં અપજશ અને અપકીર્તિ મળે છે, અને મૃત્યુ પામે તો પરભવમાં અધર્મ થાય છે." તથા "મદ-મદનને જીતી લેનારા, મન,વચન, કાયાના વિકારોથી રહિત, પૌદ્ગલિક આશાઓથી મુક્ત અને શાસ્ત્રોક્ત વિધિનું પાલન કરનારા સાધુ મહાત્માઓને તો અહીં જ મોક્ષ છે. (પ્ર.૨.ગા. ૨૩૮) "જે પોતાના શરીરમાં પણ રાગ કરતો નથી, શત્રુ ઉપર પણ દ્વેષ કરતો નથી, રોગ, જરા, મરણ અને ભયથી જરાય ગભરાતો નથી તે સદા જ સુખી રહે છે." (પ્ર. ૨. ગા. ૨૪૦) [૧૧૮]

तथा-

**बाहगदोसविवक्खो, धम्मायरिए य उज्जुयविहारे ।**
**एमाइचित्तनासो, संवेगरसायणं देइ ।।११९।।**

[बाधकदोषविपक्षे धर्माचार्ये चोद्यतविहारे ।
एवमादिचित्तन्यासः, संवेगरसायनं ददाति ।।११९।।]

''बाहग'' गाहा व्याख्या- बाधकदोषाः- अर्थोपार्जनानुरागादयो ये यस्याध्यवसायकालुष्यहेतवः स तद्विपक्षे - तदपगमहेतौ चित्तन्यासं विदध्यादिति योजना । यदुक्तम् - ''जो जेणं बाहिज्जइ, दोसेणं चेअणाइविसएणं । सो खलु तस्य विपक्खं, तव्विसयं चेव भावेज्जा ।।१।। अत्थम्मि रागभावे, तस्सेव उ अज्जणाइसंकेसं । भावेज्ज धम्महेउं, अभावमो तह य तस्सेव ।।२।। दोसम्मि य सइ मित्तिं, माइत्ताई य सव्वजीवाणं। मोहम्मि जहाथूरं, वत्थुसहावं सुपणिहाणं ।।३।।'' [ ]इत्यादि । 'धर्माचार्ये' धर्मदातरि गुरावित्यर्थः । यथोक्तम् - ''इच्छे वेयावडिअं, गुरुमाईणं महाणुभावाणं। जेसि पभावेणेयं, पत्तं तह पालिअं चेव ।।१।। तेसि नमो तेसि नमो, भावेण पुणो वि चेव तेसि नमो । अणुवकयपरहियरया, जे एयं देंति जीवाणं ।।२।।'' [ ]इत्यादि । 'उद्यतविहरे' अप्रतिबद्धमासकल्पादिविहारे साधुगत इति गम्यते, धर्माचार्यविशेषणं वा । यथोक्तम्- ''त्रिधा शुद्धं भैक्षं जलमपि मितं प्रासुकतमं , मलैः क्लिन्नं गात्रं वसनमसदेवावृतिकरम्। अमूर्छावृत्तित्वं क्वचिदपि शमः कोऽपि मनसो, नमस्यामः साधूंश्चरितमिति येषामभिमतम् ।।१।।'' [ ] एवं च चित्तविन्यासं फलनिर्देशद्वारेण निगमयति- 'एवमादिचित्तन्यासः' एवंप्रकारमन्यदप्यात्मप्रमादनिन्दादिचिन्तनम्। यथोक्तम्- ''शिवशर्ममूलमेकं, दुरापमाप्तोऽसि जीव ! जिनधर्मम् ।तद्यदि सपदि तदिच्छसि, नोद्यच्छसि किमिति तत्रतराम् 卐 ।।१।। इत्यादि । किम् ?

卐 અહીં સિ.હે.શ. સૂત્ર ૭-૩-૭ થી સ્વાર્થમાં 'तरप्' પ્ર.આવ્યો છે અને ૭-૩-૮ થી અંત્ય अ નો 'आम्' આદેશ થયો છે.

(૩૫) બાધક દોષોથી વિપક્ષની વિચારણા કરવી, અર્થાત્ જેને ધન મેળવવામાં અનુરાગ વગેરે જે દોષો અધ્યવસાયની મલિનતાનું કારણ બનતા હોય તેણે તે દોષોને દૂર કરવાનાં જે કારણો હોય તે કારણોની વિચારણા કરવી જોઈએ. કહ્યું છે કે- **"જે જીવ જે સ્ત્રી આદિ ચેતન સંબંધી કે ધનાદિ જડ સંબંધી રાગ વગેરે દોષથી પીડાતો હોય તે જીવે રાગાદિ દોષથી વિપક્ષ (= વિરુદ્ધ) સ્ત્રી આદિ સંબંધી જ કે ધન આદિ સંબંધી જ ચિંતન કરવું જોઈએ. (૮૯૦) જેમકે-ધન સંબંધી રાગ થતો હોય તો ધનને મેળવવામાં, ધનનું રક્ષણ કરવામાં અને ધનનો ક્ષય થાય ત્યારે ચિત્તમાં થતા સંક્લેશનું ચિંતન કરવું જોઈએ. તથા ધર્મ માટે પણ ધન ન જ રાખવું જોઈએ એ વિષે શાસ્ત્રાનુસારી ચિંતન કરવું જોઈએ. (૮૯૧) જીવ ઉપર દ્વેષ થાય તો મૈત્રી ભાવના ભાવવી જોઈએ. તથા "આ સંસારમાં તું સર્વ જીવોના ગર્ભમાં અનેક વાર રહ્યો છે." ઈત્યાદિ વચનથી સર્વ જીવો સાથે પોતાનો માતા વગેરે તરીકે સંબંધ થયો છે, એમ ચિંતવવું. જીવદ્વેષના ઉપલક્ષણથી અજીવદ્વેષ થાય તો કર્મવિપાકનું ચિંતન કરવું જોઈએ. મોહ થાય તો બોધ પ્રમાણે ચેતન-જડના ધર્મનું દૃઢચિત્તે ચિંતન કરવું જોઈએ.** (૮૯૨) [ પંચવસ્તુક]

(૩૬) ધર્મદાતા ગુરુની વિચારણા કરવી જોઈએ, અર્થાત્ ધર્મદાતા ગુરુએ કરેલા ઉપકાર વગેરેની વિચારણા કરવી જોઈએ. કહ્યું છે કે - **"જેમના પ્રભાવથી મને આ ચારિત્ર મળ્યું અને પાળ્યું તે ગુરુ વગેરે મહાનુભાવોની વૈયાવચ્ચને હું ઈચ્છું છું." (૧) "જેમણે ઉપકાર કર્યો નથી એવા પણ બીજા જીવોના હિતમાં તત્પર જેઓ આ ચારિત્ર જીવોને આપે છે, તેમને નમસ્કાર થાઓ, તેમને નમસ્કાર થાઓ, ફરી પણ ભાવથી તેમને નમસ્કાર થાઓ." (૨)**

(૩૭) સાધુઓના મૂર્ચ્છારહિત માસકલ્પ વગેરે વિહારની વિચારણા કરવી. કહ્યું છે કે-**"ઉદ્ગમ, ઉત્પાદન અને એષણા એમ ત્રણ પ્રકારે શુદ્ધ ભિક્ષા, પાણી પણ થોડું અને અતિશય પ્રાસુક (= જીવરહિત), મલથી ખરડાયેલું શરીર, શરીરને ઢાંકનારાં જેવાં તેવાંજ વસ્ત્રો,ક્યાંય પણ મૂર્ચ્છા નહિ, મનની અતિશય શાંતિ, આવા પ્રકારનું ચારિત્ર જેમણે સ્વીકાર્યું છે તે સાધુઓને નમસ્કાર કરીએ છીએ."**

(૩૮) ફલ જણાવવા દ્વારા આવી વિચારણાનો ઉપસંહાર કરે છે:- આ રીતે બીજી પણ "પોતાના પ્રમાદની નિંદા" વગેરે વિચારણા કરવી જોઈએ. કહ્યું છે કે-**" હે જીવ! તું મોક્ષસુખનું મુખ્ય કારણ અને મુશ્કેલીથી પ્રાપ્ત કરી શકાય એવા જિનધર્મને પામ્યો છે, તેથી જો તું જલદી મોક્ષને ઈચ્છે છે તો જિનધર્મમાં કેમ અધિક ઉદ્યમ કરતો નથી?"**

આવી વિચારણાઓ સંવેગરૂપ રસાયણને આપે છે, અર્થાત્ આવી વિચારણાઓ કરવાથી સંવેગ ઉત્પન્ન થાય છે. સંવેગ એટલે સંસાર ઉપર નિર્વેદ કે મોક્ષનો અનુરાગ. રસાયણ એટલે અમૃત. સંવેગ મોક્ષનું (= મૃત્યુના અભાવનું) કારણ હોવાથી અહીં સંવેગને રસાયણ કહેલ છે. [૧૧૯]

ततः-

**गोसे भणिओ य विहि, इय अणवरयं तु चिट्ठमाणस्स।**
**भवविरहबीयभूओ, जायइ चारित्तपरिणामो ॥१२०॥**

[गोसे भणितश्च विधिरित्यनवरतं तु चेष्टमानस्य।
भवविरहबीजभूतो, जायते चारित्रपरिणामः ॥१२०॥]

**"गोसे" गाहा व्याख्या - 'गोसे' प्रत्युषसि भणितश्च विधिः, चशब्दस्य एवकारार्थत्वात् प्रत्युषसि प्राक्प्रतिपादित एव विधिः, यथा- "नवकारेण विबोहो" इत्यादिकः। एवं च प्रतिदिनानुष्ठानं फलप्रदर्शनद्वारेण निगमयति- 'इति' प्रागुक्तप्रकारेण 'अनवरतं' सन्ततं ' चेष्टमानस्य' प्रदर्शितमनुष्ठानं विदधतः श्रावकस्येति गम्यम्। किं भवति? 'भवविरहबीजभूतः' संसारवियोगकारणकल्पः 'जायते' संपद्यते 'चारित्रपरिणामः'सर्वविरति- परिणतिरिति योऽर्थः। एवं हि देशविरतिमभ्यस्यत उपायप्रवृत्तेरवश्यं भवविरहबीज- भूतश्चारित्रपरिणामस्तत्राऽन्यत्र वा भवे भवेदिति हृदयम् । इह च "विरह" इति सिताम्बरश्रीहरिभद्राचार्यस्य कवेरङ्कः । इति गाथार्थः ॥१२०॥**

પ્રાતઃકાલનો વિધિ પહેલાં (૧૧૨મી ગાથામાં) કહેવાઈ જ ગયો છે. ફલને બતાવવા દ્વારા આવાં દરરોજનાં કર્તવ્યોનો ઉપસંહાર કહે છેઃ- અહીં પૂર્વે જે પ્રમાણે જણાવ્યું છે તે પ્રમાણે કર્તવ્યોને સતત કરનારા શ્રાવકને સંસારવિયોગના બીજ સમાન સર્વવિરતિનો પરિણામ થાય છે. અહીં ભાવાર્થ આ પ્રમાણે છેઃ- આ પ્રમાણે અનુષ્ઠાન કરવાથી દેશવિરતિનો અભ્યાસ થાય છે. દેશવિરતિનો અભ્યાસ કરનાર શ્રાવક (ચારિત્રપરિણામને પ્રગટાવવાના) ઉપાયમાં પ્રવૃત્તિ કરે છે, એથી તેને સંસારવિયોગના બીજસમાન ચારિત્રનો પરિણામ તે ભવમાં કે ભવાંતરમાં અવશ્ય થાય છે.

મૂળગાથામાં રહેલ 'વિરહ' શબ્દ શ્વેતાંબર બુદ્ધિમાન આચાર્ય શ્રી હરિભદ્રસૂરિ મહારાજની રચનાનું નિશાન છે, અર્થાત્ આચાર્યશ્રી હરિભદ્રસૂરિજી સ્વરચિત દરેક ગ્રંથમાં 'વિરહ' શબ્દનો પ્રયોગ કરતા હોવાથી જે જે ગ્રંથમાં 'વિરહ' શબ્દનો પ્રયોગ હોય તે તે ગ્રંથ

**एवं श्रीहरिभद्रसूरिरचिते तन्त्रेऽत्र वृत्तिं मया,**
**प्रायः पूर्वनिबद्धवृत्तिवशतो दिङ्मात्ररूपामिमाम् ।**
**शक्त्या नाम निबध्नता यदविधं किञ्चिन्निबद्धं भवेत्,**
**तत् सिद्धान्तविचक्षणैः क्षमिजनैः क्षम्यं विशोध्य तथा ॥१॥**

इति विहितवतोच्चैर्वृत्तिमेतां स्वशक्त्या,
यदभिमतसमीहापूरि पुण्यं मयाऽऽप्तम् ।
तदुदितशुभभक्त्या धर्ममेवेति भव्याः! ,
विदधतु यतिभक्ताः साधुसन्मानदेवाः ॥२॥

**इति श्रीमानदेवसूरिरचिता श्रावकधर्मविधिप्रकरणस्य वृत्तिः परिसमाप्तेति। ग्रन्थाग्रमुद्देशतोऽनुष्टुप्परिकल्पनया [१]पञ्चदशशतानि षड्विंशत्युत्तराणि अङ्कतोऽपि १५२६[२]॥ समाप्तमिदं सवृत्तिकं श्रावकधर्मविधिप्रकरणम्**

## ટીકાકારની પ્રશસ્તિ

આ પ્રમાણે શ્રી હરિભદ્રસૂરિજીએ રચેલા આ શાસ્ત્રમાં પ્રાયઃ પૂર્વે રચાયેલી વૃત્તિના આધારે માત્ર દિશાસૂચનરૂપ આ વૃત્તિની શક્તિપ્રમાણે રચના કરતા મેં શાસ્ત્રોક્ત વિધાનથી વિરુદ્ધ જે કાંઈ રચ્યું (= લખ્યું) હોય તેને સિદ્ધાંતમાં કુશલ અને ક્ષમાશીલ એવા લોકોએ તે પ્રમાણે શુદ્ધ કરીને ક્ષંતવ્ય ગણવું. (૧) આ પ્રમાણે સ્વશક્તિમુજબ આ ઉત્કૃષ્ટ વૃત્તિને રચનારા મેં ઇષ્ટ ઈચ્છાને પૂર્ણ કરનારું જે પુણ્ય પ્રાપ્ત કર્યું તે 卐 પુણ્યથી ઉદય પામેલી શુભભક્તિથી સાધુઓના ભક્ત બનેલા અને સાધુઓનું સન્માન કરવાથી શોભતા એવા ભવ્ય જીવો આ પ્રમાણે (= આ ગ્રંથમાં જણાવ્યા પ્રમાણે) ધર્મને જ કરો. (૨)

આ પ્રમાણે શ્રાવકધર્મવિધિપ્રકરણની શ્રીમાનદેવસૂરિએ રચેલી વૃત્તિ પૂર્ણ થઈ. આ ગ્રંથનું પ્રમાણ અનુષ્ટુપ્ શ્લોકની કલ્પનાથી સ્પષ્ટપણે ૧૫૨૬ (પંદર સો છવીસ) શ્લોક પ્રમાણ છે.

## ભાવાનુવાદકારની પ્રશસ્તિ

સુગૃહીતનામધેય શ્રી હરિભદ્ર સૂરિમહારાજ વિરચિત અને પ. પૂ. આચાર્યદેવ શ્રી માનદેવ સૂરિરચિત ટીકાસહિત શ્રાવકધર્મ વિધિપ્રકરણ ગ્રંથનો સિદ્ધાંત મહોદધિ સ્વ. પ. પૂ. આચાર્ય દેવ શ્રીમદ્વિજ્ય પ્રેમસૂરીશ્વરજી મહારાજના પટ્ટાલંકાર પરમગીતાર્થ સ્વ. પ.પૂ. આચાર્ય દેવ શ્રીમદ્વિજ્ય હીરસૂરીશ્વરજી મહારાજના પટ્ટદ્યોતક પરાર્થ પરાયણ પ.પૂ. આચાર્ય દેવ શ્રીમદ્વિજ્ય લલિતશેખર સૂરીશ્વરજી મહારાજના શિષ્ય આચાર્ય શ્રી રાજશેખર સૂરિએ કરેલો ગુજરાતી ભાવાનુવાદ પૂર્ણ થયો.

**પ્રારંભસમય : વિ.સ. ૨૦૫૧ મ. વ. ૧૦ શુક્રવાર સ્થાનઃ કલ્યાણ (મહા.)**
**સમાપ્તિ સમય : વિ.સ. ૨૦૫૧ ફા. સુ. ૧૩ બુધવાર સ્થાનઃ કલ્યાણ (મહા.)**

१ ''चतुर्दश'' आ। २ ''१४४६'' आ।

卐 આનાથી ટીકાકાર મહાત્મા એ કહેવા માગે છે કે ટીકા કરીને પ્રાપ્ત કરેલા મારા પુણ્યથી ભવ્યજીવોમાં શુભભક્તિનો ઉદય થાઓ, અને એ શુભભક્તિથી સાધુઓના ભક્ત બનેલા ભવ્યજીવો સાધુઓનું સન્માન કરનારા બનો.